# શ્રી કુલક સમુચ્ચય



સંપાદક

પ.પૂ મુનિરાજ શ્રી પ્રશાંતવલ્લભવિજયજી મ.સા.

નમો તિત્થસ્સ । શાસનપતિ શ્રી મહાવીરસ્વામિને નમઃ ।

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથાય નમઃ ।

અનન્તલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામિને નમઃ ।

શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત્-જયશેખર-જગવલ્લભસૂરીશ્વરેભ્યો નમઃ ।

# શ્રી કુલક સમુચ્ચય

(પૂર્વાચાર્ય રચિત વિવિધ કુલકોનો ભાષાંતર સહિત સંગ્રહ)

◆ આશીર્વાદ વૃષ્ટિ ◆

સિદ્ધાન્ત દિવાકર ગચ્છાધિપતિ પ.પૂ.આચાર્યદેવ

શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા

◆ સંપાદક ◆

પ.પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતવલ્લભવિજયજી મ.સા.

◆ પ્રકાશક ◆

દિવ્ય દર્શન ટ્રસ્ટ



## ◆ આર્થિક સહયોગી ◆

વિ.સં. ૨૦૬૧ના ચાતુર્માસમાં
પ.પૂ મુનિરાજ શ્રી પ્રશાંતવલ્લભવિજયજી મ.સા. તથા
પ.પૂ. મુનિશ્રી દિવ્યશેખરવિજયજી મ.સા.ની નિશ્રામાં થયેલ
અનેકવિધ આરાધનાની અનુમોદનાર્થે

**ૐ શ્રી દાદર આરાધના ભવન જૈન શ્વે.મૂ. તપ. સંઘ**

૨૮૯, એસ.કે. બોલે રોડ, દાદર (પશ્ચિમ), મુંબઇ-૪૦૦ ૦૨૮.
જ્ઞાનનિધિમાંથી આ પુસ્તક પ્રકાશનનો લાભ લીધો છે.

## ◆ શુભ આલંબન-પ્રકાશન દિન ◆

પ.પૂ. ગચ્છાધિપતિશ્રીની પાવન નિશ્રામાં
પ.પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતવલ્લભવિજયજી મ.સા.ની
ગણિ તથા પંન્યાસ પદપ્રદાન

## ◆ શુભ દિન ◆

વિ.સં. ૨૦૬૨, ફાગણ સુદ-૭,
સોમવાર, તા. ૬-૩-૨૦૦૬

સ્થળ : શ્રેયસ્કર શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ, ઇર્લા બ્રીજ, મુંબઇ.


## ◆ પ્રકાશક-પ્રાપ્તિ સ્થાન ◆

દિવ્ય દર્શન ટ્રસ્ટ
C/o. કુમારપાળ વી. શાહ
૩૬, કલિકુંડ સોસાયટી, જી. અમદાવાદ. ધોળકા (ગુજરાત)-૩૮૭ ૮૧૦.

મૂલ્ય રૂા. ૬૫/-



શ્રી ચન્દ્રપ્રભસ્વામી ભગવાન

ॐ શ્રી દાદર આરાધના ભવન જૈન સંઘ

# મહોપકારી ગુરુરાજ કું સદા મોરી વંદના

સિદ્ધાન્ત મહોદધિ પ.પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.**

વર્ધમાન તપોનિધિ પ.પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**

સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા.**

સહજાનંદી પ.પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય ધર્મજિત્સૂરીશ્વરજી મ.સા.**

સૂરિમંત્રારાધક પ.પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય જયશેખરસૂરીશ્વરજી મ.સા.**

ધર્મચક્રતપ પ્રભાવક ગુરુદેવ પ.પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય જગવલ્લભસૂરીશ્વરજી મ.સા.**

## સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા.ની હૃદયોર્મિ...

પ્રભુએ ગણધર દેવો દ્વારા શાસ્ત્રોની રચના કરાવી છે કારણ કે પદાર્થો- તત્ત્વોનું જ્ઞાન વ્યવહારમાં શબ્દો દ્વારા પ્રવર્તે છે. આ તત્ત્વજ્ઞાન અનેક વિષયોમાં વિભાજિત છે. તેથી સદ્ભાવનાઓ માટે, વૈરાગ્ય માટે, આત્મ જાગૃતિ માટે, ગુણ અને ગુણીજનો પર બહુમાન માટે, દાનાદિ મહાત્મ્યના ભાવન માટે, કષાય-વિષયોની ભયંકરતાના ભાવન માટે આવા અનેક વિષયોના તે તે વિષયોના સ્વરુપ, હેતુ, ફળ વગેરે જણાવનાર એક સ્થળે કે ભિન્ન ભિન્ન સ્થળે અનેક વ્યક્તિઓએ રચેલા નિયતશબ્દો રુપી શ્લોકોનો ચિંતન-મનન-ભાવન માટે મુખપાઠ અતિ આવશ્યક છે. માટે આત્માના દોષોના નિગ્રહ માટે, ગુણોની પ્રાપ્તિ માટે, આચારની દઢતા માટે, વારંવાર ભાવના કરવા-વિચારણા કરવા, આત્માને તે તે લક્ષ્ય માટે જાગૃત કરવા-જાગૃત રાખવા શ્લોકોના સંગ્રહ રુપ આ કુલકોના નામથી તે તે વિષયના નાના ગ્રંથો, પ્રકરણો મહાપુરુષોએ બનાવ્યા છે, તે શ્લોકો-ગાથાઓ મુખ પાઠ કરવી, અર્થ વાંચવા, વિચારવા અને અર્થની સ્મૃતિ સાથે ગાથાઓનું પુનઃ પુનઃ પરાવર્તન-સ્મરણ કરવું. તેથી આત્મામાં તે તે ગુણોની પ્રાપ્તિની જિજ્ઞાસા, રુચી, પ્રવૃત્તિ રુઢ થાય છે અને તે તે દોષો પ્રત્યે ઘૃણા-અરુચી-ત્યાગની પ્રવૃત્તિ સહજ પ્રવર્તે છે. માટે આ કુલકો આચાર ગ્રંથો, ભાવના ગ્રંથો, અધ્યાત્મ ગ્રંથોના અંશો રુપ છે. આને ગોખવાથી-પાઠ કરવાથી અંતર્મુખ-અધ્યાત્મરસિક-આચાર રુચીવાળા જીવોને ઘણો જ લાભ થશે. માટે મહાજ્ઞાનીથી માંડીને અભણ જેવા બધાને આ મુખપાઠ કરી ભાવના, પરાવર્તન કરવા ભલામણ છે.

આ રીતે ગુજરાતી દુહારુપે ટૂંકમાં આવા ભાવોના સંગ્રહની રચનાઓ પ્રકાશિત થાય તે પણ અતિ જરુરી છે.

વિજય જયઘોષસૂરિ

વિ.સં. ૨૦૬૨, નૂતનવર્ષ
શ્રી ચિંતામણિ જૈન દેરાસર,
પાર્લા (ઇસ્ટ), મુંબઇ.



શ્રી સિદ્ધાચલમંડન ઋષભદેવાય નમઃ ।
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ। ઐં નમઃ સિધ્ધમ્ ।
વિજય પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત્-જયશેખર-
અભયશેખરસૂરિભ્યો નમઃ ।

# તત્ત્વમંથન

તીર્થંકર પરમાત્મા કેવળજ્ઞાનના પ્રકાશથી જેટલા ભાવો જુએ છે તેનો અનંતમો ભાગ અભિલાપ્ય-શબ્દથી ઉલ્લેખ યોગ્ય હોય છે ને તેનો પણ અનંતમો ભાગ શ્રુતનિખરુ બને છે એટલે કે શ્રવણ-વાંચન યોગ્ય બને છે. તેથી એમ કહી શકાય કે લખાયેલ એક એક શબ્દની પાછળ નહિં લખાયેલા અનંતા અર્થો છૂપાયેલા છે. પોતાની પ્રતિભાથી શ્રુતકેવલી ચૌદ પૂર્વધરો એમાંથી ઓછા-વત્તા અર્થોને ઓળખી કાઢે છે તેથી જ તેઓમાં અર્થથી ષટ્સ્થાન પતિત ભાવ ઘટે છે (એટલે કે એક ચૌદપૂર્વધર કરતા બીજા ચૌદપૂર્વધરને અનંતભાગ, અસંખ્યભાગ, સંખ્યાતભાગ, સંખ્યાત ગુણ, અસંખ્યગુણ કે અનંતગુણ વધુ અર્થબોધ થયો હોઇ શકે).

આમ જિનભાષિત એક એક સૂત્ર, શબ્દના અનંતા અર્થો સંભવે છે. એ જ રીતે એક અર્થને સ્પષ્ટ કરવા, વિશદ કરવા ઘણા સૂત્રોનો પણ સહારો લેવામાં આવે છે.

પૂર્વના મહાપુરુષોએ વાચનાદિના ક્રમે અનુપ્રેક્ષાના માધ્યમથી તે તે પદાર્થ અંગે સૂક્ષ્મ ચિંતન કરી એ ચિંતન ભાવિ પેઢીને પણ ઉપલબ્ધ થાય એ માટે જુદા જુદા ગ્રંથો રુપી પેટીઓ બનાવી છે. એમાં મુખ્ય એ ભાવને આગળ કરી જે ગાથાઓની રચના કરાય છે, તે કુલક તરીકે ઓળખાય છે. આમ તો એક અર્થ સાથે સંલગ્ન ચાર કે તેથી વધુ ગાથાઓનો-શ્લોકોનો

સમુદાય કુલક કહેવાય છે. પૂર્વના તે તે વિશિષ્ટ જ્ઞાની મહાપુરુષોએ આ રીતે અલગ અલગ ઘણા વિષયો પર કુલકો રચ્યા છે. કુલકો લગભગ પંદરથી માંડી ચાલીશેક ગાથાઓના ગુચ્છ તરીકે મળતા હોય છે.

પૂર્વે ઘણા ઘણા કુલકો શબ્દાર્થ સહિત પ્રકાશિત થઇ ચૂક્યા છે.

**વિદ્વાન મુનિ શ્રી પ્રશાંતવલ્લભવિજયજી મહારાજે** હાલ ઉપલબ્ધ પ્રાય: આ બધા કુલકો એકી સાથે ઉપલબ્ધ થઇ જાય એવા શુભાશયથી આ સંગ્રહનું સુંદર સંપાદન કર્યું છે. જે જે કુલકના શબ્દાર્થ નથી મળ્યા, તે તે કુલકનો પોતે શબ્દાર્થ કર્યો છે. અભ્યાસુ, જિજ્ઞાસુ, સ્વાધ્યાય પ્રેમી વર્ગ માટે આ સંપાદન ઘણી રીતે ઉપયોગી થઇ શકે એમ છે. આ માટે તેઓ ધન્યવાદને પાત્ર છે.

સંશોધનના નામે મને પણ આ બધા કુલકોનો સ્વાધ્યાય કરવાનો લાભ આપ્યો, તેથી વિશેષત: ધન્યવાદ !

આ કુલકોના પદાર્થોથી ભાવિત થયેલા આપણે મોક્ષમાર્ગે શીઘ્ર ગતિએ આગળ વધીએ એવી શુભેચ્છા...જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

વિ.સં. ૨૦૬૧, ભાદરવા વદ ૧૨.
પૂ.આ. જયશેખરસૂરિ મ.ની
ચોથી સ્વર્ગતિથિ. પાલિતાણા.

**પંન્યાસ અજિતશેખર વિજય...**

# પ્રકાશકીય

પૂ. ગચ્છાધિપતિ આ.ભ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.ની અંત:કરણની ભાવનાને ઝીલીને **પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતવલ્લભવિજયજી મ.સા.** એ "શ્રી કુલક સમુચ્ચય"માં વિવિધ કુલકોનું એકત્રીકરણ કરીને ભાષાંતર સહિત સંકલન-સંપાદન કરવા દ્વારા અતિ પ્રશસ્ય કાર્ય કર્યું છે. અભ્યાસુ-જિજ્ઞાસુ વર્ગને પોતાના આત્માને ભાવિત કરવા માટે અનેક રીતે ઉપયોગી બની રહેશે.

આ પુસ્તકનું પ્રકાશન કરતા અતિ આનંદની લાગણી અનુભવીએ છીએ. **ૐ શ્રી દાદર આરાધના ભવન જૈન શ્વે. મૂ. તપા. સંઘે** (દાદર-પશ્ચિમ-મુંબઇ) પોતાના જ્ઞાનનિધિમાંથી પ્રસ્તુત પુસ્તક માટે લીધેલ લાભ અનુમોદનીય છે.

**દિવ્યદર્શન ટ્રસ્ટ**

**કુમારપાળ વી. શાહ**

# સંપાદકીય

*સજ્ઝાએ વટ્ટંતો ખણે ખણે હોઇ વેરગ્ગં ।*
*સજ્ઝાય સમો તવો નત્થિ ।*

ઇત્યાદિ વચનો દ્વારા શાસ્ત્રકારોએ સ્વાધ્યાયનું મહત્વ દર્શાવીને સ્વાધ્યાય માટે વિવિધ રચનાઓ-કૃતિઓનું સર્જન કરીને આલંબન પ્રદાન કરી આપણા પર મહાન ઉપકાર કર્યો છે.

પૂર્વાચાર્ય વિરચિત વિવિધ કુલકો એ જૈન શાસનને વિશિષ્ટ ભેટ છે. તે તે કુલક ગુણનિષ્પન્ન નામ ધરાવતા હોવાથી તેનો વિષય પ્રથમ દૃષ્ટિએ જ જ્ઞાત થઇ આવે છે. તેના પઠન-પાઠન દ્વારા વિશેષ બોધ સહજતાથી પામી શકાય.

પ.પૂ. ગચ્છાધિપતિ આ.ભ. શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. જૈન શાસન રહસ્યોદ્દઘાટક માર્મિક-તાત્ત્વિક વાચના આપતી વેળાએ અવારનવાર કુલકોને કંઠસ્થ કરવા-તેના પદાર્થોથી આત્માને ભાવિતાત્મા બનાવવો ઇત્યાદિ આત્મીયતા સભર પ્રેરણા કરતા હોય છે.

તેઓશ્રીની પ્રેરણા ઝીલીને આ 'શ્રી કુલક સમુચ્ચય'માં ૨૫ કુલકો તેમજ શ્રી હૃદય પ્રદીપ ષટ્ત્રિંશિકા આદિ સંગૃહીત કરી તેનું ભાષાંતર કરવામાં આવ્યું છે.

**પૂ. ગચ્છાધિપતિશ્રીએ** 'હૃદયોર્મિ' તથા વિદ્વદ્વર્ય **પૂ. પંન્યાસ પ્રવર શ્રી અજિતશેખરવિજયજી મ.સા.** એ મેટર તપાસીને તત્ત્વમંથન રુપ પ્રસ્તાવના લખી આપીને આ પુસ્તકની આદેયતા વધારી છે. તે બદલ હું વિશેષ ઉપકૃત કરાયો છું.

આજ સુધી અનેક મહાત્માઓએ કુલકાદિનું ભાષાંતર કરેલ છે, અહીં મુખ્યતયા 'સ્વાધ્યાય ગ્રંથ સંદોહ' આદિ નો આધાર લઇ સુધારા-વધારા સાથે સંગૃહીત કરેલ છે. અત્રે તે મહાત્માઓનું સાભાર સ્મરણ કરીને વિરમું છું.

સંપાદનમાં ક્યાંય ક્ષતિ રહી ગઇ હોય તો સુજ્ઞજનો ક્ષંતવ્ય ગણી પરિમાર્જન કરવા નમ્ર વિનંતી.

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઇપણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્..

**મુનિ પ્રશાંતવલ્લભવિજય**

# અનુક્રમણિકા


| ક્રમ. | વિષય | પાના નં. |
| --- | --- | --- |
| ૧. | ગુણાનુરાગ કુલકમ્ | ૧ |
| ૨. | શ્રી ધર્માચાર્યબહુમાન કુલકમ્ | ૬ |
| ૩. | શ્રી ગુરુપ્રદક્ષિણા કુલકમ્ | ૧૩ |
| | ગુરુમહાત્મ્ય | ૧૭ |
| ૪. | પુણ્ય કુલકમ્ | ૧૯ |
| ૫. | દાનમહિમાગર્ભિતં શ્રી દાન કુલકમ્ | ૨૧ |
| ૬. | શીલમહિમાગર્ભિતં શ્રી શીલ કુલકમ્ | ૨૫ |
| ૭. | શ્રી તપઃ કુલકમ્ | ૨૯ |
| ૮. | શ્રી ભાવ કુલકમ્ | ૩૩ |
| ૯. | અભવ્ય કુલકમ્ | ૩૮ |
| ૧૦. | પુણ્યપાપફલ કુલકમ્ | ૪૦ |
| ૧૧. | શ્રી ગૌતમ કુલકમ્ | ૪૪ |
| ૧૨. | શ્રી આત્માવબોધ કુલકમ્ | ૪૮ |
| ૧૩. | પ્રમાદપરિહાર કુલકમ્ (આયસંબોહ કુલયમ્) | ૫૭ |
| ૧૪. | જીવાનુશાસ્તિ કુલકમ્ | ૬૩ |
| ૧૫. | ઇન્દ્રયાદિવિકારનિરોધ કુલકમ્ | ૬૬ |
| ૧૬. | મનોનિગ્રહભાવના કુલકમ્ | ૬૮ |
| ૧૭. | શ્રી કર્મ કુલકમ્ | ૭૬ |
| ૧૮. | સંવેગમંજરી કુલકમ્ | ૮૦ |
| ૧૯. | દશશ્રાવક કુલકમ્ | ૮૬ |
| ૨૦. | શ્રી ખમણા કુલકમ્ | ૮૯ |
| ૨૧. | વૈરાગ્ય કુલકમ્ | ૯૬ |
| ૨૨. | સારસમુચ્ચય કુલકમ્ | ૧૦૦ |
| ૨૩. | સંવિગ્નસાધુયોગ્યં નિયમ કુલકમ્ | ૧૦૭ |
| ૨૪. | ઇરિયાવહિય કુલકમ્ | ૧૧૭ |
| ૨૫. | ઉપદેશરત્નમાલા કુલકમ્ | ૧૨૦ |
| ૨૬. | શ્રી હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા | ૧૨૫ |
| ૨૭. | શ્રી યતિશિક્ષાપઞ્ચાશિકા | ૧૩૩ |
| ૨૮. | ચારિત્રમનોરથમાલા | ૧૪૨ |

# શ્રી કુલક સમુચ્ચય

## १ गुणानुराग कुलकम्

(कर्ता : आचार्य श्री मुनिसुंदरसूरि शिष्य श्री सोमसुंदरसूरि)

सयलकल्लाणनिलयं, नमिऊण तित्थनाहपयकमलं ।
परगुणगहणसरूवं, भणामि सोहग्गसिरिजणयं ।।१।।

उत्तमगुणाणुराओ, निवसइ हिययंमि जस्स पुरिसस्स ।
आतित्थयरपयाओ, न दुल्लहा तस्स रिद्धीओ ।।२।।

ते धन्ना ते पुन्ना, तेसु पणामो हविज्ज मह निच्चं ।
जेसिं गुणाणुराओ, अकित्तिमो होइ अणवरयं ।।३।।

किं बहुणा भणिएणं, किं वा तविएण किं व दाणेणं ।
इक्कं गुणाणुरायं, सिक्खह सुक्खाण कुलभवणं ।।४।।

जइ चरसि तवं विउलं, पढसि सुयं करिसि विविहकट्ठाइं ।
न धरसि गुणाणुरायं, परेसु ता निप्फलं सयलं ।।५।।

---

સકલ કલ્યાણનું નિવાસસ્થાન એવા શ્રીતીર્થંકર ભગવાનના ચરણકમળને નમસ્કાર કરીને સૌભાગ્ય અને લક્ષ્મીને ઉત્પન્ન કરનારું એવું પરગુણોને ગ્રહણ કરવાનું સ્વરૂપ (ફળ) કહું છું ।।૧।।

જે પુરૂષના હૃદયમાં ઉત્તમ ગુણવાનોના ગુણોનો અનુરાગ રહેલો છે, તેને તીર્થંકરપણા સુધીની કોઇ ઋદ્ધિઓ દુર્લભ નથી. ।।૨।।

તેઓ ધન્ય છે, તેઓ પુણ્યશાળી છે અને તેઓને મારો હંમેશા નમસ્કાર હો કે જેઓના હૃદયમાં સદા વાસ્તવિક ગુણાનુરાગ રહેલો છે. ।।૩।।

બહુ ભણવાથી શું ? બહુ તપ કરવાથી શું ? અને બહુ દાન દેવાથી પણ શું ? એક ગુણાનુરાગને જ શીખો કે જે સુખોનું ઘર છે. ।।૪।।

જો તું ઘણો તપ કરે છે, શાસ્ત્રો ભણે છે અને અનેક જાતનાં કષ્ટો વેઠે છે છતાં બીજાના ગુણો તરફ અનુરાગ નથી ધરતો તો એ બધું નિષ્ફળ છે. ।।૫।।

**सोऊण गुणुक्करिसं, अन्नस्स करेसि मच्छरं जइवि ।**
**ता नूणं संसारे, पराहवं सहसि सव्वत्थ ।।६।।**

**गुणवंताण नराणं, ईसाभरतिमिरपूरिओ भणसि ।**
**जइ कहवि दोसलेसं, ता भमसि भवे अपारम्मि ।।७।।**

**जं अब्भसेइ जीवो, गुणं च दोसं च इत्थ जम्मम्मि ।**
**तं परलोए पावइ, अब्भासेणं पुणो तेणं ।।८।।**

**जो जंपइ परदोसे, गुणसयभरिओ वि मच्छरभरेणं ।**
**सो विउसाणमसारो, पलालपुंजव्व पडिभाइ ।।९।।**

**जो परदोसे गिण्हइ, संताऽसंते वि दुट्ठभावेणं ।**
**सो अप्पाणं बंधइ, पावेण निरत्थएणावि ।।१०।।**

**तं नियमा मुत्तव्वं, जत्तो उप्पज्जए कसायग्गी ।**
**तं वत्थुं धारिज्जा, जेणोवसमो कसायाणं ।।११।।**

---

બીજાના ગુણોના ઉત્કર્ષને સાંભળીને જો તું તેનો મત્સર કરે છે, તો સંસારમાં-ચારે ગતિમાં તું નિશ્ચિતપણે સર્વત્ર પરાભવ પામીશ ।।૬।।

તું ઇર્ષ્યારૂપી ઘોર અંધારાથી આંધળો બનીને ગુણવંત પુરૂષોના ગુણને બદલે કોઇ પ્રકારના લેશમાત્ર પણ દોષને બોલીશ-તેઓની નિન્દા કરીશ તો અનેકાનેક જન્મો સુધી અપાર સંસારમાં ભમીશ. ।।૭।।

જીવ આ જન્મમાં ગુણ અથવા દોષમાંથી જેનો અભ્યાસ કરે છે-સંસ્કાર પામે છે તે અભ્યાસના બળે આગામી ભવોમાં પુનઃ તે જ ગુણો કે દોષોને પામે છે. ।।૮।।

જે પોતે સેંકડો ગુણોથી ભરેલો હોવા છતાં પણ મત્સરના આવેશથી પરાયા દોષ બોલે-નિન્દા કરે છે તે પુરૂષ વિદ્વાન જનોને પરાળના પૂળાની માફક કિંમત વગરનો જણાય છે. ।।૯।।

જે પુરૂષ દુષ્ટ ભાવથી સત્ કે અસત્ બીજાના દોષોને ગ્રહણ કરે છે તે મનુષ્ય પોતાના આત્માને નિરર્થક પાપથી બાંધે છે. ।।૧૦।।

જેનાથી કષાયરૂપ અગ્નિ પ્રદીપ્ત થાય તે વસ્તુને અવશ્યમેવ છોડી દેવી અને જેનાથી કષાયો ઉપશાંત થાય તે વસ્તુ ધારણ કરવી. ।।૧૧।।

जइ इच्छह गुरुयत्तं, तिहुयणमज्झम्मि अप्पणो नियमा ।
ता सव्व-पयत्तेणं, परदोस-विवज्जणं कुणह ।।१२।।

चउहा पसंसणिज्जा, पुरिसा सव्वुत्तमुत्तमा लोए ।
उत्तमउत्तम उत्तम मज्झिमभावा य सव्वेसिं ।।१३।।

जे अहम अहमअहमा, गुरुकम्मा धम्मवज्जिया पुरिसा ।
ते वि य न निंदणिज्जा, किंतु दया तेसु कायव्वा ।।१४।।

पच्चंगुब्भडजुव्वणवंतीणं सुरहिसारदेहाणं ।
जुवईणं मज्झगओ, सव्वुत्तमरूववंतीणं ।।१५।।

आजम्मबंभयारी, मणवयकाएहिं जो धरइ सीलं ।
सव्वुत्तमुत्तमो पुण, सो पुरिसो सव्वनमणिज्जो ।।१६।। युग्मम्

---

જો તું ત્રણે જગતની અંદર ખરેખર પોતાની મોટાઇ ઇચ્છતો હોય તો સર્વ પ્રયત્નોથી પરાયા દોષો જોવાનું કામ સર્વ પ્રકારે બંધ કર ।।૧૨।।

આ જગતમાં છ પ્રકારના જીવો પૈકી ચાર પ્રકારના જીવો સર્વેને પ્રશંસા કરવા યોગ્ય છે-એક સર્વોત્તમોત્તમ, બીજા ઉત્તમોત્તમ, ત્રીજા ઉત્તમ અને ચોથા મધ્યમ ।।૧૩।।

પાંચમા પ્રકારના અધમ કે જેઓ ભારેકર્મી અને છઠ્ઠા પ્રકારના અધમાધમ જે ધર્મવર્જિત હોય છે, તેઓની પણ નિંદા નહિ કરવી જોઇએ પરંતુ તેઓ ઉપર દયા કરવી જોઇએ. ।।૧૪।।

એ ચાર પ્રકારના જીવોનું સ્વરૂપ કહે છે.

દરેક અંગોમાં જેને સુંદર યૌવન ખીલ્યું છે તેવી, સુગંધીમાન શરીરવાળી, અને સર્વ કરતાં ઉત્તમ રુપવાળી એવી સ્ત્રીઓના વચ્ચે રહીને પણ! જે પુરુષ જન્મથી બ્રહ્મચારી છે અને મન વચન કાયાથી શીલવ્રતને ધારણ કરે છે તે પુરુષ 'સર્વોત્તમોત્તમ' જાણવો. તે સર્વ કોઇને નમવા લાયક છે (આવા પ્રથમ નંબરમાં શ્રી તીર્થંકર દેવો હોય છે.) ।।૧૫-૧૬।।

**एवंविह जुवइगओ, जो रागी हुज्ज कहवि इगसमयं ।**
**बीयसमयंमि निंदइ, तं पावं सव्वभावेणं ।।१७।।**

**जम्मंमि तम्मि न पुणो, हविज्ज रागो मणंमि जस्स कया ।**
**सो होइ उत्तमुत्तम-रूवो पुरिसो महासत्तो ।।१८।।**

**पिच्छई जुवइरूवं, मणसा चिंतेइ अहव खणमेगं ।**
**जो न चरइ अकज्जं, पत्थिज्जंतो वि इत्थीहिं ।।१९।।**

**साहू वा सड्ढो वा, सदारसंतोस-सायरो हुज्जा ।**
**सो उत्तमो मणुस्सो, नायव्वो थोवसंसारो ।।२०।।**

**पुरिसत्थेसु पवट्टइ, जो पुरिसो धम्मअत्थपमुहेसु ।**
**अनुन्नमनाबाहं, मज्झिमरूवो हवइ एसो ।।२१।।**

**एएसिं पुरिसाणं, जइ गुणगहणं करेसि बहुमाणा ।**
**तो आसन्नसिवसुहो, होसि तुमं नत्थि संदेहो ।।२२।।**

---

ઉપર જણાવી તેવા પ્રકારની (સર્વોત્તમ રુપવાળી) સ્ત્રીઓની વચ્ચે રહીને પણ જે પુરુષને કદાચ કોઇ પ્રકારે માત્ર એક ક્ષણભર મનમાં રાગ થઇ જાય, પણ (અકાર્યમાં પ્રવૃત્ત ન થતાં તુરંત સાવચેત થઇ) બીજી ક્ષણે પોતાના તે (માનસિક) પાપને પૂર્ણ ભાવથી (મન, વચન અને કાયાથી) નિંદે અને ફરીને તે જન્મમાં ક્યારે પણ તેના મનમાં તેવો રાગ ઉત્પન્ન ન થાય, તે બીજા પ્રકારનો-'ઉત્તમોત્તમ' પુરુષ જાણવો, તે પણ મહા સત્ત્વશાળી છે. ।।૧૭-૧૮।।

જે પુરુષ યુવતિ સ્ત્રીઓનું રુપ રાગથી જુએ, અથવા ક્ષણભર મનથી તેનું ચિંતવન પણ કરે, છતાં સ્ત્રીઓ પ્રાર્થના કરે તો પણ જે અકાર્ય ન કરે, જો તે સાધુ હોય તો પોતાનું બ્રહ્મચર્યવ્રત જાળવી રાખે અથવા શ્રાવક હોય તો સ્વદારાસંતોષી રહે. તે ત્રીજા પ્રકારનો 'ઉત્તમપુરુષ' અલ્પ સંસારી જાણવો. ।।૧૯-૨૦।।

જે પુરુષ ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરુષાર્થોમાં પરસ્પર બાધા ન આવે તે રીતે તેમાં પ્રવર્તે તે ચોથા પ્રકારનો 'મધ્યમ પુરુષ' જાણવો. ।।૨૧।।

એ ચારે પ્રકારના પુરુષોના ગુણોને જો તું બહુમાન પૂર્વક ગ્રહણ કરીશ તો તું નજીકમાં જ મુક્તિસુખ મેળવીશ, તેમાં કશો સંદેહ નથી. ।।૨૨।।

पासत्थाइसु अहुणा, संजमसिढिलेसु मुक्कजोगेसु ।
नो गरिहा कायव्वा, नेव पसंसा सहामज्झे ।।२३।।

काउण तेसु करुणं, जइ मन्नइ तो पयासए मग्गं ।
अह रुसइ तो नियमा, न तेसिं दोसं पयासेइ ।।२४।।

संपइ दूसमसमए, दीसइ थोवो वि जस्स धम्मगुणो ।
बहुमाणो कायव्वो, तस्स सया धम्मबुद्धीए ।।२५।।

जउ परगच्छि सगच्छे, जे संविग्गा बहुस्सुया मुणिणो ।
तेसिं गुणाणुरायं, मा मुंचसु मच्छरप्पहओ ।।२६।।

गुणरयण-मंडियाणं, बहुमाणं जो करेइ सुद्धमणो ।
सुलहा अन्नभवंमि य, तस्स गुणा हुंति नियमेणं ।।२७।।

एयं गुणाणुरायं, सम्मं जो धरइ धरणि मज्झम्मि ।
सिरिसोमसुंदरपयं, सो पावइ सव्वनमणिज्जं ।।२८।।

---

વળી વર્તમાનમાં સંયમ પાળવામાં ઢીલા પડેલા એવા જ્ઞાનાદિ ગુણસાધક ક્રિયાથી હીન પાર્શ્વસ્થા વગેરે યતિવેશધારી જનોની, સભામાં નિંદા કરવી નહિ અને પ્રશંસા પણ કરવી નહિ. ।।૨૩।।

તેઓ ઉપર કરુણા લાવીને જો તેઓ માને તેમ હોય તો સાચો રસ્તો બતાવવો અને તેમ કરતાં તેઓ ગુસ્સે થાય તો પણ ક્યારેય તેમના દોષ તો નહિ જ પ્રકાશવા. ।।૨૪।।

આજના વિષમ કાળમાં જેનામાં થોડો પણ ધર્મરુપ ગુણ દેખવામાં આવે તેનું હંમેશાં ધર્મ બુદ્ધિથી બહુમાન કરવું. ।।૨૫।।

પરાયા ગચ્છમાં હોય કે પોતાના ગચ્છમાં હોય પણ જે વૈરાગ્યવાન અને જ્ઞાની મુનિઓ હોય તેમના પ્રત્યે મત્સર રાખીને ગુણાનુરાગ મૂકીશ નહિ. ।।૨૬।।

ગુણરુપી રત્નોથી ભૂષિત એવા ગુણી પુરુષોનું જે શુદ્ધમનથી બહુમાન કરે છે, તેને આગામી ભવમાં તે તે ગુણો નિયમા સુલભ થાય છે. ।।૨૭।।

આ પૃથ્વીમાં જે પુરુષ ઉપરોક્ત ગુણાનુરાગને સારી રીતે ધારણ કરે છે, તે પુરુષ શ્રી સોમસુંદર-અર્થાત્ સુશોભિત ચન્દ્ર સમાન અને સર્વને નમસ્કરણીય (તીર્થંકર-પદરુપ) સુંદર સ્થાન પામે છે. ।।૨૮।।

# २ श्री धर्माचार्यबहुमान कुलकम्

(कर्ता : आचार्य श्री धर्मसूरिपट्टधर आचार्य श्री रत्नसिंहसूरि)

नमिउं गुरुपयपउमं, धम्मायरियस्स नियसीसेहिं ।
जह बहुमाणो जुज्जइ, काउमहं तह पयंपेमि ।।१।।

गुरुणो नाणाइजुया, महणिज्जा सयलभुवणमज्झंमि ।
किं पुण नियसीसाणं, आसन्नुवयारहेऊहिं ? ।।२।।

गरुयगुणेहिं सीसो, अहिओ गुरुणो हविज्ज जई कहवि ।
तहवि हु आणा सीसे, सीसेहिं तस्स धरियव्वा ।।३।।

जइ कुणइ उग्गदंडं, रुसइ लहुणवि विणयभंगंमि ।
चोयइ फरुसगिराए, ताडइ दंडेण जइ कहवि ।।४।।

अप्पसुएवि सुहेसी, हवइ मणागं पमायसीलोऽवि ।
तहवि हु सो सीसेहिं, पूइज्जइ देवयं व गुरु ।।५।।

---

ગુરુમહારાજના ચરણકમળને નમસ્કાર કરીને હું ધર્માચાર્યોનું (ગુરુઓનું) પોતાના શિષ્યોએ બહુમાન જે રીતે કરવું જોઇએ તે કહું છું. ।।૧।।

જ્ઞાનાદિ ગુણ યુક્ત ગુરુ તો સકલ પૃથ્વીમાં માનનીય છે (પૂજનીય છે) તો પછી નિકટના ઉપકારી હોવાના કારણે તેમના શિષ્યો માટે તો પૂછવું જ શું ? અર્થાત્ આસન્ન ઉપકારી હોવાથી શિષ્યોને અતિશય પૂજનીય છે.।।૨।।

શિષ્ય વિશિષ્ટ ગુણોથી ગુરુ કરતા કદાચ અધિક પણ જો હોય, તો પણ શિષ્યોએ ગુરુની આજ્ઞાને શિર પર ધારણ કરવી જોઇએ અર્થાત્ બહુમાનપૂર્વક માન્ય કરવી જોઇએ. ।।૩।।

વિનયમાં થોડી સ્ખલના થતાં ગુસ્સે થાય, ઉગ્ર દંડ કરે, કર્કશવાણીથી ઠપકો આપે, કદાચ લાકડીથી મારે (તો પણ ગુરુને દેવની જેમ શિષ્યો પૂજે છે.)।।૪।।

ગુરુ અલ્પશ્રુતવાળા હોય, થોડા સુખશીલિયા કે થોડા પ્રમાદી હોય, તો પણ તે શિષ્યો વડે ભગવાનની જેમ પૂજાય છે. ।।૫।।

सोच्चिय सीसो सीसो, जो नाउं इंगियं गुरुजणस्स ।
वट्टइ कज्जम्मि सया, सेसो भिच्चो वयणकारी ।।६।।

जस्स गुरुम्मि न भत्ति, निवसइ हिययंमि वज्जरेहव्व ।
किं तस्स जीविएणं ? विडंबणामेत्तरूवेणं ।।७।।

पच्चक्खमह परोक्खं, अवन्नवायं गुरुण जो कुज्जा ।
जम्मंतरेऽवि दुलहं, जिणिंदवयणं पुणो तस्स ।।८।।

जा काओ रिद्धीओ, हवंति सीसाण एत्थ संसारे ।
गुरुभत्तिपायवाओ, पुप्फसमाओ फुडं ताओ ।।९।।

जलपाणदायगस्सवि, उवयारो न तीरए काउं ।
किं पुण भवन्नवाओ, जो तारइ तस्स सुहगुरुणो ।।१०।।

गुरुपायरंजणत्थं, जो सीसो भणइ वयणमेत्तेणं ।
मह जीवियंपि एयं, जं भत्ति तुम्ह पयमूले ।।११।।

---

તે જ શિષ્ય સાચો શિષ્ય છે જે ગુરુજનના ઇંગિતને (મનોભાવને) જાણીને સદા કાર્યમાં પ્રવર્તે છે, બાકી વચન મુજબ કરનારો તો નોકર છે. ।।૬।।

વજ્રમાં જેમ રેખા નથી હોતી એમ જેઓના હૃદયમાં ગુરુ પ્રત્યે ભક્તિ હોતી નથી, વિડંબણામાત્રરુપ તેના જીવવાથી શું ? ।।૭।।

જે આત્માઓ ગુરુના પ્રત્યક્ષમાં કે પરોક્ષમાં અવર્ણવાદ કરે છે તેને જન્માંતરમાં પણ જિનેશ્વર ભગવાનનું વચન દુર્લભ છે. ।।૮।।

આ સંસારમાં શિષ્યોની જે કાંઇ રિદ્ધિઓ છે તે સ્પષ્ટપણે ગુરુભક્તિરુપી વૃક્ષના પુષ્પ સમાન છે. ।।૯।।

પાણી પીવડાવનારનાં પણ ઉપકારનો બદલો વાળી શકાતો નથી. તો પછી ભવરુપી સમુદ્રમાંથી જે તારે છે તે સુગુરુના ઉપકારનો બદલો કેવી રીતે વળી શકે ?।।૧૦।।

ગુરુના ચરણ રંજન કરવા માટે જે શિષ્ય વચનમાત્રથી (હૃદયથી નહીં) કહે છે કે તમારા ચરણ કમળની ભક્તિ એ જ મારું જીવન છે.।।૧૧।।

एयं कहं कहंतो, न सरइ मूढो इमंपि दिट्ठंतं ।
साहेइ अंगणं चिय, घरस्स अब्भिंतरं लच्छिं ।।१२।।

एसाच्चिय परमकला, एसो धम्मो इमं परं तत्तं ।
गुरुमाणसमणुकलं, जं किज्जइ सीसवग्गेणं ।।१३।।

जुत्तं चिय गुरुवयणं, अहव अजुत्तं य होज्ज दइवाओ ।
तहवि हु एयं तित्थं, जं हुज्जा तं पि कल्लाणं ।।१४।।

किं ताए रिद्धीए, चोरस्स व वज्झमंडणसमाए ?
गुरुयणमणं विराहिय, जं सीसा कहवि वंछंति ।।१५।।

कंडयणनिट्ठीवणउसास, पामोक्खमइलहुयकज्जं ।
बहुवेलाए पुच्छिय, अन्नं पुच्छेज्ज पत्तेयं ।।१६।।

---

આવી વાત કરતા મુર્ખને આ દ્રષ્ટાંતની યાદ (ખબર) નથી કે આંગણું જ ઘરની અભ્યંતર લક્ષ્મીને જણાવે છે.

(અર્થાત્ આંગણા પરથી જેમ ઘરની અંદરની લક્ષ્મી જણાય છે એમ તારા વચનના પ્રલાપમાત્રથી તારા હૃદયમાં ભક્તિ છે કે નહીં તે જણાય છે.) ।।૧૨।।

શિષ્ય વર્ગ વડે ગુરુના મનને અનુકૂળ જે કરાય છે એ જ સર્વશ્રેષ્ઠ કલા છે, એ જ ધર્મ છે, એ જ પરમ તત્ત્વ છે. ।।૧૩।।

ગુરુનું વચન યુક્ત હોય કે દૈવવશ અયુક્ત હોય, તો પણ એ તીર્થ છે, જે થશે તે પણ કલ્યાણ જ થશે. (અર્થાત્ ગુરુના અયુક્ત વચનથી પણ સારુ જ થશે)।।૧૪।।

ગુરુજનના મનની વિરાધના કરીને શિષ્યો જે રિદ્ધિને ઇચ્છે છે, ફાંસીની સજા પામેલા ચોરના આભૂષણ જેવી તે રિદ્ધિથી શું ? ।।૧૫।।

શરીરને ખણવાનું, બળખા વગેરે કાઢવાના તથા શ્વાસોચ્છ્વાસ વગેરે (વારંવાર કરાતા) અતિ લઘુ કાર્યોની બહુવેલથી (''બહુવેલ સંદિસાહું'' ''બહુવેલ કરશું'' ના આદેશથી) પૂછીને કરવું. તથા અન્ય દરેક કાર્યમાં ગુરુને પૂછવું, અર્થાત્ •પૂછીને કરવું ।।૧૬।।

---

• *જિનશાસનમાં કોઇપણ કાર્ય ગુરુને પૂછ્યા વગર કરવાની આજ્ઞા નથી.* શ્વાસોચ્છ્વાસ, નિષ્ઠીવન (બળખો કાઢવો વગેરે), ઉન્મેષ-નિમેષ વગેરે કાર્યો પણ આજ્ઞા વગર થઇ શકે

मा पुण एगं पुच्छिय, कुज्जा दो तिन्नि अवरकिच्चाइं ।
लहुएसुवि कज्जेसुं, एसा मेरा सुसाहूणं ।।१७।।

काउं गुरुंपि कज्जं, न कहंति य पुच्छिया वि गोविंति ।
जे उण एरिसचरिया, गुरुकुलवासेण किं ताणं ? ।।१८।।

जोग्गाजोग्गसरूवं, नाउं केणावि कारणवसेणं ।
सम्माणाइविसेसं, गुरुणो दंसंति सीसाणं ।।१९।।

एसो सयावि मग्गो, एगसहावा न हुंति जं सीसा ।
इय जाणिय परमत्थं, गुरुंमि खेओ न कायव्वो ।।२०।।

मा चिंतह पुण एयं, किं पि विसेसं न पेच्छिमो अम्हे ।
रत्ता मूढा गुरुणो, असमत्था एत्थ किं कुणिमो ।।२१।।

---

(હજી આમાં અણસમજણ ન થાય તે માટે વધુ સ્પષ્ટ કરે છે) એક કાર્યની ગુરુને પૃચ્છા કરીને બીજા બે-ત્રણ કામ કરવા નહીં. નાના કાર્યોમાં પણ સુસાધુઓની આ મર્યાદા છે. ।।૧૭।।

મોટું પણ કાર્ય કરીને ગુરુને કહે નહીં, પૂછે તો પણ છુપાવે આવા આચરણ-વાળા જે છે, તેમને ગુરુકુળવાસથી શું ? અર્થાત્ તેઓને ગુરુકુળવાસનો કોઇ અર્થ નથી. ।।૧૮।।

શિષ્યોનું યોગ્ય અયોગ્ય સ્વરુપ જાણીને કોઇ પણ કારણવશ ગુરુઓ શિષ્યોને સન્માનાદિ વિશેષ (ઓછુંવત્તુ) પણ બતાવે છે. ।।૧૯।।

આ સદા માર્ગ છે કે શિષ્યો સદા એક સ્વભાવવાળા નથી હોતા. આ પરમાર્થને જાણીને ગુરુ વિષે જરા પણ ખેદ ન કરવો. ।।૨૦।।

ક્યારેય એવું ન વિચારવું કે અમે કંઇ વિશેષતા જોતા નથી. ગુરુ રક્ત, મૂઢ અને અસમર્થ છે તો અમે શું કરીએ ? ।।૨૧।।

---

નહીં, તો કેવી રીતે કરવા ? તે માટે સવારે ગુરુને વંદન સાથે નાની ક્રિયાઓના આદેશ આવી જાય છે. તે સિવાય પ્રત્યેક કાર્યો યાવત્ ગોચરી પાણી જવું, વાપરવું, સ્થંડિલ માત્રુ જવું, સ્વાધ્યાય કરવો, વૈયાવચ્ચ કરવી, કાપ કાઢવો, વિહાર કરવો વગેરે સર્વ કાર્યોમાં ગુરુને પૂછવાનું છે. ગુરુની આજ્ઞા મેળવવાની છે.

रयणपरिक्खगमेगं, मुत्तुं समकंतिवन्नरयणाणं ।
किं जाणंति विसेसं ? मिलिया सव्वेऽवि गामिल्ला ।।२२।।

एयं चिय जाणमाणा, ते सीसा साहयंति परलोयं ।
अवरे उयरं भरिउं, कालं वोलिंति महिवलए ।।२३।।

एयंपि हु मा जंपह, गुरुणो दीसंति तारिसा नेव ।
जे मज्झत्था होउं, जहट्ठिय वत्थुं वियारंति ।।२४।।

समयाणुसारिणो जे, गुरुणो ते गोयमं व सेवेज्जा ।
मा चिंतह कुविकप्पं, जइ इच्छह साहिउं मोक्खं ।।२५।।

वक्कजडा अह सीसा, के वि हु चिंतंति किंपि अघडंतं ।
तहवि हु नियकम्माणं, दोसं देज्जा नहु गुरुणं ।।२६।।

चक्कित्तं इंदत्तं, गणहरअरहंतपमुह चारुपयं ।
मणवंछियमवरंपि हु, जायइ गुरुभत्तिजुत्ताणं ।।२७।।

---

સમાન કાંતિ અને વર્ણવાળા રત્નો વિષે એક રત્ન પરીક્ષક સિવાય બીજા ગમે તેટલા ગ્રામિણજનો મળે તો પણ શું વિશેષતાને જાણે ? ।।૨૨।।

આવી રીતે ગુરુને જાણનારા શિષ્યો પરલોકને સાધે છે, બાકીના પેટ ભરીને પૃથ્વી ઉપર સમય પસાર કરે છે. ।।૨૩।।

એવું પણ બોલશો નહીં કે તેવા ગુરુઓ દેખાતા નથી, કે જેઓ મધ્યસ્થ થઇને યથાવસ્થિત વસ્તુને વિચારતા હોય. ।।૨૪।।

સમયાનુસાર જે ગુરુઓ છે તેમને ગૌતમની જેમ સેવ, (તેમની ગૌતમસ્વામીની જેમ સેવા કર) જો મોક્ષને સાધવાની ઇચ્છા હોય તો કોઇ પણ પ્રકારનો કુવિકલ્પ કરીશ નહિ. ।।૨૫।।

કેટલાક વક્ર અને જડ શિષ્યો અઘટિત વિચાર કરે છે તો પણ સ્વકર્મનો દોષ વિચારવો. ગુરુને દોષ દેવો નહિ. ।।૨૬।।

ચક્રવર્તીપણુ, ઇંદ્રપણુ, ગણધરપણુ, અરિહંતપણુ વગેરે સુંદર સંપદા અને બીજુ પણ મનવાંછિત ગુરુભક્તિયુક્ત જીવોને પ્રાપ્ત થાય છે. ।।૨૭।।

आराहणाओ गुरुणो, अवरं न हु किंपि अत्थि इह अमियं ।
तस्स य विराहणाओ, बीयं हलाहलं नत्थि ।।२८।।

एयंपि हु सोऊणं, गुरुभत्ति नेव निम्मला जस्स ।
भवियव्वया पमाणं, किं भणिमो तस्स पुण अन्नं ? ।।२९।।

साहुण साहूणीणं, सावयसड्डीण एस उवएसो ।
दुण्हं लोगाण हिओ, भणिओ संखेवओ एत्थ ।।३०।।

परलोयलालसेणं, किं वा इहलोयमत्तसरणेणं,
हियएण अहव रोहा, जह तह वा इत्थ सीसेणं ।।३१।।

जेण न अप्पा ठविओ, नियगुरुमणपंकयम्मि भमरोव्व ।
किं तस्स जीविएणं ? जम्मेणं अहव दिक्खाए ? ।।३२।।

ગુરુની આરાધના જેવું બીજું કંઇ અમૃત નથી, અને તેમની વિરાધના જેવું બીજુ કોઇ હલાહલ ઝેર નથી. ।।૨૮।।

આ સાંભળીને પણ જેને નિર્મળ ગુરુભક્તિ થતી નથી, તેને માટે ભવિતવ્યતા જ પ્રમાણ છે, તેને વિષે બીજું શું કહીએ ? ।।૨૯।।

સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓને ઉભયલોક (આલોક, પરલોક) ને હિત કરનાર ઉપદેશ અહીં સંક્ષેપમાં કહ્યો છે. ।।૩૦।।

પરલોકની ઇચ્છાથી અથવા આલોકમાં એકમાત્ર ગુરુ જ શરણ છે એવા ભાવથી હૃદયના બહુમાનથી અથવા પરાણે, ટૂંકમાં ગમે તે રીતે પણ જે શિષ્યએ પોતાના ગુરુના મનરુપી કમળને વિષે ભમરાની જેમ પોતાના આત્માને સ્થાપન કર્યો નથી તેના જીવવાથી, જન્મથી કે દીક્ષાથી શું ?

(અર્થાત્ ભમરો કમળને વિષે ભમ્યા કરે છે તેમ ગુરુના ચિત્તરુપી કમળમાં આપણા આત્માને સ્થાપન કરવાનો છે. જે આત્માઓ આ કરી શકતા નથી તેનું જીવન, જન્મ અને દીક્ષા બધું જ નકામું છે.) ।।૩૧-૩૨।।

**जुत्ताजुत्तवियारो, गुरुआणाए न जुज्जए काउं ।**
**दइवाओ मंगुलं पुण, जई हुज्जा तंपि कल्लाणं ।।३ ३।।**

**सिरिधम्मसूरिपहूणो, निम्मलकित्तीए भरियभुवणस्स ।**
**सिरिरयणसिंहसूरी, सीसो एवं पयंपेइ ।।३४।।**

ગુરુની આજ્ઞાને વિષે યોગ્યાયોગ્યનો વિચાર કરવો યોગ્ય નથી, કદાચ ખરાબ આજ્ઞા હશે તો પણ તેનાથી કલ્યાણ થશે. ।।૩૩।।

જેમની નિર્મળ કીર્તિથી આખું વિશ્વ ભરાઇ ગયું છે તેવા શ્રી ધર્મસૂરિપ્રભુના શ્રી રત્નસિંહસૂરિ નામના શિષ્ય આ પ્રકારે કહે છે. ।।૩૪।।

# ३ श्री गुरुप्रदक्षिणा कुलकम्

**गोअम-सुहम्म-जंबु-पभवो सिज्जंभवाइ आयरिया ।**
**अन्नेवि जुगप्पहाणा, पइं दिट्ठे सुगुरु ते दिट्ठा ।।१।।**

**अज्ज कयत्थो जम्मो, अज्ज कयत्थं च जीवियं मज्झ ।**
**जेण तुह दंसणामय-रसेण सित्ताइं नयणाइं ।।२।।**

**सो देसो तं नगरं, सो गामो सो अ आसमो धन्नो ।**
**जत्थ पहु तुम्ह पाया, विहरंति सयापि सुपसन्ना ।।३।।**

**हत्था ते सुकयत्था, जे किइकम्मं कुणंति तुह चलणे ।**
**वाणी बहुगुणखाणी, सुगुरुगुणा वण्णिआ जीए ।।४।।**

**अवयरिया सुरधेणू, संजाया मह गिहे कणयवुट्ठी ।**
**दारिद्दं अज्ज गयं, दिट्ठे तुह सुगुरु मुहकमले ।।५।।**

---

હે સદ્‌ગુરુજી ! આપનું દર્શન કર્યે છતે શ્રી ગૌતમસ્વામી, શ્રીસુધર્માસ્વામી, શ્રીજંબુસ્વામી, શ્રીપ્રભવસ્વામી, અને શય્યંભવ આદિ આચાર્ય ભગવંતો તેમજ બીજા પણ યુગપ્રધાનોનું દર્શન કર્યું એમ માનું છું. ।।૧।।

આજે મારો જન્મ કૃતાર્થ થયો, આજે મારું જીવિત સફળ થયું, કે જેથી આપના દર્શનરુપ અમૃતરસ વડે મારાં નેત્રો સિંચિત થયાં, અર્થાત્ આજે આપનાં અદ્‌ભુત દર્શનથી મારા નેત્રો સફળ થયાં. ।।૨।।

તે દેશ, તે નગર, તે ગ્રામ અને તે આશ્રમ (સ્થાન) ધન્ય છે કે હે પ્રભુ ! જ્યાં આપ સદાય સુપ્રસન્નપણે વિચરો છો, અર્થાત્ વિહાર કરો છો-રહો છો. ।।૩।।

તે હાથ સુકૃતાર્થ છે કે જે હાથ આપના ચરણે દ્વાદશાવર્ત વંદન કરે છે અને તે વાણી (જીહ્‌વા) બહુ ગુણવાળી છે કે જેણે સદ્‌ગુરુના ગુણોનું વર્ણન કર્યું. ।।૪।।

હે સદ્‌ગુરુ ! મેં આપનું મુખકમળ જોયું તેથી આજે મારા ઘરઆંગણે કામધેનુ આવી તેમજ સુવર્ણની વૃષ્ટિ થઇ, અને આજથી મારું દારિદ્ર દૂર થયું છે, એમ હું માનું છું ।।૫।।

चिंतामणिसारिच्छं, सम्मत्तं पावियं मए अज्ज ।
संसारो दूरीकओ, दिट्ठे तुह सुगुरु मुहकमले ।।६।।

जा रिद्धी अमरगणा, भुंजंता पियतमाइ संजुत्ता ।
सा पुण कित्तियमित्ता, दिट्ठे तुह सुगुरु मुहकमले ।।७।।

मणवयकाएहिं मए, जं पावं अज्जियं सया भयवं ।
तं सयलं अज्ज गयं, दिट्ठे तुह सुगुरु मुहकमले ।।८।।

दुलहो जिणिंदधम्मो, दुलहो जीवाण माणुसो जम्मो ।
लद्धेपि मणुअजम्मे, अइदुलहा सुगुरुसामग्गी ।।९।।

जत्थ न दीसंति गुरू, पच्चूसे उट्ठिएहिं सुपसन्ना ।
तत्थ कहं जाणिज्जइ, जिणवयणं अमिअसारिच्छं ।।१०।।

जह पाउसंमि मोरा, दिणयरउदयम्मि कमलावणसंडा ।
विहसंति तेण तच्चिय, तह अम्हे दंसणे तुम्ह ।।११।।

---

હે સદ્‌ગુરુ ! મેં આપનું મુખકમલ જોયું તેથી ચિંતામણિરત્ન સમાન સમકિત મને પ્રાપ્ત થયું અને તેથી સંસારનો અંત થયો છે એમ માનું છું ।।૬।।

હે સદ્‌ગુરુ ! દેવોનો સમુદાય પોતાની પ્રિયતમાઓ સાથે જે સમૃદ્ધિ ભોગવે છે, તે સમૃદ્ધિ આપના મુખકમલના દર્શન કર્યા પછી મને તદ્દન તુચ્છ લાગે છે. ।।૭।।

હે સદ્‌ગુરુ ! મેં મન વચન કાયાથી જે પાપ આજ પર્યંત ઉપાર્જન કર્યું છે તે બધું આપનું વદનકમલ જોયું તેથી સઘળું નષ્ટ થયું, એમ માનું છું ।।૮।।

જીવોને મનુષ્યજન્મ મળવો દુર્લભ છે, તથા સર્વજ્ઞભાષિત ધર્મ પામવો દુર્લભ છે, કારણ કે મનુષ્યજન્મ મળે છતે પણ સદ્‌ગુરુ રુપ સામગ્રી મળવી અતિ દુર્લભ છે. ।।૯।।

જ્યાં રહેવાથી પ્રભાતે ઉઠતાં જ સુપ્રસન્ન ગુરુનાં દર્શન થતાં નથી, ત્યાં અમૃત-સદૃશ જિનવચનનો લાભ શી રીતે લઇ શકાય ? ।।૧૦।।

જેમ મેઘને દેખી મયૂરો પ્રમુદિત થાય છે અને સૂર્યનો ઉદય થતાં કમળનાં વનો વિકસિત થાય છે, તેમ આપનું દર્શન થતાં અમે પણ પ્રમોદ પામીએ છીએ. ।।૧૧।।

**जह सरइ सुरहि वच्छं, वसंतमासं च कोइला सरइ ।**
**विंझं सरइ गइंदो, तह अम्ह मणं तुमं सरइ ।।१२।।**

**बहुया बहुयां दिवसडा, जइ मइं सुहगुरु दीठ ।**
**लोचन बे विकसी रह्यां, हीअडइं अमिअ पइठ ।।१३।।**

**अहो ते निज्जिओ कोहो, अहो माणो पराजिओ ।**
**अहो ते निरक्किया माया, अहो लोहो वसीक्किओ ।।१४।।**

**अहो ते अज्जवं साहु, अहो ते साहु मद्दवं ।**
**अहो ते उत्तमा खंती, अहो ते मुत्ति उत्तमा ।।१५।।**

**इहं सि उत्तमो भंते, पच्छा होहिसि उत्तमो ।**
**लोगुत्तमुत्तमं ठाणं, सिद्धिं गच्छसि नीरओ ।।१६।।**

હે સદ્‌ગુરુજી ! જેમ ગાય પોતાના વાછરડાને સંભારે છે, જેમ કોયલ વસંત-માસને ઇચ્છે છે તથા જેમ હાથી વિંધ્યાચલની અટવીને યાદ કરે છે, તેમ અમારું મન સદાય આપનું સ્મરણ કર્યા કરે છે. ।।૧૨।।

હે સદ્‌ગુરુ ! ઘણા દિવસો પછી હવે મેં સદ્‌ગુરુ દીઠા તેથી મારી બે આંખો વિકસ્વર થઇ અને હૃદયમાં અમૃતે પ્રવેશ કર્યો ।।૧૩।।

અહો ! આપે ક્રોધનો જય કર્યો છે, અહો ! માનનો પરાજય કર્યો છે, અહો ! માયાને દૂર કરી છે અને અહો ! આપે લોભને સર્વથા વશ કર્યો છે. ।।૧૪।।

અહો ! આપનું આર્જવ (સરલપણું) ઘણું જ ઉત્તમ છે, અહો ! આપનું માર્દવ (નમ્રપણું) ઘણું જ રૂડું છે, અહો ! આપની ક્ષમા ઘણી જ ઉત્તમ છે અને આપની સંતોષવૃત્તિ ઘણી જ શ્રેષ્ઠ છે. ।।૧૫।।

હે ભગવંત ! આપ અહીં પ્રગટ ઉત્તમ છો, જન્માંતરમાં પણ ઉત્તમ થવાના છો અને અંતે પણ કર્મમલને દૂર કરીને આપ મોક્ષ નામનું સર્વોત્તમસ્થાન પામવાના જ છો. ।।૧૬।।

**आयरियनमुक्कारो, जीवं मोएइ भवसहस्साओ ।**
**भावेण किरमाणो, होइ पुणो बोहिलाभाए ।।१७।।**

**आयरियनमुक्कारो, सव्वपावप्पणासणो ।**
**मंगलाणं च सव्वेसिं, तइयं हवइ मंगलं ।।१८।।**

આચાર્ય મહારાજને કરેલો (આ) નમસ્કાર જીવને હજારો ભવોથી (જન્મ-મરણથી) મુક્ત કરે છે. ભાવપૂર્વક કરાયેલો નમસ્કાર બોધિલાભ (સમ્યક્ત્વ) માટે થાય છે. ।।૧૭।।

ભાવાચાર્યને ભાવપૂર્વક કરેલો નમસ્કાર સર્વપાપનો પ્રકર્ષે કરીને નાશ કરનારો છે અને તે સર્વ મંગલમાં ત્રીજું મંગલ છે-નવકારમંત્રનું ત્રીજું પદ છે. ।।૧૮।।



# गुरुमहात्म्यं

(गुरुतत्त्वविनिश्चयः)

गुरु आणाए मुक्खो, गुरुप्पसाया उ अट्ठसिद्धिओ ।
गुरुभत्तीए विज्जा साफल्लं होइ णियमेणं ।।१।।

सरणं भव्वजिआणं संसाराडवि महाकडिल्लम्मि ।
मुत्तुण गुरुं अन्नो णत्थि ण होही ण विय हुत्था ।।२।।

जह कारुणिओ विज्जो देइ समाहिं जणाण जरिआणं ।
तह भवजरगहिआणं धम्मसमाहिं गुरू देइ ।।३।।

जह दीवो अप्पाणं परं च दीवेइ दित्तिगुणजोगा ।
तह रयणत्तयजोगा गुरु वि मोहंधयारहरो ।।४।।

जे किर पएसि पाविट्ठा दुट्ठधिट्ठनिलज्जा ।
गुरुहत्थालंबेणं संपत्ता ते विय परमपयं ।।५।।

उज्झियघरवासाण वि जं किर कट्ठस्स णत्थि साफल्लं ।
तं गुरुभत्तीए च्चिय कोड़िन्नाइण व हविज्ज ।।६।।

दुहगब्भि मोहगब्भे वेरग्गे संठिया जण बहवे ।
गुरुपरतंताण हवे हंदि तयं नाणगब्भं तु ।।७।।

अम्हारिसा वि मुक्खा पंतीए पंडिआण पविसंति ।
अण्णं गुरुभत्तीए किं विलसिअमब्भुअं इत्तो ? ।।८।।

सक्कावि णेव सक्का गुरुगुणगणकित्तणं करेउं जे ।
भत्तीइ पेलिआणं वि अण्णेसिं तत्थ का सत्ती ? ।।९।।

इत्तो गुरुकुलवासो पढमायारो णिदंसिओ समए ।
उवएसरहस्साइसु एयं च विवेइयं बहुसो ।।१०।।

---

ગુરુ આજ્ઞાથી (સકલ કર્મક્ષય રૂપ) મોક્ષ થાય છે, ગુરૂ કૃપાથી અણિમાદિ આઠ સિદ્ધિઓ પ્રગટે છે, ગુરુભક્તિથી વિદ્યાઓ અવશ્ય સફલ બને છે. ।।૧।।

અત્યંત ગહન સંસાર રૂપ અટવીમાં ભવ્ય જીવોને ગુરુ સિવાય અન્ય કોઇપણ શરણ છે નહિ, થશે નહિ, થયા પણ નથી. (અર્થાત્ ત્રણે કાળમાં ગુરુ જ શરણ છે) ।।૨।।

જેમ દયાળુ વૈદ્ય તાવવાળા લોકોને દ્રવ્ય આરોગ્ય આપે છે, તેમ ગુરુ ભવરૂપ તાવથી ઘેરાયેલા જીવોને ધર્મ રૂપ ભાવ આરોગ્ય આપે છે. ।।૩।।

જેમ દીપક પ્રકાશ રૂપ ગુણના યોગથી પોતાને અને બીજાઓને પ્રકાશિત કરે છે, તેમ ગુરુ પણ રત્નત્રયીના યોગથી મોહરૂપ અંધકારને દૂર કરીને સ્વ-પરને પ્રકાશિત કરે છે. ।।૪।।

ખરેખર ! અતિશય પાપી, દુષ્ટ, ધિઠ્ઠ, નિર્લજ્જ એવા પ્રદેશી રાજા વગેરે જીવો (કેશી ગણધર વગેરે) ગુરૂના હસ્તાવલંબનથી પરમપદ (પુણ્યાનુબંધી પુણ્ય ભોગવવાને યોગ્ય) સ્થાનને પામ્યા. ।।૫।।

ઘરનો ત્યાગ કરીને ઉપવાસાદિ તપ કરવા છતાં કૌડિન્ય વગેરે ૧૫૦૦ તાપસોને જે સફળતા ન મળી તે શ્રી ગૌતમ ગુરુની નિશ્રાના પ્રભાવથી કેવળજ્ઞાન રૂપે પ્રાપ્ત થઇ. આ પ્રમાણે ગુરુ ભક્તિથી જ કષ્ટનું ફળ મળે છે, ગુરુભક્તિ વિના કષ્ટ સફળ બનતું નથી. ।।૬।।

દુ:ખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્ય ઘણા લોકોને હોય છે, પણ ગુરુ ને આધીન બનેલા જીવો જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળા હોય છે. (ગુરુ જીવોમાં જ્ઞાનગર્ભિત વૈરાગ્યનું સ્થાપન કરનારા હોવાથી ગુરુ મહાન છે) ।।૭।।

અમારા જેવા મૂર્ખાઓ પણ ગુરુભક્તિના પ્રભાવથી પંડિતોની પંક્તિમાં પ્રવેશ કરે છે. ગુરુ ભક્તિથી આનાથી બીજો ક્યો આશ્ચર્યકારી બનાવ છે ? ।।૮।।

ગુરુના ગુણગણોનું કીર્તન કરવા ઇન્દ્રો પણ સમર્થ નથી, તો પછી ભક્તિથી ગુરુના ગુણોનું કીર્તન કરવાની ભાવના છતાં મારા જેવા બીજા મનુષ્યોની શી શક્તિ હોય ? ।।૯।।

આ કારણથી શાસ્ત્રમાં ગુરુકુલવાસ એ પ્રથમ આચાર તરીકે જણાવાયો છે. અને ઉપદેશરહસ્યાદિ ગ્રંથોમાં ઘણા સ્થાનોમાં આનો નિર્ણય કરાયો છે. ।।૧૦।।

# ४ पुण्य कुलकम्

**संपुन्नइंदियत्तं, माणुसत्तं च आयरियखित्तं ।**
**जाई-कुल-जिणधम्मो, लब्भंति पभूयपुण्णेहिं ।।१।।**

**जिणचलणकमलसेवा, सुगुरुपायपज्जुवासणं चेव ।**
**सज्झायवायवडत्तं, लब्भंति पभूयपुण्णेहिं ।।२।।**

**सुद्धो बोहो सुगुरुहिं, संगमो उवसमो दयालुत्तं ।**
**दक्खिण्णं करणजओ, लब्भंति पभूयपुण्णेहिं ।।३।।**

**सम्मत्ते निच्चलत्तं, वयाण परिपालणं अमाइत्तं ।**
**पढणं गुणणं विणओ, लब्भंति पभूयपुण्णेहिं ।।४।।**

---

સંપૂર્ણ ઇન્દ્રિયપણું-કંઇ પણ ખોડ ખાંપણ વગરની પાંચ ઇન્દ્રિયોની પ્રાપ્તિ, મનુષ્યપણું, ધર્મસામગ્રી યુક્ત આર્યક્ષેત્રમાં જન્મ, ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ અને વીતરાગ ભાષિત જૈન ધર્મ, એ સઘળી વસ્તુ ઘણા જ પુણ્યથી પ્રાપ્ત થાય છે. ।।૧।।

જિન-અરિહંતના ચરણકમળની સેવા-ભક્તિ, સદ્ગુરુના ચરણની પર્યુપાસના અને સ્વાધ્યાય તથા ધર્મવાદમાં વડાપણું-પરાભવ નહીં પામવા પણું એ પણ ઘણા જ પુણ્યયોગે મળે છે. ।।૨।।

શુદ્ધ બોધ, સુગુરુનો સમાગમ, ઉપશમ ભાવ, દયાળુ પણું, દાક્ષિણ્યતા અને ઇન્દ્રિયોનો જય એ દરેક ઉત્તરોત્તર ઘણા ઘણા પુણ્યથી પામી શકાય છે. ।।૩।।

સમ્યક્ત્વમાં નિશ્ચલતા, વ્રતોનું નિરતિચાર પાલન, નિર્માયીપણું, ભણવું, ગણવું અને વિનય કરવો, એ બધાં વાનાં પણ ઘણા જ પુણ્યયોગે પમાય છે. ।।૪।।

ઉત્સર્ગ અને અપવાદ તથા નિશ્ચય (આત્મ શુદ્ધિરુપ અભ્યંતર ધર્મ) અને વ્યવહાર (બાહ્યધર્મ) તે દરેકની વિશેષતા સમજવાનું નિપુણાપણું, તેમજ મન, વચન અને કાયાની શુદ્ધિ, (આત્મહિતકર કુશલ પ્રવૃત્તિ) એ દરેક વાના પણ ઘણા જ પુણ્યયોગે પ્રાપ્ત થાય છે. ।।૫।।

उस्सग्गे अववाये, निच्छयववहारयम्मि निउणत्तं ।
मणवयणकायसुद्धी, लब्भंति पभूयपुण्णेहिं ।।५।।

अवियारं तारुण्णं, जिणाणंराओ परोवयारित्तं ।
निक्कंपया य झाणे, लब्भंति पभूयपुण्णेहिं ।।६।।

परनिंदापरिहारो, अप्पसंसा अत्तणो गुणाणं च ।
संवेगो निव्वेओ, लब्भंति पभूयपुण्णेहिं ।।७।।

निम्मलसीलब्भासो, दाणुल्लासो विवेगसंवासो ।
चउगइदुहसंतासो, लब्भंति पभूयपुण्णेहिं ।।८।।

दुक्कडगरिहा सुक्कडा-णुमोयणं पायच्छित्त-तवचरणं ।
सुहझाणं नवकारो, लब्भंति पभूयपुण्णेहिं ।।९।।

इय गुणमणिभंडारो, सामग्गीं पाविऊण जेहि कओ ।
विच्छिन्नमोहपासा, लहंति ते सासयं सुक्खं ।।१०।।

---

નિર્વિકાર-વિકાર વગરનું યૌવન, જિનેશ્વર ભગવંત ઉપર અવિહડ રાગ, પરોપકારીપણું અને ધ્યાનમાં નિશ્ચલતા, એ પણ દરેક ઘણા જ પુણ્યથી પ્રાપ્ત થાય છે. ।।૬।।

પરનિંદાનો અને પોતાના ગુણોની પ્રશંસાનો ત્યાગ તેમજ સંવેગ-મોક્ષાભિલાષ અને નિર્વેદ-ભવવૈરાગ્ય એ પણ ઘણા પુણ્યયોગે પ્રાપ્ત થાય છે. ।।૭।।

નિર્મળ-શુદ્ધ શીલનો અભ્યાસ, સુપાત્રાદિકમાં દાન દેવોનો ઉલ્લાસ, હિતાહિત ભાવોમાં હેય ઉપાદેયનો વિવેક, અને ચાર ગતિનાં દુ:ખોનો અતિ ત્રાસ થવો, એ દરેક પણ મહાપુણ્યના યોગે પ્રાપ્ત થાય છે. ।।૮।।

દુષ્કૃતની ગર્હા-સુકૃતની અનુમોદના, કરેલાં પાપોને છેદવા ગુરુએ બતાવેલા તપનું આચરણ, શુભ ધ્યાન અને નવકાર મહામંત્રનો જાપ એ પણ દરેક મહાપુણ્યયોગે પ્રાપ્ત થાય છે. ।।૯।।

આ 'મનુષ્યપણું' વિગેરે સઘળી પુણ્ય સામગ્રી પામીને જેઓએ જ્ઞાનાદિ (ક્ષમાદિ) ગુણોરુપ રત્નનો ભંડાર ભર્યો તે મોહના પાશને છેદનારા ધન્ય જીવો શાશ્વત સુખ રૂપ મોક્ષ પદને પામે છે. ।।૧૦।।

# ५ दानमहिमागर्भितं श्री दान कुलकम्

(कर्ता : तपगच्छनायक श्री जगच्चन्द्रसूरि पट्टधर श्री देवेन्द्रसूरि)

परिहरिअ रज्जसारो, उप्पाडिअ-संजमिक्कगुरुभारो ।
खंधाओ देवदूसं, विअरंतो जयउ वीरजिणो ।।१।।

धम्मत्थकामभेया, तिविहं दाणं जयम्मि विक्खायं ।
तहवि अ जिणिंदमुणिणो, धम्मं दाणं पसंसंति ।।२।।

दाणं सोहग्गकरं, दाणं आरुग्गकारणं परमं ।
दाणं भोगनिहाणं, दाणं ठाणं गुणगणाणं ।।३।।

दाणेण फुरइ कित्ती, दाणेण य होइ निम्मला कंती ।
दाणावज्जियहिअओ, वइरी वि हु पाणियं वहइ ।।४।।

धणसत्थवाहजम्मे, जं घयदाणं कयं सुसाहूणं ।
तक्कारणमुसभजिणो, तेलुक्कपियामहो जाओ ।।५।।

---

સમસ્ત રાજ્યઋદ્ધિનો ત્યાગ કર્યો, સંયમનો એક અતિ કઠીન ભાર વહન કર્યો અને દીક્ષા સમયે ઇન્દ્ર મહારાજાએ સ્થાપના કરેલું દેવદૂષ્યવસ્ત્ર પણ ખભાપરથી જેમણે દાનમાં આપી દીધું તે શ્રીવીરપ્રભુ જયવંતા વર્તો. ।।૧।।

જગતમાં ધર્મદાન, અર્થદાન અને કામદાન એ ત્રણ પ્રકારનાં દાન પ્રસિદ્ધ છે, તો પણ જિનેશ્વરપ્રભુના મુનિઓ ધર્મના દાનની જ પ્રશંસા કરે છે. ।।૨।।

દાન સૌભાગ્યને કરનારું, દાન આરોગ્યનું પરમ કારણ, દાન ભોગનું નિધાન અને દાન અનેક ગુણ સમુદાયનું સ્થાન છે. ।।૩।।

દાન વડે નિર્મળ કીર્તિ વધે છે, દાનથી નિર્મળ કાંતિ વધે છે અને દાનથી વશ થયેલા હૃદયવાળો દુશ્મન પણ દાતારના ઘરે પાણી ભરે છે. ।।૪।।

ધન સાર્થવાહના ભવમાં ઉત્તમ સાધુઓને ઘીનું દાન આપ્યું હતું, તેથી ઋષભદેવ ભગવાન ત્રણે લોકના પિતામહ (નાથ) થયા. ।।૫।।

**करुणाइ दिन्नदाणो, जम्मंतरगहिअपुण्णकिरिआणो ।**
**तित्थयर-चक्करिद्धिं, संपत्तो संतिनाहो वि ।।६।।**

**पंचसयसाहुभोयण-दाणावज्जिअसुपुण्णपब्भारो ।**
**अच्छरिअ-चरिअ-भरिओ, भरहो भरहाहिवो जाओ ।।७।।**

**मूलं विणा वि दाउं, गिलाण पडिअरणजोगवत्थूणि ।**
**सिद्धो अ रयणकंबल-चंदणवणिओ वि तम्मि भवे ।।८।।**

**दाऊण खीरदाणं, तवेण सुसिअंगसाहुणो धणिअं ।**
**जणजणिअचमक्कारो, संजाओ सालिभद्दो वि ।।९।।**

**जम्मंतरदाणाओ, उल्लसिआऽपुव्वकुसलझाणाओ ।**
**कयवन्नो कयपुन्नो, भोगाणं भायणं जाओ ।।१०।।**

પાછળ દશમા ભવમાં કરુણા વડે પારેવાને અભયદાન આપ્યું અને જન્માન્તરમાં જેણે એ પુણ્ય કરિયાણું ખરીદી લીધું, તે શ્રીશાન્તિનાથ પ્રભુ પણ છેલ્લા ભવે તીર્થંકરની અને ચક્રવર્તીની ઋદ્ધિ પામ્યા. ।।૬।।

પાંચસો સાધુઓને ભોજન લાવી આપવાથી જેણે બહુ ભારે (નિકાચિત) પુણ્ય બાંધ્યું તેથી જેનું ચરિત્ર આશ્ચર્યકારક છે એવા ભરત રાજા સંપૂર્ણ ભરતક્ષેત્રના ચક્રવર્તી રાજા થયા. ।।૭।।

કોઢરોગવાળા ગ્લાન મુનિને ઔષધમાં ઉપયોગી વસ્તુઓ (બાવન ચંદન અને કંબળ) વિનામૂલ્યે આપવા માત્રથી રત્નકંબળ અને બાવનાચંદનનો વ્યાપારી વણિક તે જ ભવમાં સિદ્ધિપદ પામ્યો. ।।૮।।

તપશ્ચર્યાથી અત્યંત શોષિત દેહવાળા તપસ્વી મુનિરાજને ક્ષીરનું દાન દેવાથી શાલિભદ્ર પણ સહુ કોઇને ચમત્કાર ઉપજાવે તેવી ઋદ્ધિનું પાત્ર થયો. ।।૯।।

પૂર્વ જન્મમાં કરેલા દાનથી પ્રગટેલા અપૂર્વ શુભ ધ્યાનના પ્રભાવે અતિપુણ્યવંત કયવન્ના શેઠ વિશાળ સુખ ભોગના ભાગી થયા. ।।૧૦।।

घयपूस-वत्थपूसा, महरिसिणो दोसलेसपरिहीणा ।
लद्धीइ सव्व (सयल) गच्छो-वग्गहगा सुहगइं पत्ता ।।११।।

जीवंतसामिपडिमाए, सासणं विअरिऊण भत्तीए ।
पव्वइऊण सिद्धो, उदाइणो चरमरायरिसी ।।१२।।

जिणहरमंडिअवसुहो, दाउं अणुकंपभत्तिदाणाइं ।
तित्थप्पभावगरेहिं, संपत्तो संपइराया ।।१३।।

दाउं सद्धासुद्धे, सुद्धे कुम्मासए महामुणिणो ।
सिरिमूलदेवकुमारो, रज्जसिरिं पाविओ गुरुइं ।।१४।।

अइदाणमुहरकविअण-विरइअसयसंखकव्ववित्थरिअं ।
विक्कमनरिंदचरिअं, अज्जवि लोए परिप्फुरइ ।।१५।।

तियलोयबंधवेहिं, तब्भवचरिमेहिं जिणवरिंदेहिं ।
कयकिच्चेहिं वि दिन्नं, संवच्छरियं महादाणं ।।१६।।

---

ઘૃતપુષ્ય અને વસ્ત્રપુષ્ય નામના મહામુનિઓ સ્વલબ્ધિ વડે સકળ ગચ્છની નિરતિચાર ભક્તિ કરીને સદ્ગતિને (મોક્ષને) પામ્યા. ।।૧૧।।

જીવિત (મહાવીર) સ્વામીની પ્રતિમાની ભક્તિ માટે રાજ્યનો ભાગ-ગામ ગરાસ આપીને દીક્ષિત થએલા ઉદાયી નામના ચરમ રાજર્ષિ મોક્ષગતિને પામ્યા. ।।૧૨।।

જેમણે સકળ પૃથ્વીને જિનચૈત્યોથી સુશોભિત કરી, એવા સંપ્રતિ રાજા અનુકંપાદાન અને ભક્તિદાન (સુપાત્ર દાન) વડે શાસનપ્રભાવકોમાં રેખાને-અગ્રેસરતાને પામ્યા ।।૧૩।।

શુદ્ધ શ્રદ્ધા પૂર્વક નિર્દોષ એવા માત્ર અડદના બાકુળાનું દાન મહામુનિને આપવાથી (જિતશત્રુ રાજાનો પુત્ર) શ્રીમૂળદેવકુમાર વિશાળ રાજ્યલક્ષ્મીને પામ્યો. ।।૧૪।।

અતિદાન મળવાથી વાચાળ-ખુશ થએલા કવિઓ (પંડિતો)એ સેંકડો કાવ્યો વડે રચેલું શ્રીવિક્રમાદિત્ય રાજાનું ચરિત્ર આજેપણ લોકમાં પ્રસિદ્ધ છે. ।।૧૫।।

ત્રિલોકબંધુ એવા શ્રીજિનેશ્વરો કે જેઓ તે જ ભવમાં નિશ્ચિત મોક્ષ જવાના હોવાથી કૃતકૃત્ય છે તેઓએ પણ સાંવત્સરિક મહાદાન આપ્યું. ।।૧૬।।

**सिरिसेयंसकुमारो, निस्सेयससामिओ कहं न होइ ।**
**फासुअदाणपवाहो, पयासिओ जेण भरहम्मि ।।१७।।**

**कह सा न पसंसिज्जइ, चंदणबाला जिणिंददाणेणं ।**
**छम्मासिअ-तव-तविओ, निव्वविओ जीए वीरजिणो ।।१८।।**

**पढामाइं पारणाइं, अकरिंसु करंति तह करिस्संति ।**
**अरिहंता भगवंता, जस्स घरे तेसिं धुवा सिद्धी ।।१९।।**

**जिणभवणबिंबपुत्थय-संघसरूवेसु सत्तखित्तेसु ।**
**ववि‌अं धणं पि जायइ, सिवफलयमहो अणंतगुणं ।।२०।।**

---

જેણે પ્રાસુક (નિર્દોષ) પદાર્થોના દાનધર્મનો પ્રવાહ આ અવસર્પિણીકાળમાં ભરત ક્ષેત્રમાં ચલાવ્યો, તે શ્રીશ્રેયાંસકુમાર મોક્ષનો સ્વામી કેમ ન થાય ? ।।૧૭।।

છ માસી તપવાળા ઘોર તપસ્વી શ્રીવીરપ્રભુને જેણે અડદના બાકુળાનું દાન આપીને સંતોષ્યા, તે ચંદનબાળા પ્રશંસાને કેમ ન પામે ? ।।૧૮।।

અરિહંત ભગવંતોએ જેમના ઘરે પ્રથમ આદિ (તપનાં) પારણાં કર્યાં છે, કરે છે, અને કરશે તે આત્માઓની સિદ્ધિ (મોક્ષ) અવશ્ય થાય છે. ।।૧૯।।

આશ્ચર્ય છે કે જિનમંદિર, જિનબિંબ, આગમ-પુસ્તક અને સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રુપ ચતુર્વિધ સંઘ-એ સાતે ક્ષેત્રમાં વાવેલું ધન અનંતગુણા એવા મોક્ષફળને આપે છે. ।।૨૦।।



# ६ शीलमहिमागर्भितं श्री शील कुलकम्

(कर्ता : तपगच्छनायक श्री जगच्चन्द्रसूरि पट्टधर श्री देवेन्द्रसूरि)

सोहग्गमहानिहिणो, पाए पणमामि नेमिजिणवइणो ।
बालेण भुयबलेणं, जणद्दणो जेण निज्जिणिओ ।।१।।

सीलं उत्तमवित्तं, सीलं जीवाण मंगलं परमं ।
सीलं दोहग्गहरं, सीलं सुक्खाण कुलभवणं ।।२।।

सीलं धम्मनिहाणं, सीलं पावाण खंडणं भणियं ।
सीलं जंतूण जए, अकित्तिमं मंडणं परमं ।।३।।

नरयदुवारनिरुंभण-कवाडसंपुडसहोअरच्छायं ।
सुरलोअ-धवलमंदिर-आरुहणे पवरनिस्सेणिं ।।४।।

सिरिउग्गसेणधूआ, राइमई लहउ सीलवइरेहं ।
गिरिविवरगओ जीए, रहनेमि ठाविओ मग्गे ।।५।।

---

જેમણે બાલ્યવયમાં પોતાના ભુજાબળવડે કૃષ્ણજીને જીતી લીધા હતા, તે સૌભાગ્યના મહાભંડાર એવા શ્રીનેમિનાથ પ્રભુનાં ચરણ કમળને હું પ્રણામ કરું છું ।।૧।।

શીલ-સદાચરણ પ્રાણીઓનું ઉત્તમ ધન છે, શીલ જીવોને પરમમંગલ રૂપ છે, શીલ દુ:ખ દારિદ્રને હરનારું છે અને શીલ સકળ સુખોનું ધામ છે. ।।૨।।

શીલ ધર્મનું નિધાન છે, શીલ પાપનાશક છે અને જગતમાં પ્રાણીઓનો સ્વાભાવિક શ્રેષ્ઠ શણગાર પણ શીલ છે. ।।૩।।

શીલ એ નરકનાં દ્વાર બંધ કરવાને દરવાજાની જોડ સમાન છે અને દેવલોકમાં ઉજ્વળ વિમાનો ઉપર આરુઢ થવા માટે ઉત્તમ નિસરણી સમાન છે. ।।૪।।

શ્રીઉગ્રસેન રાજાની પુત્રી રાજીમતી શીલવંતીઓમાં શ્રેષ્ઠપણાને પામી કે જેણે ગુફામાં આવી ચડેલા અને મોહિત થએલા રહનેમિને સંયમ માર્ગમાં પુન: સ્થિર કર્યા. ।।૫।।

**पज्जलिओ वि हु जलणो, सीलप्पभावेण पाणिअं होइ ।**
**सा जयउ जए सीआ, जीए पयडा जसपडाया ।।६।।**

**चालणीजलेण चंपाइ, जीए उग्घाडियं दुवारतिगं ।**
**कस्स न हरेइ चित्तं, तीए चरिअं सुभद्दाए ।।७।।**

**नंदउ नमयासुंदरी, सा सुचिरं जीए पालियं सीलं ।**
**गहिलत्तणं पि काउं, सहिआ य विडंबणा विविहा ।।८।।**

**भद्दं कलावईए, भीसणरण्णम्मि रायचत्ताए ।**
**जं सा सीलगुणेणं, छिन्नंगा पुणन्नवा जाया ।।९।।**

**सीलवईए सीलं, सक्कइ सक्को वि वण्णिउं नेव ।**
**रायनिउत्ता सचिवा, चउरो वि पवंचिआ जीए ।।१०।।**

---

જેના શીલના પ્રભાવથી પ્રજ્વલિત એવો પણ અગ્નિ ખરેખર જળરુપ થઇ ગયો એવી જેની યશ રૂપી પતાકા જગમાં આજે પણ ફરકી રહી છે, એ સીતાસતી જયવંતી વર્તો. ।।૬।।

શીલના પ્રભાવે કુવામાંથી ચાલણી દ્વારા કાઢેલા જલવડે જેણે ચંપા નગરીનાં (કોઇથી નહિ ઉઘડેલાં) ત્રણ દ્વાર ઉઘાડ્યાં હતાં, તે સુભદ્રાસતીનું ચરિત્ર કોના ચિત્તનું હરણ નથી કરતું ? ।।૭।।

તે નર્મદાસુંદરી સતી સદા જયવંતી વર્તો, કે જેણીએ ગ્રહિલપણું આદરીને (ગાંડી બનીને) પણ શીલવ્રતનું પાલન કર્યું અને (શીલરક્ષા માટે) વિવિધ પ્રકારની વિડંબનાઓ સહન કરી. ।।૮।।

ભયંકર અટવીમાં (પોતાના પતિ) રાજાએ ત્યજી દીધેલી કલાવતી સતીનું કલ્યાણ થાઓ, કે જેના શીલગુણના પ્રભાવથી છેદાયેલાં પણ અંગો (હાથ) ફરી નવાં થઇ ગયાં ।।૯।।

સતી શીલવતીના શીલને યથાર્થરુપે વર્ણવવાને શક્ર-ઇન્દ્ર પણ શક્તિમાન નથી કે જેણીએ રાજાએ મોકલેલા ચારે પ્રધાનોને છેતરી સ્વશીલનું રક્ષણ કર્યું હતું. ।।૧૦।।

*सिरिवद्धमाणपहुणा, सुधम्मलाभुत्ति जीइ पट्ठविओ ।*
सा जयउ जए सुलसा, सारयससिविमलसीलगुणा ।।११।।

हरिहरबंभपुरंदर-मयभंजणपंचबाणबलदप्पं ।
लीलाइ जेण दलिओ, स थूलमद्दो दिसउ भद्दं ।।१२।।

मणहरतारुण्णभरे, पत्थिज्जंतो वि तरुणिनियरेणं ।
सुरगिरिनिच्चलचित्तो, सो वयरमहारिसी जयउ ।।१३।।

थुणिउं तस्स न सक्का, सड्ढस्स सुदंसणस्स गुणनिवहं ।
जो विसमसंकडेसु वि, पडिओ वि अखंडसीलधणो ।।१४।।

सुंदरि सुनंद चिल्लण-मणोरमा अंजणा मिगावई अ ।
जिणसासणसुपसिद्धा, महासईओ सुहं दिंतु ।।१५।।

अच्चंकारिअ चरिअं, सुणिऊण को न धुणइ किर सीसं ।
जा अखंडिअ-सीला, भिल्लवई-कयत्थिआ वि दढं ।।१६।।

---

શ્રી વર્ધમાન પ્રભુએ (પણ) જેણીને ઉત્તમ ધર્મલાભ પાઠવ્યો હતો, તે શરદ ઋતુના ચન્દ્ર સમાન નિર્મળ શીલગુણવાળી સુલસા સતી જગતમાં જયવંતી વર્તો. ।।૧૧।।

વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા, અને ઇન્દ્રના પણ મદને ગાળી નાખનારા કામદેવની શક્તિનો ગર્વ પણ જેણે લીલા માત્રમાં ચૂરી નાખ્યો તે શ્રી સ્થૂલભદ્ર મુનિરાજ સર્વનું કલ્યાણ કરો. ।।૧૨।।

મનોહર ભર યૌવન વયમાં અનેક યુવતિ સ્ત્રી સમુદાય વડે (વિષય માટે) પ્રાર્થના કરાઇ છતાં પણ જે મેરુ ગિરિની જેમ નિશ્ચલચિત્તવાળા (દૃઢ) રહ્યા, તે શ્રીવજસ્વામી મહામુનિ જયવંતા વર્તો ।।૧૩।।

તે સુદર્શન શ્રાવકના ગુણ સમૂહને ગાવા કોઇ રીતે શક્ય નથી, કે જેણે ભારે સંકટમાં આવી પડ્યા (શૂળીએ ચઢ્યા) છતાં શીલરૂપ ધનને અખંડ રાખ્યું ।।૧૪।।

સુંદરી, સુનંદા, ચેલણા, મનોરમા, અંજના અને મૃગાવતી વિગેરે જિનશાસનમાં પ્રસિદ્ધ મહાસતીઓ સુખ આપો ! ।।૧૫।।

અચ્ચંકારીભટ્ટાનું અદ્‌ભુત ચરિત્ર સાંભળીને કોણ (પોતાનું) મસ્તક ન ધુણાવે? કે ભિલ્લપતિએ અત્યન્ત કદર્થના કરી હોવા છતાં જેણે સ્વશીલને અખંડ સાચવી રાખ્યું. ।।૧૬।।

**नियमित्तं नियभाया, नियजणओ नियपियामहो वा वि ।**
**नियपुत्तो वि कुसीलो, न वल्लहो होइ लोआणं ।।१७।।**

**सव्वेसिं पि वयाणं, भग्गाणं अत्थि कोइ पडिआरो ।**
**पक्कघडस्स व कन्ना, न होइ सीलं पुणो भग्गं ।।१८।।**

**वेआलभूअरक्खस-केसरिचित्तयगइंदसप्पाणं ।**
**लीलाइ दलइ दप्पं, पालंतो निम्मलं सीलं ।।१९।।**

**जे केइ कम्ममुक्का, सिद्धा सिज्झंति सिज्झिहिंति तहा ।**
**सव्वेसिं तेसिं बलं, विसालसीलस्स माहप्पं ।।२०।।**

---

પોતાનો મિત્ર, પોતાનો બંધુ પોતાના પિતા, પોતાના પિતામહ-દાદા કે પોતનો પુત્ર હોય, તો પણ જો કુશીલ હોય તો તે લોકોને પ્રિય બનતો નથી. ।।૧૭।।

બીજાં બધાં વ્રત ખંડિત થયાં હોય તેને (આલોચના, નિંદા, પ્રાયશ્ચિત્તાદિક રૂપ) સાંધવાનો કોઇને કોઇ ઉપાય હોઇ શકે છે, પણ પાકા ઘડાનો તૂટેલો કાનો સાંધી શકાતો નથી તેમ માત્ર એક વાર પણ ભાંગ્યું હોય તે શીલને અખંડ કરી શકાતું (સંધાતુ) નથી. ।।૧૮।।

નિર્મલ શીલનું પાલન કરનારો મનુષ્ય વેતાલ, ભૂત, રાક્ષસ, કેસરી સિંહ, ચિત્તા, હાથી અને સર્પના અહંકારને પણ લીલામાત્રમાં દળી નાંખે છે. ।।૧૯।।

જે કોઇ મહાશયો સર્વ કર્મથી મુક્ત થઇને સિદ્ધિ પદને પામ્યા છે, વર્તમાનમાં સિદ્ધિપદને પામે છે અને ભવિષ્યકાળમાં પણ સિદ્ધિપદને પામશે, તે આ પવિત્ર શીલનો જ પ્રભાવ જાણવો. (ઉત્તમ શીલથી યથાખ્યાતચારિત્રની પ્રાપ્તિ થવાથી અવશ્ય સિદ્ધિ થાય જ છે, શીલનું-ચારિત્રનું આવું ઉત્તમ મહાત્મ્ય શાસ્ત્રકારોએ જણાવેલું છે, તે ધ્યાનમાં લઇ ભવ્યજનોએ નિર્મળ શીલરત્નનું પાલન કરવા હંમેશા ઉદ્યમી રહેવું ઉચિત છે.) ।।૨૦।।

# ७ श्री तप : कुलकम्

(कर्ता : तपगच्छनायक श्री जगच्चन्द्रसूरि पट्टधर श्री दवेन्द्रसूरि)

सो जयउ जुगाइजिणो, जस्संसे सोहए जडामऊडो ।
तवझाणग्गिपज्जलिअ-कम्मिंधणधूमपंति व्व ।।१।।

संवच्छरिअतवेणं, काउस्सग्गंमि जो ठिओ भयवं ।
पूरिअनिययपइन्नो, हरउ दुरिआइं बाहुबली ।।२।।

अथिरं पि थिरं वंकंपि उजुअं दुल्लहंपि तह सुलहं ।
दुस्सज्झंपि सुसज्झं, तवेण संपज्जए कज्जं ।।३।।

छट्ठं छट्ठेण तवं, कुणमाणो पढमगणहरो भयवं ।
अक्खीणमहाणसीओ, सिरिगोयमसामिओ जयउ ।।४।।

सोहइ सणंकुमारो, तवबलखेलाइलद्धिसंपन्नो ।
निट्ठुअ-खवडियंगुलिं, सुवण्णसोहं पयासंतो ।।५।।

---

તપ અને ધ્યાનરુપ અગ્નિ વડે બાળી નાખેલા કર્મઇન્ધનોમાંથી નીકળેલી ધૂમપંકિત હોય તેવો મસ્તકના કેશની જટા રુપ મુગટ જેમના બન્ને ખભા ઉપર શોભી રહ્યો છે તે પ્રભુ ઋષભદેવ જયવંતા વર્તો. ।।૧।।

એક વર્ષસુધી તપ વડે કાઉસ્સગ્ગ મુદ્રાએ ખડા રહી જે મહાત્માએ સ્વપ્રતિજ્ઞા પૂર્ણ કરી (કેવળજ્ઞાન મેળવ્યું) તે બાહુબલી મહારાજ (અમારાં) દુરિત-પાપોને દૂર કરો. ।।૨।।

તપના પ્રભાવથી અસ્થિર કાર્ય પણ સ્થિર થાય છે, વાંકુ (કઠિન) હોય તે પણ સરળ થાય છે, દુર્લભ પણ સુલભ થાય છે અને દુ:સાધ્ય પણ સુસાધ્ય થાય છે. ।।૩।।

છઠ્ઠ છઠ્ઠનો સતત તપ કરતા જે 'અક્ષીણ મહાનસી' નામની મહાલબ્ધિને પામ્યા તે પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામી મહારાજ જયવંતા વર્તો. ।।૪।।

પોતાના થૂંક વડે ખરડેલી આંગળીને સુવર્ણ કાંતિ જેવી શોભતી કરી દેખાડતા એવા સનત્કુમાર રાજર્ષિ તપોબળથી ખેલૌષધિ આદિ લબ્ધિઓને પામીને શોભી રહ્યા છે. ।।૫।।

गोबंभगब्भगब्भिणी-बंभिणीघायाइ गुरुअपावाइं ।
काऊण वि कणयं पिव, तवेण सुद्धो दढप्पहारी ।।६।।

पुव्वभवे तिव्वतवो, तविओ जं नंदिसेण-महरिसिणा ।
वसुदेवो तेण पिओ, जाओ खयरीसहस्साणं ।।७।।

देवा वि किंकरत्तं, कुणंति कुलजाइविरहिआणंपि ।
तवमंतपभावेणं, हरिकेसबलस्स व रिसिस्स ।।८।।

पडसयमेगपडेणं, एगेण घडेण घडसहस्साइं ।
जं किर कुणंति मुणिणो, तवकप्पतरुस्स तं खु फलं ।।९।।

अनिआणस्स विहिए, तवस्स तविअस्स किं पसंसामो ? ।
किज्जइ जेण विणासो, निकाइयाणं पि कम्माणं ।।१०।।

अइदुक्करतवकारी, जगगुरुणा कण्हपुच्छिएण तया ।
वाहरिओ स महप्पा, समरिज्जओ ढंढणकुमारो ।।११।।

---

ગૌ, બ્રાહ્મણ, ગર્ભ અને ગર્ભવતી બ્રાહ્મણી સ્ત્રી આ ચારેયની હત્યા વિગેરે મહા ઉગ્રપાપોને કર્યા હોવા છતાં દઢપ્રહારી તપના સેવન થી સુવર્ણની જેમ શુદ્ધ થયા.।।૬।।

પૂર્વ જન્મમાં નંદિષેણ મહર્ષિએ જે તીવ્ર તપ કર્યો તેના પ્રભાવથી વસુદેવ થયેલા તે હજારો વિદ્યાધરીઓના પ્રિય-પતિ થયા. ।।૭।।

તીવ્ર તપ રુપી મંત્રના પ્રભાવથી હરિકેશીબલ ઋષિની જેમ કુળ અને જાતિથી હીન હોય તો પણ તેમનું દેવતાઓ પણ દાસપણું કરે છે. ।।૮।।

મુનિજનો જે એક પટ (વસ્ત્ર) વડે સેંકડો પટો (વસ્ત્રો) અને એક ઘટ-ભાજન વડે હજારો ઘટ-ભાજનો કરે છે, તે નિશ્ચે તપરુપ કલ્પવૃક્ષનું જ ફળ છે. ।।૯।।

જેનાથી નિકાચિત કર્મોનો પણ નાશ કરી શકાય છે, તે નિયાણા રહિત વિધિપૂર્વક કરેલા તપની અમે કેટલી પ્રશંસા કરીએ ? ।।૧૦।।

અઢાર હજાર મુનિઓમાં અતિ દુષ્કર તપ કરનાર કયા સાધુ છે ? એમ કૃષ્ણે પૂછ્યું ત્યારે જગદ્ગુરુ શ્રીનેમિપ્રભુએ જે મહાશયને વખાણ્યા તે ઢંઢણમુનિ (સદાય) સ્મરણીય છે. ।।૧૧।।

पइदिवसं सत्तजणे, वहिऊण (हणिऊण) गहियवीरजिणदिक्खो ।
दुग्गाभिग्गहनिरओ, अज्जुणओ मालिओ सिद्धो ।।१२।।

नंदीसररुअगेसु वि, सुरगिरिसिहरे वि एगफालाए ।
जंघाचारणमुणिणो, गच्छंति तवप्पभावेणं ।।१३।।

सेणियपुरओ जेसिं, पसंसिअं सामिणा तवोरुवं ।
ते धन्ना धन्नमुणी, दुन्हवि पंचुत्तरे पत्ता ।।१४।।

सुणिऊण तवं सुंदरी-कुमरीए अंबिलाण अणवरयं ।
सट्ठिं वाससहस्सा, भण कस्स न कंपए हिअयं ? ।।१५।।

जं विहिअमंबिलतवं, बारसवरिसाइं सिवकुमारेण ।
तं दट्ठुं जंबुरूवं, विम्हइओ सेणिओ राया ।।१६।।

---

પ્રતિદિવસ સાત સાત મનુષ્યોનો વધ કરીને છેવટે વીરપ્રભુ પાસે દીક્ષા લઇ જે ઘોર-દુષ્કર અભિગ્રહ (તપ) કરવામાં ઉજમાળ થયો, તે મહાત્મા અર્જુનમાળી તપના પ્રભાવે સિદ્ધિપદ પામ્યો. ।।૧૨।।

નંદીશ્વર નામના આઠમા દ્વીપે, રુચક નામના તેરમે દ્વીપે, તેમજ મેરુપર્વ-તના શિખર ઉપર એક જ ફાળે કરી જંઘાચારણ અને વિદ્યાચારણ મુનિઓ તપના પ્રભાવે જઇ શકે છે. ।।૧૩।।

શ્રેણિકરાજાની આગળ શ્રી વીર પરમાત્માએ જેઓનું તપોબળ વખાણ્યું હતું, તે ધન્નોમુનિ (શાલિભદ્રના બનેવી) અને ધન્ના કાકંદી બન્ને મુનિઓ તપના બળે સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. ।।૧૪।।

ઋષભદેવ સ્વામીની પુત્રી સુંદરીએ ૬૦ હજાર વર્ષ સુધી સતત આયંબિલ તપ કર્યો, તે સાંભળીને કહો કોનું હૃદય ન કંપે-આશ્ચર્ય ન પામે ? ।।૧૫।।

પૂર્વે શિવકુમારના ભવમાં બાર વર્ષ સુધી આયંબિલ તપ કર્યો તેના પ્રભાવથી જંબૂકુમારને પ્રાપ્ત થયેલ અદ્ભુત રુપ દેખીને શ્રેણિક રાજા વિસ્મય પામ્યા. ।।૧૬।।

**जिणकप्पिअ-परिहारिअ-पडिमापडिवन्नलंदयाईणं ।**
**सोऊण तवसरूवं, को अन्नो वहउ तवगव्वं ? ।।१७।।**

**मासद्धमासखवओ, बलभद्दो रूववं पि हु विरत्तो ।**
**सो जयउ रण्णवासी, पडिबोहिअ-सावयसहस्सो ।।१८।।**

**थरहरिअधरं झलहलिअ-सायरं चलियसयलकुलसेलं ।**
**जमकासी जयं विण्हू, संघकए तं तवस्स फलं ।।१९।।**

**किं बहुणा भणिएणं ? जं कस्स वि कह वि कत्थ वि सुहाइं ।**
**दीसंति (तिहुअण) भवणमज्झे, तत्थ तवो कारणं चेव ।।२०।।**

---

જિનકલ્પી, પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળા, પ્રતિમાપ્રતિપન્ન, અને યથાલંદી સાધુઓના (ઉગ્ર) તપનું સ્વરુપ સાંભળીને બીજો કોણ તપસ્વી તપનો ગર્વ કરી શકે ? ।।૧૭।।

અતિ રુપવંત છતાં વિરક્ત થઇ અરણ્યમાં રહેનારા જેણે હજારો શ્વાપદ-જંગલી પશુઓને પ્રતિબોધ્યાં, તે માસ, અર્ધમાસની તપશ્ચર્યા કરનારા બલભદ્ર મુનિ જયવંતા વર્તો. ।।૧૮।।

શ્રી સંઘનું કષ્ટ નિવારણ કરવા માટે જ્યારે વિષ્ણુ કુમારે લાખ યોજન પ્રમાણ શરીર વિકુર્વીને જય મેળવ્યો ત્યારે પૃથ્વી ધ્રુજી ઉઠી, સમુદ્રો ખળભખી ઉઠયા, અને સઘળા પર્વતો ચલાયમાન થયા, તે બધું તપનું જ ફળ જાણવું. ।।૧૯।।

તપનો પ્રભાવ કેટલો વર્ણવી શકાય ? ટૂંકમાં જે કોઇને, કોઇપણ પ્રકારે ત્રણે જગતમાં ક્યાંય પણ સુખ-સમાધિ પ્રાપ્ત થાય છે, ત્યાં સર્વત્ર (બાહ્ય-અભ્યંતર) તપ જ કારણરુપ છે. ।।૨૦।।

# ૮ श्री भाव कुलकम्

(कर्ता : तपगच्छनायक श्री जगच्चन्द्रसूरि पट्टधर श्री देवेन्द्रसूरि)

**कमठासुरेण रइयंमि, भीसणे पलयतुल्लजलबोले ।**
**भावेण केवललच्छिं, विवाहिओ जयउ पासजिणो ।।१।।**

**निच्चुण्णो तंबोलो, पासेण विणा न होइ जह रंगो ।**
**तह दाणसीलतवभावणाओ अहलाओ सव्व भाव विणा ।।२।।**

**मणिमंतओसहीणं, जंततंताण देवयाणं पि ।**
**भावेण विणा सिद्धी, न हु दीसइ कस्सवि लोए ।।३।।**

**सुहभावणावसेणं, पसन्नचंदो मुहुत्तमित्तेण ।**
**खविऊण कम्मगंठिं, संपत्तो केवलं नाणं ।।४।।**

---

કમઠ નામના અસુરે રચેલા ભયંકર પ્રલયકાળના જેવા જળના ઉપદ્રવ વખતે પણ શુભ ભાવને ધારણ કરવાથી જેઓ કેવળજ્ઞાનરુપી લક્ષ્મીને વર્યા તે શ્રી પાર્શ્વપ્રભુ જયવંતા વર્તો. ।।૧।।

જેમ ચૂના (કાથા) વિનાનું તાંબુલ (નાગરવેલનું પાન) અને પાસ વિનાનું વસ્ત્ર રંગાતું નથી, તેમ ભાવ વિના દાન, શીલ, તપ અને ભાવનાઓ પણ ફળદાયી થઇ શકતાં નથી. ।।૨।।

મણિ, મંત્ર, ઔષધિ, યંત્ર-તંત્રની અને દેવતાની પણ સાધના જગતમાં કોઇને પણ ભાવ વિના સિદ્ધ થતી નથી. ।।૩।।

શુભ ભાવનાને યોગે પ્રસન્નચંદ્ર રાજર્ષિએ માત્ર એક જ મુહૂર્તમાં કર્મની ગ્રન્થિ-ગાંઠને ભેદી નાખીને કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું ।।૪।।

પોતાના અપરાધની નિંદા-ગર્હા કરીને ગુરુણીના ચરણની સેવા (ક્ષમાપના) કરતાં શુભ ભાવથી જે કેવળજ્ઞાની થયાં તે મૃગાવતી સાધ્વી જયવંતા વર્તો. ।।૫।।

**सुस्सूसंती पाए, गुरुणीणं गरहिऊण नियदोसे ।**
**उप्पन्नदिव्वनाणा, मिगावई जयउ सुहभावा ।।५।।**

**भयवं इलाइपुत्तो, गुरुए वंसंमि जो समारूढो ।**
**दट्ठूण मुणिवरिंदं, सुहभावओ केवली जाओ ।।६।।**

**कविलो अ बंभणमुणी, असोगवणिआइ मज्झयारंमि ।**
**लाहालोहंत्ति पयं, पढंतो (झायंतो) जायजाइसरो ।।७।।**

**खवगनिमंतणपुव्वं, वासिअभत्तेण सुद्धभावेण ।**
**भुंजंतो वरनाणं, संपत्तो कूरगड्डू वि ।।८।।**

**पूव्वभवसूरिविरइअ-नाणासाअणपभावदुम्मेहो ।**
**नियनामं झायंतो, मासतुसो केवली जाओ ।।९।।**

---

મોટા-ઉંચા વાંસ ઉપર નાચવા માટે ચઢેલા ભગવંત શ્રીઇલાચીપુત્રને કોઇ મહા મુનિરાજના દર્શનથી શુભ ભાવ પ્રગટ થતાં જ કેવળજ્ઞાન પ્રગટ થયું એ સદ્ભાવનો જ પ્રભાવ સમજવો. ।।૬।।

કપિલનામનો બ્રાહ્મણ મુનિ અશોક વાટિકામાં '**लाहा लोहो पवड्डइ**' ''લાભ થાય તેમ લોભ વધે'' એ પદની વિચારણા-ધ્યાન કરતો એ શુભભાવથી જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. ।।૭।।

વાસિત એટલે નવકારશીના ટાઇમે મળેલા નિર્દોષ આહારનું ઉપવાસી સાધુ-ઓને પારણા માટે નિમંત્રણ કરવા પૂર્વક ભોજન કરતા કૂરગડુમુનિ શુદ્ધભાવથી કેવળજ્ઞાન પામ્યા ।।૮।।

પૂર્વભવે આચાર્યપણે કરેલી જ્ઞાનની આશાતનાના પ્રભાવથી બુદ્ધિહીન થયેલા અને નિજ નામના ('**मा रुष, मा तुष**' પદનો) ધ્યાતા અર્થાત્ 'કોઇની ઉપર રોષ કે રાગ ન કરવાં' એ ગુરુએ બતાવેલા પરમાર્થ સામે બદ્ધલક્ષ્ય થએલા માસતુષમુનિ (શુભ ભાવથી) ઘાતી કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામ્યા ।।૯।।

हत्थिंमि समारूढा, रिद्धिं दट्ठुण उसभसामिस्स ।
तक्खणसुहझाणेणं, मरुदेवी सामिणी सिद्धा ।।१०।।

पडिजागरमाणीए, जंघाबलखीणमण्णिआपुत्तं ।
संपत्तकेवलाए, नमो नमो पुप्फचूलाए ।।११।।

पन्नरसयतावसाणं, गोअमनामेण दिन्नदिक्खाणं ।
उप्पन्नकेवलाणं, सुहभावाणं नमो ताणं ।।१२।।

जीवस्स सरीराओ, भेअं नाउं समाहिपत्ताणं ।
उप्पाडिअनाणाणं, खंदकसीसाण तेसिं नमो ।।१३।।

सिरिवद्धमाणपाए, पूयत्थी सिंदुवारकुसुमेहिं ।
भावेण सुरलोए, दुग्गइनारी सुहं पत्ता ।।१४।।

भावेण भुवणनाहं, वंदेउं दद्दुरो वि संचलिओ ।
मरिऊण अंतराले, नियनामंको सुरो जाओ ।।१५।।

---

હાથીના સ્કંધ ઉપર આરુઢ થયેલા મરુદેવી માતા ઋષભદેવ સ્વામીની તીર્થ-કરપણાની રિદ્ધિ-સિદ્ધિ દેખીને શુભ ધ્યાનથી (એકત્વ-અન્યત્વ ભાવનાથી) અંતકૃત્ કેવળી થઇ તત્કાળ મોક્ષપદ પામ્યાં. ।।૧૦।।

ક્ષીણ જંઘાબળવાળા અર્ણિકાપુત્ર આચાર્યની શુભભાવથી સેવા (ઉચિત વૈયાવચ્ચ) કરતાં જેને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, તે પુષ્પચૂલા સાધ્વીને પુનઃ પુનઃ નમસ્કાર હો. ।।૧૧।।

ગૌતમ સ્વામીએ જે પંદરસો તાપસોને દીક્ષા આપી અને જેઓને શુભભાવ વડે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તેઓને નમસ્કાર હો. ।।૧૨।।

પાપી પાલકે યંત્રમાં પીલવા છતાં જીવથી શરીરને ભિન્ન જાણીને સમાધિમાં રહેલા જેઓને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, તે સ્કંદસૂરિના સર્વે શિષ્યોને નમસ્કાર હો. ।।૧૩।।

શ્રી વર્ધમાનસ્વામીના ચરણને સિંદુવારનાં ફૂલથી પૂજવાને ઇચ્છતી દુર્ગતાનારી શુભભાવ વડે સુખને પામી. (કાળ કરીને દેવગતિમાં ઉત્પન્ન થઇ) ।।૧૪।।

(નંદ મણીઆરનો જીવ) દેડકો પણ ત્રણ ભુવનના નાથ શ્રીવર્ધમાનસ્વામીને સમવસરેલા જાણીને ભાવથી વંદન કરવા ચાલ્યો, ત્યાં માર્ગમાં જ ઘોડાની ખરી નીચે કચડાઇને મરણ પામ્યો છતાં શુભભાવથી નિજનામાંકિત-દર્દુરાંક નામે દેવ થયો. ।।૧૫।।

**विरयाविरयसहोअर, उदगस्स भरेण भरिअसरिआए ।**
**भणियाए सावियाए, दिन्नो मग्गु त्ति भाववसा ।।१६।।**

**सिरिचंडरुद्दगुरुणा, ताडिज्जंतो वि दंडघाएण ।**
**तक्कालं तस्सीसो, सुहलेसो केवली जाओ ।।१७।।**

**जं न हु भणिओ बंधो, जीवस्स वहे वि समिइगुत्ताणं ।**
**भावो तत्थ पमाणं, न पमाणं कायवावारो ।।१८।।**

**भावच्चिय परमत्थो, भावो धम्मस्स साहगो भणिओ ।**
**सम्मत्तस्स वि बीअं, भावच्चिय बिंति जगगुरुणो ।।१९।।**

વિરત સાધુ અને અવિરત શ્રાવક (રાજા) જે બંને સગા ભાઇ હતા, તેઓને ઉદ્દેશીને 'દીક્ષા લીધી ત્યારથી સદાય મારા દેવરમુનિ (ભોજન કરવા છતાં) ઉપવાસી હોય અને મારો પતિ રાજા (ભોગ ભોગવવા છતાં) સદાય બ્રહ્મચારી હોય તો હે નદીદેવી ! મને માર્ગ આપજે', એમ ઉક્ત મુનિને વંદન કરવા જતાં અને પાછા વળતાં શ્રાવિકા (રાણી)એ માર્ગમાં પાણીના પૂરથી ભરેલી નદીને સંબોધીને કહ્યું ત્યારે ભોજન કરવા છતાં અને વિષયનું સેવન કરવા છતાં શુભ ભાવના કારણે નદીએ રાણીને વચ્ચે માર્ગ કરી આપ્યો હતો. ।।૧૬।।

શ્રી ચંડરુદ્રાચાર્ય નામના ગુરુએ દંડના પ્રહારથી તાડન કરવા છતાં પણ તે દિવસનો દીક્ષિત નૂતન શિષ્ય તત્કાળ કેવળજ્ઞાન પામ્યો, તે શુભ લેશ્યાનું-ભાવનું ફળ હતું. ।।૧૭।।

સમિતિ-ગુપ્તિવંત સાધુઓથી ઉપયોગ રાખવા છતાં ક્યારેક જીવનો વધ થઇ જાય, તો પણ નિશ્ચે કર્મબંધ થતો નથી, તેમાં તેઓનો શુભ (અહિંસક) ભાવ એ જ પ્રમાણ છે, કાયવ્યાપાર પ્રમાણભૂત મનાતો નથી. ।।૧૮।।

આત્માનો શુભભાવ જ ખરો પરમાર્થ છે, ભાવ જ ધર્મનો સાધક છે અને ભાવ જ સમ્યક્ત્વનું બીજ છે, એમ ત્રિભુવનગુરુ શ્રીતીર્થંકરો કહે છે. ।।૧૯।।

**किं बहुणा भणिएणं, तत्तं निसुणेह भो ! महासत्ता ।**
**मुक्खसुहबीयभूओ, जीवाण सुहावहो भावो ।।२०।।**

**इय दाणसीलतवभावणाओ जो कुणइ सत्तिभत्तिपरो ।**
**देविंदविंदमहिअं, अइरा सो लहइ सिद्धिसुहं ।।२१।।**

વધારે કહેવાથી સર્યુ ! હે મહાસત્ત્વશાળી ભવ્યો ! હું તમોને તત્ત્વરુપ વચન કહું છું તે સાંભળો. 'મોક્ષ સુખના બીજરુપ ભાવ જ જીવોને સુખકારી છે' (અર્થાત્ શુભ ભાવના યોગે જ જીવો મોક્ષ મેળવી શકે છે). ।।૨૦।।

એ રીતે દાન, શીલ, તપ અને ભાવનારુપ ચતુર્વિધ ધર્મને જે ભવ્યાત્મા શક્તિ અને ભક્તિના ઉલ્લાસપૂર્વક કરે છે, તે મહાશય ઇન્દ્રોના સમૂહવડે પૂજિત એવું મોક્ષસુખ અલ્પકાળમાં પ્રાપ્ત કરે છે. ।।૨૧।।

(આ કુલકમાં અંતે ચારે કુલકોના કર્તાએ પોતાનું 'દેવેન્દ્રસૂરિ' એવું નામ ગર્ભિતપણે સૂચવ્યું છે. ઉક્ત મહાશયનાં અતિ હિતકર વચનોને ખરા ભાવથી આદરવાં એ આત્મ હિતકર છે.)



# ૧ अभव्य कुलकम्

जह अभवियजीवेहिं, न फासिया एवमाइया भावा ।
इंदत्तमणुत्तरसुर-सिलायनर-नारयत्तं च ।।१।।

केवलिगणहरहत्थे, पव्वज्जा तित्थवच्छरं दाणं ।
पवयणसुरी-सूरत्तं, लोगंतिय-देवसामित्तं ।।२।।

तायत्तीससुरत्तं, परमाहम्मिय-जुयलमणुअत्तं ।
संभिन्नसोय तह पुव्वधराहारयपुलायत्तं ।।३।।

मइनाणाई सुलद्धी, सुपत्तदाणं समाहिमरणत्तं ।
चारणदुगमहुसप्पिय-खीरासवखीणठाणत्तं ।।४।।

तित्थयर-तित्थपडिमा-तणुपरिभोगाइ कारणे वि पुणो ।
पुढवाइयभावंमि वि, अभव्वजीवेहिं नो पत्तं ।।५।।

---

અભવ્ય જીવોએ આ હવે પછી કહીશું તે ભાવો કદાપિ સ્પર્શ્યા નથી. ૧-ઇન્દ્રપણું, ૨-અનુત્તરવાસી દેવપણું, ૩-ત્રેંસઠશલાકા પુરુષપણું અને ૪-નારદપણું (અભવ્યો કદી ન પામે.) ।।૧।।

વળી અભવ્યો ૫-કેવલી તથા ગણધરના હાથે દીક્ષા ૬-શ્રી તીર્થંકરનું વાર્ષિકદાન, ૭-પ્રવચનના અધિષ્ઠાયક દેવી તથા દેવપણું, ૮-લોકાંતિક દેવપણું અને ૯-દેવપતિ (મહર્દ્ધિક) પણું ન પામે. ।।૨।।

૧૦-ત્રાયત્રિંશત્ દેવપણું, ૧૧-પંદર પ્રકારે પરમાધામી દેવપણું, ૧૨-યુગલિક મનુષ્યપણું, ૧૩-સંભિન્નશ્રોતલબ્ધિ ૧૪-પૂર્વધરલબ્ધિ ૧૫-આહારકલબ્ધિ અને ૧૬-પુલાકલબ્ધિ (પણ અભવ્ય જીવ ન પામે.) ।।૩।।

૧૭-મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનાદિક શુભજ્ઞાનની લબ્ધિ, ૧૮-સુપાત્રદાન, ૧૯-સમાધિમરણ, ૨૦-વિદ્યાચારણ અને ૨૧-જંઘાચારણ લબ્ધિઓ, ૨૨-મધુસર્પિ લબ્ધિ ૨૩-ક્ષીરાશ્રવલબ્ધિ અને ૨૪-અક્ષીણ મહાનસી લબ્ધિ પણ ન પામે. ।।૪।।

*૨૫-તીર્થંકરના શરીરમાં તથા તીર્થંકરની પ્રતિમામાં ઉપયોગમાં* આવે તેવા પૃથ્વીકાય વિગેરે ભાવોને પણ અભવ્યોએ કદી પ્રાપ્ત કર્યા નથી. ।।૫।।

**चउदसरयणत्तं पि, पत्तं न पुणो विमाणसामित्तं ।**
***सम्मत्तनाणसंयम-तवाइभावा न भावदुगे ।।६।।***

***अणुभवजुत्ता भत्ती, जिणाण साहम्मियाण वच्छल्लं ।***
**न य साहेइ अभव्वो, संवेगत्तं न सुप्पक्खं ।।७।।**

**जिणजणयजणणीजाया, जिणजक्खा-जक्खिणी-जुगपहाणा ।**
**आयरियपयाइ दसगं, परमत्थगुणड्ढमप्पत्तं ।।८।।**

**अणुबंधहेउसरूवा, तत्थ अहिंसा तिहा जिणुदिट्ठा ।**
**दव्वेण य भावेण य, दुहावि तेसिं न संपत्ता ।।९।।**

---

૨૬-ચક્રવર્તીના ચૌદરત્નપણું અને ૨૭-વિમાનનું સ્વામીપણું કદી પામ્યા નથી. વળી સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ વગેરે ભાવો પણ ક્ષાયિક અને ક્ષાયોપશમિક ભાવના પામ્યા નથી. ।।૬।।

અભવ્યજીવો ૨૮-અનુભવ જ્ઞાનથી યુક્ત શ્રીજિનેશ્વરોની ભક્તિ, ૨૯-સાધર્મિકોનું વાત્સલ્ય. ૩૦-સંસારથી વૈરાગ્યપણું (સંવેગ) તેમજ ૩૧-શુકલપાક્ષિકપણું ન પામે. ।।૭।।

૩૨-જિનેશ્વરના માતા, પિતા, સ્ત્રી, યક્ષ, યક્ષણી અને ૩૩-યુગપ્રધાન પણ નથી થયા. વળી ૩૪-પારમાર્થિક ગુણોથી યુક્ત એવાં આચાર્યપદ વિગેરે દસ પદો (સ્થાનો) પણ પામ્યા નથી. ।।૮।।

વળી ૩૫-'અનુબન્ધ, હેતુ અને સ્વરુપ' એમ ત્રણ પ્રકારે શ્રીજિનેશ્વરે કહેલી અહિંસા પણ દ્રવ્યથી કે ભાવથી તેઓને કદી પ્રાપ્ત થઇ નથી. ।।૯।।



# ૧૦ पुण्यपापफल कुलकम्

(कर्ता : श्री जिनकीर्ति)

**छत्तीसदिणसहस्सा, वाससये होइ आउपरिमाणं ।**
**झिज्झंतं पइसमयं, पिच्छओ धम्ममि जइअव्वं ।।१।।**

**जइ पोसहसहिओ, तवनियमगुणेहिं गम्मइ एगदिणं ।**
**ता बंधइ देवाउ, इत्तियमित्ताइ पलियाइं ।।२।।**

**सगवीसं कोडीसया, सत्तहत्तरी कोडिलक्ख सहस्सा य ।**
**सत्तसयासत्तहुत्तरि, नवभागा सत्त पलियस्स ।।३।।**

**अट्ठासीई सहस्सा, वाससए दुण्णिलक्खपहराणं ।**
**एगोवि अ जइ पहरो, धम्मजुओ ता इमो लाहो ।।४।।**

---

સો વરસના આયુષ્યવાળાને છત્રીસ હજાર દિવસનું પ્રમાણ હોય છે. તે સમયે સમયે ઓછું થતું જાય છે એમ જાણીને ધર્મમાં યત્ન કરવો. ।।૧।।

જો કોઇ જીવ પોસહ સહિત તપ અને પાપનો ત્યાગ વિગેરે ગુણો દ્વારા એક દિવસ ગાળે તો તે (આગળ ત્રીજી ગાથામાં કહીશું) તેટલા પલ્યોપમનું દેવગતિનું આયુષ્ય બાંધે છે. ।।૨।।

સત્તાવીસ સો ક્રોડ, સીત્યોતેર ક્રોડ, સીત્યોતેર લાખ, સીત્યોતેર હજાર, સાતસો ને સીત્યોતેર એટલા પલ્યોપમ અને ઉપર એક પલ્યોપમના નવ ભાગ કરીએ તેવા સાત ભાગ (૨૭૨૭ ક્રોડ, ૭૭ લાખ ૭૭,૭૭૭ + $\frac{૭}{૯}$ પલ્યોપમ) આટલું દેવગતિનું આયુષ્ય (એક પોસહ કરનારો) બાંધે છે. ।।૩।।

એક સો વર્ષના આયુષ્યમાં કુલ બે લાખ અને અઠયાસી હજાર (૨,૮૮,૦૦૦) પ્રહર થાય, તેમાંથી જો એક પણ પ્રહર ધર્મયુક્ત જાય, તો તેને (આગળ પાંચમી ગાથામાં) કહીશું તેટલો લાભ થાય છે. ।।૪।।

**तिसयसगं चत्तकोडि, लक्खा बावीस सहस बावीसा ।**
**दुसय दुवीस दुभागा, सुराउबंधो य इगपहरे ।।५।।**

**दसलक्ख-असीयसहसा, मुहूत्तसंखा य होइ वाससए ।**
**जइ सामाइअसहिओ, एगोवि अ ता इमो लाहो ।।६।।**

**बाणवयकोडीओ, लक्खा गुणसट्ठि सहस्सपणवीसं ।**
**नवसयपणवीसजुआ, सतिहा अडभागपलियस्स ।।७।।**

**वाससये घडिआणं, लक्खिगवीसं सहस्स तह सट्ठी ।**
**एगावि अ धम्मजुआ, जइ ता लाहो इमो होइ ।।८।।**

ત્રણસો સુડતાલીસ ક્રોડ, બાવીસ લાખ, બાવીસ હજાર, બસો અને બાવીસ અને ઉપર પલ્યોપમના નવભાગ કરીએ તેવા બે ભાગ પલ્યોપમ (૩૪૭ ક્રોડ ૨૨ લાખ ૨૨,૨૨૨ + $\frac{૨}{૯}$ પલ્યોપમ) આટલું દેવગતિનું આયુષ્ય એક પ્રહર સુધી ધર્મ (સમતા) કરવાથી બંધાય છે. ।।૫।।

સો વર્ષના આયુષ્યમાં મુહૂર્તો (બે ઘડીઓ) દસ લાખ અને એંશી હજાર (૧૦,૮૦,૦૦૦) થાય છે, તેમાનું જો એક મુહૂર્ત પણ સામાયિકમાં જાય તો (આગળની સાતમી) ગાથામાં કહીશું તેટલો લાભ થાય છે. ।।૬।।

બાણું ક્રોડ, ઓગણસાઠ લાખ, પચીસ હજાર, નવસો પચ્ચીસ અને ઉપર એક પલ્યોપમના નવ ભાગ કરીએ તેવા એક તૃતીયાંશ સહિત આઠ ભાગ (૯૨,૫૯,૨૫,૯૨૫ + $\frac{૮}{૯}$ + $\frac{૧}{૩}$ ) પલ્યોપમ આટલું દેવગતિનું આયુષ્ય બે ઘડીના સામાયિકમાં બંધાય છે. ।।૭।।

સો વર્ષની ઘડીઓ એકવીસ લાખ અને સાઠ હજાર (૨૧,૬૦,૦૦૦) થાય, તેમાંથી એક ઘડી પણ જો ધર્મયુક્ત જાય, તો (આગલી નવમી ગાથામાં કહેશે તેટલો લાભ થાય છે. ।।૮।।

छायालकोडी गुणतीसलक्ख बासट्ठी सहस्स सयनवगं ।
तेसट्ठि किंचूणा, सुराउ बंधेइ इगघडिए ।।९।।

सट्ठी अहोरत्तेणं, घडीआओ जस्स जंति पुरिसस्स ।
नियमेण विरहिआओ, सो दिअहओ निप्फलो तस्स ।।१०।।

चत्तारि अ कोडिसया, कोडीओ सत्त लक्ख-अडयाला ।
चालीसं च सहस्सा, वाससय हुंति ऊसासा ।।११।।

इक्कोवि अ ऊसासो, न य रहिओ होइ पुण्णपावेहिं ।
जइ पुण्णेणं सहिओ, एगोवि अ ता इमो लाहो ।।१२।।

लक्खदुग सहसपणचत्तं, चउसया अट्ठ चेव पलियाइं ।
किंचूणा चउभागा, सुराउ बंधो इगूसासे ।।१३।।

છેંતાલીસ ક્રોડ, ઓગણત્રીસ લાખ, બાસઠ હજાર નવસો અને ત્રેંસઠ પલ્યોપમમાં કિંચિત્ ન્યૂન (દેશોન ૪૬ ક્રોડ ૨૯ લાખ ૬૨,૯૬૩ પલ્યોપમ) એટલું દેવગતિનું આયુષ્ય એક ઘડીની સમતાથી બંધાય. ।।૯।।

અહોરાત્રિની સાઇઠે ય ઘડીયો જે પુરુષની (જીવની) વ્રત-નિયમથી રહિત જાય છે તેનો તે રાત્રિદિવસ સંપૂર્ણ નિષ્ફળ જાણવો. ।।૧૦।।

એક ઘડીમાં એક હજાર આઠસો સાડી છ્યાશી ($૧,૮૮૬\frac{૧}{૨}$) શ્વસોચ્છ્વાસ થાય તે પ્રમાણે એકસો વર્ષમાં ચારસો સાત ક્રોડ, અડતાલીસ લાખ, ચાલીસ હજાર (૪૦૭,૪૮,૪૦,૦૦૦) શ્વાસોચ્છ્વાસ થાય છે. ।।૧૧।।

તેમાંથી એક પણ શ્વાસોચ્છ્વાસ પુણ્ય કે પાપ રહિત હોય નહિ, જો તેમાંનો એક શ્વાસોચ્છ્વાસ પણ પુણ્ય સહિત જાય તો તેનો (આગલી તેરમી ગાથામાં કહેશે તેટલો લાભ થાય છે.) ।।૧૨।।

બે લાખ, પિસ્તાલીસ હજાર, ચારસોને આઠ પલ્યોપમ ઉપર એક પલ્યોપમના નવ ભાગ કરીએ તેવા કંઇક ન્યૂન ચાર ભાગ (દેશોન ૨,૪૫,૪૦૮ + $\frac{૪}{૯}$ પલ્યોપમ) દેવગતિનું આયુષ્ય એક શ્વાસોચ્છ્વાસ માત્ર ધર્મ (સમતા) કરવાથી બંધાય છે. ।।૧૩।।

**एगुणवीसं लक्खा, तेसट्ठी सहस्स दुसयसत्तट्ठी ।**
**पलियाइं देवाउ, बंधइ नवकारउस्सग्गो ।।१४।।**

**लक्खिगसट्ठी पणतीस-सहस दुसय-दसपलिय देवाउ ।**
**बंधइ अहियं जीवो, पणवीसुसासउस्सग्गो ।।१५।।**

**एवं पावपरायाणं, हवेइ निरयाउ अस्स बंधोवि ।**
**इअ नाउं सिरिजिणकित्ति-अम्मि धम्मंमि उज्जमं कुणह ।।१६।।**

ઓગણીસ લાખ, ત્રેસઠ હજાર, બસોને સડસઠ (૧૯,૬૩,૨૬૭) પલ્યોપમનું દેવગતિનું આયુષ્ય એક નવકારમંત્ર (આઠ શ્વાસોચ્છ્વાસ)નો કાયોત્સર્ગ કરનારો જીવ બાંધે. ।।૧૪।।

એકસઠ લાખ, પાંત્રીસ હજાર, બસોને દસ (૬૧,૩૫,૨૧૦) પલ્યોપમથી કંઇક અધિક દેવગતિનું આયુષ્ય પચ્ચીસ શ્વાસોચ્છ્વાસ (એક લોગસ્સ)નો કાઉસ્સગ્ગ કરનાર જીવ બાંધે ।।૧૫।।

હે ભવ્ય જીવો ! એ પ્રમાણે પાપ કરનારને ઉપર જણાવ્યું તેટલા તેટલા પલ્યોપમનો નરકના આયુષ્યનો બંધ પણ હોય છે, એમ જાણીને શ્રી જિનેશ્વરે કહેલા ધર્મમાં ઉદ્યમ કરો. ।।૧૬।।



# ११ श्री गौतम कुलकम्

(कर्ता : श्री गौतमऋषि)

लुद्धा नरा अत्थपरा हवंति, मूढा नरा कामपरा हवंति ।
बुद्धा नरा खंतिपरा हवंति, मिस्सा नरा तिन्नि वि आयरंति ।।१।।

ते पंडिया जे विरया विरोहे, ते साहुणो जे समयं चरंति ।
ते सत्तिणो जे न चलंति धम्मे, ते बंधवा जे वसणे हवंति ।।२।।

कोहाभिभूया न सुहं लहंति, माणंसिणो सोयपरा हवंति ।
मायाविणो हुंति परस्स पेसा, लुद्धा महिच्छा नरयं उविंति ।।३।।

कोहो विसं किं अमयं अहिंसा, माणो अरी किं हियमप्पमाओ ।
माया भयं किं सरणं तु सच्चं, लोहो दुहं किं सुहमाह तुट्ठि ।।४।।

---

લોભી પુરુષો ધન મેળવવામાં તત્પર હોય છે, મુર્ખ પુરુષો કામ-ભોગમાં તત્પર હોય છે, તત્ત્વના જાણ પુરુષો ક્ષમામાં તત્પર હોય છે અને મિશ્ર પુરુષો ધન, કામ અને ક્ષમા-ત્રણેમાં તત્પર હોય છે. ।।૧।।

જે વિરોધથી (વૈરથી) વિરામ પામેલા છે તે જ સાચા પંડિતો છે, જે સિદ્ધાન્તના માર્ગે ચાલે છે, તે જ સાચા સાધુઓ છે, જે ધર્મથી ચલાયમાન થતા નથી, તે જ સાચા સત્ત્વશાળી છે અને જે આપત્તિ સમયે આપણા (સહાયક) થાય તે જ સાચા બાંધવો છે. ।।૨।।

જેઓ ક્રોધથી ભરેલા (ક્રોધી) હોય તે જીવો સુખ ન પામે, માન રાખનારા જીવો શોકાતુર દશા પામે, માયાવી જીવો પારકાના નોકર થાય છે અને લોભની ઘણી તૃષ્ણા વાળા જીવો નરકમાં ઉત્પન્ન થાય છે. ।।૩।।

ક્રોધ મહા ઝેર છે અને અહિંસા અમૃત છે, માન દુષ્ટ શત્રુ છે અને અપ્રમાદ હિતસ્વી છે, માયા મહાભય રુપ છે અને સત્ય શરણ છે તથા લોભ મહાદુ:ખ છે અને સંતોષ પરમ સુખ કહ્યું છે. ।।૪।।

**बुद्धी अचंडं भयए विणीयं, कुद्धं कुसीलं भयए अकित्ती ।**
**संभिन्नचित्तं भयए अलच्छी, सच्चे ट्ठियं संभयए सिरी य ।।५।।**

**चयंति मित्ताणि नरं कयग्घं, चयंति पावाइं मुणिं जयंतं ।**
**चयंति सुक्काणि सराणि हंसा, चयंति बुद्धी कुवियं मणुस्सं ।।६।।**

**अरोइअत्थे कहिए विलावो, असंपहारे कहिए विलावो ।**
**विक्खित्तचित्ते कहिए विलावो, बहु कुसीसे कहिए विलावो ।।७।।**

**दुट्ठा निवा दंडपरा हवंति, विज्जाहरा मंतपरा हवंति ।**
**मुक्खा नरा कोवपरा हवंति, सुसाहुणो तत्तपरा हवंति ।।८।।**

**सोहा भवे उग्गतवस्स खंती, समाहिजोगो पसमस्स सोहा ।**
**नाणं सुझाणं चरणस्स सोहा, सीसस्स सोहा विणए पवित्ती ।।९।।**

**अभूसणो सोहइ बंभयांरी, अकिंचणो सोहइ दिक्खधारी ।**
**बुद्धिजुओ सोहइ रायमंती, लज्जाजुओ सोहइ एगपत्ती ।।१०।।**

---

વિનયવંત અને સૌમ્ય પ્રકૃતિવાળા માણસને બુદ્ધિ ભજે છે, ક્રોધી અને કુશીલિયાને અપકીર્તિ ભજે છે, વ્રત ભાગનારને અલક્ષ્મી (દરિદ્રતા) ભજે છે અને સત્યમાં સ્થિર રહેનારને લક્ષ્મી સેવા કરે છે. ।।૫।।

કૃતઘ્ન પુરુષને મિત્રો ત્યજે છે, જયણાવાળા મુનિને પાપો ત્યજે છે, સુકાઇ ગયેલાં સરોવરોને હંસપક્ષીઓ ત્યજે છે અને કોપવંત મનુષ્યને બુદ્ધિ ત્યજે છે. ।।૬।।

સાંભળનારને ન રુચે તેવી વાત કહેવી તે વિલાપ તુલ્ય છે, એકાગ્રતા વગરના જીવને કંઇ કહેવું તે વિલાપ તુલ્ય છે, વિક્ષિપ્ત ચિત્તવાળાને કંઇ કહેવું તે વિલાપ તુલ્ય છે અને કુશિષ્યને ઘણું કહેવું તે પણ વિલાપ તુલ્ય છે. ।।૭।।

દુષ્ટ રાજાઓ દંડવામાં તત્પર હોય છે, વિદ્યાધરો મંત્ર સાધવામાં તત્પર હોય છે, મૂર્ખ પુરુષો કોપ કરવામાં તત્પર હોય છે અને ઉત્તમ સાધુઓ તત્ત્વ (પરમાર્થ) સાધવામાં તત્પર હોય છે. ।।૮।।

ક્ષમા ઉગ્રતપની શોભા છે, સમાધિ યોગ તે ઉપશમની શોભા છે, જ્ઞાન અને શુભધ્યાન તે ચારિત્રની શોભા છે અને વિનયમાં પ્રવૃત્તિ કરવી તે શિષ્યની શોભા છે ।।૯।।

બ્રહ્મચારી આભૂષણ વિના પણ શોભે છે, દીક્ષાધારી અકિંચનપણે (પરિગ્રહના ત્યાગથી) શોભે છે, રાજાનો મંત્રી બુદ્ધિયુક્ત હોય તો શોભે છે તથા લજ્જાળુ મનુષ્ય એકપત્નીવ્રત પાળવાથી શોભે છે. ।।૧૦।।

अप्पा अरी होइ अणवट्ठिअस्स, अप्पा जसो सीलमओ नरस्स ।
अप्पा दुरप्पा अणवट्ठियस्स, अप्पा जिअप्पा सरणं गई य ।।११।।

न धम्मकज्जा परमत्थि कज्जं, न पाणिहिंसा परमं अकज्जं ।
न पेमरागा परमत्थि बंधो, न बोहिलाभा परमत्थि लाभो ।।१२।।

न सेवियव्वा पमया परक्का, न सेवियव्वा पुरिसा अविज्जा ।
ने सेवियव्वा अहमानि हीणा, न सेवियव्वा पिसुणा मणुस्सा ।।१३।।

जे धम्मिया ते खलु सेवियव्वा, जे पंडिया ते खलु पुच्छियव्वा ।
जे साहुणो ते अभिवंदियव्वा, जे निम्ममा ते पडिलाभियव्वा ।।१४।।

पुत्ता य सीसा य समं विभत्ता, रिसी य देवा य समं विभत्ता ।
मुक्खा तिरिक्खा य समं विभत्ता, मुआ दरिद्दा य समं विभत्ता ।।१५।।

---

અનવસ્થિત ચિત્તવાળાને-વિષયાસક્ત જીવને તેનો પોતાનો જ આત્મા વૈરી છે, શીલવંત પુરુષને આત્મા એ જ તેનો યશ છે, અનવસ્થિત ચિત્તવાળાને (અસંયમીને) પોતાનો જ આત્મા દુરાત્મા છે અને ઇન્દ્રિયોને જીતીને મનને વશ કરે તે જિતાત્માને તે પોતે જ શરણ અને આશ્રયભૂત થાય છે. ।।૧૧।।

ધર્મકાર્યો સમાન ઉત્કૃષ્ટ બીજું કોઇ કાર્ય નથી, જીવહિંસા સમાન ઉત્કૃષ્ટ કોઇ અકાર્ય નથી. પ્રેમરાગના બંધન સમાન ઉત્કૃષ્ટ બંધન નથી અને બોધિલાભ સમાન ઉત્કૃષ્ટ બીજો કોઇ લાભ નથી. ।।૧૨।।

સજ્જન પુરુષે પરસ્ત્રીને ન સેવવી, વિદ્યાહીન પુરુષોને ન સેવવા, (ઉચ્ચ કુલવાળા હોવા છતાં) આચારથી અધમ તથા નીચ કુલવાળાને ન સેવવા તથા ચાડિયા (દુષ્ટ પુરુષો)ને પણ ન સેવવા-આટલાનો સંગ ન કરવો. ।।૧૩।।

જે ધાર્મિક હોય તે પુરુષોને જ સેવવા, જે પંડિત હોય તે પુરુષોને જ પૂછવા યોગ્ય પૂછવું, જે સાધુ-મુનિરાજ છે, હોય તેને જ વંદન અને જે નિર્મમ હોય તેઓને અશનાદિકનું દાન આપવું. ।।૧૪।।

ડાહ્યા પુરુષોએ સુપુત્રો અને વિનીત શિષ્યો એ બેઉને સરખા કહ્યા છે, ઋષિ-ઓને અને દેવોને સરખા કહ્યા છે, મૂર્ખાઓને અને તિર્યંચોને સરખા કહ્યા છે અને મરણ પામેલા અને દરિદ્ર એ બેઉને સરખા કહ્યા છે. ।।૧૫।।

**सव्वा कला धम्मकला जिणाइ, सव्वा कहा धम्मकहा जिणाइ ।**
**सव्वं बलं धम्मबलं जिणाइ, सव्वं सुहं धम्मसुहं जिणाइ ।।१६।।**

**जूए पसत्तस्स धणस्स नासो, मंसे पसत्तस्स दयाइ नासो ।**
**मज्जे पसत्तस्स जसस्स नासो, वेसा पसत्तस्स कुलस्स नासो ।।१७।।**

**हिंसापसत्तस्स सुधम्मनासो, चोरीपसत्तस्स सरीरनासो ।**
**तहा परत्थिसु पसत्तयस्स, सव्वस्स नासो अहमा गई य ।।१८।।**

**दाणं दरिद्दस्स पहुस्स खंति, इच्छानिरोहो य सुहोइयस्स ।**
**तारुण्णए इंदियनिग्गहो य, चत्तारि एआणि सुदुक्कराणि ।।१९।।**

**असासयं जीवियमाहु लोए, धम्मं चरे साहु जिणोवइट्ठं ।**
**धम्मो य ताणं सरणं गई य, धम्मं निसेवित्तु सुहं लहंति ।।२०।।**

સર્વ કળાઓને એક ધર્મકળા જીતે છે, સર્વ કથાઓને એક ધર્મની કથા જીતે છે, સર્વ બળોને એક ધર્મનું બળ જીતનારું છે અને સર્વ પ્રકારનાં સુખોને ધર્મનું (સમતાનું) સુખ જીતે છે. ।।૧૬।।

જુગાર રમવામાં આસક્ત હોય તેના ધનનો નાશ થાય, માંસમાં આસક્ત હોય તેની દયાનો નાશ થાય, મદિરામાં આસક્ત હોય તેનો યશ નાશ પામે અને વેશ્યામાં આસક્ત હોય તેના કુળનો નાશ થાય છે. ।।૧૭।।

જીવહિંસામાં આસક્ત હોય તેના ઉત્તમ ધર્મનો (દયાનો) નાશ થાય, ચોરીમાં આસક્ત હોય તેના શરીરનો નાશ (ફાંસી) થાય અને પરસ્ત્રીમાં આસક્ત હોય તેના સર્વસ્વનો (સર્વ ગુણોનો) નાશ થાય, એટલું જ નહિ પરંતુ તેઓ પરલોકમાં અધમગતિ પણ પામે. ।।૧૮।।

દરિદ્ર અવસ્થામાં દાન આપવું દુષ્કર, સત્તાધીશને ક્ષમા રાખવી દુષ્કર, સુખોચિત પ્રાણીને (તીવ્ર ભોગાવળી કર્મના ઉદયવાળાને) ઇચ્છાનો રોધ કરવો દુષ્કર અને તરુણાવસ્થામાં ઇન્દ્રિયનો નિગ્રહ કરવો તે દુષ્કર છે, એ ચારે વાનાં અતિ દુષ્કર જાણવાં. ।।૧૯।।

જગતમાં જીવિતવ્ય અશાશ્વત કહ્યું છે, (તેથી) હે ભવ્યો ! જિનેશ્વર ભગવાને ઉપદેશેલા સુંદર ધર્મમાં પ્રવર્તો. કારણ કે એ ધર્મ જ રક્ષણ કરનાર, શરણભૂત અને સદ્ગતિને આપનારો છે. એવા ધર્મને જે પ્રાણી સેવે છે, તે પ્રાણી અવશ્ય શાશ્વત સુખને પામે છે. ।।૨૦।।

# ૧૨ श्री आत्मावबोध कुलकम्

(कर्ता : श्री जयशेखरसूरि)

धम्मप्पहारमणिज्जे, पणमित्तु जिणे महिंदनमणिज्जे ।
अप्पावबोहकुलयं, वुच्छं भवदुहकयपलयं ।।१।।

अत्तावगमो नज्जइ, सयमेव गुणेहिं किं बहु भणसि ? ।
सूरुदओ लक्खिज्जइ, पहाइ न उ सवहनिवहेणं ।।२।।

दम-सम-समत्त-मित्ती-संवेअ-विवेअ-तिव्वनिव्वेआ ।
एए पगूढअप्पा-वबोहबीअस्स अंकुरा ।।३।।

जो जाणइ अप्पाणं, अप्पाणं सो सुहाणं न हु कामी ।
पत्तम्मि कप्परुक्खे, रुक्खे किं पत्थणा असणे ? ।।४।।

---

ધર્મની પ્રભા વડે રમણીય અને મહેન્દ્રો વડે નમનીય એવા શ્રી જિનેન્દ્રોને પ્રણામ કરી ભવદુ:ખનો પ્રલય કરનારું એવું આત્માવબોધ (અનુભવ) કુલક કહીશ. ।।૧।।

જેમ સૂર્યોદય સૂર્યની પ્રભાથી જણાય છે પ્રભા સિવાય ઘણા સોગન ખાવાથી પણ તે મનાતો નથી, તેમ આત્મબોધ સ્વયં આત્મગુણો વડે જ જણાય છે, (આત્મગુણ વિના) સંખ્યાબંધ સોગન ખાવાથી આત્મબોધ થતો નથી, માટે હે જીવ ! તું વધારે શા માટે બોલે છે ? ।।૨।।

મન-ઇન્દ્રિયોનું દમન, વિષય-કષાયનું શમન, સમ્યક્ત્વ, મૈત્રી, સંવેગ, વિવેક અને તીવ્ર નિર્વેદ, એ ગુપ્ત રહેલા આત્મજ્ઞાન રુપ બીજના સર્વ અંકુરા છે. ।।૩।।

જે આત્માને જાણે છે, તે (સંયોગ વિયોગ ધર્મવાળા સંસારના) અલ્પસુખોનો કામી નથી હોતો, જેને કલ્પવૃક્ષ પ્રાપ્ત થયું હોય તે શું અસન (આહન)ના વૃક્ષની પ્રાર્થના કરે ? ।।૪।।

निअविन्नाणे निरया, निरयाइ दुहं लहंति न कया वि ।
जो होइ मग्गलग्गो, कहं सो निवडेइ कूवम्मि ? ।।५।।

तेसिं दूरे सिद्धी, रिद्धी रणरणयकारणं तेसिं ।
तेसिमपुण्णा आसा, जेसिं अप्पा न विन्नाओ ।।६।।

ता दुत्तरो भवजलही, ता दुज्जेओ महालओ मोहो ।
ता अइविसमो लोहो, जा जाओ न(नो) निओ बोहो ।।७।।

जेण सुरा-सुरनाहा, हहा अणाहुव्व वाहिया सो वि ।
अज्झप्पझाणजलणे, पयाइ पयंगत्तणं कामो ।।८।।

जं बद्धं पि न चिट्ठइ, वारिज्जंतं वि सरइ असेसे (पसरइ असेसे) ।
झाणबलेणं तं पि हु, सयमेव विलिज्जइ चित्तं ।।९।।

---

આત્મસ્વરુપના જ્ઞાનમાં (સમભાવમાં) નિરંતર રક્ત એવા જીવો નરક, તિર્યંચ વિગેરેનાં દુ :ખો કદાપિ પામતા નથી, કારણ કે જે આત્મવિજ્ઞાનરુપી (સ્વસંવેદનરુપી) સીધા માર્ગ પર ચાલે છે, તે જીવ (નરકાદિનાં દુ :ખો જેમાં છે એવા સંસારરુપી) કૂવામાં ક્યા કારણે પડે ? ।।૫।।

જેઓને આત્મા ઓળખાયો નથી, તેઓથી સિદ્ધિ (મોક્ષ) દૂર જ રહે છે, લક્ષ્મી પણ તેઓને દુ :ખોનું કારણ થાય છે અને તેઓની આશાઓ અપૂર્ણ રહે છે. ।।૬।।

ત્યાં સુધી જ ભવસમુદ્ર દુસ્તર છે, મહામોહ પણ ત્યાં સુધી જ દુર્જય છે અને અતિ વિષમ એવો લોભ પણ ત્યાં સુધી જ રહે છે કે જ્યાં સુધી આત્મજ્ઞાન નથી થયું. ।।૭।।

અરે ! જેણે સુરેન્દ્રોને અને અસુરેન્દ્રોને પણ અનાથની જેમ પીડિત (વશ) કર્યા છે, તે પ્રબળ કામ પણ અધ્યાત્મ (આત્મ) ધ્યાન રુપ અગ્નિમાં પતંગિયાની જેમ ભસ્મ થઇ જાય છે. ।।૮।।

શુભ ભાવના-ચિંતન વિગેરેથી બાંધવા છતાં પણ જે મન સ્થિર રહેતું નથી, અભિગ્રહાદિથી વાર્યા છતાં પણ ચારે બાજુ ફર્યા કરે છે તેવું દુર્જય ચપળ મન પણ આત્મ ધ્યાનના બલ વડે સ્વયં જ શાન્ત થાય છે. ।।૯।।

बहिरंतरंगभेया, विविहा वाही न दिंति तस्स दुहं ।
गुरुवयणाओ जेणं, सुहज्झाणरसायणं पत्तं ।।१०।।

जिअमप्पचिंतणपरं, न कोइ पीडेइ अहव पीडेइ ।
ता तस्स नत्थि दुक्खं, रिणमुक्खं मन्नमाणस्स ।।११।।

दुक्खाण खाणी खलु रागदोसा, ते हुंति चित्तम्मि चलाचलम्मि ।
अज्झप्पजोगेण चएइ चित्तं, चलत्तमालाणिअकुञ्जरुव्व ।।१२।।

एसो मित्तममित्तं, एसो सग्गो तहेव नरओ अ ।
एसो राया रंको, अप्पा तुट्ठो अतुट्ठो वा ।।१३।।

लद्धा सुरनररिद्धी, विसया वि सया निसेविया णेण ।
पुण संतोसेण विणा, किं कत्थ वि निव्वुई जाया ? ।।१४।।

જેણે સદ્‌ગુરુના વચનથી ઉપદેશાયેલું શુદ્ધ આત્મધ્યાનરુપી રસાયણ પ્રાપ્ત કર્યું છે, તેને બહિરંગ (રોગાદિ) અને અંતરંગ (કામક્રોધાદિ) વિવિધ પ્રકારના વ્યાધિઓ પણ દુ:ખ આપી શકતા નથી. ।।૧૦।।

જે જીવ આત્મચિન્તનમાં (આત્મધ્યાનમાં) તત્પર થયેલો હોય, તેને કોઇ પીડા કરી શકતું નથી અથવા કરે તો પણ તેને દુ:ખ નથી થતું કારણ કે તે પીડાઓથી પોતે 'ઋણમાંથી હું મુક્ત થાઉં છું.' એમ માને છે. ।।૧૧।।

ખરેખર, દુ:ખોની ખાણ રાગદ્વેષ છે અને રાગ દ્વેષની ઉત્પત્તિ ચિત્ત ચલાયમાન થવાથી થાય છે, જેમ આલાનરુપી સ્તંભે બાંધેલો હાથી ચપલતાનો ત્યાગ કરે છે (શાંત ઉભો રહે છે), તેમ અધ્યાત્મયોગથી ચિત્ત પણ ચપલતાનો ત્યાગ કરે છે.।।૧૨।।

આત્મા પોતાના ગુણોમાં તુષ્ટમાન થયો તો પોતે જ પોતાનો મિત્ર છે, પોતે જ સ્વર્ગ છે અને પોતે જ રાજા પણ છે અને જો તુષ્ટમાન ન થયો તો પોતે જ પોતાનો શત્રુ છે, પોતે જ નરક છે તેમ જ પોતે રંક પણ છે, આમ આત્માની ઉત્તમ કે અધમસ્થિતિ પોતાને જ આધીન છે. ।।૧૩।।

આ જીવે દેવોની અને મનુષ્યોની ઋદ્ધિ પણ મેળવી અને ત્યાં બધે વિષયો પણ સદૈવ વારંવાર સેવ્યા, તો પણ સંતોષ વિના શું તેને કોઇપણ ઠેકાણે જરા પણ શાન્તિ થઇ છે ? ।।૧૪।।

जीव ! सयं चिअ निम्मिअ-तणुधणरमणीकुडुंबनेहेणं ।
मेहेण व दिणनाहो, छाइज्जसि तेअवंतो वि ।।१५।।

जं वाहिवालवेसानराण तुह वेरिआण साहीणे ।
देहे तत्थ ममत्तं, जिअ ! कुणमाणो वि किं लहसि ? ।।१६।।

वरभत्तपाणण्हाणय-सिंगारविलेवणेहिं पुट्ठो वि ।
निअपहुणो विहडंतो, सुणएण वि न सरिसो देहो ।।१७।।

कट्ठाइ कडुअ बहुहा, जं धणमावज्जिअं तए जीव !
कट्ठाइ तुज्झ दाउं, तं अंते गहिअमन्नेहिं ।।१८।।

जह जह अन्नाणवसा, धणधन्नपरिग्गहं बहुं कुणसि ।
तह तह लहुं निमज्जसि, भवे भवे भारिअतरि व्व ।।१९।।

જેમ તેજસ્વી સૂર્ય પણ મેઘ વડે આચ્છાદિત થાય છે તેમ હે જીવ ! તું લોકાલોકપ્રકાશક એવા જ્ઞાનપ્રકાશથી તેજસ્વી સૂર્ય સમાન છે, છતાં તેં તારી પોતાની મેળે જ ઉત્પન્ન કરેલાં શરીર, ધન, સ્ત્રી અને કુટુંબના સ્નેહથી તું આચ્છાદિત થયો છે. ।।૧૫।।

આ દેહ વ્યાધિ, સર્પ અને અગ્નિ વગેરે (બાહ્ય અભ્યંતર) શત્રુઓને સ્વાધીન છે, તે દેહ ઉપર મમત્વ કરવાથી હે જીવ ! તને શું ફાયદો થાય છે ? ।।૧૬।।

ઉત્તમ ભોજન, સ્વાદિષ્ટ પીણાં, સ્નાન, શૃંગાર અને વિલેપનાદિથી પોષણ (પુષ્ટિ) કરવા છતાં, પોતાના માલિકને છોડી દેનાર કૃતઘ્ન આ દેહ શ્વાન જેટલો પણ કૃતજ્ઞ નથી. ।।૧૭।।

હે જીવ ! ઘણા પ્રકારે ભૂખ, તૃષા, મુસાફરી વગેરેના અણગમતાં કષ્ટો સહન કરી તેં જે ધન ઉપાર્જન કર્યું, તે ધને પણ તને મૂર્છા પેદા કરીને કષ્ટ જ આપ્યું અને મૃત્યુ બાદ તેને બીજાએ ગ્રહણ કર્યું. ।।૧૮।।

હે જીવ ! જેમ જેમ તું અજ્ઞાનને વશ થઇ ધનધાન્યાદિ પરિગ્રહ ઘણો એકઠો કરે છે, તેમ તેમ પ્રમાણથી અધિક ભાર ભરેલા નાવની માફક તું ભવોભવ સંસારસમુદ્રમાં જલ્દી ડૂબે છે. ।।૧૯।।

जा सुविणे वि हु दिट्ठा, हरेइ देहीण देहसव्वस्सं ।
सा नारी मारी इव, चयसु तुह दुब्बलत्तेणं ।।२०।।

अहिलससि चित्तसुद्धिं, रज्जसि महिलासु अहह मूढत्तं ।
नीलीमिलिए वत्थंमि, धवलिमा किं चिरं ठाई ? ।।२१।।

मोहेणं भवे दुरिए, बंधिअ खित्तोसि नेहनिगडेहिं ।
बंधवमिसेण मुक्का, पाहरिआ तेसु को राओ ? ।।२२।।

धम्मो जणओ करुणा, माया भाया विवेगनामेणं ।
खंती पिया सुपुत्तो, गुणो कुडुंबं इमं कुणसु ।।२३।।

अइपालिआहिं पगइत्थिआहिं, जं भामिओसि बंधेउं ।
संते वि पुरिसकारे, न लज्जसे जीव ! तेणंपि ।।२४।।

---

માનસિક દુર્બળપણાથી સ્વપ્નમાં દેખવા માત્રથી પણ જે સ્ત્રી મનુષ્યના દેહનું સર્વસ્વ કરી લે છે, તે સ્ત્રીને મારી (મરકી)ના રોગ સરખી સમજીને તું તેનો ત્યાગ કર. ।।૨૦।।

હે જીવ ! તું મનશુદ્ધિની અભિલાષા રાખે છે અને સ્ત્રીઓમાં આસક્ત થાય છે. અહા ! કેવું મૂઢપણું ! ગળી સાથે મળેલા વસ્ત્રમાં ક્યાં સુધી ઉજ્જવળતા રહી શકે ? ।।૨૧।।

મોહરાજાએ તને સ્નેહરુપી બેડીઓથી બાંધી સંસારરુપ કેદખાનામાં નાખ્યો છે અને બંધુઓને (માતા, પિતા, સગા સંબંધી વિગેરેને) રક્ષકના બહાનાથી (તું જેલમાંથી નાશી ન જાય માટે) પહેરેગીર તરીકે મૂક્યા છે, મારે સંસારમાં પૂરી રાખનારાં જેલર જેવાં તે બાંધવાદિ સ્વજનો પર રાગ શા માટે કરવો ? ।।૨૨।।

ધર્મ એ જ તારો પિતા, કરુણા જ તારી માતા, વિવેક તારો ભ્રાતા, ક્ષમા એ તારી પ્રિય સ્ત્રી અને જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોરુપ તારા ઉત્તમ પુત્રો છે એમ તું તારું અંતરંગ કુટુંબ બનાવ. ।।૨૩।।

હે જીવ ! તારામાં પુરુષકાર (અનંતબળ) હોવા છતાં પણ તેં અતિપાલન કરેલી એવી કર્મ પ્રકૃતિરુપ સ્ત્રીઓએ તને બાંધીને ચારે ગતિમાં પરિભ્રમણ કરાવ્યું, તેની તને (હજી) પણ શું લજ્જા નથી આવતી ? ।।૨૪।।

सयमेव कुणसि कम्मं, तेण य वाहिज्जसि तुमं चेव ।
रे जीव ! अप्पवेरिअ ! अन्नस्स य देसि किं दोसं ।।२५।।

तं कुणसि तं च जंपसि, तं चिंतसि जेण पडसि वसणोहे ।
एयं सगिहरहस्सं, न सक्किमो कहिउमन्नस्स ।।२६।।

पंचिंदियपरा चोरा, मणजुवरन्नो मिलित्तु पावस्स ।
निअनिअअत्थे निरता, मूलट्ठिइ तुज्झ लुंपंति ।।२७।।

हणिओ विवेगमंती, भिन्नं चउरंगधम्मचक्कं पि ।
मुट्ठं नाणाइधणं, तुमं पि छूढो कुगइकूवे ।।२८।।

---

હે જીવ ! તું પોતે જ કર્મ ઉપાર્જન કરે છે અને તેનાથી જ નિશ્ચય ચારે ગતિમાં પરિભ્રમણ કરે છે, તે છતાં હે આત્મ વૈરી ! હે જીવ ! તું બીજાને શા માટે દોષ આપે છે ? ।।૨૫।।

હે આત્મન્ ! તું એવાં કામો કરે છે, એવા શબ્દો બોલે છે અને એવા વિચારો કરે છે, જેથી તું પોતે જ દુ:ખના સમુદ્રમાં જઇ પડે છે, આ આપણા પોતાના ઘરની ગુપ્ત વાત બીજાને કહેવાને હું શક્તિમાન નથી, અર્થાત્ ઘરની ગુપ્ત વાત બીજે હું શું કહું ? ।।૨૬।।

હે આત્મન્ ! પોતપોતાના સ્વાર્થમાં (વિષયમાં) આસક્ત એવા પાંચ ઇન્દ્રિયોરુપી મહાન ચોરો તારા પાપી મનરુપી યુવરાજની સાથે મળી જઇને (જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ) તારી મૂળ સ્થિતિ (આત્મગુણારુપ મૂળ ધન) ને લૂંટી રહ્યા છે. ।।૨૭।।

તેઓએ (ઇન્દ્રિઓએ) તારા વિવેકરુપી મંત્રીને હણી નાખ્યો, તારા ચતુરંગ (મનુષ્ય જન્મ, ધર્મ શ્રવણ, શ્રદ્ધા અને સંયમવીર્ય રુપ) ધર્મ ચક્રને પણ ભેદી નાખ્યું, તારા જ્ઞાનાદિ ધનને ચોરી લીધું અને તને પણ દુર્ગતિરુપી કુવામાં નાખ્યો છે. ।।૨૮।।

**इत्तिअकालं हुंतो, पमायनिद्दाइगलियचेअन्नो ।**
**जइ जग्गिओसि संपइ, गुरुवयणा ता (किं) न वेएसि ।।२९।।**

**लोगपमाणोसि तुमं, नाणमओऽणंतवीरिओसि तुमं ।**
**नियरज्जठिइं चिंतसु, धम्मज्झाणासणासीणो ।।३०।।**

**को व मणो जुवराया, को वा रायाइ रज्जपब्भंसे ।**
**जइ जग्गिओसि संपइ, परमेसर ! पविस चेअन्नो (चेअन्नं) ।।३१।।**

**नाणमओ वि जडो विव, पहू वि चोरुव्व जत्थ जाओसि ।**
**भवदुग्गम्मि किं तत्थ, वससि साहीणसिवनयरे ।।३२।।**

**जत्थ कसाया चोरा, महावया सावया सया घोरा ।**
रोगा दुट्ठभुअंगा, आसासरिआ घणतरंगा ।।३३।।

આટલા કાળ સુધી તું પ્રમાદરુપ નિદ્રાથી ગલિત ચેતનાવાળો (જડ-અજ્ઞાન) હતો, પરન્તુ હવે જો તું સદ્‌ગુરુનાં વચનોથી જાગ્યો છે, તો પણ તારું સ્વરુપ તું કેમ જાણતો નથી ? ।।૨૯।।

તારું સ્વરુપ સાંભળ- હે આત્મન્ ! તું લોક પ્રમાણ છે (લોકાકાશના પ્રદેશો જેટલા અસંખ્યાતા પ્રદેશવાળો છે), જ્ઞાનમય છે અનંતવીર્ય (શક્તિ) વાન છે, માટે ધર્મ ધ્યાનરુપી આસને બેસી તારી આત્મ સામ્રાજ્યની સ્થિતિનો વિચાર કર ।।૩૦।।

જો હમણાં તું જાગ્રત થયો છે તો તારી સામે તે મનરુપી યુવરાજ કોણ છે (શું કરવાનો છે) ? અથવા તને રાજ્યથી ભ્રષ્ટ કરવામાં કયો રાજા વિગેરે (સમર્થ) છે ? તારી ચેતનામાં (અનંત જ્ઞાનમાં) પ્રવેશ કર ! તું પરમેશ્વર છે. (સર્વથી સમર્થ છે.) ।।૩૧।।

જ્ઞાનમય હોવા છતાં તું જડ જેવો થઇ ગયો છે, તું સ્વામી હોવા છતાં ચોર જેવો બની ગયો છે, મોક્ષનગર તને સ્વાધીન હોવા છતાં તું ભવ દુર્ગમાં (સંસારરુપી કેદખા-નામાં) કેમ પુરાઇ રહ્યો છે ? ।।૩૨।।

ભવરુપ દુર્ગ કેવો છે ? જ્યાં ચોરરુપ ચાર કષાયો છે, સદા ભયંકર આપદાઓ રુપી શ્વાપદો-હિંસક જીવો રહે છે, જ્યાં રોગોરુપી દુષ્ટ સર્પો રહેલા છે અને ઘણા મોટા તરંગો (વિકલ્પો) વાળી આશારુપી મોટી નદી છે. ।।૩૩।।

चिंताडवी सकट्ठा, बहुलतमा सुंदरी दरी दिट्ठा ।
खाणी गई अणेगा, सिहराइं अट्ठमयभेआ ।।३४।।

रयणिअरो मिच्छत्तं, मणदुक्कडओ सिला ममत्तं च ।
तं भिंदसु भवसेलं, झाणासणिणा जिअ ! सहेलं ।।३५।।

जत्थत्थि आयनाणं, नाणं वियाण सिद्धिसुहयं तं ।
सेसं बहुं वि अहियं, जाणसु आजीविआमित्तं ।।३६।।

सुबहुं अहिअं जह जह, तह तह गव्वेण पूरिअं चित्तं ।
हिअ अप्पबोहरहिअस्स, ओसहाउ उट्ठिओ वाही ।।३७।।

अप्पाणमबोहंता, परं विबोहंति केइ ते वि जडा ।
भण परियणम्मि छुहिए, सत्तागारेण किं कज्जं ।।३८।।

---

વળી-જ્યાં ચારે દિશામાં ચિંતારુપી અટવી છે, જ્યાં ઘણા જ અંધકારવાળી ગુફાના જેવી સ્ત્રી રહે છે, ચારે ગતિરુપ અનેક ખીણો છે, આઠ મદરુપી જ્યાં આઠ શિખરો છે, જ્યાં મિથ્યાત્વરુપી રાક્ષસ રહે છે, જ્યાં મનના પાપથી ઉત્પન્ન થયેલ મમત્વરુપી શિલાઓ છે, તે સંસારરુપી કઠીન-દુર્ગમ પર્વતને ધ્યાનરુપી વજ્ર વડે લીલા-માત્રમાં હે જીવ ! તું ભેદી નાખ. ।।૩૪-૩૫।।

સાચું જ્ઞાન ક્યું ? જે વિરતિધરોનું આત્મજ્ઞાન છે, તે જ જ્ઞાન સિદ્ધિ સુખને આપનારું છે અને તે સિવાયનું બીજું ઘણું પણ કાં તો તે અહિત કરશે અને કાં તો આજીવિકા માત્ર છે એમ જાણ. ।।૩૬।।

જેમ જેમ ઘણું ભણ્યા, તેમ તેમ ગર્વથી ચિત્ત પૂરાયું. ખરેખર ! ભણવા છતાં તેમાંથી જેને આત્મબોધ ન મળ્યો તેને બહુ ભણાતરરુપી ઔષધથી કર્મરોગ નાશ થવાને બદલે ગર્વરુપી રોગ ઉત્પન્ન થયો ।।૩૭।।

પોતાના આત્માને બોધ કર્યા વગર કેટલાક બીજાને બોધ કરે છે, તેઓ પણ ખરેખરા જડ (મૂર્ખ) છે. તું કહે તો ખરો કે-એક બાજુ પોતાનો પરિવાર ભૂખ્યો છે, છતાં બીજાને માટે દાનશાળા માંડવાનું શું પ્રયોજન છે ? ।।૩૮।।

बोहंति परं किं वा, मुणंति कालं नरा पठंति सुअं ।
ठाणमुअंति सयावि हु, विणाऽऽयबोहं पुण न सिद्धी ।।३९।।

अवरो न निंदिअव्वो, पसंसिअव्वो कया वि न हु अप्पा ।
समभावो कायव्वो, बोहस्स रहस्समिणमेव ।।४०।।

परसक्खित्तं भंजसु, रंजसु अप्पाणमप्पणा चेव ।
वज्जसु विविहकहाओ, जइ इच्छसि अप्पविन्नाणं ।।४१।।

तं भणसु गणसु वायसु, झायसु उवइससु आयरेसु जिआ ।
खणमित्तमपि विअक्खण, आयारामे रमसि जेण ।।४२।।

इय जाणिऊण तत्तं, गुरुवइट्ठं परं कुण पयत्तं ।
लहिउण केवलसिरिं, जेणं जयसेहरो होसि ।।४३।।

---

બીજાને બોધ આપે, જ્યોતિષ વિગેરેથી કાળનું સ્વરુપ જાણે, સૂત્રો ભણે અને પોતાનું સ્થાન (ઘરબાર, દેશ) પણ સદાને માટે છોડે (સાધુ-સંન્યાસી બને), છતાં તેઓને આત્મજ્ઞાન ન થાય તો સિદ્ધિ નથી જ થતી. ।।૩૯।।

કદાપિ પરની નિંદા ન કરવી, પોતાની પ્રશંસા ન કરવી અને સમભાવ રાખવો, આ જ આત્મબોધનું (શુદ્ધજ્ઞાનનું) રહસ્ય છે. ।।૪૦।।

જો તને આત્મવિજ્ઞાનની (આત્માને ઓળખવાની) ઇચ્છા હોય તો બીજાના સાક્ષીપણાને (બીજા મને સારો કહે છે કે ખોટો ? એ વિકલ્પો) છોડી દે, આત્માને આત્મા વડે જ રાજી કર એટલે કે તું સારો બનીને સ્વગુણો મેળવવા દ્વારા તારા આત્માને ખુશ કર અને બીજાઓની વિવિધ વિકથાઓનો ત્યાગ કરી દે. ।।૪૧।।

હે જીવ ! તું તેવું ભણ, તેવું ગણ, તેવું વાંચ, તેવું ધ્યાન ધર, તેવો ઉપદેશ કર, તેવું આચર કે જેથી હે વિચક્ષણ ! તું ક્ષણમાત્ર (પ્રતિક્ષણ) પણ આત્મા રૂપી ઉદ્યાનમાં રમી શકે ! ।।૪૨।।

આ પ્રકારે ગુરૂશ્રીએ ઉપદેશેલા તત્ત્વને જાણીને તેમાં પ્રયત્ન કર, કે જેથી કેવલશ્રી (કેવળજ્ઞાન) પામીને તું જયશેખર (આઠ કર્મનો જય કરનારો) થાય. ।।૪૩।।

## १३ प्रमादपरिहार कुलकम् (आयसंबोह कुलयम्)

दुक्खे सुक्खे सया मोहे अमोहे जिणसासणं ।
तेसिं कयपणामोऽहं संबोहं अप्पणो करे ।।१।।

दसहिं चुल्लगाइहिं दिट्ठंतेहिं कयाइओ ।
संसरंता भवे सत्ता पावंति मणुयत्तणं ।।२।।

नरत्ते आरियं खित्तं खित्तेवि विउलं कुलं ।
कुलेवि उत्तमा जाई जाईए रूवसंपया ।।३।।

रूवेवि हु अरोगत्तं अरोगे चिरजीवियं ।
हियाहियं चरित्ताणं जीविए खलु दुल्लहं ।।४।।

सद्धम्मसवणं तंमि सवणे धारणं तहा ।
धारणे सद्दहाणं च सद्दहाणे वि संजमे ।।५।।

---

દુઃખમાં ને સુખમાં, મોહમાં ને અમોહમાં, જેણે જિનશાસનને (સમ્યક્ પ્રકારના બોધને) સ્વીકાર્યું છે તેમને, કર્યો છે પ્રણામ જેણે એવો હું સંબોધ ને પોતાનો કરું છું (સ્વીકારું છુ.) ।।૧।।

સંસારમાં પરિભ્રમણ કરતાં જીવો ચુલ્લકાદિ દશ દ્રષ્ટાંત વડે દુર્લભ એવા મનુષ્યપણાને ભાગ્યયોગે ક્યારેક જ પ્રાપ્ત કરે છે. ।।૨।।

મનુષ્ય પણું પામવા છતાં પણ આર્યક્ષેત્ર પામવું દુર્લભ છે, આર્યક્ષેત્ર પામ્યા છતાં પણ વિપુલ-વિસ્તીર્ણ શ્રેષ્ઠ કુળ પામવું દુર્લભ છે, ઉત્તમ કુળ પામ્યા છતાં પણ ઉત્તમ જાતિ પામવી દુર્લભ છે, ઉત્તમ જાતિ પામવા છતાં પણ સંપૂર્ણ રુપ સંપત્તિ-પાંચે ઇંદ્રિય પામવી દુર્લભ છે, રુપ સંપત્તિ પામવા છતાં આરોગ્યની પ્રાપ્તિ દુર્લભ છે, આરોગ્ય પ્રાપ્ત થવા છતાં દીર્ઘ આયુષ્ય પામવું દુર્લભ છે. દીર્ઘાયુ પ્રાપ્ત થવા છતાં પણ ચારિત્રથી થતા હિતાહિતને જાણવું દુર્લભ છે. ।।૩-૪।।

તે તમામ પ્રાપ્ત થવા છતાં પણ ધર્મનું શ્રવણ દુર્લભ છે. ધર્મશ્રવણ કરવા છતાં તેને ધારણ કરી રાખવું દુર્લભ છે અને ધારણા રાખવા છતાં તેના પરની શ્રદ્ધા દુર્લભ છે, પ્રાપ્ત થવા છતાં પણ સંયમની પ્રાપ્તિ દુર્લભ છે. ।।૫।।

एवं रे जीव दुल्लभं बारसंगाण संपयं ।
संपयं पाविऊणेह पमाओ नेव जुज्जए ।।६।।

पमाओ अ जिणिंदेहिं अट्ठहा परिवज्जिओ ।
अन्नाणं संसओ चेव मिच्छानाणं तहेव य ।।७।।

रागद्दोसो मइब्भंसो धम्मंमि य अणायरो ।
जोगाणं दुप्पणिहाणं अट्ठहा वज्जियव्वओ ।।८।।

वरं महाविसं भुत्तं वरं अग्गीपवेसणं ।
वरं सत्तूहि संवासो वरं सप्पेहि कालियं ।।९।।

मा धम्मंमि पमाओ जं एगमच्चु य विसाइणा ।
पमाएणं अणंताणि जम्माणि मरणाणि य ।।१०।।

चउदसपुव्वी आहारगा य मणनाणवीयरागावि ।
हुंति पमायपरवसा तयणंतरमेव चउगइया ।।११।।

---

એ પ્રમાણે રે જીવ ! ઉપર જણાવેલા મનુષ્યજન્માદિ બાર અંગની (પ્રકારની) સંપદા પામવી દુર્લભ છે. આવી સંપદા પામીને પ્રમાદ કરવો તે યોગ્ય નથી ।।૬।।

જિનેશ્વરે આઠ પ્રકારના પ્રમાદનો ત્યાગ કરવાનો કહ્યો છે. તે આઠ પ્રકાર આ પ્રમાણે-૧ અજ્ઞાન, ૨ સંશય, ૩ મિથ્યાજ્ઞાન, ૪ રાગ, ૫ દ્વેષ, ૬ મતિભ્રંશ, ૭ ધર્મમાં અનાદર અને ૮ યોગનું દુષ્પ્રણિધાન-આ આઠે પ્રકારનો ત્યાગ કરવો ।।૭-૮।।

મહાવિષ ખાવું સારું, અગ્નિમાં પ્રવેશ કરવો સારો, શત્રુની સાથે વસવું સારું અને સર્પદંશથી કાળધર્મ પામવો સારો પરંતુ ધર્મમાં પ્રમાદ કરવો સારો નહીં, કારણ કે વિષાદિના પ્રયોગથી તો એક વાર મૃત્યુ પ્રાપ્ત થાય છે, પરંતુ પ્રમાદવડે તો અનંતા જન્મમરણ કરવા પડે છે. ।।૯-૧૦।।

ચૌદપૂર્વી, આહારક શરીરની લબ્ધિવાળા, મનઃ પર્યવજ્ઞાની અને વીતરાગ (અગ્યારમે ગુણસ્થાનકે પહોંચેલા) તે પણ પ્રમાદના પરવશપણાથી તદનંતર ચારે ગતિમાં ગમન કરે છે. ।।૧૧।।

सग्गापवग्गमग्गंमि लग्गं वि जिणसासणे ।
पडिया हा पमाएणं संसारे सेणियाइया ।।१२।।

सोढाइं तिक्ख (व्व) दुक्खाइं सारीरमाणसाणि य ।
रे जीव नरए घोरे पमाएणं अणंतसो ।।१३।।

दुक्खाणणेगलक्खाइं छुहातहणाइयाणि य ।
पत्ताणि तिरियत्तेवि पमाएणं अणंतसो ।।१४।।

रोगसोगविओगाई रे जीव मणुयत्तणे ।
अणुभूयं महादुक्खं पमाएणं अणंतसो ।।१५।।

कसायविसयाईया भयाईणि सुरत्तणे ।
पत्ते पत्ताइं दुक्खाइं पमाएणं अणंतसो ।।१६।।

जं संसारे महादुक्खं जं मुक्खे सुक्खमक्खयं ।
पावंति पाणिणो तत्थ पमाया अप्पमायओ ।।१७।।

---

જૈનશાસનમાં સ્વર્ગાપવર્ગના માર્ગે લાગેલા હોવા છતાં પ્રમાદવડે શ્રેણિકાદિ સંસારમાં પડ્યા છે તે ખેદની વાત છે. ।।૧૨।।

રે જીવ ! પ્રમાદને કારણે અનંતી વાર તેં શારીરિક ને માનસિક તીક્ષ્ણ દુ:ખો ઘોર નરકમાં સહ્યાં છે. ।।૧૩।।

તિર્યંચપણામાં પણ તું ક્ષુધા-તૃષાદિ લાખો દુ:ખો અનંતી વાર પ્રમાદવડે પામ્યો છે. ।।૧૪।।

અરે જીવ ! મનુષ્યપણામાં પણ રોગ-શોક-વિયોગાદિ મહાદુ:ખો પ્રમાદવડે અનંતી વાર તેં અનુભવ્યા છે. ।।૧૫।.

દેવપણામાં પણ કષાયથી, વિષયથી અને ભય વગેરે ઉત્પન્ન થતા પ્રમાદવડે તું અનંતી વાર દુ:ખોને પામ્યો છે. ।।૧૬।।

સંસારમાં જે મહાદુ:ખ અને મોક્ષમાં જે અક્ષય સુખ પ્રાણી પામે છે તે પ્રમાદથી અને અપ્રમાદથી જ પામે છે. અર્થાત્ પ્રમાદથી દુ:ખ પામે છે અને અપ્રમાદથી સુખ પામે છે. ।।૧૭।।

**पत्तेवि सुद्धसम्मत्ते सत्ता सुत्तनिवत्तया ।**
**उवउत्ता जं न मग्गंमि हा ! पमाओ दुरंतओ ।।१८।।**

**नाणं पठंति पाठिंति नाणासत्थविसारया ।**
**भुल्लंति ते पुणो मग्गं हा पमाओ दुरंतओ ।।१९।।**

**अन्नेसिं दिंति संबोहं निस्संदेहं दयालुआ ।**
**सयं मोहहया तहवि पमाएणं अणंतसो ।।२०।।**

**पंचसयाण मज्झंमि खंदगायरिओ तहा ।**
**कहं विराहओ जाओ पमाएणं अणंतसो ।।२१।।**

**तयावत्थं हओ खुड्डु देवेण पडिबोहिओ ।**
**अज्जसाढमुणी कट्ठं पमाएणं अणंतसो ।।२२।।**

શુદ્ધ સમ્યક્ત્વ પ્રાપ્ત થવા છતાં શ્રુતના નિર્વર્તક-પ્રવર્તક એવા જીવો પણ જે માર્ગમાં ઉપયુક્ત રહેતા નથી તે દુરંત એવા પ્રમાદનું જ ફળ છે. (તેથી તેવા દુરંત પ્રમાદને ધિક્કાર હો !) ।।૧૮।।

વિવિધ શાસ્ત્રના વિશારદ પંડિતો અન્યને ભણાવે છે ને પોતે ભણે છે, છતાં તે પણ માર્ગને ભૂલી જાય છે, તે દુરંત એવા પ્રમાદનું જ ફળ છે. ।।૧૯।।

દયાળુ એવા મનુષ્યો અન્યને નિ:સંદેહ એવો સંબોધ (ઉપદેશ) આપે છે, છતાં પોતે અનંતી વાર પ્રમાદવડે હણાય છે. (તેથી તેવા પ્રમાદને ધિક્કાર હો !) ।।૨૦।।

પાંચસો શિષ્યોમાં (તે સઘળા આરાધક થયા પણ) ખંધક આચાર્ય કેમ વિરાધક થયા ? (તેનું કારણ ક્રોધરુપ પ્રમાદ જ છે). એવી રીતે પ્રમાદવડે જીવ અનંતી વાર વિરાધક થયેલ છે. ।।૨૧।।

તેવી અવસ્થાવાળા-પૃથ્વીકાય વિગેરે નામવાળા ક્ષુલ્લકોને (બાળકોને) હણનારા અષાઢામુનિ આર્યને દેવે પ્રતિબોધ પમાડ્યા. હા ! કષ્ટકારી હકીકત છે કે પ્રમાદ વડે આ જીવ અનંતી વાર હણાયો છે. ।।૨૨।।

सूरिवि महुरामंगू सुत्तअत्थधरा थिरं ।
नगरनिद्धमणे जक्खो पमाएणं अणंतसो ।।२३।।

जं हरिसविसाएहिं चित्तं चिंतिज्जए फुडं ।
महामुणीणं संसारे पमाएणं अणंतसो ।।२४।।

अप्पायत्तं कयं संतं चित्तं चारित्तसंगयं ।
परायत्तं पुणो होइ पमाएणं अणंतसो ।।२५।।

एयावत्थं तुमं जाओ सव्वसुत्तो गुणायरो ।
संपयंपि न उज्जुत्तो पमाएणं अणंतसो ।।२६।।

हा हा तुमं कहं होसि पमायकुलमंदिरं ।
जीवे मुक्खे सयासुक्खे कि न उज्जमसी लहुं ।।२७।।

---

મથુરાવાસી મંગુ નામના આચાર્ય સૂત્ર-અર્થને ધારણ કરનારા અને સ્થિર ચિત્તવાળા હોવા છતાં નગરની ખાળમાં યક્ષ થયા. પ્રમાદને કારણે આ રીતે અનંતી વાર બને છે. ।।૨૩।।

હર્ષ અને વિષાદવડે મુનિઓ જે સ્ફુટપણે વિચિત્ર ચિંતવન કરે છે તે તેમને સંસારમાં પરિભ્રમણ કરાવે છે. આ પ્રમાણે પ્રમાદ અનંતી વાર કરે છે. ।।૨૪।।

ચિત્તને ચારિત્રસંગત બનાવી આત્માયત્ત (આત્માધીન) કર્યું હોવા છતાં, તે ફરીથી પરાયત્ત (પરાધીન) થાય છે તે પ્રમાદનું જ ફળ છે. આ પ્રમાણે પ્રમાદે અનંતી વાર કર્યું છે. ।।૨૫।।

એવી અવસ્થાવાળો તું સર્વ સૂત્રનો પારગામી અને ગુણાકર (ગુણવાન) હોવા છતાં સાંપ્રતકાળમાં-અત્યારે તું તેમાં (સંયમમાં) ઉદ્યમવંત થતો નથી તે પ્રમાદનું જ ફળ છે. પ્રમાદે તેવું અનંતી વાર કર્યું છે. ।।૨૬।।

હા ! હા ! પ્રમાદના કુલમંદિર (સ્થાન) એવા તારું શું થશે ? તું શાશ્વત સુખવાળા મોક્ષમાં કેમ શીઘ્ર ઉદ્યમવાળો થતો નથી ? ।।૨૭।।

**पावं करेसि किच्छेण धम्मं सुक्खेहिं नो पुणो ।**
**पमाएणं अणंतेणं कहं होसि न याणिमो ।।२८।।**

**जहा पयट्टंति अणज्जकज्जे, तहा विनिच्छं मणसावि नूणं ।**
**तहा खणेगं जइ धम्मकज्जे, ता दुक्खिओ होइ न कोइ लोए ।।२९।।**

**जेणं सुलद्धेण दुहाई दूरं, वयंति आयंति सुहाई नूणं ।**
**रे जीव एयंमि गुणालयंमि, जिणिंदधम्मंमि कहं पमाओ ।।३०।।**

**हाहा महापमायस्स सव्वमेयं वियंभियं ।**
**न सुणंति न पिच्छंति कन्नदिट्ठीजुयावि जं ।।३१।।**

**सेणावई मोहनिवस्स एसो सुहाण जं विग्घकरो दुरप्पा ।**
**महारिऊ सव्वजियाण एसो अहो हु कट्ठंति महापमाओ ।।३२।।**

**एवं वियाणिऊणं मुंच पमायं सयावि रे जीव ।**
**पाविहिसि जेण सम्मं जिणपयसेवाफलं रम्मं ।।३३।।**

---

તું કષ્ટ સહન કરીને પણ પાપ કરે છે અને સુખીપણામાં પણ ધર્મ કરતો નથી, તેથી હે જીવ ! અનંતા પ્રમાદથી તારું શું થશે તે હું જાણતો નથી. (કહી શકતો નથી.) ।।૨૮।।

જેવી રીતે જીવો અનાર્ય-પાપકાર્યમાં પ્રવૃત્તિ કરે છે તેવી રીતે નિશ્ચે મનથી પણ શુભ કાર્યમાં પ્રવૃત્તિ કરતા નથી, તે એક ક્ષણ માત્ર પણ જો ધર્મકાર્યમાં તેવી પ્રવૃત્તિ કરે તો આ લોકમાં કોઇ પણ જીવ દુ:ખી ન થાય. ।।૨૯।।

જે પ્રાપ્ત થવાથી દુ:ખો દૂર જાય છે અને સુખો નજીક આવે છે, રે જીવ ! એવા ગુણાલય-ગુણના સ્થાનરુપ જિનેન્દ્રધર્મમાં શા માટે પ્રમાદ કરે છે ? ।।૩૦।।

હા હા ! મહાપ્રમાદનું આ સર્વ વિજૃંભિત છે કે જેથી કાન અને નેત્ર હોવા છતાં પણ આ જીવ સાંભળતો નથી અને જોતો પણ નથી. ।।૩૧।।

મહાપ્રમાદ એ મોહરાજાનો સેનાપતિ છે, સુખીજનોને ધર્મમાં વિઘ્ન કરનારો દુરાત્મા છે, સર્વ જીવોનો એ મહાન શત્રુ છે. અહો એ મહાકષ્ટકારી હકીકત છે. ।।૩૨।।

આ પ્રમાણે જાણીને હે જીવ ! તું સદાને માટે પ્રમાદનો ત્યાગ કરી દે કે જેથી જિનચરણની સેવાનું રમ્ય એવું સમ્યગ્ ફળ પામે-પ્રાપ્ત કરે. ।।૩૩।।

# १४ जीवानुशास्ति कुलकम्

रे जीव ! किं न बुज्झसि, चउगइसंसारसायरे घोरे ।
भमिओ अणंतकालं, अरहट्टघडिव्व जलमज्झे ।।१।।

रे जीव ! चिंतसु तुमं, निमित्तमित्तं परो हवइ तुज्झ ।
असुहपरिणामजणियं, फलमेयं पुव्वकम्माणं ।।२।।

रे जीव ! कम्मभरियं, उवएसं कुणसि मूढ ! विवरीअं ।
दुग्गइगमणमणाणं, एस च्चिय हवइ परिणामो ।।३।।

रे जीव ! तुमं सीसे, सवणा दाऊण सुणसु मह वयणं ।
जं सुक्खं न वि पाविसि, ता धम्मविवज्जिओ नूणं ।।४।।

रे जीव ! मा विसायं, जाहि तुमं पिच्छिऊण पररिद्धी ।
धम्मरहियाण कुत्तो ! संपज्जइ विविहसंपत्ती ।।५।।

---

હે જીવ ! પાણીમાં રેંટની ઘડીઓ ભમે તેમ ચારગતિરુપ ભયંકર સંસાર સમુદ્રમાં અનંતકાળથી તું ભમ્યો, છતાં કેમ બોધ પામતો નથી. ।।૧।।

હે જીવ ! તારા આ ભવ ભ્રમણમાં બીજો તો નિમિત્ત માત્ર જ છે, ખરી રીતે તેં જ આ (બધું) અશુભ પરિણામથી ઉત્પન્ન કરેલું પૂર્વ કર્મોનું ફલ છે, એ તું વિચારી જો. ।।૨।।

હે મૂઢ જીવ ! તું પાપ કર્મથી ભરેલો વિપરીત ઉપદેશ કરે છે. દુર્ગતિમાં જવાની ઇચ્છાવાળાઓના મનમાં આવો વિપરીત જ પરિણામ હોય. અર્થાત્ એ તારી ભાવિ દુર્ગતિનું લક્ષણ છે. ।।૩।।

હે જીવ ! તું મસ્તકે કાન લગાડીને-એકાગ્ર થઇને મારું વચન સાંભળ, તું જે સુખ પામતો નથી તેથી ખરેખર તું ધર્મરહિત જ છે. ।।૪।।

હે જીવ ! બીજાની ૠદ્ધિ જોઇને તું વિષાદ કરીશ નહી. ધર્મ વિનાના જીવોને વિવિધ પ્રકારની સંપત્તિઓ ક્યાંથી પ્રાપ્ત થાય ? ।।૫।।

रे जीव ! किं न पिच्छसि ? झिज्झंतं जुव्वणं धणं जीअं ।
तहवि हु सिग्धं न कुणसि, अप्पहियं पवरजिणधम्मं ।।६।।

रे जीव ! माणवज्जिअ, साहसपरिहीण दीण गयलज्ज ।
अच्छसि किं वीसत्थो, न हु धम्मे आयरं कुणसि ।।७।।

रे जीव ! मणुयजम्मं, अकयत्थं जुव्वणं च वोलीणं ।
न य चिण्णं उग्गतवं, न य लच्छी माणिआ पवरा ।।८।।

रे जीव ! किं न कालो, तुज्झ गओ परमुहं नीयंतस्स ।
जं इच्छियं न पत्तं, तं असिधारावयं चरसु ।।९।।

इय मा मुणसु मणेणं, तुज्झ सिरी जा परस्स आइत्ता ।
ता आयरेण गिण्हसु, संगोवय विविहपयत्तेण ।।१०।।

---

હે જીવ ! તું નાશવંત એવા તારા યૌવન, ધન અને જીવિતને કેમ નથી જોતો ? અને (જો જાણે છે) તો પણ આત્મ હિતકારી શ્રેષ્ઠ જિનધર્મને તું કેમ નથી આદરતો ? ।।૬।।

હે માન વિનાના ! હે સાહસ (સત્ત્વ) રહિત ! હે રાંક ! હે નિર્લજ્જ ! હજુ વિશ્વાસુ થઇને કેમ બેઠો છે ? તું ધર્મમાં આદર કેમ કરતો નથી ? ।।૭।।

હે જીવ ! તારો મનુષ્યજન્મ નિષ્ફળ ગયો અને યૌવન પણ વ્યતીત થયું, તેં ઉગ્ર તપ પણ ન આચર્યું અને ઉત્તમ પ્રકારની પુણ્યરુપી લક્ષ્મી પણ ન ભોગવી.. ।।૮।।

હે જીવ ! શું બીજાના મુખ સામું (જોઇને બેસી રહેતાં) જોતાં (પારકી આશાએ) તારો વખત (નકામો) નથી ગયો ? તને (પારકી આશાઓથી) ઇચ્છિત (કંઇ) નથી મળ્યું માટે હવે ખડ્ગધારા સરખું વ્રત આદર ! (એ તારું ઇષ્ટ જરુર આપશે.) ।।૯।।

તારી આત્મગુણોરુપી લક્ષ્મી પારકાને આધીન છે એમ તું મનથી પણ ન માનીશ. આદરપૂર્વક તે લક્ષ્મીને ગ્રહણ (પ્રગટ) કર અને વિવિધ પ્રયત્નો વડે તેનું રક્ષણ કર ! ।।૧૦।।

**जीविअं मरणेण समं, उप्पज्जइ जुव्वणं सह जराए ।**
**रिद्धी विणाससहिआ, हरिसविसाओ न कायव्वो ।।११।।**

હે જીવ ! જીવિત મરણની સાથે, યૌવન જરાની સાથે અને ઋદ્ધિઓ વિનાશની સાથે ઉત્પન્ન થાય છે તેથી જીવિતાદિનો હર્ષ કે મરણાદિનો વિષાદ ન કરવો. ।।૧૧।।



## १५ इन्द्रियादिविकारनिरोध कुलकम्

रज्जाइभोगतिसिया, अट्टवसट्टा पडंति तिरिएसुं ।
जाईमएण मत्ता, किमिजाइं चेव पावंति ।।१।।

कुलमत्ति सियालित्ते, उट्टाईजोणि जंति रुवमए ।
बलमत्ते वि पयंगा, बुद्धिमए कुक्कडा हुंति ।।२।।

रिद्धिमए साणाई, सोहग्गमएण सप्पकागाई ।
नाणमएण बइल्ला, हवंति मय अट्ठ अइदुट्ठा ।।३।।

कोहणसीला सीही, मायावी बगत्तणंमि वच्चंति ।
लोहिल्ल मूसगत्ते, एवं कसाएहिं भमडंति ।।४।।

माणसदंडेणं पुण, तंदुलमच्छा हवंति मणदुट्ठा ।
सुयतित्तरलावाई, होउ वायाइ बज्झंति ।।५।।

રાજ્યાદિ ભોગોની તૃષ્ણાવાળા આર્તધ્યાનને વશ દુ :ખી થઇ તિર્યંચમાં પડે છે અને જાતિમદ વડે મદોન્મત્ત થયેલા કૃમિની જાતિમાં જન્મ પામે છે. ।।૧।।

કુલમદના કારણે શિયાળપણે અને રુપમદના કારણે ઉંટ વિગેરેની યોનિમાં ઉત્પન્ન થાય છે બળમદ કરનારા પતંગિયા અને બુદ્ધિમદથી કુકડા થાય છે. ।।૨।।

રિદ્ધિમદ કરીને કુતરા વિગેરે, સૌભાગ્યમદ કરીને સર્પ-કાગડા વિગેરે અને જ્ઞાનમદ કરીને બળદો થાય છે, એમ આઠે ય પ્રકારના મદો અતિદુષ્ટ છે. ।।૩।।

ક્રોધી પ્રાણીઓ અગ્નિમાં ઉત્પન્ન થાય છે, માયાવી બગલાપણું અને લોભી ઉંદરપણું પામે છે, એ પ્રકારે કષાયો વડે જીવો દુર્ગતિઓમાં ભમે છે. ।।૪।।

વળી દુષ્ટમનવાળા મનદંડ વડે તંદુલિયા મત્સ્યો થાય છે અને વચનદંડ વડે જીવો પોપટ, તેતર, લાવરી વિગેરે પક્ષીઓ થઇને બંધનમાં પડે છે. ।।૫।।

**काएण महामच्छा, मंजारा(उ) हवंति तह कूरा ।**
**तं तं कुणंति कम्मं, जेण पुणो जंति नरएसु ।।६।।**

**फासिंदियदोसेणं, वणसुयरत्तम्मि जंति जीवा वि ।**
**जीहालोलुय वग्घा, घाणवसा सप्पजाईसुं ।।७।।**

**नयणिंदिए पयंगा, हुंति मया पुण सवणदोसेणं ।**
**एए पंच वि निहणं, वयंति पंचिंदिएहिं पुणो ।।८।।**

**जत्थ य विसयविराओ, कसायचाओ गुणेसु अणुराओ ।**
**किरिआसु अप्पमाओ, सो धम्मो सिवसुहो लोए ।।९।।**

કાયદંડવડે જીવો ક્રૂર એવા મોટા મત્સ્યો અને બિલાડાઓ થાય છે અને તે તે ભવોમાં પુનઃ પુનઃ મન, વચન અને કાયાથી તે તે કર્મો કરે છે, કે જેનાથી મરીને નારકીમાં જાય છે. ।।૬।।

સ્પર્શનેન્દ્રિયના દોષથી જીવો વનમાં ભૂંડપણે ઉત્પન્ન છે, જીહ્વા ઇન્દ્રિયમાં લોલુપી જીવો વાઘ તરીકે થાય છે અને ઘ્રાણેન્દ્રિયને વશ પડવાથી સર્પની જાતિ-ઓમાં ઉત્પન્ન થાય છે. ।।૭।।

ચક્ષુરિન્દ્રિયના દોષથી પતંગિયા અને શ્રોત્રેન્દ્રિયના દોષથી મૃગલાં થાય છે અને એ પાંચે પ્રકારના જીવો બીજા ભવોમાં પણ તે તે પાંચે ઇન્દ્રિયો વડે ફરીથી નાશ પામે છે. ।।૮।।

માટે હે જીવ ! જે ધર્મમાં વિષયોથી વિરાગ, કષાયોનો ત્યાગ, ગુણોમાં પ્રીતિ અને ક્રિયાઓમાં અપ્રમાદીપણું હોય તે ધર્મ જ જગતમાં મોક્ષસુખ આપવા-વાળો છે. ।।૯।।



# ૧૬ मणोनिग्गहभावना कुलकम्

(कर्ता : श्री धर्मसूरिशिष्य)

सिरिधम्मसूरिपहुणो, उवएसामयलवं मुणेऊणं ।
तं चेव तहा नमिउं, मणनिग्गहभावणं भणिमो ।।१।।

संसारभवणखंभो, नरयानलपावणंमि सरलपहो ।
मणमनिवारिअमेअं, किं किं दुक्खं न जं कुणइ ? ।।२।।

वायाए काएणं मण-रहियाणं न दारुणं कम्मं ।
जोअण-सहस्समाणो, मुच्छिममच्छो उआहरणं ।।३।।

वयकायविरहिआणं, वि कम्माणं चित्तमित्तविहिआणं ।
अइघोरं होइ फलं, तंदुलमच्छुव्व जीवाणं ।।४।।

गलिअविवेगाण मणो, निग्गहिउं दुक्करं फुडं ताव ।
संजायविवेगाणं वि, दुक्करमेअं पि किर होइ ।।५।।

---

શ્રી ધર્મસૂરિ આચાર્ય ભગવંતને નમસ્કાર કરીને તેમના ઉપદેશ રુપ અમૃતાંશ ને જાણીને મનનું નિયમન કરવા માટે કહીશ ।।૧।।

મનનું અનિયંત્રણ એ સંસારની ઇમારતનો આધાર સ્તંભ છે, નરકાગ્નિ તરફ લઇ જતો સીધો માર્ગ છે, નિરંકુશ મનથી કયું કયું દુઃખ ઉત્પન્ન નહીં થાય ? ।।૨।।

મન વિનાના ૧૦૦૦ યોજનના સમૂર્ચ્છિમ મત્સ્યના વાણી અને કાયાથી થતાં પાપો એટલા ભયંકર હોતા નથી (પણ) વાણીથી કાંઇપણ બોલ્યા વિના, કે કાયાથી કશું કર્યા વિના એકલા ચિત્ત (મન)થી તંદુલિયા મત્સ્યની જેમ જીવોને ભયંકર કર્મો બંધાય છે. ।।૩-૪।।

વિવેક વિદાય લે પછી મનને નિયમનમાં રાખવું કઠીન છે, પણ વિવેકયુક્ત જીવોને પણ મનને ઠેકાણે રાખવું ક્યારેક મુશ્કેલ બની જાય છે.।।૫।।

करयलगयमुत्तीणं, तित्थयरसमाणचरणभावाणं ।
ताणं पि हुज्ज दुक्करमेअं ति अहो ! महच्छरिअं ।।६।।

मणनिग्गह-वीसासो, कइयावि न जुज्जए इहं काउं ।
अप्पडिवायं नाणं, उप्पण्णं जा न जीवाणं ।।७।।

थेवमणदुक्कयस्सवि, जाणंतोऽईवदारुणविवागं ।
जह कहवि क्खंचिअ, मणं धारेमि एगवत्थुम्मि ।।८।।

पाणिपुडनिविडपीडिअ-रसं व पिच्छामि तहवि झत्ति गयं ।
अहह उवायं पुणरवि, केरिसमन्नं अणुसरामि ? ।।९।।

मयमत्तं पिव हत्थिं, धम्मारामं पुणोवि भजंतं ।
दुट्टुं विवेगमिंठो, सुहझाणक्खंभ-मल्लियइ ।।१०।।

उल्लसिओ आणंदो, खणमेगं जाव ताव चिंतेमि ।
ता सिद्धमंतिओ इव, दीसइ अन्नत्थ किं करिमो ? ।।११।।

---

મુક્તિની પ્રાપ્તિ હસ્તગત હોય, જેમની સાધના તીર્થંકરોની સાધનાને યાદ અપાવે તેવી હોય તેવા (સાધકો)ને પણ આ મન ક્યારેક હંફાવી દે છે, તે આશ્ચર્યની વાત છે. ।।૬।।

જીવોને જ્યાં સુધી અપ્રતિપાતિ જ્ઞાન-કેવળજ્ઞાન ઉત્પન્ન થાય નહીં ત્યાં સુધી મનનિગ્રહ પર વિશ્વાસ કરવો યોગ્ય નથી. ।।૭।।

મનથી થયેલા નાનકડા દુષ્કૃતનું પણ અતિ દારુણ પરિણામ છે, એમ જાણતો હું કોઇ પણ રીતે પ્રયત્નપૂર્વક મનને એક વસ્તુમાં ધારી રાખું છું-સ્થિર રાખું છું. ।।૮।।

જોરથી ભીંસેલી મુટ્ઠી વચ્ચેથી વહી જતાં પાણીની જેમ આ મન ક્ષણમાં તો ક્યાંય સરકી ગયું હોય છે. અરર ! આ મનને સ્થિર રાખવાનો ઉપાય શું ? ।।૯।।

મન એ મદોન્મત્ત હાથીની જેમ ધર્મરુપી બાગને વેર વિખેર કરી નાંખે છે ત્યારે વિવેક રુપી મહાવત બનીને શુભ ધ્યાન રુપી સ્તંભે બાંધવું જોઇએ. ।।૧૦।।

શુભધ્યાન થી બંધાયેલા મનથી હું આનંદિત થઇ જાઉં છું પણ મન એ અઠંગ જાદુગરની જેમ ક્ષણ માત્રમાં અન્યત્ર પહોંચી ગયેલું જોઉં છું. (હવે) હું શું કરું ? ।।૧૧।।

मणमक्कडेण सुइरं, मह देहं ताविअं अहो बाढं ।
ता कह अणिग्गहिउं, होहामि अहं सुही इत्थ ? ।।१२।।

सिद्धिपुरीए सिद्धी, जाव फुडं तुज्झ होइ रे जीव !
ता मणराएण समं, मा विग्गहउवरमं कुणसु ।।१३।।

अह विग्गहंमि चत्ते, पत्ते निक्कंटगम्मि रज्जम्मि ।
एस तुह तं काही, सयावि जह दुक्खिओ होसि ।।१४।।

जइ इंदजालिएणं काउं, मुट्ठीइ दंसिअं वत्थुं ।
धरिउं जणेण मुट्ठी, दिट्ठं नट्ठं तयं वत्थू ।।१५।।

तह वंचिअ मणवत्थू, संजममुट्ठीइ धारिअं कहवि ।
सुहभावलोअधरिओ, ही णट्ठं मंदपुण्णस्स ।।१६।।

नहु अत्थि किंपि नूणं, चंचलमण्णं मणाउ भुवणम्मि ।
तं पुणं उवमामित्तं, पवणपडागाइ जं भणियं ।।१७।।

---

આ મનમર્કટે મારા શરીરને દીર્ઘકાળ સુધી અત્યંત પીડા આપી છે. તો આવા મનનો નિગ્રહ કર્યા વિના હું આ જગતમાં કેવી રીતે સુખી થઇશ ? ।।૧૨।।

મનરાજાની સામે યુદ્ધ જાહેર કરી જ દીધું છે તો હે આત્મન્ ! સિદ્ધિપુરી પર સંપૂર્ણ સ્વામિત્વ સ્થપાય નહીં ત્યાં સુધી યુધ્ધ વિરામ કરીશ નહીં. ।।૧૩।।

જો તું યુદ્ધનો ત્યાગ કરશે તો મનનું અડચણ વિનાનું રાજ્ય સ્થપાઇ જશે. તો આ મન તારી એવી હાલત કરશે કે જેથી તું હંમેશા દુ:ખી રહીશ. ।।૧૪।।

જાદુગર હવામાં હાથ વીંઝને એની મુઠ્ઠીમાં કોઇ વસ્તુ આવી જાય, એ બીજાના હાથમાં આપે, એની મુઠ્ઠીમાંથી જોત જોતામાં એ વસ્તુ અદ્રશ્ય બની જાય છે.

તેવી રીતે સાધક આત્મા સંયમરુપી મુઠ્ઠીમાં મનને પકડી રાખે છે, પણ શુભમાંથી અશુભમાં એ ક્યારે પહોંચી જાય છે તે સાધકને ખબર પડતી નથી. ।।૧૫-૧૬।।

પવનથી ફર-ફર થતી ધજા વગેરે ઉપમાઓ મનને ભલે આપીએ પણ મન જેટલો ચપળ બીજો કોઇ પદાર્થ આ વિશ્વમાં નથી. ।।૧૭।।

*साहूण सावगाण य, धम्मे जो कोई वित्थरो भणिओ ।*
सो मणनिग्गहसारो, जं फलसिद्धी तओ भणिया ।।१८।।

*जत्थ मणो तरलिज्जइ, सो संगो दूरओ उ चइयव्वो ।*
बहुरयण-सणाहेणं, दुज्जयचोराण जह पंथा ।।१९।।

जिअ ! अज्जं अह कल्ले, परलोए तुह पयाणयं होही ।
दीहरसंसारकए, निरंकुसं कह मणं कुणसि ? ।।२०।।

किमहं करेमि कस्स व, कहेमि चिंतेमि अहव किं तत्तं ?
जेण मणं पसरंतं, धारेमि मत्तहत्थिव्व ।।२१।।

संपइ सत्थसरीरे, समरंति न जीव पुव्वदुक्खाइं ।
कहिएसु न उव्वेओ, कह होहिसि तं न याणामि ।।२२।।

जाणिअतत्तं पि मणो, धारिज्जइ दुक्करं सरलमग्गे ।
दुक्खं खु सिक्खविज्जइ, एसो अप्पा दुरप्पा हु ।।२३।।

---

સાધુધર્મ અને શ્રાવક ધર્મ જે વિસ્તારથી કહેવાય છે તેનો સાર મનનો નિગ્રહ છે. કેમકે મન નિગ્રહથી જ ફળની સિદ્ધિ બતાવી છે. ।।૧૮।।

કિંમતી રત્નો સાથે હોય ત્યારે ચોરોની વસ્તીમાંથી આપણે જતાં નથી તે રીતે, મન ચંચળ બને તેવો સંગ દૂરથી જ ત્યાગ કરવો. ।।૧૯।।

હે જીવ ! તારે આજે કે કાલે પરલોકમાં તો જવું જ પડશે. તો શા માટે જેથી દીર્ઘસંસાર થાય એ રીતે મનને નિરંકુશ રાખે છે ? ।।૨૦।।

ગાંડા હાથીની જેમ ભાગતા આ મનને સ્થિર રાખવા માટે હું શું કરું ? કોને કહું ? અને કયા તત્વનું ચિંતન કરું ? ।।૨૧।।

હમણાં સ્વસ્થ શરીર છે ત્યારે જીવ પૂર્વના દુ:ખને યાદ કરતો નથી, ને કહીએ તો પણ એને ઉદ્વેગ થતો નથી. તો તારું ભવિષ્યમાં શું થશે ? તે હું જાણતો નથી. ।।૨૨।।

તત્ત્વને જાણતા પણ મનને સરળ માર્ગમાં સ્થિર રાખવો દુષ્કર છે. ખરેખર આ દુષ્ટ સ્વરુપવાળો આત્મા અત્યંત કષ્ટથી કેળવી શકાય છે. ।।૨૩।।

आवडिए जिअ ! दुक्खे, जाणामि किह सुंदरो हवइ धम्मो ।
संपइ पुण गयधम्मो, परलोए होसि अहह कहं ? ।।२४।।

इंदिअलोलो कोवि हु, वट्टइ सद्दाइएसु विसएसु ।
तहवि न होइ तित्ती, तण्हच्चिअ वित्थरइ नवरं ।।२५।।

इंदिअधुत्ताण अहो ! तिलतुसमित्तं पि देसु मा पसरं ।
अह दिन्नो तो नीओ, जत्थ खणो वरिसकोडिसमो ।।२६।।

धत्तूरभामिओ इव, ठगधत्तेणं व धुत्तिओ संतो ।
भूएण व संगहिओ, वाएण व दिट्ठिमोहेणं ।।२७।।

जह एए अवरेहिं, जुत्तिसहस्सेहिं पण्णविज्जंता ।
ताणं चिअ गहिलत्तं, अविअप्पं वाहरंति सया ।।२८।।

तह रागाइवसट्टो, न मुणसि थेवंपि कज्जपरमत्थं ।
अह मुणसि तो पयंपहि, चरिएणं कह विसंवयसि ? ।।२९।।

---

હે જીવ ! જ્યારે દુ:ખ આવી પડશે ત્યારે ધર્મ તને વહાલો લાગશે એ હું જાણું છું. આજે તો તું ધર્મરહિતપણે રહેલો છે. અરેરે ! પરલોકમાં તારુ શું થશે ? ।।૨૪।।

ઇન્દ્રિયસુખનો લોલુપી કોઇપણ જીવ શબ્દાદિ વિષયોમાં આળોટે છે છતાં પણ તેને તૃપ્તિ થતી નથી, ઉલટાની તૃષ્ણા વધે જ છે. ।।૨૫।।

હે આત્મન્ ! ધૂર્ત જેવી ઇન્દ્રયોને તલના ફોતરા જેટલોય અવકાશ આપીશ નહિ, જો આપશે તો જ્યાં એક ક્ષણ ક્રોડો વર્ષ સમાન છે, તે સ્થાનમાં તને લઇ જશે. ।।૨૬।।

નશામાં ભાનભૂલેલા વ્યસની, ઠગની વાગ્જાળથી ભરમાયેલા, ભૂત જેને વળગ્યું છે એવા, વિચારવાયુ કે સ્મૃતિભ્રંશ વાળા કોઇ માણસને ડાહ્યા પુરુષો ભલે હજારો યુક્તિઓથી સમજાવે તો પણ નહિ માને, તે તો ડાહ્યા લોકોને જ પાગલ કહી દેતા અચકાશે નહિ. ।।૨૭-૨૮।।

તેમ રાગાદિથી પરવશ બનેલો તું પણ વાસ્તવિકતાને સમજવાની શક્તિ ગુમાવી બેઠો છે, જો આવું ન હોય તો તારુ વર્તન આવું વિપરીત શા માટે છે ? ।।૨૯।।

दुग्गंध-असुइपुण्णो, बाहिं सव्वत्थ चित्तिओ करगो ।
पट्टंसुअनूत्तणयं, दाउं पिहिओ अ पुप्फेहिं ।।३०।।

दिट्ठो हरेइ चित्तं, गंधो असुईए सरइ तं च ।
मूढो वि तं न गहिउं, कुणइ मणं किं पुण विवेगी ? ।।३१।।

एवं चिअ नारीसु, वत्थालंकारभूसिअंगीसु ।
आवायमित्तरूवं, पिच्छिअ तत्तं विभावेसु ।।३२।।

असुईए अट्ठीणं, सोणिअकिमिजालपूइमंसाणं ।
नामं पि चिंतिअं खलु, कलमलयं जणइ हिअयंमि ।।३३।।

पच्चक्खमिणं पिच्छह, वन्निअमित्तं जइ न पत्तियह ।
इक्कारससोएहिं, नीहरमाणं सयं चेव ।।३४।।

इअ तत्तभावणगओ, सयावि मणनिग्गहं करेमाणो ।
पच्चक्खरक्खसीणं नारीण न गोअरो होसि ।।३५।।

---

સુંદર ચિત્રિત કરેલો, રેશમી વસ્ત્રથી ઢાંકેલો, ફુલની માળા પહેરાવેલો (એવો પણ) દુર્ગંધ અને અશુચિથી ભરેલો ઘડો હોય-તે ઘડો જોતાં જ મનને હરી લે પણ તેની ગંધ અંતરને અકળાવે છે. મૂરખ માણસ પણ તેને લેવા તૈયાર થતો નથી તો પછી વિવેકી પુરુષનું તો પૂછવું જ શું ? ।।૩૦-૩૧।।

આ રીતે નર કે નારીનું વસ્ત્રો અને અલંકારોથી શોભતું શરીર ઉપરથી સુંદર દેખાય છે છતાં વાસ્તવિકતા શું છે ? અશુચિ લોહી કૃમિ-હાડ-માંસ આ બધાના નામ લેતાં ય સૂગ ચઢે છે (શરીર રુપી ઘડામાં આ સિવાય બીજું છે પણ શું ?) ।।૩૨-૩૩।।

આટલું વર્ણન કર્યા છતાં પણ જો તને વિશ્વાસ ન થતો હોય તો તેના અગિયાર દ્વારોમાંથી શું શું વહે છે તે તું જાતે જ જોઇ લે. ।।૩૪।।

આ રીતે તત્વચિંતનથી જે પોતાના મનનો નિગ્રહ કરે છે તેને પ્રત્યક્ષ રાક્ષસી સમાન નારી (વાસના રુપી રાક્ષસી) કશું કરી શકતી નથી. ।।૩૫।।

जिणवयणभाविएणं, सुत्तत्थसमग्गपारगेणं पि ।
भवभमणभीरुगेणं, सुहसंसग्गिं पवण्णेणं ।।३६।।

अवगयपरमत्थेणं, निच्चं सज्झाय-झायगेण मए ।
कहवि गयं चिअ, अपहे मणमेअं ही कहं दिट्ठं ? ।।३७।।

जह लद्धलक्खचोरो, हरमाणो नेव नज्जए दविणं ।
तहवि गयं चिअ दीसइ, मणं पि एअं कहं होमि ? ।।३८।।

हुं दुक्करे वि मग्गे, एगो इत्थेव हवइ हु उवाओ ।
खणमित्तं पि न दिज्जइ, मणपसरो जं पमायस्स ।।३९।।

परमत्थं जाणंतो, दंसिअमग्गे सयावि वट्टंतो ।
जइ खलइ कोवि कहमवि, सरणं भवियव्वया तत्थ ।।४०।।

कित्तियमित्तं बहुसो, भणिमो मणनिग्गहकारणपयंमि ।
धन्नाण इत्तिअं पि हु, जायइ चिंतामणि-समाणं ।।४१।।

---

જિનવચનથી ભાવિત થયેલો, સમગ્ર સૂત્ર-અર્થનો પારગામી, ભવભ્રમણનો ડર પણ છે, સજ્જનોની સંગત પણ છે, નિત્ય સ્વાધ્યાય અને ધ્યાનમાં રક્ત, પરમાર્થને પામેલો હોવા છતાં હું કેટલીક વાર મારા મનને ઉન્માર્ગે પહોંચી ગયેલું જોઉં છું. ।।૩૬-૩૭।।

ચોરી કરી ગયેલા અઠંગ ચોરને આપણે જોઇ શકતા નથી. આપણને તો ચોરાઇ ગયેલા ધનની જ જાણ થાય છે, મનનું પણ આવું જ છે. મારે શું કરવું ? ।।૩૮।।

હા, કામ દુષ્કર છે, પણ એક ઉપાય સ્પષ્ટ જણાય છે, એક ક્ષણ પણ પ્રમાદને મનમાં સ્થાન નહીં આપવું. ।।૩૯।।

પરમાર્થને જાણતો હોય, જ્ઞાનીઓના માર્ગે ચાલતો હોય તો પણ કોઇક-વાર સાધક મનની ચાલબાજીમાં સપડાઇ જતો હોય તેવું બને. આવા સમયે સાધકે ભવિતવ્યતાને યાદ કરવી કે "આ પણ નિયતિનો ક્રમબદ્ધ પર્યાય હશે." ।।૪૦।।

અપ્રમાદી રહેવું એ મનોનિગ્રહની ગુરુચાવી છે. વિશેષ શું કહેવું ? કેટલું કહેવું ? સદ્‌ભાગી સાધકને આમાંથી ચિંતામણિ રત્ન સમાન બધું મળી રહેશે. ।।૪૧।।

गुरुकम्माणं एअं, पुणरवि जाणविअं पि किर कहवि ।
पत्तंपि वरनिहाणं, विअलिअपुण्णस्स व न ठाइ ।।४२।।

पइदियहं जइ एअं, झाएमि अ तुह जिणिंद ! आणाए ।
तो जयथुअपायपउम ! नाहं बीहेमि भवरण्णे ।।४३।।

सद्धासंवेगजुओ, मणनिग्गहभावणं इमं जीवो ।
झायंतो निव्विग्घं, कल्लाणपरंपरं लहइ ।।४४।।

ભારે કર્મી આત્માને ગમે તેટલું સમજાવવામાં આવે પણ પુણ્યહીન (અભાગિયા)ના ઘરમાં નિધાન ન ટકે એની જેમ આ ઝીણી વાતો તેનાં અંતરમાં રહેતી નથી. ।।૪૨।।

જગત્પૂજ્ય હે જિનેશ્વર ! મને વિશ્વાસ છે કે તારી આજ્ઞાનુસાર પ્રતિદિન આ વાતોને હું વાગોળ્યા કરીશ તો હું આ ભવઅટવીમાં અવશ્ય સુરક્ષિત બની જઇશ. ।।૪૩।।

શ્રદ્ધા અને સંવેગ યુક્ત બનીને મનોનિગ્રહ અર્થે આવું ચિંતન જે સાધક કર્યા કરશે, તે કલ્યાણની પરંપરા સરળતાથી સિદ્ધ કરતો જશે. ।।૪૪।।



## (૧૭) श्री कर्म कुलकम्

तेलुक्किक्कस्स मल्लस्स महावीरस्स दारुणा ।
उवसग्गा कहं हुंता ? न हुंतं जइ कम्मयं ।।१।।

वीरस्स मेंढि (मिनु) यग्गामे, केवलिस्सावि दारुणो ।
अइसारो कहं हुंतो ? न हुंतं जइ कम्मयं ।।२।।

वीरस्स अट्ठिअग्गामे, जक्खाओ सूलपाणिणो ।
वेअणाओ कहं हुंती ? न हुंतं जइ कम्मयं ।।३।।

दारुणाओ सलागाओ, कन्नेसुं वीरसामिणो ।
पक्खिवंतो कहं गोवो ? न हुंतं जइ कम्मयं ।।४।।

वीसं वीरस्स उवसग्गा, जिणिंदस्सावि दारुणा ।
संगमाओ कहं हुंता ? न हुंतं जइ कम्मयं ।।५।।

गयसुकुमालस्स सीसम्मि, खाइरंगारसंचयं ।
पक्खिवंतो कहं भट्टो ? न हुंतं जइ कम्मयं ।।६।।

---

ત્રણ લોકમાં અદ્વિતીય મલ્લ એવા શ્રી મહાવીરપ્રભુને પણ ભયંકર ઉપસર્ગો થયા તે જો કર્મ ન હોય તો કેમ થાય ? ।।૧।।

જો કર્મ ન હોય તો મહાવીરસ્વામીને કેવલજ્ઞાની હોવા છતાં મેંઢિક ગામમાં ભયંકર અતિસાર કેમ થાય ? ।।૨।।

કર્મનું અસ્તિત્વ ન હોય તો અસ્થિક ગામમાં સમર્થ વીરભગવાનને પણ શૂલ-પાણી યક્ષથી વેદનાઓ થઇ તે કેમ સંભવે ? ।।૩।।

જો તેવું કર્મ ન હોય તો પ્રભુ મહાવીરસ્વામીના કાનમાં ગોવાળીઆએ ભયંકર ખીલા કેમ ઠોક્યા ? ।।૪।।

જો કર્મ ન હોત તો તીર્થંકર એવા પણ શ્રીવીરપરમાત્માને સંગમદેવથી ભયંકર વીસ ઉપસર્ગો કેમ થયા ? ।।૫।।

જો કર્મ ન હોત તો ગજસુકુમારના મસ્તક ઉપર ખેરના બળતા અંગારા સોમિલ નામનો બ્રાહ્મણ કેમ ભરી શકત ? ।।૬।।

**सीसा उ खंदगस्सावि, पीलिज्जंता तया कहं ? ।**
**जं तेण पालएणावि, न हुंतं जइ कम्मयं ।।७।।**

**सणंकुमारपामुक्ख-चक्किणो वि सुसाहुणो ।**
**वेयणाओ कहं हुंतो ? न हुंतं जइ कम्मयं ।।८।।**

**कोसंबीए नियंठस्स, दारुणा अच्छिवेयणा ।**
**धणिणो वि कहं हुंता ? न हुंतं जइ कम्मयं ।।९।।**

**नमिस्संतो महादाहो, नरिंदस्सावि दारुणो ।**
**महिलाए कहं हुंतो ? न हुंतं जइ कम्मयं ।।१०।।**

**अंधत्तं बंभदत्तस्स, सुदेहस्सावि दुस्सहं ।**
**चक्किस्सावि कहं हुंतं ? न हुंतं जइ कम्मयं ।।११।।**

**नीयगुत्ते जिणिंदो वि, भूरिपुण्णो वि भारहे ।**
**ऊपज्जंतो कहं वीरो ? न हुंतं जइ कम्मयं ।।१२।।**

---

જો કર્મ ન હોત તો તે વખતે ખંદકસૂરિના શિષ્યો પાલક મંત્રીથી પીલાયા તે કેમ પીલાયા ? ।।૭।।

જો કર્મ ન હોત તો સનત્કુમાર ચક્રવર્તી વિગેરે ઉત્તમ સાધુઓને પણ વેદ-નાઓ થઇ તે કેમ થઇ ? ।।૮।।

નિર્ગ્રંથ (અનાથી મુનિ) કે જેઓ પૂર્વાવસ્થામાં કૌશાંબી નગરીમાં ઘણા ધનવાન હતા છતાં પણ ભયંકર નેત્ર પીડા થઇ હતી તેનું કારણ શું ? ।।૯।।

નમિરાજર્ષિ જેવા પણ નરેન્દ્રને પોતાની સ્ત્રીઓનાં પણ કંકણોનો અવાજ સહન ન થાય તેવો અંતર્દાહ થયો, તે કર્મ ન હોય તો કેમ થઇ શકે ? ।।૧૦।।

સુંદર શરીરવાળા એવા પણ બ્રહ્મદત્ત ચક્રવર્તીને દુસ્સહ અંધપણું પ્રાપ્ત થયું, તે કર્મ ન હોત તો કેમ થાત ? ।।૧૧।।

ભરત ક્ષેત્રમાં તીર્થંકર નામકર્મરુપ મહાન પુણ્યવાળા જિનેન્દ્ર પણ શ્રીમહાવીર નીચ ગોત્રમાં ઉત્પન્ન થયા, તે કર્મ ન હોય તો કેમ બને ? ।।૧૨।।

**अवंतीसुकुमालो वि, उज्जेणीए महायसो ।**
**कहं सिवाइ खज्जंतो ? न हुंतं जइ कम्मयं ।।१३।।**

**सईए सुद्धसीलाए, भत्तारा पंच पंडवा ।**
**दोवईए कहं हुंता ? न हुंतं जइ कम्मयं ।।१४।।**

**मियापुत्ताइजीवाणं, कुलीणाण वि तारिसं ।**
**महादुक्खं कहं हुंतं ? न हुंतं जइ कम्मयं ।।१५।।**

**वसुदेवाईणं हिंडी, रायवंसोब्भवाण वि ।**
**तारुण्णे वि कहं हुंता ? न हुंतं जइ कम्मयं ।।१६।।**

**वासुदेवस्स पुत्तो वि, नेमिसीसो वि ढंढणो ।**
**अलाभिल्लो कहं हुंतो ? न हुंतं जइ कम्मयं ।।१७।।**

**कण्हस्स वासुदेवस्स, मरणं एगागिणो वणे ।**
**भाउयाओ कहं हुंतं ? न हुंतं जइ कम्मयं ।।१८।।**

---

ઉજ્જયિની નગરીમાં મોટા યશવાળા પણ અવંતીસુકુમારનું શિયાળણીએ ભક્ષણ કર્યું, તે કર્મ ન હોય તો કેમ બને ? ।।૧૩।।

પવિત્ર શીયળવાળી સતી એવી પણ દ્રૌપદીને પાંચ પાંડવો પતિ થયા, તે જો કર્મ ન હોય તો કેમ બને ? ।।૧૪।।

કુલીન એવા પણ મૃગાપુત્ર વિગેરે અનેક જીવોને તે તે પ્રકારનું તીવ્ર દુ:ખ પડ્યું, તે તેવા પ્રકારનું કર્મ ન હોય તો કેમ બને ? ।।૧૫।।

જો કર્મ ન હોત તો, રાજાના વંશમાં ઉત્પન્ન થએલા પણ વસુદેવાદિને યૌવન અવસ્થામાં પણ કેમ ભટકવું પડત ? ।।૧૬।।

વાસુદેવના પુત્ર અને શ્રીનેમિનાથ પ્રભુના શિષ્ય છતાં પણ ઢંઢણઋષિને છ મહિના સુધી આહાર ન મળ્યો, તે તેવું કર્મ ન હોય તો કેમ બને ? ।।૧૭।।

જો કર્મ ન હોય તો વનમાં એકલા પડેલા કૃષ્ણ વાસુદેવનું પોતાના જ ભાઇથી મરણ કેમ થાત ? ।।૧૮।।

**नावारूढस्स उवसग्गो, वद्धमाणस्स दारुणो ।**
**सुदाढाओ कहं हुंतो ? न हुंतं जइ कम्मयं ।।१९।।**

**पासनाहस्स उवसग्गो, गाढो तित्थंकरस्स वि ।**
**कमठाओ कहं हुंतो ? न हुंतं जइ कम्मयं ।।२०।।**

**अणुत्तरा सुरा साया-सुक्खसोहग्गलीलया ।**
**कहं पावंति चवणं ? न हुंतं जइ कम्मयं ।।२१।।**

જો કર્મ ન હોતં તો નાવમાં બેઠેલા શ્રી વર્દ્ધમાનસ્વામીને સુદંષ્ટ્ર યક્ષથી ભયંકર ઉપસર્ગ કેમ થાત ? ।।૧૯।।

તીર્થંકર પરમાત્મા શ્રી પાર્શ્વનાથ ભગવાનને કમઠથી ભયંકર ઉપસર્ગ થયો, તે જો કર્મ ન હોય તો કેમ બને ? ।।૨૦।।

અનુત્તર વિમાનવાસી દેવો કે જેઓ શાતાવેદનીય સુખ અને સૌભાગ્યની સામગ્રીથી યુક્ત હોય છે, તે પણ ત્યાંથી ચ્યવીને મૃત્યુલોકમાં આવે છે, તે જો કર્મ ન હોય તો કેમ બને ? ।।૨૧।।

# ૧૮ संवेगमंजरी कुलकम्

(कर्ता : अज्ञात)

सद्देसणमलयानिल-मंजरिअविसुद्धभावसहयारो ।
जयइ जयाणंदयरो, वसंतसमउव्व जिणवीरो ।।१।।

संसारसायरं दुत्तरंपि लीलाइ किल समुत्तिण्णा ।
संवेगपवहणगया, सप्पुरिसा भरहमाईआ ।।२।।

ता रे जीव ! तुमंपि हु लहिउं मणुअत्तणाइसामग्गिं ।
संवेगपवहणगओ, भवजलहिं कीस न तरेसि ? ।।३।।

न पुणो पुणो वि एअं, तुह संभावेमि जीव ! सामाग्गिं ।
ता रे हारेसि कहं, पमायमइराइ उम्मत्तो ? ।।४।।

---

શ્રમણ ભગવાન મહાવીર જાણે વસંત ઋતુ બનીને અવતર્યા. દેશનાના વાસંતી વાયરા વહેતા મૂક્યા અને ભવ્ય જનોના હૈયાના ભાવની મંજરીઓ જાણે મહોરી ઉઠી. એ વસંતનો સદા જય હો !।।૧।।

ભરત મહારાજા જેવા મહાપુરુષો સંવેગરુપી જહાજને પામીને દુસ્તર એવા સંસાર સાગરને લીલામાત્રમાં-રમતાં રમતાં તરી ગયા ।।૨।।

તો હે આત્મન્ ! મનુષ્ય જન્માદિ સામગ્રી તને મળી જ છે, એનો લાભ લઇ સંવેગ રુપી નાવડીના સહારે ભવસાગરને પાર પામવાનો પ્રયાસ તું શા માટે નથી કરતો ? ।।૩।।

હે આત્મન્ ! હું નથી માનતો કે આવો અવસર વારંવાર તને મળે. તું તો પ્રમાદના નશામાં ઉન્મત્ત બનીને આ સામગ્રીને શા માટે વેડફી રહ્યો છે ? ।।૪।।

कोडिं वराडिअकए, हारेसि दहेसि चंदणतरुंपि ।
छारकए विक्किणसि अ, तणेण कप्पतरुं मूढ ! ।।५।।

जं विसमविससरिच्छेसु, तुच्छविसएसु लालसो होउं ।
न करेसि सिववहू-संगमिक्कदूअं तवं विउलं ।।६।।

जलपडिबिंबअतरुअरफलेहिं को णाम पाविओ तित्तिं ?
सुमिणोवलद्धअत्थेण, ईसरो को व संजाओ ? ।।७।।

कस्सवि निब्बीआइं, सित्ते रोहंति सयलसस्साइं ?
को वा धम्मेण विणा, वि भायणं होइ सुक्खाणं ? ।।८।।

सत्तोवि तवं तविउं, सुअं च पढिउं चरित्तमवि चरिउं ।
जइ न तवसि न पढसि, नेव चरसि सुहलालसो संतो ।।९।।

ता किं थिरचित्तो, सत्तुमित्तमयं विहाय खणमेगं ।
भावेसि भावणं नेव, जीव ! निल्लज्ज कइयावि ? ।।१०।।

---

એક કોડી માટે કરોડ રુપિયા ખર્ચી નાંખવા, રાખ માટે ચંદનવૃક્ષને જલાવી દેવું, ઘાસની ભારી માટે કલ્પવૃક્ષને વેચી નાંખવું-આના જેવી મુર્ખાઇ તું કરે છે,

જો તું ભયંકર વિષ સમાન એવા તુચ્છ વિષયોમાં આશક્ત થઇને શિવવધૂ સાથે મિલન કરાવનાર એક માત્ર દૂત સદૃશ એવા તપ ત્યાગને નથી કરતો. ।।૫-૬।।

જળમાં પ્રતિબિંબિત વૃક્ષફળોથી કોઇનું પેટ ભરાયું હોય એવું હજુ સુધી બન્યું છે ખરુ ? સ્વપ્નમાં કમાવેલા પૈસાથી કોઇને પૈસાદાર થયો જાણ્યો છે ? ।।૭।।

બીજ વાવ્યા વિના માત્ર પાણી પાઇને કોઇએ ખેતરમાં અનાજ પકવ્યું હોય તેવું સાંભળ્યું છે ? તો પછી ધર્મ વિના કોઇ સુખી થઇ જાય એ કઇ રીતે શક્ય બને ? ।।૮।।

જો તું સુખની લાલસાવાળો હોવાથી તપશ્ચર્યા કરવાની, જ્ઞાનોપાર્જન કર-વાની અને સંયમપાલનની શક્તિ તારામાં હોવા છતાં (સુખમાં આસક્ત બનીને જો તું) આરાધના કરતો નથી-તપ નથી કરતો, ભણતો નથી, સંયમ પાળતો નથી,

તો હે નિર્લજ્જ જીવ ! એક ક્ષણ માટે છેવટે સ્થિર ચિત્તવાળો થઇ શત્રુ-મિત્ર પર સમભાવવાળો થઇ ક્યારે ય ભાવના પણ કેમ નથી ભાવતો ?

(તાત્પર્ય : તું સુખશીલિયો હોઇ કષ્ટ સાધ્ય તપ વગેરે ન કરે તે તો સમજ્યા પણ જેમાં કશું કષ્ટ નથી પડતું એવી ભાવના પણ કેમ નથી ભાવતો ?) ।।૯-૧૦।।

पिच्छसि ताव सयं चिअ, निसुणसि सत्थेसु पावकम्माणं ।
कडुअं विवागमायरसि, तहवि रे पावकम्माइं ।।११।।

कइयावि किंपि संपप्प, कारणं जायइ जह विरागो ।
खणमेगं सो जइ तुह, सयावि ता किं न पज्जत्तं ?।।१२।।

विसविसमंपि हु पावं, करेसि अमयं व हरिसिओऽणज्ज ।
अमयमहुरं पि धम्मं, मन्नसि लिंबाउ कडुअयरं ।।१३।।

विसएसु लोलुअं तुह, चित्तं चित्तं कुलालचक्कं व ।
परिभममाणं दुग्गइ-दुहभंडे घडइ अखंडे ।।१४।।

रज्जेण न संतुस्सइ, न तप्पए अमरजणविलासेहिं ।
रे पाव ! तुज्झ चित्तं, रंकस्स व लज्जपरिहीणं ।।१५।।

किंचि जया जं पिच्छसि, तं तं अपुव्वमेव मन्नेसि ।
भणसि अपुव्वं न कयाइ, सुक्खमेवंविहं पत्तं ।।१६।।

---

તું તારી જાતે જ જુએ છે અને શાસ્ત્રોમાં સાંભળે છે કે પાપકર્મોના ફળ કેવા કડવા હોય છે. છતાં ય તું પાપકર્મો આચરતો જાય છે !! ।।૧૧।।

ક્યારેક કોઇ કારણસર તું ક્ષણભર માટે બધી વસ્તુઓમાંથી રસ ગુમાવી દેતો હોય છે. તારો આ 'વૈરાગ્ય' કાયમ ટકી રહે તો બેડો પાર થઇ જાય ! ।।૧૨।।

ઝેર જેવા પાપો તને અમૃત જેવા મીઠા લાગે છે અને હર્ષભેર તું પાપોમાં પરોવાઇ જાય છે, અમૃત સમાન મધુર ધર્મને લીંબોળી જેવો કડવો માને છે. ।।૧૩।।

તારુ વિષયાસક્ત મન કુંભારના ચાકડાની જેમ સતત પરિભ્રમણ કરતું રહે છે અને તેને કારણે દુર્ગતિના દુ:ખો રુપ માટલા ઉતરતા જાય છે. ।।૧૪।।

આત્મન્ ! તારુ ચિત્ત માંગણાની (ભિખારીની) જેમ સાવ નિર્લજ્જ બની ગયું છે, વિશાળ સામ્રાજ્યો મળ્યા છતાં એને સંતોષ નથી, દેવલોકનાં વૈભવ-વિલાસો અનુભવ્યા છતાં એને તૃપ્તિ નથી. ।।૧૫।।

નાનુ-મોટુ સુખ ક્યાંકથી મળી જાય તો તેને તું અપૂર્વ માને છે અને કહ્યા કરે છે કે આવું સુખ તો મેં ક્યારે ય પ્રાપ્ત કર્યું નથી. ।।૧૬।।

चिंतेसि न उण एअं, अणंतसो सुरनरेसु सुक्खाइं ।
पत्ताइं ताइं न सरसि, मणे मणागंपि रे पाव ! ।।१७।।

जइ पुण ताइं थेवंपि, सरसि ता नेव तुज्झ दुहभारो ।
कुरुचंदस्स व देहे, गेहे भुवणिव्व माइज्जा ।।१८।।

रे मूढ ! तुम अकज्जे, लीलाइ चहुट्टए जहा चित्तं ।
तह जइ कज्जेवि तओ, हविज्ज कइयावि नो दुक्खं ।।१९।।

राईइ अंधयारे, विदूर-देसट्ठियस्स लीलाए ।
जह रागवसेण फुडं, पिअस्स निव्वन्नसे रूवं ।।२०।।

तह जइ कयावि कहमवि, कहिंपि ईसिंपि परमपुरिसाणं ।
मुहकमलं पिच्छसि, लहसि नूण ता सयल-सुक्खाइं ।।२१।।

आमूलाओ सोअग्गिणावि दड्ढस्स तुज्झ रे जीव ?
उम्मीलंति सया, रागपल्लवा नवनवा चेव ।।२२।।

---

પણ તું જરાય વિચારતો નથી કે આવા અને આના કરતાંય સારા સુખો દેવ અને મનુષ્યના ભવોમાં તું અનંતીવાર પ્રાપ્ત કરી ચૂક્યો છે. તું એ સુખોને મનમાં જરાય યાદ પણ કરતો નથી. ।।૧૭।।

કદાચ આમાંનું જરાપણ તને યાદ આવી જાય તો કુરુચંદ્રની જેમ તારો દુ:ખનો ભાર (અફસોસ) એટલો વધી જાય કે તનમાં, મનમાં કે ત્રણ ભુવનમાં પણ એ સમાય નહીં. ।।૧૮।।

હે મૂઢ આત્મન્ ! અકાર્યમાં-નકામી વાતોમાં તારુ મન જેવી રીતે સહેજ માત્રમાં ચોંટી જાય છે તેવી રીતે કે સત્કાર્યોમાં ચોંટતું હોત તો ક્યારે ય દુ:ખી થવાનો વારો ન આવત. ।।૧૯।।

અંધારી રાત્રે પણ તારા પ્રિયજનની આકૃતિને તું દૂરથી ય ઓળખી લેતો હોય છે કેમકે અનુરાગને કારણે જાણે એ તારી આંખોમાં વસી ગઇ હોય છે. ।।૨૦।।

મહાપુરુષોના મુખકમલને જોતા જો એવો જ થોડો પણ અનુરાગ ક્યારેક, ક્યાંક, કોઇપણ રીતે હૈયામાં આવી જાય તો જીવનમાં સાચુ સુખ પ્રાપ્ત થઇ જશે. ।।૨૧।।

હે જીવ ! પગથી માથા સુધી તું શોક-સંતાપની આગમાં જલતો રહે છે છતાંય તારા મનમાં રાગની નવી નવી કુંપળો ફુટતી જ રહે છે. ।।૨૨।।

हद्धी ! कहं न लज्जसि, पावं अयरामरुव्व जं कुणसि ?
पिच्छंतो जललवलोल-मेवमेअं जयं सयलं ।।२३।।

पिच्छंतस्स वि तुह, दारुणो इमो मच्चुकेसरि-किसोरो ।
ही ! हरइ वल्लहे, सरणविरहिए बालहरिणव्व ।।२४।।

दट्ठूण वि हीरंतं, विसंठुलं जगमिणं जमभडेहिं ।
किं नच्चंतो चिट्ठसि, रे पाव ! विवेगपरिहीणो ।।२५।।

पच्चक्खं रे जिअ ! मोहरायधाडी गिहंमि लूडेइ ।
सव्वस्सं तहवि तुमं, आणाए तस्स वट्टेसि ।।२६।।

हा हा ! कहं न हीणस्स, तव मिच्छत्तमंतिणा सद्धिं ।
निच्चंपि वंचणपरेण, मूढ एयारिसो नेहो ? ।।२७।।

अज्जवि मुंचसु एअं, मा मा दुक्खाण भायणं होसु ।
सद्धम्ममहारायं, पडिवज्जसु सामिअं जीव ।।२८।।

---

આ આખું જગત પાણીના પરપોટા જેવું અસ્થિર છે એવું જાણતો હોવા છતાં જાણે અમર પટો લઇને આવ્યો હોય તેમ પાપકાર્ય કરતાં કેમ લજ્જા પામતો નથી ? કેટલી ધિટ્ઠાઇ ? ।।૨૩।।

તારી નજર સામે જ મૃત્યુરુપી સિંહબાલ તારા શરણરહિત પ્રિયજનને હરણના બચ્ચાની જેમ ઉઠાવી જાય છે. કેવી લાચારી ! ।।૨૪।।

યમરાજાના દૂતો ભયથી ધ્રુજતા આ દુનિયાના લોકોનું નિર્દય પણે અપહરણ કરી જાય છે તો પણ વિવેકથી ભ્રષ્ટ થયેલા હે આત્મન્ ! તું નાચ-ગાનમાં મસ્ત છે. ।।૨૫।।

મોહરાજાના માણસો પ્રત્યક્ષમાં તારુ સર્વસ્વ લૂંટી જવાની તૈયારીમાં છે અને તું એજ મોહરાજાને હિતચિંતક સમજીને તેની જ આજ્ઞામાં વર્તી રહ્યો છે ! ।।૨૬।।

હે મૂઢ ! સદૈવ ઠગવામાં તત્પર એવા મિથ્યાત્વ રુપી મંત્રી સાથે આટલો બધો સ્નેહ તને શોભતો નથી. અરે અરે ! તારી જાતને તું હલકી કેમ માનતો નથી ? ।।૨૭।।

હે આત્મન્ ! હજુ પણ એની સાથેનો સંબંધ છોડી દે, દુ:ખોનું ભાજન બનીશ નહિ. ધર્મ મહારાજાને તારા સ્વામી તરીકે સ્વીકારી લે. ।।૨૮।।

**सद्धम्ममहामंतिं, कल्लाणकलावकारणं पयओ ।**
**आराहसु जेण सो, दावइ तुह सिवपुरे रज्जं ।।२९।।**

**इअ जइ संवेगपरो, खणं रे जीव ! होसि ता तुज्झ ।**
**सुलहा सिवसुहलच्छी, लद्धमणुअदेवभद्दस्स ।।३०।।**

**संवेगमंजरीमिमं सवणावतंस-भावं नयंति सुअणा अमिलाणसोहं ।**
**जं निच्चमेव सिरिसिद्धिवहूकडक्ख-लक्खोवलक्खिअतणू खलु ते हवंति ।।३१।।**

કલ્યાણની પરંપરામાં કારણભૂત ધર્મમંત્રીશ્વરની પ્રયત્ન પૂર્વક આરાધના કર. ગુમાવેલું શિવસામ્રાજ્ય એ જ તને પાછું અપાવી શકે તેમ છે. ।।૨૯।।

થોડી થોડી ક્ષણો માટે પણ સંવેગ (મોક્ષની ઝંખના) તત્પર બનીશ તો મનુષ્ય-દેવગતિ (સદ્ગતિ)ની પ્રાપ્તિ પૂર્વક પરંપરાએ શિવસુખરુપી લક્ષ્મી સુલભ બનશે. ।।૩૦।।

જેની શોભા ક્યારેય મ્લાન નથી થવાની એવી આ સંવેગમંજરીને જે સજ્જનો કર્ણેન્દ્રિયની શોભા બનાવે છે (રોજ સાંભળે છે) તેઓ શ્રી સિદ્ધિવધૂના લાખો કટાક્ષોથી ઉપલક્ષિત થયેલા શરીરવાળા થાય છે (અર્થાત્ તેઓના આચાર વગેરે જોતાં જ આ હવે નિકટમાં મોક્ષગામી છે એમ બધાને પ્રતીતિ થાય છે.) ।।૩૧।।

# १९ दशश्रावक कुलकम्

वाणियगामपुरम्मि, आणंदो जो गिहवई आसी ।
सिवनंदा से भज्जा, दस सहस्स गोउला चउरो ।।१।।

निहिविवहारकलंतर-ठाणेसुं कणयकोडिबारसगं ।
सो सिरिवीरजिणेसर-पयमूले सावओ जाओ ।।२।।

चंपाई कामदेवो, भद्दाभज्जो सुसावओ जाओ ।
छग्गोउल अट्ठारस, कंचणकोडीण जो सामी ।।३।।

कासीए चुलणिपिया, सामा भज्जा य गोउला अट्ठ ।
चउवीस कणयकोडी, सड्ढाण सिरोमणी जाओ ।।४।।

कासीई सूरदेवो, धन्ना भज्जा य गोउला छच्च ।
कणयट्ठारसकोडी, गहीयवओ सावओ जाओ ।।५।।

---

વાણિજ્યગ્રામ નામના નગરમાં આનંદ નામે જે ગૃહસ્થ હતો, તેને શિવાનંદા નામે સ્ત્રી હતી અને દશ દશ હજાર ગાયોનાં ચાર ગોકુળો હતાં ।।૧।।

તેની પાસે ભંડારમાં, વ્યાપારમાં અને વ્યાજમાં ચાર ચાર ક્રોડ એમ કુલ બાર ક્રોડ સોનૈયા હતા, તે આનંદ શ્રી મહાવીર જિનેશ્વરના ચરણસેવક શ્રાવક થયા. ।।૨।।

ચંપા નગરીમાં ભદ્રા નામની સ્ત્રીનો પતિ કામદેવ પ્રભુ મહાવીરનો સુશ્રાવક થયો, તે છ ગોકુલ અને અઢાર ક્રોડ સોનૈયાનો સ્વામી હતો. ।।૩।।

કાશીમાં શ્રાવકોમાં શિરોમણિ ચુલની પિતા નામે પ્રભુ મહાવીરનો શ્રાવક થયો. તેને શ્યામા નામની સ્ત્રી હતી. આઠ ગોકુળો તેમજ ચોવીસ ક્રોડ સોનૈયા હતા. ।।૪।।

કાશીમાં સુરદેવ નામે ગૃહસ્થ હતો, તેને ધન્યા નામે સ્ત્રી હતી, છ ગોકુળો તથા અઢાર ક્રોડ સોનૈયા હતા. તે વ્રત ગ્રહણ કરીને પ્રભુ મહાવીરનો શ્રાવક થયો. ।।૫।।

आलंभियानयरीए, नामेणं चुल्लसयगओ सड्ढो ।
बहुला नामेण पिया, रिद्धी से कामदेवसमा ।।६।।

कंपिल्लपट्टणम्मि, सड्ढो नामेण कुंडकोलियओ ।
पुस्सा पुण जस्स पिया, विहवो सिरिकामदेवसमो ।।७।।

सद्दालपुत्तनामो, पोलासम्मि कुलालजाईओ ।
भज्जा य अग्गिमित्ता, कंचणकोडीण से तिन्नि ।।८।।

चउवीस कणयकोडी, गोउल अट्ठेव रायगिहनयरे ।
सयगो भज्जा तेरस, रेवई अड सेस कोडीओ ।।९।।

सावत्थीनयरीए, नंदणिपिय नाम सड्ढओ जाओ ।
अस्सिणिनामा भज्जा, आणंदसमो य रिद्धिए ।।१०।।

सावत्थीवत्थव्वो, लंगतपिय सावगो य जो पवरो ।
फग्गुणिनामकलत्तो, जाओ आणंदसमविहवो ।।११।।

---

આલંભિકા નગરીમાં ચુલ્લશતક નામે શ્રી મહાવીરનો શ્રાવક થયો. તેને બહુલા નામની સ્ત્રી અને કામદેવ શ્રાવકના જેટલી રિદ્ધિ હતી. ।।૬।।

કાંપિલ્યપુરમાં કુંડકોલિક નામે શ્રી મહાવીરનો શ્રાવક હતો તેને પુષ્પા નામે સ્ત્રી અને કામદેવ શ્રાવકના સમાન વૈભવ હતો. ।।૭।।

પોલાસપુરમાં સદ્દાલપુત્ર નામનો કુંભાર જાતિનો શ્રી મહાવીરનો શ્રાવક થયો. તેને અગ્નિમિત્રા નામે સ્ત્રી અને ત્રણ ક્રોડ સોનામહોરો હતી. ।।૮।।

રાજગૃહી નગરીમાં ચોવીસ ક્રોડ સોનૈયા અને આઠ ગોકુળવાળો શતક નામે શ્રી મહાવીરનો શ્રાવક હતો તેને રેવતી આદિ તેર સ્ત્રીઓ હતી, તેમાં રેવતી આઠ ક્રોડ સોના મહોર અને બાકીની એક એક ક્રોડ લાવી હતી. ।।૯।।

શ્રાવસ્તી નગરીમાં નંદિનીપ્રિય નામે શ્રી મહાવીરનો શ્રાવક થયો, તેને અશ્વિની નામે સ્ત્રી હતી અને તે ઋદ્ધિમાં આનંદ શ્રાવકની સમાન હતો. ।।૧૦।।

શ્રાવસ્તી નગરીમાં વસતો લાંતકપ્રિય (ઉવાસગદસાઓ સૂત્ર પ્રમાણે 'સાલિહી-પિયા') નામે શ્રી મહાવીરનો શ્રેષ્ઠ શ્રાવક થયો, તેને ફલ્ગુની નામે સ્ત્રી હતી, તે વૈભવમાં આનંદ શ્રાવક સરખો હતો. ।।૧૧।।

**इक्कारस पडिमधरा, सव्वेवि वीरपयकमलभत्ता ।**
**सव्वे वि सम्मदिट्ठी, बारसवयधारया सव्वे ।।१२।।**

એ સર્વ શ્રાવકો અગીયાર પ્રતિમાને ધારણ કરનારા શ્રી મહાવીરસ્વામીના ચરણકમળને સેવનારા, સમ્યગ્દૃષ્ટિ અને બાર વ્રતોને ધારણ કરવાવાળા હતા. ।।૧૨।।



# २० श्री खामणा कुलकम्

जो कोइ मए जीवो, चउगइसंसारभवकडिल्लंमि ।
दूहविओ मोहेणं, तमहं खामेमि तिविहेणं ।।१।।

नरएसु य उववन्नो, सत्तसु पुढवीसु नारगो होउं ।
जो कोइ मए जीवो, दूहविओ तंपि खामेमि ।।२।।

घायणचुन्नणमाइ, परोप्परं जं कयाइं दुक्खाइं ।
कम्मवसएण नरए, तंपि य तिविहेण खामेमि ।।३।।

निद्दयपरमाहम्मिअ-रूवेणं बहुविहाइं दुक्खाइं ।
जीवाणं जणियाइं, मूढेणं तंपि खामेमि ।।४।।

हा ! हा ! तइया मूढो, न याणिमो परस्स दुक्खाइं ।
करवत्तयछेयण-भेयणेहिं, केलीए जणियाइं ।।५।।

---

ચારગતિ સ્વરુપ ભવઅટવીમાં ભટકતાં મોહને વશ થઇ મેં જે કોઇ જીવને દુ:ખી કર્યો હોય તેને હું ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું. ।।૧।।

સાત નરક પૃથ્વીઓમાં જ્યારે જ્યારે હું નારકી રુપે ઉત્પન્ન થયો, ત્યાં મેં જે કોઇ જીવને દુ:ખી કર્યો હોય તેને પણ ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું. ।।૨।।

કર્મને વશ પડેલા મેં નરકમાં બીજા નારકોને ઘા કરવો, પીલવો, મારવો વિગેરે પરસ્પર વેદનારુપે જે દુ:ખો દીધાં હોય તેને પણ ત્રિવિધે ખમાવું છું. ।।૩।।

નિર્દય પરમાધામીદેવ રુપે ઉત્પન્ન થઇને મૂઢ એવા મેં નરકના જીવોને કાપવા, ઘાણીમાં પીલવા, અગ્નિમાં બાળવા, તપાવેલાં સીસાં પાવા, ઇત્યાદિ દુ:ખો દીધાં તેને પણ ખમાવું છું. ।।૪।।

હા ! હા ! ખેદની વાત છે કે તે વખતે મોહમૂઢ બનેલો હું બીજાનાં દુ:ખોને સમજી શક્યો નહિ એથી માત્ર કુતૂહલ ખાતર મેં તે અનાથ બિચારા નારકીઓને કરવતથી કાપ્યા, ઘણથી માર્યા વિગેરે અનેકવિધ દુ:ખો દીધાં. ।।૫।।

जं किं पि मए तइया, कलंकलीभावमागएण कयं ।
दुक्खं नेरइयाणं, तं पि य तिविहेण खामेमि ।।६।।

तिरियाणं चिय मज्झे, पुढवीमाइसु खारभेएसु ।
अवरोप्परसत्थेणं, विणासिया ते वि खामेमि ।।७।।

बेइंदियतेइंदिय-चउरिंदियमाइणेगजाइसु ।
जे भक्खिय दुक्खविया, ते वि य तिविहेण खामेमि ।।८।।

जलयरमज्झगएणं, अणेगमच्छाइरूवधारेणं ।
आहारट्ठा जीवा, विणासिया ते वि खामेमि ।।९।।

छिन्ना भिन्ना य मए, बहुसो दुट्ठेण बहुविहा जीवा ।
जे जलमज्झगएणं, ते वि य तिविहेण खामेमि ।।१०।।

---

હું નરકમાં ઉપજ્યો ત્યારે કલંકલીભાવ-દુ:ખની અકળામણને વશ થઇને મેં ત્યાં નારકીઓને જે કોઇ પણ જાતનું દુ:ખ દીધું હોય, તે સર્વ જીવોને હું મન-વચન-કાયાથી ખમાવું છું. ।।૬।।

જ્યારે હું તિર્યંચપણે 'ખારી-મીઠી' વિગેરે વર્ણ-ગન્ધ-રસ-સ્પર્શાદિ ભેદવાળા પૃથ્વીકાયાદિમાં ઉત્પન્ન થયો, ત્યારે જેમકે-ખારા પાણીમાં ઉત્પન્ન થયો, ત્યારે મીઠા પાણીના જીવોને, ઉષ્ણ પાણીમાં ઉત્પન્ન થઇને શીત પાણીના જીવોને, કાળી માટીમાં ઉત્પન્ન થઇને લાલ માટીના જીવોને, ઇત્યાદિ પરસ્પર શસ્ત્ર રુપે જે જે જીવોનો નાશ કર્યો તેઓને પણ ખમાવું છું. ।।૭।।

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય આદિ વિવિધ અનેક જાતિઓમાં ઉત્પન્ન થયેલા મેં જે જે જીવોનાં ભક્ષણ કર્યાં, દુ:ખી કર્યા, તેઓને પણ ત્રિવિધે ખમાવું છું. ।।૮।।

પંચેન્દ્રિય તિર્યંચમાં-જળચર તરીકે મચ્છ વિગેરે અનેક જાતિનાં રુપ ધારણ કરીને (તે તે યોનિઓમાં જન્મ પામીને) આહાર માટે અનેક જીવોનો વિનાશ કર્યો હોય તેઓને પણ ખમાવું છું. ।।૯।।

જલચરપણાને પામીને દુષ્ટ એવા મેં બહુવાર ઘણી જાતિના જે જે જીવોનું છેદન-ભેદન કર્યું હોય તે સર્વને પણ ત્રિવિધે ખમાવું છું. ।।૧૦।।

सप्पसरिसवमज्झे, वानरमज्जारसुणहसरहेसु ।
जे जीवा वेलविया, दुक्खत्ता ते वि खामेमि ।।११।।

सद्दूलसीहगंडय-जाइसुं जीवघायजणिआसुं ।
जे उववन्नेण मए, विणासिया ते वि खामेमि ।।१२।।

ओलावगिद्धकुक्कुड-हंसबगाइसुं सउणजाइसु ।
जे छुहवसेण खद्धा, किमिमाइ ते वि खामेमि ।।१३।।

मणुएसु वि जे जीवा, जीब्भिंदियमोहिएण मूढेण ।
पारद्धिरमंतेणं, विणासिया ते वि खामेमि ।।१४।।

फासगढिएण जे च्चिय, परदाराइसु गच्छमाणेणं ।
जे दूमिय दूहविया, ते वि य खामेमि तिविहेणं ।।१५।।

સર્પ વિગેરે સરિસૃપ એટલે ઉર:પરિસર્પની યોનિઓમાં, વાનર, બિલાડા, કુતરા, શરભ (અષ્ટાપદ જાતિના શિકારી પશુ) વિગેરે ઉત્પન્ન થયેલાં મેં જે જે જીવોને હેરાન કર્યા કે દુ:ખી કર્યા હોય તેઓને પણ ખમાવું છું. ।।૧૧।।

તેમાં પણ વાઘ, સિંહ, ગેંડા વિગેરેની જીવઘાતક જાતિઓમાં ઉત્પન્ન થયેલા મેં જે જે જીવોનો નાશ કર્યો તેઓને પણ ખમાવું છું. ।।૧૨।।

ખેચર તિર્યંચમાં બાજ (શ્યેન), ગીધ, કુકડા, હંસ, બગલા વિગેરે પક્ષિઓની જાતિઓમાં ઉત્પન્ન થયેલા મેં ભૂખને વશ થઇને જે જે કૃમિ વિગેરે જીવોને ખાધા-મારી નાખ્યા હોય તેઓને પણ ખમાવું છું. ।।૧૩।।

મનુષ્યભવમાં પણ જીહ્વા ઇન્દ્રિયને વશ થયેલા મૂઢ મારા જીવે શિકારાદિ ખેલતાં જે જે જીવોનો નાશ કર્યો હોય, તેઓને પણ ખમાવું છું. ।।૧૪।।

સ્પર્શને વશ થએલા મેં પરદારા-વેશ્યા આદિના મૈથુન સેવતાં જે જે જીવોને સંતાપ પરિતાપ ઉપજાવ્યો, અપ્રીતિ ઉપજાવી, દુ:ખી કર્યા હોય તેઓને પણ હું ત્રિવિધે ખમાવું છું. ।।૧૫।।

**चक्खिंदियघाणिंदिय-सोइंदियवसगएण जे जीवा ।**
**दुक्खंमि मए ठविया, ते हं खामेमि तिविहेणं ।।१६।।**

**सामित्तं लहिऊणं, जे बद्धा घाइया य मे जीवा ।**
**सवराहनिरवराहा, ते वि य तिविहेण खामेमि ।।१७।।**

**अक्कमिऊणं आणा, कारविया जे उ माणभंगेणं ।**
**तामसभावगएणं, ते वि य तिविहेण खामेमि ।।१८।।**

**अब्भक्खाणं जं मे, दिन्नं दुट्ठेण कस्सइ नरस्स ।**
**रोसेण व लोभेण व, तं पि य तिविहेण खामेमि ।।१९।।**

**परआवयाए हरिसो, पेसुन्नं जं कयं मए इहइं ।**
**मच्छरभावठिएणं, तं पि य तिविहेण खामेमि ।।२०।।**

**रुद्दो खुद्दसहावो, जाओ णेगासु मिच्छजाइसु ।**
**धम्मो त्ति सुहो सद्दो, कन्नेहिं वि तत्थ नो विसुओ ।।२१।।**

---

તથા ચક્ષુ ઇન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને શ્રવણ ઇન્દ્રિયને વશ બનીને મેં જે જે જીવોને દુ:ખી કર્યા તે સર્વને હું ત્રિવિધે ખમાવું છું. ।।૧૬।।

સ્વામીપણું પામીને-સત્તાધીશ બનીને મેં જે અપરાધી કે નિરપરાધી જીવોને બાંધ્યા, કેદ કર્યા, હણ્યા કે હણાવ્યા તે સર્વને પણ ત્રિવિધે ખમાવું છું. ।।૧૭।।

અભિમાનને લીધે માનભંગ થએલા મેં તામસપણાને પામીને તિરસ્કાર-દ્વેષ વિગેરે કરીને જે જે જીવોને બલાત્કારે આજ્ઞા ફરમાવીને કામ કરાવ્યા હોય તેઓને પણ ત્રિવિધે ખમાવું છું. ।।૧૮।।

દુષ્ટ એવા મેં ક્રોધથી અથવા લોભથી જે કોઇ પણ મનુષ્યને ખોટાં આળ (કલંક) ચઢાવ્યાં, તેઓને પણ ત્રિવિધે ખમાવું છું. ।।૧૯।।

માત્સર્ય કરીને આ ભવમાં મેં બીજાની આપત્તિમાં હર્ષ અનુભવ્યો તથા ચાડી ખાધી તેને પણ ત્રિવિધે ખમાવું છું. ।।૨૦।।

અનાર્ય દેશોમાં અનેક જાતિના મ્લેચ્છના ભવોમાં હું રૌદ્ર-ક્રૂર અને ક્ષુદ્ર સ્વભાવવાળો તુચ્છ થયો, 'ધર્મ' એવો શુભ શબ્દ પણ મેં કાનથી સાંભળ્યો નહિ (અર્થાત્ ધર્મદ્વેષી, પાપી થઇને તે ભવોમાં ઘણાં ઘણાં પાપો કર્યાં.) ।।૨૧।।

परलोगनिप्पिवासो, जीवाण सयाऽवि घायणपसत्तो ।
जं जाओ दुहहेउ, जीवाणं तं पि खामेमि ।।२२।।

आरियखित्ते वि मए, खट्टिगवागुरियडुम्बजाइसु ।
जे वि हया जियसंघा, ते वि य तिविहेण खामेमि ।।२३।।

मिच्छत्तमोहिएणं, जे वि हया के वि मंदबुद्धिए ।
अहिगरणकारणेणं, वहाविआ ते वि खामेमि ।।२४।।

दवदाणपलीवणयं, काऊणं जे जीवा मए दड्ढा ।
सरदहतलायसोसे, जे वहिया ते वि खामेमि ।।२५।।

सुहदुल्ललिएण मए, जे जीवा केइ भोगभूमिसु ।
अंतरदीवेसुं वा, विणासिया ते वि खामेमि ।।२६।।

(તે મ્લેચ્છના ભવોમાં) પરલોકની દરકાર વિનાનો અને જીવોની હિંસા કરવામાં સદૈવ વ્યસની બનેલો હું જે જે જીવોને દુ:ખનું કારણ બન્યો તે સર્વને પણ ખમાવું છું. ।।૨૨।।

આર્ય ક્ષેત્રોમાં ઉત્પન્ન થયેલા પણ મેં કસાઇ, પારધિ, ચંડાળ વિગેરે જાતિઓમાં જન્મીને જે અનેક પ્રકારના જીવોને હણ્યા હોય તેઓને પણ ત્રિવિધે ખમાવું છું. ।।૨૩।।

મિથ્યાત્વથી મૂઢ બનેલા મંદ બુદ્ધિવાળા મેં પરસ્પર કલહ (ક્રોધાદિ કષાયો) કરાવીને બીજાઓ દ્વારા જે જે જીવોને મરાવ્યા, તેઓને પણ ખમાવું છું. ।।૨૪।।

દાવાનળ સળગાવીને જે જે જીવોને મેં બાળ્યા હોય તથા સરોવરો, દ્રહો અને તળાવો વિગેરેમાં પાણી સૂકાવીને (તેમાં રહેનારા માછલાં, દેડકાં વિગેરે અનેક જાતિના) જીવોને હણ્યા, તેઓને પણ ખમાવું છું. ।।૨૫।।

ભોગભૂમિ એટલે યુગલિક ક્ષેત્રોમાં અથવા અંતર્દ્વીપોમાં મનુષ્ય બનેલા મેં સુખમાં છકી જઇને જે જીવોનો નાશ કર્યો હોય, તેઓને પણ ખમાવું છું. ।।૨૬।।

देवत्ते वि य पत्ते, केलिपओसेण लोहबुद्धीए ।
जे दूहविया सत्ता, ते वि य खामेमि सव्वेवि ।।२७।।

भवणवइणं मज्झे, आसुरभावम्मि वट्टमाणेणं ।
निद्दयहणणमणेणं, जे दूमिया ते वि खामेमि ।।२८।।

वंतररूवेणं मए, केलीकिलभावओ य जं दुक्खं ।
जीवाणं संजणियं, तं पि य तिविहेण खामेमि ।।२९।।

जोइसिएसु गएणं, विसयामिसमोहिएण मूढेणं ।
जो कोवि कओ दुहिओ, पाणी मे तं पि खामेमि ।।३०।।

पररिद्धिमच्छरेणं, लोहनिबुड्डेण मोहवसगेणं ।
अभियोगिएण दुक्खं, जाण कयं ते वि खामेमि ।।३१।।

इय चउगइमावन्ना, जे के वि य पाणिणो मए वहिया ।
दुक्खे वा संठविया, ते खामेमो अहं सव्वे ।।३२।।

---

દેવપણામાં ઉત્પન્ન થયેલા એવા મેં કુતૂહલ (કામક્રીડા) અને પ્રદ્વેષથી, લોભ બુદ્ધિએ જે જે જીવોને દુ:ખી કર્યા-સંતાપ્યા તે સર્વને પણ હું ખમાવું છું. ।।૨૭।।

તેમાં-ભવનપતિમાં અતિ કુપિતભાવમાં વર્તતા એવા મેં નિર્દય અને હિંસક મનથી જે જે જીવોને દુ:ખી કર્યા-પરિતાપ ઉપજાવ્યો હોય તેઓને પણ ખમાવું છું. ।।૨૮।।

વ્યંતર દેવના રુપમાં ક્રીડાપ્રિય સ્વભાવથી મેં અન્ય જીવોને જે જે દુ:ખ ઉત્પન્ન કર્યું હોય તેને પણ ત્રિવિધે ખમાવું છું. ।।૨૯।।

જ્યોતિષ્ક દેવપણાને પામેલા વિષયઆસક્તિથી મુંઝાએલા મૂઢ એવા મેં જે કોઇ જીવને દુ:ખી કર્યો હોય તેને પણ ખમાવું છું. ।।૩૦।।

દેવગતિમાં આભિયોગિકદેવ થયેલા મેં બીજા દેવોની ૠદ્ધિમાં ઇર્ષ્યા કરીને, લોભને વશ થઇને, મોહધીન થઇને જેઓને દુ:ખ દીધું તેઓને પણ ખમાવું છું. ।।૩૧।।

એમ ચારે ગતિમાં પરિભ્રમણ કરતા જે જે જીવોને મેં હણ્યા. અથવા દુ:ખમાં નાખ્યા હોય તે સર્વને હું ખમાવું છું. ।।૩૨।।

**सव्वे खमंतु मज्झं, अहं पि तेसिं खमेमि सव्वेसिं ।**
**जं केणइ अवरद्धं, वेरं चइऊण मज्झत्थो ।।३३।।**

**न य कोइ मज्झ वेसो, सयणो वा एत्थ जीवलोगंमि ।**
**दंसणनाणसहावो, एक्को हं निम्ममो निच्चो ।।३४।।**

**जिणसिद्धा सरणं मे, धम्मो य मंगलं परमं ।**
**जिणनवकारो पवरो, कम्मक्खयकारणं होउ ।।३५।।**

**इय खामणा उ एसा, चउगइमावन्नयाण जीवाणं ।**
**भावविसुद्धीए महं, कम्मक्खयकारणं होउ ।।३६।।**

---

એ સર્વ જીવો મને ક્ષમા આપો, હું પણ તેઓએ કોઇએ પણ મારો જે અપરાધ કર્યો હોય, તે તેઓના સર્વ અપરાધોને હું પણ વૈરભાવ છોડીને મધ્યસ્થ ભાવે ખમાવું છું. ।।૩૩।।

આ જીવલોકમાં કોઇ મારો શત્રુ નથી અથવા કોઇ મારો સ્વજન નથી. (મારો આત્મા) દર્શન જ્ઞાનમય સ્વભાવવાળો, નિર્મમ અને નિત્ય (શાશ્વત) હું એકલો જ છું. ।।૩૪।।

શ્રી જિનેશ્વરદેવો, શ્રી સિદ્ધભગવંતો તથા સાધુ ભગવંતો અને જિનકથિત ધર્મ એ ચારનું મારે શરણ છે, એ જ ચાર મારે પરમ મંગળ છે. શ્રેષ્ઠ એવો શ્રી જિનેશ્વરોનો નમસ્કાર મહામંત્ર મારા કર્મક્ષયનું કારણ બનો. ।।૩૫।।

એ રીતે કરેલી આ ક્ષમાપના ચારે ગતિઓમાં ભમતા જીવોને ભાવ વિશુદ્ધિનું અને મને કર્મક્ષયનું કારણ બનો અથવા ચાર ગતિમાં રહેલા જીવોની સાથે ભાવ વિશુદ્ધિપૂર્વક કરેલી આ ક્ષમાપના મારા આત્માને કર્મક્ષયનું કારણ બનો-મારાં કર્મોનો ક્ષય કરો. ।।૩૬।।



## २१ वैराग्य कुलकम्

जम्मजरामरणजले, नाणाविहवाहिजलयराइन्ने ।
भवसायरे असारे, दुल्लहो खलु माणुसो जम्मो ।।१।।

तम्मि वि आयरियखित्तं, जाइकुलरूवसंपयाउयं ।
चिंतामणि सारिच्छो, दुल्लहो धम्मो य जिणभणिओ ।।२।।

भवकोडिसएहिं, परिहिंडिउण सुविसुद्धपुन्नजोएण ।
इत्तियमित्ता संपइ, सामग्गी पाविया जीव ।।३।।

रूवमसासयमेयं, विज्जुलयाचंचलं जए जीयं ।
संझाणुरागसरिसं, खणरमणीयं च तारुन्नं ।।४।।

गयकन्नचंचलाओ लच्छीओ तियसचावसारिच्छं ।
विसयसुहं जीवाणं, बुज्झसु रे जीव ! मा मुज्झ ।।५।।

જન્મ-જરા-મરણરુપ જલવાળા, વિવિધ પ્રકારના વ્યાધિરુપ જળચર પ્રાણીઓથી વ્યાપ્ત, અસાર એવા સંસાર રુપ સાગરમાં મનુષ્ય જન્મ (પ્રાપ્ત થવો એ) અત્યંત દુર્લભ છે. ।।૧।।

મનુષ્ય જન્મ પ્રાપ્ત થયા પછી પણ આર્યક્ષેત્ર, ઉત્તમ આર્યજાતિ, કુળ, રુપ સંપદા, દીર્ઘ આયુષ્ય, જિનેશ્વર દેવે પ્રરુપેલો ચિંતામણિરત્ન સમાન ધર્મ પ્રાપ્ત થવા ક્રમશઃ અતીવ દુર્લભ છે. ।।૨।।

હે જીવ ! કરોડો-અબજો ભવ સંસારમાં પરિભ્રમણ કર્યા પછી સુવિશુદ્ધ પુણ્યના યોગે વર્તમાન કાળે આટલી સામગ્રી પ્રાપ્ત થઇ છે. ।।૩।।

જગતમાં આ રુપ અશાશ્વત છે, આયુષ્ય વીજળીના ચમકારા જેવું ચંચળ છે, યુવાવસ્થા સંધ્યાના રાગ સમાન ક્ષણ માત્ર રમણીય છે. ।।૪।।

લક્ષ્મી હાથીના કાન સમાન ચંચળ છે, જીવોને વિષયોનું સુખ ઇન્દ્ર ધનુષ્ય સદૃશ છે. માટે હે જીવ ! તું એમાં મોહ પામીશ નહિ, તું બોધ પામ. ।।૫।।

किंपाकफलसमाणा, विसया हालाहलोवमा पावा ।
मुहमहुरत्तणसारा, परिणामे दारुणसहावा ।।६।।
भुत्ता य दिव्वभोगा, सुरेसु असुरेसु तहय मणुएसु ।
न य जीव ! तुज्झ तित्ती, जलणस्स व कट्ठनियरेहिं ।।७।।
जह संझाए सउणाणं, संगमो जह पहे य पहियाणं ।
सयणाणं संजोगो, तहेव खणभंगुरो जीव ! ।।८।।
पियमाइभाइभइणी,-भज्जापुत्तत्तणे वि सव्वेवि ।
सत्ता अणंतवारं, जाया सव्वेसिं जीवाणं ।।९।।
ता तेसिं पडिबंधं, उवरिं मा तं करेसु रे जीव ! ।
पडिबंधं कुणमाणो, इहयं चिय दुक्खिओ भमिसि ।।१०।।
जाया तरुणी आभरणवज्जिया, पाढिओ न मे तणओ ।
धूया नो परिणीया, भइणी नो भत्तुणो गमिया ।।११।।
थोवो विहवो संपइ, वट्टइ य रिणं बहुव्वेओ गेहे ।
एवं चिंतासंतावदुभिओ दुःखमणुहवसि ।।१२।।

ઇન્દ્રિયના વિષયો કિંપાકફલ તુલ્ય છે, હાલાહલ વિષ સમાન, ઉપભોગના પ્રારંભે મુહૂર્તમાત્ર ગમનારા છે, પરિણામે દારુણ સ્વભાવ વાળા છે. ।।૬।।

હે જીવ ! તે સુર-અસુર ગતિમાં દિવ્યભોગો તથા મનુષ્ય ગતિમાં પણ ભોગો ભોગવ્યા છતાં લાકડાના સમૂહથી અગ્નિની જેમ તને તૃપ્તિ થતી નથી ।।૭।।

હે જીવ ! સંધ્યા સમયે પક્ષીઓનો સંગમ, માર્ગમાં પથિકોનો સંગમ જેમ ક્ષણિક છે તેમ સ્વજનોનો સંયોગ પણ ક્ષણિક છે. ।।૮।।

સર્વ જીવો બધા જીવોના પિતા-માતા-ભાઇ-બહેન પત્ની-પુત્રી રુપે અનંતવાર ઉત્પન્ન થયા છે. તેથી હે જીવ ! તેમના પર તું રાગ કરી નહિ. રાગ કરવાથી તું અહીંજ દુઃખી અવસ્થામાં પરિભ્રમણ કરી રહ્યો છે. ।।૧૦।।

પત્ની યુવાન છે પણ અલંકાર વિનાની છે, મેં પુત્ર ને બરાબર ભણાવ્યો નથી, છોકરી હજી પરણી નથી, બેન પતિને ત્યાં જતી નથી, હમણાં વૈભવ થોડો છે ને ઋણ ચૂકવવાનું ઘણું બાકી છે ઇત્યાદિ ચિંતા સંતાપથી દુભાયેલો તું દુઃખ અનુભવે છે. ।।૧૧-૧૨।।

काउणवि पावाइं, जो अत्थो संचिओ तए जीव ।
सो तेसिं सयणाणं, सव्वेसिं होइ उवओगी ।।१३।।

जं पुण असुहं कम्मं, इक्कुचिय जीव ! तं समणुहवसि ।
न य ते सयणा सरणं, कुगइए गच्छमाणस्स ।।१४।।

कोहेणं माणेणं, माया लोभेणं रागदोसेहिं ।
भवरंगओ सुइरं, नडुव्व नच्चाविओ तं सि ।।१५।।

पंचेहिं इंदिएहिं, मणवयकाएहिं दुट्ठजोगेहिं ।
बहुसो दारुणरुवं, दु:खं पत्तं तए जीव ! ।।१६।।

ता एअन्नाउणं, संसारसायरं तुमं जीव ! ।
सयलसुहकारणम्मि, जिणधम्मे आयरं कुणसु ।।१७।।

जाव न इंदियहाणी, जाव न जररक्खसी परिप्फुरइ ।
जाव न रोग वियारो, जाव न मच्चू समुल्लियइ ।।१८।।

---

હે જીવ ! પાપો કરીને તેં જે સંપતિ ભેગી કરી છે તે સંપતિ બધા સ્વજનોને ઉપયોગી બને છે. ।।૧૩।।

હે જીવ ! પણ જે અશુભ કર્મ બંધાયું તે તારે એકલાએ જ અનુભવવાનું છે. વળી દુર્ગતિમાં જતા એવા જીવને સ્વજનો શરણભૂત થતા નથી. ।।૧૪।।

ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ વગેરેએ દીર્ઘકાલથી સંસાર રુપી રંગ ભૂમિ-પર તને નટની જેમ નચાવ્યો છે. ।।૧૫।।

હે જીવ ! તે પાંચ ઇન્દ્રિયોના વિષયોથી મન-વચન-કાયાના દુષ્ટ યોગોથી ઘણીવાર ભયંકર દુ:ખો મેળવ્યા છે. ।।૧૬।।

તેથી સંસારને આ પ્રમાણે જાણીને તું સકલસુખના કારણભૂત જિનેશ્વર ભગવંતના ધર્મમાં આદર કર. ।।૧૭।।

જ્યાં સુધી ઇન્દ્રિયની હાનિ થઇ નથી, જ્યાં સુધી વૃદ્ધાવસ્થા રુપી રાક્ષસી પ્રગટ થઇ નથી અને જ્યાં સુધી રોગના વિકારો જાગ્યા નથી, જ્યાં સુધી મૃત્યુ આવ્યું નથી ત્યાં સુધી હે જીવ ! ધર્મની આરાધના કરી લે. ।।૧૮।।

जइ गेहम्मि पलित्ते, कूवं खणिउं न सक्कइ कोवि ।
तह संपत्ते मरणे, धम्मो कह कीरए जीव ? ।।१९।।

पत्तम्मि मरणसमए, डज्झसि सोअग्गिणा तुमं जीव ! ।
वग्गुरपडिओ व मओ, संवट्टमिउ जह व पक्खी ।।२०।।

ता जीव ! संपयं चिय, जिणधम्मे उज्जमं तुमं कुणसु ।
मा चिन्तामणिसम्मं, मणुयत्तं निप्फलं णेसु ।।२१।।

ता मा कुणसु कसाए, इंदियवसगो य मा तुमं होसु ।
देविंदसाहुमहियं, सिवसुक्खं जेण पाविहिसि ।।२२।।

જેમ ઘરને આગ લાગે ત્યારે કૂવો ખોદવો કોઇના પણ માટે શક્ય બનતું નથી તેમ મરણ આવે ત્યારે જીવ ધર્મ કઇ રીતે કરી શકે ? ।।૧૯।।

જ્યારે મરણ સમય આવી જાય છે ત્યારે તારે મોતરુપી (અથવા ચિતારુપી) અગ્નિથી બળવું જ પડશે, જેમ જાળમાં ફસાયેલા પંખીએ છેવટે મરવું જ પડે છે. ।।૨૦।।

તેથી હે જીવ ! વર્તમાનકાળે તું જિનધર્મમાં પ્રયત્નશીલ બની જા. ચિંતામણિ રત્ન સમાન મનુષ્યપણાને નિષ્ફળ કરીશ નહિ. ।।૨૧।।

તેથી તું કષાય કરીશ નહિ, ઇન્દ્રિયને વશ થઇશ નહિ, જેથી તું દેવેન્દ્રો અને સાધુઓથી પ્રશંસાયેલા મોક્ષ સુખને પ્રાપ્ત કરીશ. ।।૨૨।।



# २२ सारसमुच्चय कुलकम्

नरनरवइदेवाणं, जं सोक्खं सव्वमुत्तमं लोए ।
तं धम्मेण विढप्पइ, तम्हा धम्मं सया कुणह ।।१।।

उच्छुन्ना किं च जरा ? नट्ठा रोगा य किं मयं मरणं ? ।
ठइयं च नरयदारं ? जेण जणो कुणइ न य धम्मं ।।२।।

जाणइ जणो मरिज्जइ, पेच्छइ लोओ मरंतयं अन्नं ।
न य कोइ जए अमरो, कह तह वि अणायरो धम्मे ? ।।३।।

जो धम्मं कुणइ नरो, पूइज्जइ सामिउ व्व लोएण ।
दासो पेसो व्व जहा, परिभूओ अत्थतल्लिच्छो ।।४।।

इय जाणिऊण एयं, वीसंसह अत्तणो पयत्तेण ।
जो धम्माओ चुक्को, सो चुक्को सव्वसुक्खाणं ।।५।।

---

આ લોકમાં મનુષ્યો, રાજાઓ કે દેવોને જે કંઇ સર્વોત્તમ સુખ મળે છે તે ધર્મથી જ મળે છે માટે હે ભવ્યજીવો ! સદા ધર્મની આરાધના કરો. ।।૧।।

શું વૃદ્ધાવસ્થાને કચડી નાખી છે ? શું રોગો નાશ પામી ગયા છે ? શું મરણ મરી ગયું છે ? અને શું નરકનું દ્વાર બંધ થઇ ગયું છે ? કે જેથી જીવ ધર્મ નથી કરતો. (અર્થાત્ જ્યાં સુધી એ ભય ઉભા છે ત્યાં સુધી ધર્મ કરવો એ જ સાર છે.) ।।૨।।

*જીવ જાણે છે કે પોતાને મરવાનું છે, બીજાને મરતો જુવે પણ છે અને* જગતમાં (જન્મેલો) કોઇ અમર નથી, એ પરમ સત્ય છે તો પણ ધર્મમાં અનાદર કેમ છે ? ।।૩।।

જે મનુષ્ય ધર્મ કરે છે, તે લોકો વડે સ્વામીની જેમ પૂજાય છે, (અર્થાત્ લોકો તેને પોતાનો સ્વામી માનીને પૂજે છે) અને જે એક માત્ર અર્થ (ધન)માં તલ્લીન છે તે દાસ અને પ્રેષ્ય-નોકરની માફક લોકોમાં તિરસ્કારને પામે છે. ।।૪।।

એ પ્રમાણે જાણીને પોતાના પ્રયત્નથી હે જીવ ! એને-ધર્મનાં કષ્ટોને વિશેષતયા સહન કર ! (કારણ કે) જે ધર્મથી ચૂકે છે તે સર્વ સુખોથી વંચિત રહે છે. ।।૫।।

धम्मं करेह तुरियं, धम्मेण य हुंति सव्वसुक्खाइं ।
सो अभयपयाणेणं, पंचिंदियनिग्गहेणं च ।।६।।

मा कीरउ पाणिवहो, मा जंपह मूढ ! अलियवयणाइं ।
मा हरह परधणाइं, मा परदारे मइं कुणह ।।७।।

धम्मो अत्थो कामो, अन्ने जे एवमाइया भावा ।
हरइ हरंतो जीयं, अभयं दिंतो नरो देइ ।।८।।

न य किंचि इहं लोए, जीयाहिंतो जीयाण दइययरं ।
तो अभयपयाणाओ, न य अन्नं उत्तमं दाणं ।।९।।

सो दाया सो तवसी, सो य सुही पंडिओ य सो चेव ।
जो सव्वसुक्खबीयं, जीवदयं कुणइ खंतिं च ।।१०।।

किं पढिएण सुएण व, वक्खाणिएण काइं किर तेण ।
जत्थ न नज्जइ एयं, परस्स पीडा न कायव्वा ।।११।।

---

માટે હે જીવ ! તું શીઘ્ર ધર્મ કર ! ધર્મથી જ સર્વ સુખો પ્રાપ્ત થાય છે. તે ધર્મ સર્વ જીવોને અભયદાન આપવાથી અને પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવાથી થાય છે. ।।૬।।

હે મૂઢ ! કોઇ જીવનો વધ ન કર, અસત્ય વચનોને ન બોલ, પારકું ધન લઇશ નહિ અને પરદારા સેવનનો વિચાર પણ કરીશ નહિ. ।।૭।।

જે જીવ બીજા જીવને હણે છે તે તેના ધર્મ, અર્થ અને કામ તથા બીજા પણ જે ભાવો છે તેનું પણ હરણ કરે છે અને જે બીજા જીવને અભયદાન આપે છે તે તેને ધર્મ-અર્થ-કામ અને એવા બીજા પણ ભાવોનું દાન કરે છે. ।।૮।।

આ લોકમાં જીવોને પોતાના જીવનથી વધારે પ્રિય કોઇ વસ્તુ નથી, માટે અભયદાન કરતાં બીજું કોઇ ઉત્તમ દાન નથી. ।।૯।।

જે સર્વસુખોના બીજભૂત જીવદયા અને ક્ષમાને ધારણ કરે છે તે જ ખરો દાતાર, તપસ્વી, સુખી છે અને તે જ પંડિત છે. ।।૧૦।।

'બીજાને પીડા ન કરવી' એટલું પણ જ્ઞાન જેમાં નથી તે ભણતરથી, તે શ્રુતથી અથવા તે વ્યાખ્યાન ઉપદેશ થી શું ? ।।૧૧।।

जो पहरइ जीवाणं, पहरइ सो अत्तणो सरीरंमि ।
अप्पाण वेरिओ सो, दुक्खसहस्साण आभागी ।।१२।।

जं काणा खुज्जा वामणा य, तह चेव रूवपरिहीणा ।
उप्पज्जंति अहन्ना, भोगेहिं विवज्जिया पुरिसा ।।१३।।

इय जं पाविंति य दुहसयाइं जणहिययसोगजणयाइं ।
तं जीवदयाए विणा, पावाण वियंभियं एयं ।।१४।।

जं नाम किंचि दुक्खं, नारयतिरियाण तह य मणुयाणं ।
तं सव्वं पावेणं, तम्हा पावं विवज्जेह ।।१५।।

सयणे धणे य तह परियणे य जो कुणइ सासया बुद्धी ।
अणुधावंति कुढेणं, रोगा य जरा य मच्चू य ।।१६।।

नरए जिय ! दुस्सहवेयणाउ, पत्ताउ जाओ पइं मूढ ! ।
जइ ताओ सरसि इन्हिं, भत्तं पि न रुच्चए तुज्झ ।।१७।।

---

જે અન્ય જીવો પર પ્રહાર કરે છે તે પરમાર્થથી પોતાના જ શરીર પર પ્રહાર કરે છે. પોતાના જ આત્માનો વૈરી એવો તે હજારો દુ:ખોનો ભોગવનારો બને છે. ।।૧૨।।

જગતમાં જે પુરુષો કાણા, કુબડા, વામણા, તથા રુપ વિનાના ઉત્પન્ન થાય છે અને નિર્ધન તથા ભોગ સામગ્રીથી રહિત હોય છે, તથા મનુષ્યના હૃદયમાં શોક થાય તેવાં સેંકડો દુ:ખો પામે છે તે જીવદયાથી રહિત પાપોનું પરિણામ છે.।।૧૩-૧૪।।

વધારે શું કહીએ ? નારકોને, તિર્યંચોને કે મનુષ્યોને જે કાંઇ થોડું પણ દુ:ખ પડે છે તે સર્વ પાપના કારણે જ ભોગવવું પડે છે, માટે પાપનો ત્યાગ કરો. ।।૧૫।।

સ્વજનમાં, ધનમાં, તથા પરિવારમાં શાશ્વત બુદ્ધિ જે રાખે છે તેની પાછળ (ગુનેગારની પાછળ રાજ સુભટોની જેમ) રોગો, વૃદ્ધાવસ્થા અને મરણ દોડે છે. ।।૧૬।।

હે મૂઢ જીવ ! તે કાળે તેં નરકમાં જે દુસ્સહ દુ:ખોને ભોગવ્યાં તેને જો અત્યારે તું યાદ કરે તો તને ભોજન કરવું પણ ન ગમે ! ।।૧૭।।

अच्छंतु ताव निरया, जं दुक्खं गब्भवासमज्झंमि ।
पत्तं तु वेयणिज्जं, तं संपइ तुज्झ वीसरियं ।।१८।।

भमिऊण भवग्गहणे, दुक्खाणि य पाविऊण विविहाइं ।
लब्भइ माणुसजम्मं, अणेगभवकोडिदुल्लभं ।।१९।।

तत्थ वि य केइ गब्भे, मरंति बालत्तणंमि तारुन्ने ।
अन्ने पुण अंधलया, जावज्जीवं दुहं तेसिं ।।२०।।

अन्ने पुण कोढियया, खयवाहीसहियपंगुभूया य ।
दारिद्देणऽभिभूया, परकम्मकरा नरा बहवे ।।२१।।

ते चेव जोणिलक्खा, भमियव्वा पुण वि जीव ! संसारे ।
लहिऊण माणुसत्तं, जं कुणसि न उज्जमं धम्मे ।।२२।।

इय जाव न चुक्कसि, एरिसस्स खणभंगुरस्स देहस्स ।
जीवदयाउवउत्तो, तो कुण जिणदेसियं धम्मं ।।२३।।

---

અરે ! એ નરકોના દુ:ખોની વાત દૂર રહી, આ ભવમાં પણ ગર્ભાવાસમાં જે અશાતા વેદનીયનું દુ:ખ તું પામ્યો હતો તે પણ વર્તમાનમાં તું વીસરી ગયો છે. ।।૧૮।।

એમ સંસારરુપી અટવીમાં ભમીને અને વિવિધ પ્રકારના દુ:ખોને પામીને જીવ અનેક ક્રોડો ભવો પછી દુર્લભ એવો મનુષ્ય જન્મ પામે છે. ।।૧૯।।

તેમાં પણ કોઇ તો ગર્ભમાં, કોઇ બાલપણમાં, તો કોઇ તરુણાવસ્થામાં જ મરી જાય છે, કોઇ બીજા જીવે છે તો અંધત્વને કારણે તેઓને જીવનભર દુ:ખ હોય છે. ।।૨૦।।

વળી કેટલાક તો કોઢીયા, ક્ષયના વ્યાધિવાળા, કોઇ પાંગળા, કોઇ દારિદ્રયના દુ:ખથી પીડાતા અને ઘણા મનુષ્યો બીજાની ચાકરી કરનારા હોય છે. ।।૨૧।।

હે જીવ ! અતિ દુર્લભ એવું મનુષ્યપણું પામીને પણ જો ધર્મમાં ઉદ્યમ નહિ કરે તો પુન: પણ સંસારમાં તે જ ચોરાશી લાખ યોનિઓમાં પરિભ્રમણ કરવું પડશે. ।।૨૨।।

તેથી જ્યાં સુધી આવા ક્ષણભંગુર શરીરથી તું ચૂક્યો નથી (શરીર છૂટયું નથી) ત્યાં સુધી જીવદયામાં ઉપયોગવાળો થઇને તું શ્રીજિનેશ્વરદેવોએ ફરમાવેલા ધર્મની આરાધના કરી લે. ।।૨૩।।

कम्मं दुक्खसरूवं, दुक्खाणुहवं च दुक्खहेउं च ।
कम्मायत्तो जीवो, न सुक्खलेसं पि पाउणइ ।।२४।।

जह वा एसो देहो, वाहीहिं अहिट्ठिओ दुहं लहइ ।
तह कम्मवाहिघत्थो, जीवो वि भवे दुहं लहइ ।।२५।।

जायंति अपच्छाओ, वाहीओ जहा अपच्छनिरयस्स ।
संभवइ कम्मवुड्ढी, तह पावाऽपच्छनिरयस्स ।।२६।।

अइगरुओ कम्मरिऊ, कयावयारो य नियसरीरत्थो ।
एस उविक्खिज्जंतो, वाहि व्व विणासए अप्पं ।।२७।।

मा कुणइ गयनिमीलं, कम्मविघायंमि किं न उज्जमह ।
लद्धूण मणुयजम्मं, मा हारह अलियमोहहया ।।२८।।

अच्चंतविवज्जासिय-मइणो परमत्थदुक्खरूवेसु ।
संसारसुहलवेसुं, मा कुणह खणं पि पडिबंधं ।।२९।।

---

કર્મએ દુઃખરુપ છે, દુઃખનો અનુભવ કરાવનારું છે અને ભવિષ્યમાં નવાં દુઃખો ઉત્પન્ન કરવામાં કારણભૂત છે. એવા કર્મને આધીન બનેલો જીવ સુખનો લેશ પણ પામી શકતો નથી. ।।૨૪।।

વ્યાધિઓથી ઘેરાએલું આ શરીર જેમ દુઃખ ભોગવે છે તેમ કર્મરુપ વ્યાધિથી ગ્રસ્ત જીવ પણ સંસારમાં દુઃખને પ્રાપ્ત કરે છે. ।।૨૫।।

જેમ અપથ્ય ભોજનમાં આસક્ત માનવીને અપથ્ય ભોજનથી વ્યાધિઓ થાય છે તેમ અપથ્ય (પાપ)માં નિરત જીવને કર્મરુપ રોગની વૃદ્ધિ થાય છે ।।૨૬।।

પોતાના શરીરમાં રહેલો, અપકારને કરનારો કર્મ શત્રુ અતિ બળવાન છે, વ્યાધિની જેમ જો ઉપેક્ષા કરવામાં આવે તો આત્માનો નાશ કરે છે. ।।૨૭।।

હે જીવ ! કર્મનો નાશ કરવામાં ગજનિમિલિકા (આંખ મીંચામણા) કરીશ નહિ. મનુષ્ય જન્મ પામીને તું ઉદ્યમ કેમ કરતો નથી ? મિથ્યા મોહમાં અંધ બનીને તું ઉત્તમ મનુષ્ય જન્મ પામીને હારીશ નહિ ।।૨૮।।

આત્માના સ્વભાવથી અત્યંત વિપરીત મતિવાળા જીવોને પરમાર્થથી દુઃખરુપ એવાં સંસારનાં સુખના લેશમાં ક્ષણ માત્ર પણ તું રાગ કરીશ નહીં. ।।૨૯।।

किं सुमिणदिट्ठपरमत्थ-सुन्नवत्थुस्स करहु पडिबंधं ? ।
सव्वं पि खणियमेयं, विहडिस्सइ पेच्छमाणाण ।।३०।।

संतंमि जिणुद्दिट्ठे, कम्मक्खयकारणे उवायंमि ।
अप्पायत्तंमि न किं, तद्दिट्ठभया समुज्जेह ।।३१।।

जह रोगी कोइ नरो, अइदुसहवाहिवेयणादुहिओ ।
तद्दुहनिव्विन्नमणो, रोगहरं वेज्जमन्निसइ ।।३२।।

तो पडिवज्जइ किरियं, सुवेज्जभणियं विवज्जइ अपच्छं ।
तुच्छन्नपच्छभोई, इसी सुवसंतवाहिदुहो ।।३३।।

ववगयरोगायंको, संपत्ताऽऽरोग्गसोक्खसंतुट्ठो ।
बहु मन्नेइ सुवेज्जं, अहिणं देइ वेज्जकिरियं च ।।३४।।

---

સ્વપ્નમાં દેખેલી, પરમાર્થથી શૂન્ય વસ્તુમાં પ્રતિબંધ (રાગ) શા માટે કરે છે ? ધન, કુટુંબ, શરીર આદિ ક્ષણિક હોવાથી જોત જોતામાં તે નાશ પામી જશે. ।।૩૦।।

શ્રી જિનોપદિષ્ટ કર્મક્ષય કરવાનો ઉપાય આત્માને સ્વાધીન હોવા છતાં તથા તે કર્મોનો ભય પ્રત્યક્ષ જોવા જાણવા છતાં હે જીવ ! તેનો ક્ષય કરવાના ઉપાયોમાં ઉદ્યમ કેમ કરતો નથી ? ।।૩૧।।

જેમ અતિ દુ:સહ વ્યાધિની વેદનાથી દુ:ખી થયેલો કોઇ રોગી મનુષ્ય, તે દુ:ખથી કંટાળેલા મનવાળો રોગને મટાડનારા વૈદ્યને શોધે છે. ।।૩૨।।

તે પછી ઉત્તમ વૈદ્યે કહેલી ક્રિયા-ચિકિત્સાને સ્વીકારે છે, અપથ્ય ભોજનનો ત્યાગ કરે છે અને તુચ્છ (હલકું) અન્ન અને પથ્યનું ભોજન કરે છે. એમ કરવાથી વ્યાધિનું દુ:ખ શાન્ત થાય છે. ।।૩૩।।

રોગની પીડા સંપૂર્ણ દૂર થયા પછી પ્રાપ્ત થએલા આરોગ્ય સુખથી સંતુષ્ટ થએલો તે ઉત્તમ વૈદ્યનું બહુમાન કરે છે અને પોતાને આધીન-આશ્રિત બીજા સ્વજનાદિને પણ એ વૈદ્યની ચિકિત્સા કરાવે છે. ।।૩૪।।

तह कम्मवाहिगहिओ, जम्मणमरणाउइन्नबहुदुक्खो ।
तत्तो निव्विन्नमणो, परमगुरुं तयणु अन्निसइ ।।३५।।

लद्धंमि गुरुंमि तओ, तव्वयणविसेसकयअणुट्ठाणो ।
पडिवज्जइ पव्वज्जं, पमायपरिवज्जणविसुद्धं ।।३६।।

नाणाविहतवनिरओ, सुविसुद्धासारभिक्खभोई य ।
सव्वत्थ अप्पडिबद्धो, सयणाइसु मुक्कवामोहो ।।३७।।

एमाइ गुरुवइट्ठं, अणुट्ठमाणो विसुद्धमुणिकिरियं ।
मुच्चइ नीसंदिद्धं, चिरसंचियकम्मवाहिहिं ।।३८।।

તે પ્રમાણે કર્મ વ્યાધિથી ઘેરાએલો, જન્મ-મરણથી બહુ દુ:ખી થએલો અને તે દુ:ખોથી (જન્મ-મરણથી) કંટાળેલો જીવ પરમગુરુ જિનેશ્વરદેવ કે તેઓના માર્ગને સમજાવનારા સદ્ગુરુઓ ને શોધે છે. ।।૩૫।।

તેવા ગુરુ પ્રાપ્ત થતાં તેઓના વચનથી સવિશેષ અનુષ્ઠાનો-ધર્મ ક્રિયાઓ કરતો તે પ્રમાદના પરિહાર પૂર્વકની (અપ્રમત્ત) દીક્ષાને સ્વીકારે છે. ।।૩૬।।

તથા વિવિધ પ્રકારનાં તપમાં રક્ત બનેલો તે બેંતાલીશ દોષથી વિશુદ્ધ અને અસાર (નિરસ-વિરસ) ભિક્ષાનું ભોજન કરતો, સર્વત્ર અપ્રતિબદ્ધ-મૂર્છા રહિત તથા સ્વજનાદિમાં પણ મોહ ને છોડનાર થાય છે. ।।૩૭।।

એ પ્રમાણે ગુરુ એ ઉપદેશ કરેલા વિશુદ્ધ સાધુ ક્રિયાને આચરતો મનુષ્ય નિશ્ચે દીર્ઘ કાળથી સંચિત કરેલ કર્મોરુપ વ્યાધિથી નિશ્ચે છૂટી જાય છે-મોક્ષને પામે છે. ।।૩૮।।



## २३ संविग्नसाधुयोग्यं नियमकुलकम्

(कर्ता : श्री मुनिसुंदरसूरि शिष्य श्री सोमसुंदरसूरि)

भुवणिक्कपईवसमं, वीरं नियगुरुपए अ नमिऊणं ।
चिरइअरदिक्खिआणं, जुग्गे नियमे पवक्खामि ।।१।।

निअउअरपूरणफला, आजीविअमित्तं होइ पव्वज्जा ।
धूलिहडीरायत्तण-सरिसा, सव्वेसिं हसणिज्जा ।।२।।

तम्हा पंचायारा-राहणहेउं गहिज्ज इअ निअमे ।
लोआइकट्ठरूवा, पव्वज्जा जह भवे सफला ।।३।।

नाणाराहणहेउं, पइदिअहं पंचगाहपढणं मे ।
परिवाडीओ गिण्हे, पणगाहाणं च सट्ठा य ।।४।।

अण्णेसिं पढणत्थं, पणगाहाओ लिहेमि तह निच्चं ।
परिवाडीओ पंच य, देमि पढंताण पइदियहं ।।५।।

ત્રણ ભુવનમાં એક (અસાધારણ) પ્રદીપ સમાન શ્રીવીરપ્રભુને અને મારા ગુરુનાં ચરણકમળને નમીને દીર્ઘ પર્યાયવાળા અને નવદીક્ષિત સાધુઓને યોગ્ય (સુખપૂર્વક વહનકરી શકાય) એવા નિયમો હું કહીશ. ।।૧।।

યોગ્ય નિયમોના પાલન વિનાની પ્રવ્રજ્યા (દીક્ષા) પોતાનું ઉદરપૂરણ કરવા માટે હોવાથી માત્ર આજીવિકા રુપ છે તેથી આવી દીક્ષા ધૂળેટીના રાજાના જેવી સહુ કોઇને હાસ્યાસ્પદ બને છે. ।।૨।।

તે માટે પંચાચાર (જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યઆચાર)ના આરાધન માટે લોચાદિ કષ્ટોરુપ નિયમો ગ્રહણ કરવા જોઇએ, કે જેથી (આદરેલી) પ્રવ્રજ્યા સફળ થાય. ।।૩।।

તેમાં જ્ઞાન આરાધન માટે મારે હંમેશાં પાંચ મૂળ ગાથાઓ ભણવી-કંઠસ્થ કરવી અને દરરોજ પાંચ ગાથાઓની અર્થ સહિત ગુરુ પાસેથી વાચના લેવી. ।।૪।।

વળી હું બીજાઓને ભણવા માટે હંમેશાં પાંચ ગાથાઓ લખું અને ભણનારાઓને હંમેશાં પરિપાટીથી (વિધિપૂર્વક વાચનાથી) પાંચ પાંચ ગાથા આપું. (ભણાવું-અર્થ સમજાવું વિગેરે.) ।।૫।।

**वासासु पंचसया, अट्ठ य सिसिरे य तिन्नि गिम्हंमि ।**
**पइदियहं सज्झायं, करेमि सिद्धंतगुणणेणं ।।६।।**

**परमिट्ठिनवपयाणं, सयमेगं पइदिणं सरामि अहं ।**
**अहं दंसणआयारे, गहेमि निअमे इमे सम्मं ।।७।।**

**देवे वंदे निच्चं, पणसक्कत्थएहिं एकवारमहं ।**
**दो तिन्निय वा वारा, पइजामं वा जहासत्ति ।।८।।**

**अट्ठमीचउद्दसीसुं, सव्वाणि वि चेइआइं वंदिज्जा ।**
**सव्वेवि तहा मुणिणो, सेसदिणे चेइअं इक्कं ।।९।।**

**पइदिणं तिन्नि वारा, जिट्ठे साहू नमामि निअमेणं ।**
**वेयावच्चं किंची, गिलाण-वुड्ढाइणं कुव्वे ।।१०।।**

વળી સિદ્ધાંત-પાઠ (ગાથા વિગેરે) ગણવા વડે વર્ષાઋતુમાં પાંચસો, શિશિર ઋતુમાં આઠસો અને ગ્રીષ્મઋતુમાં ત્રણસો ગાથા પ્રમાણ દરરોજ સ્વાધ્યાય કરું ।।૬।।

પંચ પરમેષ્ઠિનાં નવપદોનું (નવકાર મહામંત્રનું) એક સો વાર હું સદાય રટણ કરું. (દરરોજ એક બાંધી નવકારવાળી ગણું). હવે હું દર્શનાચારના આ (નીચેના) નિયમોને સારી રીતે ગ્રહણ કરું છું. ।।૭।।

પાંચ શક્રસ્તવ વડે દરરોજ એક વખત દેવવંદન કરું, અથવા બે વખત, ત્રણ વખત, કે પ્રહરે પ્રહરે (ચાર વખત) યથાશક્તિ આળસ રહિત દેવવંદન કરું. ।।૮।।

વળી દરેક અષ્ટમી તથા ચતુર્દશીના દિવસે સઘળાં દેરાસરો જુહારવાં તેમજ સઘળા ય મુનિરાજોને વાંદવા અને બાકીના દિવસોમાં એક દેરાસરે દર્શન-ચૈત્યવંદનાદિ અવશ્યક કરવું ।।૯।।

હંમેશાં વડીલ સાધુઓને અવશ્ય ત્રણ વાર (ત્રિકાળ) વંદન કરું અને બીજા ગ્લાન તથા વૃદ્ધાદિક મુનિજનોની વૈયાવચ્ચ યથાશક્તિ કરું. ।।૧૦।।

अह चारित्तायारे, नियमग्गहणं करेमि भावेणं ।
बहिभूगमणाइसुं, वज्जे वत्ताइं इरियत्थं ।।११।।

अपमज्जियगमणम्मि, असंडासपमज्जिउं च उवविसणे ।
पाउंछणयं च विणा, उवविसणे पंचनमुक्कारा ।।१२।।

उग्घाडेण मुहेणं, नो भासे अहव जत्तिया वारा ।
भासे तत्तियमित्ता, लोगस्स करेमि उस्सग्गं ।।१३।।

असणे तह पडिक्कमणे, वयणं वज्जे विसेसकज्ज विणा ।
सक्कीयमुवहिं च तहा, पडिलेहंतो न बेमि सया ।।१४।।

---

હવે ચારિત્રાચાર વિષે નીચે મુજબ નિયમો ભાવસહિત અંગીકાર કરું છું.

**૧. ઇર્યાસમિતિ**-વડીનીતિ, લઘુનીતિ કરવા અથવા આહાર-પાણી વહોરવા જતાં-આવતાં ઇર્યાસમિતિ પાળવા માટે (જીવરક્ષા માટે) રસ્તામાં વાર્તાલાપ વિગેરે કરવાનું હું ત્યાગ કરું છું. ।।૧૧।।

દિવસે દૃષ્ટિથી કે રાત્રિએ દંડાસનથી પૂંજ્યા-પ્રમાર્જ્યા વગર ચાલ્યા જવાય તો, અંગ-પડિલેહણ વગેરે સંડાસા કે આસન પડિલેહ્યા-પ્રમાર્જ્યા વગર બેસી જવાય તો અને કટાસણા-કાંબળી વગર બેસી જવાય તો (તત્કાળ) પાંચ નમસ્કાર કરવા (પાંચ ખમા-સમણા દેવા અથવા પાંચવાર નવકાર મંત્રનો જાપ કરવો.) ।।૧૨।।

**૨-ભાષાસમિતિ**-ઉઘાડે મુખે (મુહપત્તિ રાખ્યા વિના) નહિ જ બોલું અથવા ભૂલ જેટલી વાર ઉઘાડે મુખે બોલાઇ જાય તેટલી વાર (ઇરિયાવહીપૂર્વક) એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરું ।।૧૩।।

આહાર-પાણી વાપરતાં તેમજ પ્રતિક્રમણ કરતાં કોઇ મહત્ત્વના કાર્ય વિના કોઇને કાંઇ કહું નહિ, એટલે કે કોઇ સાથે વાર્તાલાપ કરું નહિ, એ જ રીતે મારી પોતાની ઉપધિની પડિલેહણા કરતાં હું કદાપિ બોલું નહિ. (વડીલની આજ્ઞા વગેરે કારણે બોલવું પડે તો જયણા) ।।૧૪।।

अन्नजले लब्भंते, विहरे नो धावणं सकज्जेणं ।
अगलिअजलं न विहरे, जरवाणीअं विसेसेणं ।।१५।।

सक्कीयमुवहिमाइ, पमज्जिउं निक्खिवेमि गिण्हेमि ।
जइ न पमज्जेमि तओ, तत्थेव कहेमि नमुक्कारं ।।१६।।

जत्थ व तत्थ व उज्झणि, दंडगउवहीए अंबिलं कुव्वे ।
सयमेगं सज्झायं, उस्सग्गे वा गुणेमि अहं ।।१७।।

मत्तगपरिट्ठवणम्मि अ, जीवविणासे करेमि निव्वियं ।
अविहीइ विहरिऊणं, परिठवणे अंबिलं कुव्वे ।।१८।।

अणुजाणह जस्सुग्गह, कहेमि उच्चारमत्तगट्ठाणे ।
तह सन्नाडगलगजोग-कप्पतिप्पाइ वोसिरे तिगं ।।१९।।

**૩-એષણાસમિતિ**-બીજું નિર્દોષ પ્રાસુક જલ મળતું હોય તો મારા પોતાના માટે ધોવણવાળું જળ હું ગ્રહણ કરું નહિ. વળી અળગણ (ગળ્યા વિનાનું) જળ હું લઉં નહિ અને જરવાણી (ગૃહસ્થે નીતારીને તૈયાર કરેલું) તો વિશેષે કરીને લઉં નહિ. ।।૧૫।।

**૪-આદાનનિક્ષેપણાસમિતિ**-મારી પોતાની ઉપધિ વગેરે કોઇપણ ચીજ પૂંજી-પ્રમાર્જીને ભૂમિ ઉપર મૂકું તેમજ પૂંજી-પ્રમાર્જીને ગ્રહણ કરું, જો તેમ પૂંજવા-પ્રમાર્જવામાં ગફલત થાય તો ત્યાં જ એક નવકાર ગણું. ।।૧૬।।

દાંડો વગેરે પોતાની ઉપધિ જ્યાં ત્યાં અસ્ત વ્યસ્ત મૂકી દેવાય તો એક આયંબિલ કરું અથવા ઉભા ઉભા કાઉસ્સગ્ગ મુદ્રાએ રહી એકસો શ્લોક અથવા સો ગાથા જેટલો સ્વાધ્યાય કરું ।।૧૭।।

**૫-પારિઠાવણિયાસમિતિ**-લઘુનીતિ કે શ્લેષ્માદિકનું ભાજન પરઠવતાં કોઇ જીવનો વિનાશ થાય તો નિવિ કરું અને અવિધિથી (સદોષ) આહાર-પાણી વગેરે વહોરીને પરઠવતાં એક આયંબિલ કરું. ।।૧૮।।

વડીનીતિ કે લઘુનીતિ વિગેરે કરવાના કે પરઠવવાના સ્થાને 'અણુજાણહ જસ્સુગ્ગહો' પ્રથમ કહું, તેમજ તે લઘુ-વડીનીતિ, ધોવાનું પાણી, લેપ અને ડગલ વગેરે પરઠવ્યા પછી ત્રણ વાર 'વોસિરે' કહું. ।।૧૯।।

**रागमये मणवयणे, इक्किक्कं निव्वियं करेमि अहं ।**
**कायकुचिट्ठाए पुणो, उववासं अंबिलं वा वि ।।२०।।**

**बेंदियमाईण वहे, इंदियसंखा करेमि निव्वियया ।**
**भयकोहाइवसेणं, अलीयवयणंमि अंबिलयं ।।२१।।**

**पढमालियाइ न गिण्हे, घयाइवत्थूण गुरुअदिट्ठाणं ।**
**दंडगतप्पणगाइ, अदिन्नगहणे य अंबिलयं ।।२२।।**

**एगित्थीहिं वत्तं, न करे परिवाडिदाणमवि तासिं ।**
**इगवरिसारिहमुवहिं, ठावे अहिगं न ठावेमि ।।२३।।**

**पत्तगदुप्परगाइ, पन्नरस उवरिं न चेव ठावेमि ।**
**आहाराण चउण्हं, रोगे वि अ संनिहिं न करे ।।२४।।**

---

**ત્રણગુપ્તિના પાલન માટે**-મન અને વચનથી રાગમય (રાગાકુલ) વિચારું કે બોલું તો હું એક નિવિ કરું અને જો કાયાથી કુચેષ્ટા થાય-ઉન્માદ જાગે તો ઉપવાસ અથવા આયંબિલ કરું. ।।૨૦।।

**પહેલા અહિંસા વ્રતમાં**-બેઇન્દ્રિય વગેરે ત્રસજીવની વિરાધના-હિંસા મારા પ્રમાદાચરણથી થઇ જાય તો તે તે મરેલા જીવની ઇન્દ્રિયો જેટલી નિવિઓ કરું. **બીજા વ્રતમાં** ભય, ક્રોધ, લોભ અને હાસ્યાદિકને વશ થઇ જુઠું બોલું તો આયંબિલ કરું. ।।૨૧।।

**ત્રીજા વ્રતમાં**-પ્રથમાલિકા (નવકારશી) વિગેરેમાં ઘી, દૂધ વગેરે પદાર્થો ગુરુ મહારાજને દેખાડ્યા વિના વાપરું નહિ. અને બીજા સાધુઓનાં દાંડો, તરપણી વિગેરે ઉપકરણો તેઓની રજા વગર લઉં-વાપરું તો આયંબિલ કરું ।।૨૨।।

**ચોથા વ્રતમાં**-એકલી સ્ત્રીઓ-સાધ્વીઓ સાથે વાર્તાલાપ ન કરું અને તેઓને એકલો (સ્વતંત્ર) ભણાવું નહિ. **પાંચમા વ્રતમાં**-એક વર્ષ ચાલે તેટલી જ ઉપધિ રાખું પણ એથી અધિક ન રાખું. ।।૨૩।।

પાત્રા અને કાચલાં (ટોક્ષી) વગેરે બધું મળી મારા પોતાના પંદર થી વધુ રાખું નહિ અને બીજા પાસે રખાવું નહિ.

**છટ્ઠા વ્રતમાં**-રોગાદિ કારણે પણ અસન, પાન, ખાદિમ, સ્વાદિમ આ ચારે પ્રકારના આહારનો લેશમાત્ર પણ સંનિધિ રાખું નહિ. ।।૨૪।।

**महारोगे वि अ काढं, न करेमि निसाइ पाणीयं न पिबे ।**
**सायं दोघडियाणं, मज्झे नीरं न पिबेमि ।।२५।।**

**अहवत्थमिए सूरे, काले नीरं न करेमि सायकालं ।**
**अणहारोसहसंनिहि-मवि नो ठावेमि वसहीए ।।२६।।**

**तवआयारे गिण्हे, अह नियमे कइवए ससत्तीए ।**
**ओगाहियं न कप्पइ, छट्ठाइतवं विणा जोगं ।।२७।।**

**निव्वियतिगं च अंबिल-दुगं च विणु नो करेमि विगयमहं ।**
**विगइदिणे खंडाइ-गकार नियमो अ जावजीवं ।।२८।।**

**निव्विअयाइं न गिण्हे, निव्वियतिगमज्झि विगइदिवसे अ ।**
**विगइं नो गिण्हेमि अ, दुन्नि दिणे कारणं मुत्तुं ।।२९।।**

---

મોટો રોગ થયો હોય તો પણ ક્વાથ ન કરું-ઉકાળો કરાવીને વાપરું નહિ. રાત્રિ સમયે જળપાન પણ કરું નહિ અને સાંજે છેલ્લી બે ઘડીમાં (સૂર્યાસ્ત પહેલાંની બે ઘડીના કાળમાં) પાણી પણ પીઉં નહિ, તો પછી બીજા અશનાદિક આહારની તો વાત જ શી ? ।।૨૫।।

અથવા હંમેશા સૂર્યાસ્ત થયા પછી પાણી નહીં વાપરું (સૂર્યાસ્ત પહેલાં જ સર્વ આહાર સંબંધી પચ્ચકખાણ કરી લઉં). અને અણાહારી ઔષધનો સંનિધિ પણ ઉપાશ્રયમાં રાખું-રખાવું નહિ. ।।૨૬।।

**તપાચારને વિષે**-કેટલાક નિયમો સ્વશક્તિને અનુસારે ગ્રહણ કરું છું. તેમાં છટ્ઠ કે તેથી વધુ તપ ન કર્યો હોય, તેમજ યોગવહન ન કરતો હોઉં તો મારે અવગાહિમ (પકવાન્ન-વિગઇ) લેવી કલ્પે નહિ. ।।૨૭।।

લાગલગાટ ત્રણ નિવીઓ અથવા બે આયંબિલ કર્યા વિના હું વિગઇ (દૂધ, દહીં, ઘી વગેરે) વાપરું નહિ અને વિગઇ વાપરું તે દિવસે પણ સ્વાદ માટે દૂધ વિગેરેમાં ખાંડ વિગેરે મેળવીને નહીં વાપરવાનો નિયમ જાવજ્જીવ સુધી પાળું ।।૨૮।।

ત્રણ નિવીઓ લાગલગાટ થાય તે દરમ્યાન તેમજ વિગઇ વાપરવાના દિવસે પણ નિવીયાતાં દ્રવ્યો (પકવાન્નાદિ) ગ્રહણ કરું નહિ-વાપરું નહિ, તેમજ કોઇપણ તેવા પુષ્ટ કારણ વિના લાગટ બે દિવસ સુધી વિગઇ વાપરું નહિ. ।।૨૯।।

अट्ठमीचउद्दसीसुं, करे अहं निव्वियाइं तिन्नेव ।
अंबिलदुगं च कुव्वे, उववासं वा जहासत्तिं ।।३०।।

दव्वखित्ताइगया, दिणे दिणे अभिग्गहा गहेअव्वा ।
जीयम्मि जओ भणियं, पच्छित्तमभिग्गहाभावे ।।३१।।

वीरियायारनियमे, गिण्हे केइ अवि जहासत्तिं ।
दिणपणगाहाइणं, अत्थं गिण्हे मणेण सया ।।३२।।

पणवारं दिणमज्झे, पमाययंताण देमि हियसिक्खं ।
एगं परिट्ठवेमि अ, मत्तयं सव्वसाहूणं ।।३३।।

चउवीसं वीसं वा, लोगस्स करेमि काउसग्गम्मि ।
कम्मखयट्ठा पइदिए, सज्झायं वा वि तम्मित्तं ।।३४।।

---

પ્રત્યેક અષ્ટમી અને ચતુર્દશીના દિવસે શક્તિ હોય તો ઉપવાસ કરું અથવા બે આયંબિલ અથવા ત્રણ નિવીઓ વગેરે સ્વશક્તિ પ્રમાણે કરી આપું ।।૩૦।।

પ્રતિદિન દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવથી 卐અભિગ્રહો ધારણ કરવા. કારણ કે 'અભિગ્રહ ન ધારે તો પ્રાયશ્ચિત્ત આવે' એમ શ્રી યતિજીતકલ્પમાં કહ્યું છે. ।।૩૧।।

**વીર્યાચાર** સંબંધી કેટલાક નિયમો યથાશક્તિ હું ગ્રહણ કરું છું. રોજ પાંચ ગાથા વિગેરેનો અર્થ હું મનપૂર્વક ગ્રહણ કરું. ।।૩૨।।

(વડીલ તરીકે) આખા દિવસમાં સંયમ માર્ગમાં (ધર્મ કાર્યમાં) પ્રમાદ કરનારાઓને હું પાંચ વાર હિતશિક્ષા આપું અને (લઘુ તરીકે) સર્વ વડીલ સાધુઓનું એક એક માત્રક (પરઠવવાનું ભાજન) પરઠવી આપું. ।।૩૩।।

પ્રતિદિવસ કર્મક્ષય માટે ચોવીશ કે વીશ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરું, અથવા કાઉસસ્સગમાં રહી સ્થિરતાથી એટલા પ્રમાણમાં સ્વાધ્યાય-ધ્યાન કરું ।।૩૪।।

---

卐 કરણસિત્તરીમાં અભિગ્રહના ચાર ભેદો ગણેલા છે. તે દરરોજ કરવા યોગ્ય હોવાથી આહારાદિ સંજ્ઞાના વિજય માટે સાધુએ (ગૃહસ્થના દેસાવગાસિકની જેમ) પ્રતિદિન દ્રવ્યાદિ અભિગ્રહો ધારવા જોઇએ.

निद्दाइपमाएणं, मंडलिभंगे करेमि अंबिलयं ।
नियमा करेमि एगं, विस्सामणयं च साहूणं ।।३५।।

सेहगिलाणाइणं विणा वि संघाडयाइ संबंधं ।
पडिलेहणमल्लगपरि-ठवणाइ कुव्वे जहासत्ति ।।३६।।

वसहीपवेसि निग्गम्मि, निसिहीआवस्सियाण विस्सरणे ।
पायाऽपमज्जणे वि य, तत्थेव कहेमि नवकारं ।।३७।।

भयवं पसाउ करिउं, इच्छाइ अभासणम्मि वुड्ढेसु ।
ईच्छाकाराऽकरणे, लहुसु साहूसु कज्जेसु ।।३८।।

सव्वत्थवि खलिएसुं, मिच्छाकारस्स अकरणे तह य ।
सयमन्नाउ वि सरिए, कहियव्वो पंचनमुक्कारो ।।३९।।

નિદ્રાદિક પ્રમાદ વડે માંડલીનો ભંગ થઇ જાય (માંડલીમાં સમયસર હાજર ન થઇ શકું) તો એક આયંબિલ કરૂં અને વડીલ, ગ્લાન આદિ સાધુઓની એક વખત વિશ્રામણા-વૈયાવચ્ચ અવશ્ય કરૂં ।।૩૫।।

સંઘાડાદિકનો કશો સંબંધ ન હોય તો પણ લઘુ શિષ્ય (બાળ), ગ્લાન સાધુ, વગેરેનું પડિલેહણ તેમજ તેમની ખેલ વગેરેની કુંડીને પરઠવવી વિગેરે પણ હું યથાશક્તિ કરી આપું. ।।૩૬।।

વસતિ (ઉપાશ્રય)માં પ્રવેશ કરતાં 'નિસીહિ' અને નીકળતાં 'આવસ્સહિ' કહેવી ભૂલી જાઉં તથા ગામમાં પેસતાં કે નીસરતાં પગ પૂંજવા ભૂલી જાઉં તો યાદ આવે તે જ સ્થળે નવકારમંત્ર ગણું ।।૩૭।।

કાર્ય પ્રસંગે વિનંતિ કરતાં વૃદ્ધ સાધુઓને 'હે ભગવન્ ! પસાય કરી' અને લઘુ સાધુને 'ઇચ્છાકાર' એટલે તેમની ઇચ્છા અનુસારે, એમ કહેવું ભૂલી જાઉં તેમજ સર્વત્ર જ્યારે જ્યારે ભૂલ થાય ત્યારે ત્યારે 'મિચ્છાકાર' એટલે 'મિચ્છામિ દુક્કડં' એમ કહેવું ભૂલી જાઉં તો જ્યારે મને યાદ આવે અથવા કોઇ હિતસ્વી યાદ અપાવે ત્યારે તત્કાળ મારે એક વાર નવકારમંત્ર ગણવો. ।।૩૮-૩૯।।

**वुड्ढस्स विणा पुच्छं, विसेसवत्थुं न देमि गिण्हे वा ।**
**अन्नं पि अ महकज्जं, वुड्ढं पुच्छिय करेमि सया ।।४०।।**

**दुब्बलसंघयणाण वि, एए नियमा सुहावहा पायं ।**
**किंचि वि वेरग्गेणं, गिहिवासो छड्डिओ जेहिं ।।४१।।**

**संपइकाले वि इमे, काउं सक्के करेइ नो निअमे ।**
**सो साहुत्तगिहित्तण-उभयभट्ठो मुणेयव्वो ।।४२।।**

**जस्स हिययम्मि भावो, थोवो वि न होइ नियमगहणंमि ।**
**तस्स कहणं निरत्थय-मसिरावणि कूवखणणं व ।।४३।।**

**संघयणकालबलदूसमा-रयालंबणाइं घित्तूणं ।**
**सव्वं चिय निअमधुरं, निरुज्जमाओ पमुच्चंति ।।४४।।**

---

વડીલને પૂછ્યા વિના કોઇ વિશેષ સારી વસ્તુ (આહાર, વસ્ત્ર, પાત્રાદિ) બીજા સાથે આપ લે કરું નહીં તથા કોઇ મોટું કામ હંમેશા વૃદ્ધ (વડીલ) ને પૂછીને જ કરું, પૂછયા વગર કરું નહિ. ।।૪૦।।

શરીરનો બાંધો નબળો છે એવા દુર્બળ સંઘયણવાળા પણ જેમણે કાંઇક વૈરાગ્યથી ગૃહસ્થવાસ છોડયો છે, તેમને આ ઉપર જણાવેલા નિયમો પ્રાય: સુખેથી પાળી શકાય તેવા શુભ ફળ દેનારા છે. ।।૪૧।।

સંપ્રતિકાળે પણ સુખપૂર્વક પાળી શકાય એવા આ નિયમોને જે આદરે-પાળે નહિ, તે સાધુપણાથી અને ગૃહસ્થપણાથી એમ ઉભયભ્રષ્ટ થયો જાણવો. ।।૪૨।।

જેના હૃદયમાં ઉક્ત નિયમો ગ્રહણ કરવાનો લેશ પણ ભાવ ન હોય તેને આ નિયમ સંબંધી ઉપદેશ કરવો એ સિરા રહિત (જ્યાં પાણી પ્રગટ થાય તેમ ન હોય તેવા) સ્થળે કૂવો ખોદવા જેવો નિરર્થક થાય છે. ।।૪૩।।

વર્તમાનમાં સંઘયણબળ, કાળબળ અને દુ:ષમઆરો વગેરે નબળાં છે એમ નબળા આલંબન પકડીને પુરુષાર્થ વિનાના પામર જીવો આળસ-પ્રમાદથી બધા નિયમો-રુપી સંયમની ધુરાને છોડી દે છે. ।।૪૪।।

**वुच्छिन्नो जिणकप्पो, पडिमाकप्पो अ संपइ नत्थि ।**
**सुद्धो अ थेरकप्पो, संघयणाईण हाणीए ।।४५।।**

**तह वि जइ एअ नियमा-राहणविहिए जएज्ज चरणम्मि ।**
**सम्ममुवउत्तचित्तो, तो नियमाराहगो होइ ।।४६।।**

**एए सव्वे नियमा, जे सम्मं पालयंति वेरग्गा ।**
**तेसिं दिक्खा गहिआ, सहला सिवसुहफलं देइ ।।४७।।**

(સંપ્રતિકાળે) જિનકલ્પ વિચ્છેદ થયેલો છે, વળી પ્રતિમાકલ્પ પણ અત્યારે વર્તતો નથી અને સંઘયણાદિકની હાનિથી શુદ્ધ સ્થવિરકલ્પ પણ પાળી શકાતો નથી, તો પણ જો મુમુક્ષુ જીવ આ નિયમોની આરાધના કરવાપૂર્વક સમ્યગ્ ઉપયુક્ત ચિત્તવાળો થઇ ચારિત્ર પાળવામાં ઉદ્યમ કરશે, તો તે અવશ્ય જિનાજ્ઞાનો આરાધક થશે. ।।૪૫-૪૬।।

આ સર્વે નિયમોને જે આત્માઓ વૈરાગ્યથી સારી રીતે પાળે છે, આરાધે છે, તેમની ગ્રહણ કરેલી દીક્ષા સફળ થાય છે અને તે શિવસુખ ફળ આપે છે. ।।૪૭।।

# २४ इरियावहिय कुलकम्

नमवि सिरिवद्धमाणस्स पयपंकयं, भविअ जिअ भमरगण निच्चपरिसेविअं ।
चउगइजीवजोणीण खामणकए, भणिमु कुलयं अहं निसुणिअं जह सुए ।।१।।

नारयाणं जिआ सत्तनरयुब्भवा, अपज्जपज्जत्तभेएहिं चउदस धुवा ।
पुढवि-अप-तेय-वाउ-वणस्सईणंतया, पंच ते सुहुमथूला य दस हुंतया ।।२।।

अपज्जपज्जत्तभेएहिं वीसं भवे, अपज्जपज्जत्तपत्तेयवणस्सइ दुवे,
एवमेगिंदिआ वीस दो जुत्तया, अपज्जपज्जबिंदि-तेइंदि चउरिंदिया ।।३।।

नीरथलखेअरा उरगपरिसप्पया, भुजगपरिसप्प सन्निऽसन्नि पंचिंदिया ।
दसवि ते पज्जअपज्जत्त वीसं कया, तिरिय सव्वेऽडयालीस भेया मया ।।४।।

ભવ્ય જીવોરુપી ભ્રમરોના સમૂહથી નિત્ય સેવાયેલા શ્રી મહાવીરપ્રભુના ચરણ-કમલને નમસ્કાર કરીને ચાર ગતિના જીવની યોનિઓને (જીવોને) ખમાવવાને માટે મેં સિદ્ધાન્તમાં જે સાંભળેલું છે તે કુલકરુપે કહું છું. ।।૧।।

સાત નરક પૃથ્વીઓમાં ઉત્પન્ન થતા નરકના જીવોના સાત પ્રકારો છે. તેના સાત પર્યાપ્તા અને સાત અપર્યાપ્તા મળીને કુલ ચૌદ ભેદ થાય છે. તથા તિર્યંચમાં-પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય અને સાધારણ વનસ્પતિકાય-એ પાંચ ભેદોના પાંચ સૂક્ષ્મ અને પાંચ બાદર મળી કુલ દશ ભેદો થાય છે. ।।૨।।

એ દશના અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ બે પ્રકારો ગણતાં વીશ ભેદો થાય છે, ઉપરાંત પ્રત્યેક વનસ્પતિના અપર્યાપ્ત અને પર્યાપ્ત એમ બે ભેદો છે. આ રીતે એકેન્દ્રિ-યના કુલ બાવીસ ભેદો થાય છે. તથા પર્યાપ્તા અને અપર્યાપ્તા બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય મળી વિકલેન્દ્રિયના છ ભેદો થાય છે. ।।૩।।

(વળી) સંજ્ઞી પંચેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય, તે પ્રત્યેકના જળચર, સ્થળ-ચર (ચતુષ્પદ), ખેચર, ઉર:પરિસર્પ અને ભુજપરિસર્પ એમ પાંચ પાંચ ભેદો હોવાથી દશ ભેદો થાય છે, તેના વળી પર્યાપ્તા અને અપર્યાપ્તા ગણતાં વીસ ભેદો થાય, એ સર્વ મળી તિર્યંચના અડતાળીસ ભેદો કહ્યા છે. ।।૪।।

**पंचदसकम्मभूमी य सुविसालया, तीस अक्कम्मभूमी य सुहकारया ।**
**अंतरद्दीव तह पवर छप्पण्णयं, मिलिय सयमहियमेगेण नरठाणयं ।।५।।**

**तत्थ अपज्जत्तपज्जत्तनरगब्भया, वंतपित्ताइ असन्निअपज्जत्तया ।**
**मिलिय सव्वे वि ते तिसय तिउत्तरा, मणुयजम्मम्मि इमं हुंति विविहप्पयर ।।६।।**

**भवणवइदेव दस पनर परहम्मिया, जंभगा दस य तह सोल वंतरगया ।**
**चर-थिरा जोइसा चंद सूरा गहा, तह य नक्खत्त तारा य दस भावहा ।।७।।**

**किब्बिसा तिण्णि सुर बार वेमाणिया, भेय नव नव य गेविज्ज लोगंतिया ।**
**पंच आणुत्तरा, सुरवरा ते जुया, एगहीणं सयं देवदेवीजुया ।।८।।**

**अपज्जपज्जत्तभेएहिं सयट्ठाणुआ, भवण वण जोइ वेमाणिया मिलिया ।**
**अहिअ तेसट्ठी सवि हुंति ते पणसया, अभिहया पयदसयगुणिए जाया तया ।।९।।**

સુવિશાળ પંદર કર્મભૂમિઓ, એકાંતે જ્યાં સુખ છે તે ત્રીસ અકર્મભૂમિઓ અને છપ્પન અંતર્દ્વીપો, એમ મનુષ્યને ઉત્પન્ન થવાના કુલ એકસો એક સ્થાનકો છે.।।૫।।

ત્યાં પર્યાપ્ત અને અપર્યાપ્તા એવા બે ભેદવાળા ગર્ભજ મનુષ્યો હોય છે. તેના ૨૦૨ ભેદો તથા તેઓના વમન-પિત્તાદિક (ચૌદ સ્થાનોમાં) ઉત્પન્ન થતા અપર્યાપ્તા સંમૂર્છિમ મનુષ્યોના ૧૦૧, આ રીતે મનુષ્ય જન્મમાં ૩૦૩ ભેદો થાય છે. ।।૬।।

(દેવોમાં) ભવનપતિ દેવોના દશ, પરમાધામીના પંદર, તિર્યગ્જૃંભકના દશ તથા વ્યંતરના સોળ અને ચન્દ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા એ પાંચ ચર અને પાંચ સ્થિર મળી કાન્તિમાન્ જ્યોતિષીના દશ ભેદો થાય. ।।૭।।

તથા કિલ્બિષીક દેવના ત્રણ, બાર વૈમાનિકના, નવ ગ્રૈવેયકના, નવ લોકાંતિકના તથા પાંચ અનુત્તરના, તે બધા મળીને દેવ દેવીઓ સહિત નવ્વાણું ભેદો દેવોના થાય છે. ।।૮।।

એ નવ્વાણુના પર્યાપ્તા અને અપર્યાપ્તા બે બે ગણતાં ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક એ ચારેના મળી એકસોને અટ્ઠાણુ ભેદો થાય છે. આ રીતે ૧૪+૪૮+૩૦૩+૧૯૮=૫૬૩ ભેદો નરકાદિ ચારે ગતિના જીવોના થયા, તેને 'અભિહયા' વગેરે દશ પદોએ ગુણતાં ।।૯।।

**पंचसहसा छसय भेय तीसाहिया, रागदोसेहि ते सहस एगारसा ।**
**दुसय सट्ठित्ति मण वयकाए पुणो, सहस तेत्तीस सयसत्त असिई घणो ।।१०।।**

**करणकारणअणुमई संजोडिया, एगलख सहसइग तिसयचालीसया ।**
**कालतिअगणिय तिगलक्ख चउसहसया, वीसहिअ इरियमिच्छामिदुक्कडपया ।।११।।**

**इणि परि चउगइमांहि जे जीवया, कम्मपरिपाकि नवनविय जोणीठिया ।**
**ताह सव्वाहकर करिय सिर उप्परे, देमि मिच्छामिदुक्कडं बहुबहु परे ।।१२।।**

**इअ जिअ विविहप्परि मिच्छामि दुक्कडं, करिहि जि भविअ (नियहिय) सुद्धमणा ।**
**ति छिंदिय भवदुहं पामिअ सुरसुहं, सिद्धिनयरिसुहं लहइ (अंते) घणं ।।१३।।**

પાંચ હજાર, છસો ને ત્રીસ ભેદો થાય, તેને રાગ અને દ્વેષ બેથી ગુણતાં અગીયાર હજાર બસો ને સાઠ થાય, તેને મન, વચન અને કાયા એ ત્રણથી ગુણીએ ત્યારે તેત્રીસ હજાર, સાતસો ને એંશી (૩૩, ૭૮૦) ભેદો થાય. ।।૧૦।।

તેને કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણે ગુણવાથી એક લાખ, એક હજાર, ત્રણસો ને ચાલીસ (૧,૦૧,૩૪૦) ભેદો થાય, અને તેને ત્રણે કાળથી ગુણતાં ત્રણ લાખ ચાર હજાર અને વીશ ભેદો (૩,૦૪,૦૨૦) થાય તે દરેકને તે તે પ્રકારે 'મિચ્છામિ દુક્કડં' દેવાથી ઇરિયાવહિના 'મિચ્છામિ દુક્કડં'નાં તેટલાં સ્થાનો થાય છે. ।।૧૧।।

(અન્ય ગ્રન્થોમાં આ ૩,૦૪,૦૨૦ ને છ સાક્ષીથી ગુણતાં '૧૮,૨૪,૧૨૦' પ્રકારો પણ મિચ્છામિદુક્કડંના થાય છે, એમ કહેલું છે.)

એ પ્રમાણે પોતપોતાના કર્મવિપાકને અનુસારે નવી નવી યોનિઓમાં ચારે ગતિમાં જે જીવો ભમી રહ્યા છે તે દરેકને હું મસ્તકે હાથ જોડીને અનેકાનેક વાર મિચ્છામિ દુક્કડં દઉં છું. ।।૧૨।।

એ પ્રમાણે વિવિધ પ્રકારે જીવો પ્રત્યે જે ભવ્યજીવ શુદ્ધ મનથી 'મિથ્યા દુષ્કૃત' કરે છે તે સંસારનાં દુ :ખો છેદીને, વચ્ચે દેવોનાં સુખો પામીને અંતે મોક્ષ નગરીનું અનંત સુખ પ્રાપ્ત કરે છે. ।।૧૩।।

# २५ उपदेशरत्नमाला कुलकम्

(कर्ता : आचार्य पद्मजिनेश्वरसूरि)

उवएसरयणकोसं नासिअ नीसेसलोग दोगच्चं ।
उवएसरयणमालं वुच्छं नमिऊण वीरजिणं ।।१।।

जीवदयाइं रमिज्जइ इंदियवग्गो दमिज्जइ सया वि ।
सच्चं चेव वइज्जइ धम्मस्स रहस्समिणमेव ।।२।।

सीलं न हु खंडिज्जइ न संवसिज्जइ समं कुसीलेहिं ।
गुरुवयणं न खलिज्जइ जइ नज्जइ धम्म परमत्थो ।।३।।

चवलं न चंकमिज्जइ विरज्जइ नेव उब्भडो वेसो ।
वंकं न पलोइज्जइ रुट्ठा वि मणंति किं पिसुणा ।।४।।

नियमिज्जइ नियजीहा अविआरियं नेव किज्जए कज्जं ।
न कुलकम्मो अ लुप्पइ कुविओ किं कुणइ कलिकालो ।।५।।

मम्मं न उल्लविज्जइ कस्स वि आलं न दिज्जइ कयावि ।
कोवि न उ(अ)क्कोसिज्जइ सज्जणमग्गो इमो दुग्गो ।।६।।

---

સમસ્ત લોકના દુર્ભાગ્યને નાશ કરનારા, ઉપદેશ રૂપ રત્નોના નિધાન એવા શ્રમણ ભગવાર મહાવીર સ્વામીને નમસ્કાર કરીને ઉપદેશ રત્નમાલાને કહીશ. ।।૧।।

હંમેશા જીવદયામાં રમણાતા કરવી, પાંચેય ઇન્દ્રિયોનું દમન કરવું, સત્ય જ બોલવું-ધર્મનું રહસ્ય આ જ છે. ।।૨।।

જો ધર્મનો પરમાર્થ જાણ્યો હોય તો શીલનું ખંડન ન કરવું, કુશીલવર્ગ સાથે ન રહેવું, ગુરુ વચનનું ઉલ્લંઘન ન કરવું. ।।૩।।

ચપળતા પૂર્વક ચાલવું નહિ, ઉદ્ભટ વેશ પરિધાન ન કરવો, આડુ અવળુ અવલોકન કરવું નહિ-આ પ્રમાણે કરવાથી રોષાયમાન થયેલા દુર્જનો પણ શું માનશે ? એટલે કે કાંઇ ખરાબ માની શકશે નહીં. ।।૪।।

પોતાની જીભનું નિયમન કરવું, અવિચારિત કાર્ય ન કરવું અને કુલ પરંપરાનો લોપ ન કરવો-આટલું કર્યું હોય તો કોપાયમાન થયેલો કલિકાલ શું કરી શકે ? ।।૫।।

મર્મનું ઉદ્ઘાટન ન કરવું, ક્યારે ય કોઇને પણ આળ ન આપવું, કોઇના પર આક્રોશ ન કરવો-સજ્જનોનો આ કઠિન માર્ગ છે. ।।૬।।

सव्वस्स उवयरिज्जइ न पम्हसिज्जइ परस्स उवयारो ।
विहलं अवलं विज्जइ उवएसो एस विउसाणं ।।७।।

को वि न अब्भत्थिज्जइ किज्जइ कस्स वि न पत्थणाभंगो ।
दीणं न य जंपिज्जइ जीवीज्जइ जाव इहलोहे ।।८।।

अप्पा न पसंसिज्जइ निंदिज्जइ दुज्जणो वि न कयावि ।
बहु बहुसो न हसिज्जइ लब्भइ गुरुअत्तणं तेण ।।९।।

रिउणो न वीससिज्जइ क्या वि वंचिज्जइ न वीसत्थो ।
न कयग्घेहिं हविज्जइ एसो नायस्स नीस्संदो ।।१०।।

रज्जिजइ सुगुणेसु बज्जइ रागो न नेह वज्जेसु ।
किरइ पत्तपरिक्खा दक्खाण इमो अ कसवट्टो ।।११।।

नाकज्जमायरिज्जइ अप्पा वाहिज्ज न वयणिज्जे ।
न य साहसं चइज्जइ उब्भिज्जइ तेण जगहत्थो ।।१२।।

બધા પર ઉપકાર કરવો, બીજાનો ઉપકાર ભૂલવો નહિ, દુઃખમાં પણ ટકી કહેવું-વિદ્વાનાનો આ ઉપદેશ છે. ।।૭।।

આ જગતમાં જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી કોઇની પાસે પ્રાર્થના (માંગણી) ન કરવી, કોઇનો પણ પ્રાર્થના (વિનંતી) ભંગ ન કરવો, દીનવચન ન બોલવું. ।।૮।।

આત્મપ્રશંસા કરવી નહિ, દુર્જનની પણ ક્યારેય નિંદા કરવી નહીં, વારંવાર હસવું નહિ-આમ કરવાથી ગૌરવ પ્રાપ્ત થાય છે. ।।૯।।

દુશ્મનનો વિશ્વાસ ન કરવો, વિશ્વસ્ત (આપણા પર વિશ્વાસ રાખનાર) જનને ક્યારેય છેતરવા નહિ, કૃતઘ્ન થવું નહિ-આ ન્યાય-નીતિનો સાર છે. ।।૧૦।।

સદ્ગુણોમાં રમણતા કરવી, સ્નેહવર્જિત જન પર રાગ કરવો નહિ, યોગ્ય પાત્રની પરીક્ષા કરવી-દક્ષ પુરુષોનો આ કસોટી પથ્થર છે. ।।૧૧।।

અકાર્ય આચરવું નહિ, નીંદનીય કાર્યોમાં પોતાની જાતને જોડવી નહીં, સાહસ છોડવું નહિ-આમ કરવાથી જગતમાં ગૌરવપૂર્ણ રીતે રહી શકાય. ।।૧૨।।

वसणे वि न मुज्झिज्जइ मुच्चइणायो न नाम मरणेपि ।
विहवक्खए वि दिज्जइ वयमसिधारंसु धीराणं ।।१३।।

अइनेहो न वहिज्जइ रुसिज्जइ न य पिये वि पइदियहं ।
वद्धारिज्जइ न कली जलंजली दिज्जए दुहाणं ।।१४।।

न कुसंगेण वसिज्जइ बालस्स वि घिप्पए हिअं वयणं ।
अनायाओ निवट्टिज्जइ न होइ वयणिज्जया एवं ।।१५।।

विहवे वि न मज्जिजइ न विसीइज्जइ असंपयाए वि ।
वट्टिज्जइ समभावे न होइ रणणइ संतावो ।।१६।।

वन्निज्जइ भिच्चगुणो न परुक्खं न य सुअस्स पच्चक्खं ।
महिला उ नोभयावि हु न नस्सए जेण माहप्पं ।।१७।।

जंपिज्जइ पिअवयणं किज्जइ विणओ अ दिज्जए दाणं ।
परगुणगहणं किज्जइ अमूलमंतं वसीकरणं ।।१८।।

---

સંકટમાં મુંઝાવું નહીં, મરણાંતે પણ ન્યાયનો ત્યાગ ન કરવો, વૈભવ ક્ષયમાં પણ દાન આપવું-ધીર પુરુષોનું આ અસિધારા સમાન વ્રત છે. ।।૧૩।।

અતિ સ્નેહ કરવો નહિ, પ્રિય વ્યક્તિ પર પણ રોજ ગુસ્સો ન કરવો, કલહ વધારવો નહીં-આમ કરીને દુ:ખોને તિલાંજલિ આપવી ।।૧૪।।

દુર્જન સાથે રહેવું નહિ, બાળક પાસેથી પણ હિતવચન ગ્રહણ કરવું, અની-તિથી પાછા ફરવું-આમ કરવાથી નિંદનીયતા થતી નથી. ।।૧૫।।

વૈભવમાં પણ મદ ન કરવો, નિર્ધનાવસ્થામાં પણ વિષાદ ન કરવો, સમભાવમાં રહેવું, જેથી અત્યંત સંતાપ થાય નહીં. ।।૧૬।।

નોકરના ગુણ પરોક્ષમાં, પુત્રના ગુણ પ્રત્યક્ષમાં અને પત્નીના ગુણ પ્રત્યક્ષ કે પરોક્ષમાં પણ કહેવા નહીં. જેથી મહત્તા નાશ પામે નહિ. ।।૧૭।।

પ્રિયવચન બોલવું, વિનય કરવો, દાન આપવું, અન્યના ગુણનું ગ્રહણ કરવું-મૂળ અને મંત્ર વિનાનું આ વશીકરણ છે. ।।૧૮।।

पत्थावे जंपिज्जइ सम्माणिज्जइ खलो वि बहुमज्झे ।
नज्जइ सपरविसेसो सयलत्था तस्स सिज्झंति ।।१९।।

मंततंताण न पासे गम्मइ नय परगिहे अबीएहिं ।
पडिवन्नं पालिज्जइ सुकुलीणत्तं हवइ एवं ।।२०।।

भुंजइ भुंजाविज्जइ पुच्छिज्ज मणोगयं कहिज्ज सयं ।
दिज्जइ लिज्जिइ उचिअ इच्छिज्जइ जइ थिर पिम्मं ।।२१।।

को वि न अवमन्निज्जइ न य गविज्जइ गुणेहिं निअएहिं ।
न विम्हिओ वहिज्जइ बहुरयणा जेणिमा पुहवी ।।२२।।

आरंभिज्जइ लहुअं किज्जइ कज्जं महंतमवि पच्छा ।
न य उक्करिसो किज्जइ लब्भइ गुरुअत्तणं जेण ।।२३।।

साहिज्जइ परमप्पा अप्पसमाणो गणिज्जइ परोवि ।
किज्जइ न रागदोसो छिन्निज्जइ तेण संसारो ।।२४।।

યોગ્ય અવસરે બોલવું, ઘણાની વચ્ચે ખલ પુરુષનું પણ સન્માન કરવું, પોતાના અને પારકાનાં ભેદને જાણવો-આમ કરવાથી સકલ અર્થો સિદ્ધ થાય છે. ।।૧૯।।

માંત્રિક-તાંત્રિક પાસે ન જવું, પારકા ઘરે સંગાથ વિના જવું નહીં, પ્રતિજ્ઞાનું પાલન-જે કરવું સ્વીકાર્યું હોય તે-કરવું જો આ પ્રમાણે કરવાથી સુકુલીનતા પ્રાપ્ત થાય છે. ।।૨૦।।

જો સ્થિર પ્રેમ ઇચ્છતા હો તો પરસ્પર ભોજન કરવું-કરાવવું, તેના મનોગત ભાવને પૂછવા અને પોતાની મનોભાવના જણાવવી, ઉચિત વસ્તુની લેવડ-દેવડ કરવી. ।।૨૧।।

કોઇની પણ અવજ્ઞા ન કરવી, પોતાના ગુણોનું કીર્તન ન કરવું, વિસ્મય રાખવો નહીં, કારણકે આ પૃથ્વી બહુરત્ના છે. ।।૨૨।।

નાના કાર્યથી શરુઆત કરવી અને મોટુ કાર્ય પછીથી કરવું, પોતાનો ઉત્કર્ષ કરવો નહીં-જેનાથી ગૌરવ પ્રાપ્ત થાય છે. ।।૨૩।।

પરમાત્માની સાધના કરવી, અન્યને પણ સ્વસમાન ગણવા, રાગ-દ્વેષ ન કરવા-આમ કરવાથી સંસારનો ઉચ્છેદ થાય છે. ।।૨૪।।

**उवएसरयणमालं जो एवं ठवइ सुद्द निअकंठे ।**
**सो नर सिवसुहलच्छीं वत्थयले रमइ सया ।।२५।।**

**एअं पउमजिणेसरसूरि वयण गुंफ रम्मिअं वहउ ।**
**भव्वजणो कंठगयं विउलं उवएसमालमिणं ।।२६।।**

આ પ્રમાણે જે પુણ્યાત્મા આ ઉપદેશરત્નમાલાને પોતાના કંઠમાં સારી રીતે ધારણ કરે છે; તે શિવસુખ રુપ લક્ષ્મીને હૃદયમાં સદા રમાડે છે. ।।૨૫।।

પદ્મજિનેશ્વરસૂરિના વચન રુપી ગુચ્છથી સુશોભિત એવી આ વિપુલ ઉપદેશ-માલાને ભવ્યજીવો કંઠમાં વહન કરો. ।।૨૬।।



# २६ श्री हृदयप्रदीप षट्त्रिंशिका

(कर्ता : अज्ञात)

शब्दादिपञ्चविषयेषु विचेतनेषु, योऽन्तर्गतो हृदि विवेककलां व्यनक्ति ।
यस्माद् भवान्तरगतान्यपि चेष्टितानि, प्रादुर्भवन्त्यनुभवं तमिमं भजेथाः ।।१।।

जानन्ति केचिन्नतु कर्तुमीशाः, कर्तुं क्षमा ये न च ते विदन्ति ।
जानन्ति तत्त्वं प्रभवन्ति कर्तुं, ते केऽपि लोके विरला भवन्ति ।।२।।

सम्यग्-विरक्तिर्ननु यस्य चित्ते, सम्यग्-गुरुर्यस्य च तत्त्ववेत्ता ।
सदानुभूत्या दृढनिश्चयो य-स्तस्यैव सिद्धिर्न हि चापरस्य ।।३।।

विग्रहं कृमिनिकायसङ्कुलं, दुःखदं हृदि विवेचयन्ति ये ।
गुप्तिबद्धमिव चेतनं हि ते, मोचयन्ति तनुयन्त्रयन्त्रितम् ।।४।।

भोगार्थमेतद् भविनां शरीरं, ज्ञानार्थमेतत् किल योगिनां वै ।
जाता विषं चेद्विषया हि सम्यग्-ज्ञानात्ततः किं कुणपस्य पुष्ट्या ? ।।५।।

શબ્દાદિ પાંચ જડ વિષયોના વ્યાપાર વખતે પણ અંદર રહેલ જે આત્મા તે વ્યાપારથી પોતાની ભિન્નતાને જેના વડે અનુભવે છે અને જન્માન્તરોમાં થયેલાં કાર્યો પણ જેના વડે યાદ આવે છે તે અનુભવને તમે ભજો. ।।૧।।

કેટલાક સાધકો સાધના તત્વને જાણે છે, પણ સાધના કરવા માટે તેઓ સક્ષમ નથી. જેઓ સાધના કરવા માટે સક્ષમ છે, તેઓ સાધનાને જાણતા નથી. તત્વને જાણનાર અને સાધના કરનાર વ્યક્તિઓ વિરલ હોય છે. ।।૨।।

જે સાધકના ચિત્તમાં પ્રબળ વૈરાગ્ય છે, તત્વવેત્તા ગુરુની પ્રાપ્તિ જેને થઇ છે અને જે અનુભૂતિમૂલક દ્રઢ નિશ્ચય વાળો છે તેને જ સિદ્ધિ મળે છે, બીજાને નહિ. ।।૩।।

કૃમિ-જન્તુઓથી ખદબદતું આ શરીર જે સાધકોને દુઃખદાયી લાગે છે, તેઓ પોતાના નિર્મળ-આત્મ સ્વરુપને શરીરની કેદમાંથી મુક્ત કરે છે. ।।૪।।

સંસારી આત્માઓ માટે શરીર ભોગનું સાધન છે, યોગીઓ માટે એ જ્ઞાનનું સાધન છે. સમ્યગ્જ્ઞાન વડે જ્યારે વિષયોને વિષ જેવા જાણ્યા છે, ત્યારે શરીરની પુષ્ટિ વડે શું ? ।।૫।।

त्वङ्मांसमेदोऽस्थिपुरीषमूत्र-पूर्णेऽनुरागः कुणपे कथं ते ? ।
दृष्टा च वक्ता च विवेकरूप-स्त्वमेव साक्षात् किमु मुह्यसीत्थम् ? ।।६।।

धनं न केषां निधनं गतं वै ? दरिद्रिणः के धनिनो न दृष्टाः ?
दुःखैकहेतौ हि धनेऽतितृष्णां, त्यक्त्वा सुखी स्यादिति मे विचारः ।।७।।

संसारदुःखान्न परोऽस्ति रोगः, सम्यग्विचारात् परमौषधं न ।
तद्रोगदुःखस्य विनाशनाय, सच्छास्त्रतोऽयं क्रियते विचारः ।।८।।

अनित्यताया यदि चेत् प्रतीति-स्तत्त्वस्य निष्ठा च गुरुप्रसादात् ।
सुखी हि सर्वत्र जने वने च, नो चेद्वने चाथ जनेषु दुःखी ।।९।।

मोहान्धकारे भ्रमतीह तावत्, संसारदुःखैश्च कदर्थ्यमानः ।
यावद्विवेकार्कमहोदयेन, यथास्थितं पश्यति नात्मरूपम् ।।१०।।

---

ચામડી, માંસ, મેદ, હાડકા, ઝાડો, પેશાબ આદિથી પરિપૂર્ણ શરીરમાં તને (સાધકને) અનુરાગ કેમ હોઇ શકે ?

તું જ દ્રષ્ટા છે અને વક્તા છે, વિવેકપૂર્ણ તું છે. તું શા માટે પરમાં મુંઝાય છે ? ।।૬।।

ધન કોનું નષ્ટ નથી થયું ? અને ધનિકોને દરિદ્ર થતાં કોણે નથી જોયા ? દુ:ખના એક હેતુ રુપ ધનમાં અતિ તૃષ્ણાને છોડીને તું સુખી થા, (હે સાધક !) એવો મારો વિચાર છે. ।।૭।।

સંસારના દુ:ખો કરતાં ચઢિયાતો કોઇ રોગ નથી અને સમ્યગ્ વિચાર કરતાં શ્રેષ્ઠ કોઇ ઔષધ નથી. તેથી સંસાર રુપી રોગ અને દુ:ખના વિનાશ માટે સમ્યગ્ શાસ્ત્ર વડે વિચાર કરાય છે. ।।૮।।

અનિત્યતાની જો પ્રતીતિ છે અને તત્ત્વની નિષ્ઠા ગુરુ પ્રસાદથી મળેલ છે, તો સાધક ગામમાં ને જંગલમાં સુખી છે...નહિતર, તે ક્યાંય સુખી ન રહી શકે. ।।૯।।

સંસારના દુ:ખોથી પીડિત વ્યક્તિ મોહના અંધકારમાં ત્યાં સુધી ભમે છે, જ્યાં સુધી વિવેક રુપી સૂર્યના ઉદય વડે યથાસ્થિત આત્મરુપને તે ન જુએ. ।।૧૦।।

अर्थो ह्यनर्थो बहुधा मतोऽयम्, स्त्रीणां चरित्राणि शवोपमानि ।
विषेण तुल्या विषयाश्च तेषां, येषां हृदि स्वात्मलयानुभूतिः ।।११।।

कार्यं च किं ते परदोषदृष्ट्या, कार्यं च किं ते परचिन्तया च ।
वृथा कथं खिद्यसि बालबुद्धे ! कुरु स्वकार्यं त्यज सर्वमन्यत् ।।१२।।

यस्मिन् कृते कर्मणि सौख्यलेशो, दुःखानुबन्धस्य तथास्ति नान्तः ।
मनोऽभितापो मरणं हि यावत्, मूर्खोऽपि कुर्यात् खलु तन्न कर्म ।।१३।।

यदर्जितं वै वयसाऽखिलेन, ध्यानं तपो ज्ञानमुखं च सत्यम् ।
क्षणेन सर्वं प्रदहत्यहो ! तत्, कामो बली प्राप्य छलं यतीनाम् ।।१४।।

बलादसौ मोहरिपुर्जनानां, ज्ञानं विवेकं च निराकरोति ।
मोहाभिभूतं हि जगद्विनष्टं, तत्त्वावबोधादपयाति मोहः ।।१५।।

सर्वत्र सर्वस्य सदा प्रवृत्ति-र्दुःखस्य नाशाय सुखस्य हेतोः ।
तथापि दुःखं न विनाशमेति, सुखं न कस्यापि भजेत् स्थिरत्वम् ।।१६।।

---

તેમને ધન નકામું લાગે, કામ મૃત્યુ સમ દેખાય, બધી જ ઇન્દ્રિયોના વિષયો તેમને વિષ જેવા લાગે...કોને ? જેમના હૃદયમાં સ્વાત્મલયાનુભૂતિ થઇ છે તેમને ।।૧૧।।

તારે પરદોષદર્શનનું શું કામ છે કે પરની ચિન્તા વડે તારે શું ? તું શા માટે નાહકનો પરેશાન થાય છે ? તારું કામ તું કર બીજું બધું છોડી દે ! ।।૧૨।।

જે કાર્ય કરવામાં સુખનો અંશ માત્ર છે અને દુ:ખોની પરંપરાનો અંત નથી, મનની પીડા અને મરણ પણ છે, તેવું કાર્ય મૂર્ખ પણ ન કરે. ।।૧૩।।

સાધકે સંપૂર્ણ જીંદગીને ધ્યાન, તપ, જ્ઞાન અને સત્યમાં ઓતપ્રોત કરી છે... પણ...બળવાન્ કામ સાધકોની સાધનાની હોડીમાં કાણું પાડીને તેની સાધનાની નાવને ડૂબાડી દે છે. ।।૧૪।।

મોહ લોકોના જ્ઞાન અને વિવેકને બળપૂર્વક નષ્ટ કરે છે, મોહથી પરાજિત થયેલું જગત વિનષ્ટ થયેલું છે. પણ તત્ત્વજ્ઞાન દ્વારા એ મોહ નષ્ટ થાય છે. ।।૧૫।।

બધે જ, બધાની પ્રવૃત્તિ દુ:ખના નાશ માટે અને સુખ માટે હોય છે, તો પણ દુ:ખ નષ્ટ થતું નથી અને સુખ કોઇને પણ સ્થિર રહેતું નથી. ।।૧૬।।

**यत् कृत्रिमं वैषयिकादि सौख्यम्, भ्रमन् भवे को न लभेत् मर्त्यः ?**
**सर्वेषु तच्चाधममध्यमेषु, यद् दृश्यते तत्र किमद्भुतं च ? ।।१७।।**

**क्षुधातृषाकामविकाररोष-हेतुश्च तद् भेषजवद्वदन्ति ।**
**तदस्वतन्त्रं क्षणिकं प्रयासकृद्, यतीश्वरा दूरतरं त्यजन्ति ।।१८।।**

**गृहीतलिंगस्य च चेद्धनाशा, गृहीतलिंगो विषयाभिलाषी ।**
**गृहीतलिंगो रसलोलुपश्चेद्, विडम्बनं नास्ति ततोऽधिकं हि ।।१९।।**

**ये लुब्धचित्ता विषयार्थभोगे, बहिर्विरागा हृदि बद्धरागाः ।**
**ते दाम्भिका वेषधराश्च धूर्ताः, मनांसि लोकस्य तु रञ्जयन्ति ।।२०।।**

**मुग्धश्च लोकोऽपि हि यत्र मार्गे, निवेशितस्तत्र रतिं करोति ।**
**धूर्तस्य वाक्यैः परिमोहितानां, केषां न चित्तं भ्रमतीह लोके ? ।।२१।।**

કૃત્રિમ વિષય સુખોને ક્યો સંસારી માણસ નથી મેળવતો ? તે સુખોમાં નવીનતા શું છે ? નીચ કક્ષાના કે મધ્યમ કક્ષાના લોકો પણ તે મેળવે છે. ।।૧૭।।

ભૂખ, તરસ, કામ વિકાર અને રોષ આ બધાની શાંતિ શેનાથી થાય ! અન્નથી ભૂખ, જળથી તરસ મટે છે. સામાન્ય લોકો અન્ન વગેરે ક્ષુધાદિની તૃપ્તિના ઉપયોને ઔષધ જેવા કહે છે.

પણ...ના, એ તો પરાધીન ઉપાય છે, એ ક્ષણિક પણ છે અને આયાસજન્ય છે. મુનિઓ દૂરથી જ આવા ઉપાયોને છોડી દે છે. ।।૧૮।।

વેષધારી મુનિને જો ધનની ઇચ્છા હોય, વિષયોની અભિલાષા હોય કે તેને રસ લોલુપતા હોય તો આનાથી મોટી વિડંબના કઇ હોઇ શકે ? ।।૧૯।।

જેઓ વિષયોના ભોગમાં મોહ પામેલા હોય અને એ કારણે બહારથી વૈરાગ્યનો આંચળો ઓઢીને હૃદયમાં રાગને રાખી રહેલા તે દાંભિકો વેષધારી અને ધૂર્ત છે અને તેઓ લોકોના મનને પ્રભાવિત કર્યા કરે છે. ।।૨૦।।

ભોળા લોકો જે માર્ગમાં રહેલા હોય છે એ માર્ગ પર આદર કરે છે. ધૂર્તના વાક્યો વડે મુગ્ધ બનેલા આવા લોકોનું ચિત્ત ભમી જાય છે. (અને શુધ્ધ માર્ગ તરફ એ લોકો જઇ શકતા નથી) ।।૨૧।।

**ये निःस्पृहास्त्यक्तसमस्तरागा-स्तत्त्वैकनिष्ठा गलिताभिमानाः ।**
**सन्तोषपोषैकविलीनवाञ्छा-स्ते रञ्जयन्ति स्वमनो न लोकम् ।।२२।।**

**तावद्विवादी जनरञ्जकश्च, यावन्न चैवात्मरसे सुखज्ञः ।**
**चिन्तामणिं प्राप्य वरं हि लोके, जने जने कः कथयन् प्रयाति ? ।।२३।।**

**षण्णां विरोधोऽपि च दर्शनानाम्, तथैव तेषां शतशश्च भेदाः ।**
**नानापथे सर्वजनः प्रवृत्तः, को लोकमाराधयितुं समर्थः ? ।।२४।।**

**तदेव राज्यं हि धनं तदेव, तपस्तदेवेह कला च सैव ।**
**स्वस्थे भवेच्छीतलताशये चेद्-नो चेद् वृथा सर्वमिदं हि मन्ये ।।२५।।**

**रुष्टैर्जनैः किं यदि चित्तशान्ति-स्तुष्टैर्जनैः किं यदि चित्ततापः ?।**
**प्रीणाति नो नैव दुनोति चान्यान्, स्वस्थः सदौदासपरो हि योगी ।।२६।।**

---

જે નિઃસ્પૃહ વિરાગી તત્વૈકનિષ્ઠ અને નિરભિમાની તથા સંતોષી છે, તેઓ લોકને નહિ પણ પોતાના મનને પ્રસન્ન બનાવે છે. ।।૨૨।।

ત્યાં સુધી જ વિવાદ અને લોક રંજન હોય છે, જ્યાં સુધી આત્મરસની અનુભૂતિ નથી હોતી. ચિન્તામણિ રત્ન મળ્યા પછી કોણ બધાને બતાવતો ફરે ! ।।૨૩।।

ભારતીય દાર્શનિક પરંપરામાં છ દર્શનો છે. અને એમાં એક એક દર્શનના સેંકડો પેટાભેદો હોય છે...ઘણા ઘણા સાધકો કોઇને કોઇ પેટા શાખામાં કે પ્રશાખામાં હોય છે...હવે ભિન્ન ભિન્ન વિચારધારાઓમાં રહેલા લોકોને કઇ રીતે ખુશ કરવા ?

લોકરંજનનો કોઇ અર્થ નથી...।।૨૪।।

તે જ રાજ્ય, ધન, તપ અને કળા છે, જેના વડે સ્વસ્થ હૃદયમાં શીતળતા ઠંડક મળે, અને જો એ ન મળે તો બધું જ નિરર્થક છે. ।।૨૫।।

ચિત્તમાં શાન્તિ હોય તો લોકો ગુસ્સે થાય તોય શું અને જો ચિત્તમાં ઉકળાટ હોય તો લોકો ખુશ થયા તોય શું ? ઉદાસીન સ્વસ્થ યોગી બીજાને ખુશ કરતો નથી , કે બીજાને દુભાવતો નથી. ।।૨૬।।

एक: पापात् पतति नरके, याति पुण्यात् स्वरेक:,
पुण्यापुण्यप्रचयविगमात् मोक्षमेक: प्रयाति ।
संगान्नूनं न भवति सुखम्, न द्वितीयेन कार्यम्,
तस्मादेको विचरति सदा-नन्दसौख्येन पूर्ण: ।।२७।।

त्रैलोक्यमेतद् बहुभिर्जितं यै-र्मनोजये तेऽपि यतो न शक्ता: ।
मनोजयस्यात्र पुरो हि तस्मात्, तृणं त्रिलोकीविजयं वदन्ति ।।२८।।

मनोलयान्नास्ति परो हि योगो, ज्ञानं तु तत्त्वार्थविचारणाच्च ।
समाधिसौख्यान्न परं च सौख्यम्, संसारसारं त्रयमेतदेव ।।२९।।

या: सिद्धयोऽष्टावपि दुर्लभा ये, रसायनं चाञ्जनधातुवादा: ।
ध्यानानि मन्त्राश्च समाधियोगा-श्चित्तेऽप्रसन्ने विषवद् भवन्ति ।।३०।।

---

કોઇ પાપથી નરકમાં પડે છે, કોઇ પુણ્યથી સ્વર્ગમાં જાય છે, પુણ્ય અને પાપના વિલયથી કોઇ મોક્ષમાં જાય છે. સંગથી સુખ ન મળે, બીજાનું કંઇ કાર્ય નથી, તેથી સાધક આનંદપૂર્ણ રીતે વિચરે ।।૨૭।।

જે લોકોએ ત્રણ ખંડને કે છ ખંડને જીત્યા તે સમ્રાટો પણ મનોવિજય કરી શક્યા નથી. એથી જ મનોવિજયની સામે ત્રિલોકના વિજયને તણખલા જેવો (શાસ્ત્રકારો) કહે છે. ।।૨૮।।

મનોલયથી શ્રેષ્ઠ કોઇ યોગ નથી, તત્વાર્થ વિચારણાથી ચઢિયાતું કોઇ જ્ઞાન નથી, સમાધિ સુખથી શ્રેષ્ઠ કોઇ સુખ નથી, સંસારમાં શ્રેષ્ઠ આ ત્રણ તત્વો છે. ।।૨૯।।

દુર્લભ કહેવાતી આઠ સિધ્ધિઓ, રસાયનવિદ્યા, અજંનવિદ્યા, ધાતુવાદ આદિ લૌકિક સિદ્ધિઓ અને ધ્યાન, મંત્ર, સમાધિ, યોગ આદિ લોકોત્તર પ્રાપ્તિઓ ચિત્ત પ્રસન્નતા ન હોય તો (અમૃતને બદલે) વિષ જેવી લાગે છે. ।।૩૦।।

**विदन्ति तत्त्वं न यथास्थितं वै, सङ्कल्पचिन्ता-विषयाकुला ये ।**
**संसारदु:खैश्च कदर्थितानां, स्वप्नेऽपि तेषां न समाधिसौख्यम् ।।३१।।**

**श्लोको वरं परमतत्त्वपथप्रकाशी, न ग्रन्थकोटिपठनं जनरञ्जनाय ।**
**सञ्जीवनीति वरमौषधमेकमेव, व्यर्थ:श्रमप्रजननो न तु मूलभार: ।।३२।।**

**तावत् सुखेच्छा विषयादिभोगे, यावन् मन:स्वास्थ्यसुखं न वेत्ति ।**
**लब्धे मन:स्वास्थ्यसुखैकलेशे, त्रैलोक्यराज्येऽपि न तस्य वाञ्छा ।।३३।।**

**ने देवराजस्य न चक्रवर्तिन-स्तद्वै सुखं रागयुतस्य मन्ये ।**
**यद्वीतरागस्य मुने: सदात्म-निष्ठस्य चित्ते स्थिरतां प्रयाति ।।३४।।**

**यथा यथा कार्यशताकुलं वै, कुत्रापि नो विश्रमतीह चित्तम् ।**
**तथा तथा तत्त्वमिदं दुरापं, हृदि स्थितं सारविचारहीनै: ।।३५।।**

---

સંકલ્પ, ચિંતા અને વિષયવડે આકુળ લોકો યથાસ્થિત તત્ત્વને જાણતા નથી. સંસારની પીડા વડે પીડિત તે લોકોને સ્વપ્નમાં પણ સમાધિનું સુખ મળતું નથી. ।।૩૧।।

ક્યારેક એક શ્લોક જ પરમ તત્ત્વના પથને પ્રકાશિત કરનારો હોય છે, કરોડો ગ્રંથોનું પઠન જનરંજન માટે કરવાનો કોઇ અર્થ નથી.

સંજીવની એક જ ઔષધ બરોબર છે. બાકી તો મૂળિયાનો ભારો ફોગટ શ્રમને કરનારો હોય છે. ।।૩૨।।

વિષયભોગમાં ત્યાં સુધી જ સુખની અનુભૂતિ લાગે છે, જ્યાં સુધી મનને સ્વસ્થતાનું સુખ નથી મળ્યું. સ્વસ્થતાનું સુખ થોડુંક મળી જાય તો પણ તે મનુષ્યને ત્રણ લોકના રાજ્યને મેળવવાની ઇચ્છા પણ થતી નથી. ।।૩૩।।

રાગી દેવરાજને કે ચક્રવર્તીને તે સુખ નથી, જે વીતરાગ અને આત્મનિષ્ઠ મુનિના ચિત્તમાં હોય છે. ।।૩૪।।

સેંકડો કાર્યોથી આકુળ ચિત્ત ક્યાંય વિશ્રામ પામતું નથી, અને એ રીતે શુભ-વિચાર વિહોણા પુરુષો માટે આ તત્ત્વ દુષ્પ્રાપ્ય છે. ।।૩૫।।

**शमसुखरसलेशात् द्वेष्यतां संप्रयाता, विविधविषयभोगात्यन्तवाञ्छाविशेषाः ।**
**परमसुखमिदं यद् भुज्यतेऽन्तः समाधौ, मनसि यदि तदा ते शिष्यते किं वदान्यत् ?।।३६।।**

સમતાના સુખનો રસ સહેજ મળતાં જ વિવિધ વિષયોના ભોગની ઇચ્છા દૂર થાય છે. જો આ પરમસુખ સમાધિ દશામાં મળે તો બોલો, બીજું શું બાકી રહ્યું ? ।।૩૬।।



# (૨૭) श्री यतिशिक्षापञ्चाशिका

जयइ जिणसासणमिणं, अप्पडिहयथिरपयावदिप्पंतं ।
दूसमकाले वि सया, सया विसुद्धं तिहुअणे वि ।।१।।

पढमं नमंसियव्वो, जिणागमो जस्स इह पभावाओ ।
सुहुमाण बायराणं, भावाणं नज्जइ सरुवं ।।२।।

इह जीवो भमइ भवे, किल(लि) ट्ठ गुरुकम्मबंधणाहिंतो ।
तन्निज्जराओ वि जहा, जाइ सिवं संवरगुणड्ढो ।।३।।

इच्चाइ जओ नज्जइ, सवित्थरं तं सरेह सिद्धंतं ।
सविसेसं सरह गुरुं, जस्स पसाया भवे सो वि ।।४।। (युग्मम्)

गुरुसेवा चेव फुडं, आयारंगस्स पढमसुत्तम्मि ।
इय नाउं निअगुरुसे-वणम्मि कह सीअसि सकन्न ? ।।५।।

ता सोम ! इमं जाणिअ, गुरुणो आराहणं अइगरिट्ठं ।
इहपरलोअसिरीणं, कारणमिणमो विआण तुमं ।।६।।

---

અપ્રતિહત અને સ્થિર પ્રતાપવડે દીપતું તેમજ ત્રણ ભુવનમાં સદા સુવિશદ્ધ જિનશાસન દૂષમકાળમાં પણ જય પામે છે. ।।૧।।

જેના પ્રભાવે સૂક્ષ્મ અને બાદર પદાર્થોનું યથાર્થ સ્વરુપ જાણી શકાય છે તે શ્રી જિનાગમ સહુથી પહેલા નમસ્કાર કરવા યોગ્ય છે. ।।૨।।

ચીકણાં અને ભારે કર્મના બંધનવડે જીવ સંસારમાં ભટકે છે. તે કર્મની નિર્જરાથી અને સંવરગુણથી યુક્ત જીવ મોક્ષપદ પ્રાપ્ત કરે છે...વગેરે હકીકતો વિશદ અને વિસ્તૃત રીતે જેનાથી જાણી શકાય છે, તે પૂજનીય સૂત્ર-સિદ્ધાંતનું હે ભવ્યાત્માઓ ! તમે હંમેશ સ્મરણ કરો અને જેમની કૃપાથી તે સિદ્ધાન્તો જાણી શકાય છે તે ગુરુમહારાજનું પણ વિશેષપણે સ્મરણ કરો. ।।૩-૪।।

શ્રી આચારાંગસૂત્રમાં ગુરુસેવા કરવાનું ખાસ ભારપૂર્વક જણાવ્યું છે. છતાં હે વિદ્વાન્ ! સ્વગુરુસેવાના કાર્યમાં તું શિથિલ કેમ છે ? ।।૫।।

હે સૌમ્ય ! જૈનશાસનમાં ગુરુતત્ત્વની આરાધનાનું મહત્ત્વ ઘણું જ છે. તું સમજ કે આલોક પરલોકની સર્વસંપત્તિનું કારણ એ જ છે. ।।૬।।

**रुट्ठस्स तिहुअणस्स वि, दुग्गइगमणं न होइ ते जीव ! ।**
**तुट्ठे वि तिहुअणे लहसि, नेव कइआवि सुगइपहं ।।७।।**

**जइ ते रुट्ठो अप्पा, तो तं दुग्गइपहं धुवं नेइ ।**
**अह तुट्ठो सो कहमवि, परमपयं पि हु सुहं नेइ ।।८।। (युग्मम्)**

**जइ तुह गुणरागाओ, संथुणइ नमंसइ इहं लोओ ।**
**नइ तुज्झणुरागाओ, कह तम्मि तुमं वहसि रागं ? ।।९।।**

**जइ वि न कीरइ रोसो, कह रागो तत्थ कीरए जीव ? ।**
**जो लेइ तुह गुणे पर-गुणिक्कबद्धायरो धिट्ठो ।।१०।।**

**जो गिन्हइ तुह दोसे, दुहजणए दोसगहणतल्लिच्छो ।**
**जह कुणसि नेव रागं, कह रोसो जुज्जए तत्थ ? ।।११।।**

હે જીવ ! ત્રણે જગત કદાચ તારા પર રોષ કરે એથી કાંઇ તારી દુર્ગતિ થવાની નથી અને ત્રણભુવન તારાપર તુષ્ટ થઇ જાય તો એટલા માત્રથી તારી સદ્ગતિ થવાની નથી પણ તારો આત્મા પ્રશાંત થઇ આત્મ-કલ્યાણમાં લીન બનશે તો જરુર મોક્ષ પામશે. ।।૭-૮।।

અરે મુનિ ! લોકો તારી સ્તુતિ કરે છે અને તને નમસ્કાર કરે છે એ તારા ગુણોના રાગથી કરે છે પણ તું મૂઢ બની તે પ્રશંસકો ઉપર રાગ-સ્નેહ કેમ કરે છે ?।।૯।।

બીજાના ગુણોને ગ્રહણ કરવાના વ્યસનવાળા પુરુષો તારા ગુણો ગ્રહણ કરે છે. તેઓના ઉપર તું રોષ નથી કરતો એ તો ઠીક છે પણ રાગ શા માટે કરે છે ? તેમ બીજાના દોષ શોધવામાં તત્પર જીવો તારા દોષ ગ્રહણ કરે તેના ઉપર તું રાગ નથી કરતો તો દ્વેષ પણ કેમ કરે છે ? ખરી રીતે એ દોષ ગ્રહણ કરનાર પર રાગ-સ્નેહ થવો જોઇએ. ।।૧૦-૧૧।।

**पिक्खसि नगे बलंतं, न पिच्छसे पायहिट्ठओ मूढ ! ।**
**जं सिक्खवसि परे, नेव कहवि कइआवि अप्पाणं ।।१२।।**

**का नरगणणा तेसिं ? वियक्खणा जे उ अन्नसिक्खाए ।**
**जे निअसिक्खादक्खा, नरगणणा तेसि पुरिसाणं ।।१३।।**

**जइ परगुणगहणेण वि, गुणवंतो होसि इत्तिएणावि ।**
**ता किं न करेसि तुमं, परगुणगहणं पि रे पाव ! ।।१४।।**

**जिणवयणअंजणेणं, मच्छरतिमिराइं किं न अवणेसि ?**
**अज्ज वि जम्मि वि तम्मि वि, मच्छरतिमिरंधलो भमिसि ।।१५।।**

**जेहिं दोसेहिं अन्ने, दूससि गुणगव्विओ तुमं मूढ ! ।**
**ते वि हु दोसट्ठाणे, किं न चयसि ? पाव ! धिट्ठो सि ।।१६।।**

---

હે મૂઢ આત્મન્ ! પર્વત ઉપર બળતું તને દેખાય છે પણ તારા પગ નીચે બળતું કેમ દેખાતું નથી ? કારણ કે તું બીજાને શિખામણ આપવા તૈયાર થાય છે પણ ક્યારે ય તારા આત્માને તું શિખામણ આપતો નથી. જેઓ બીજાઓને શિખામણ આપવામાં ડાહ્યા-તત્પર છે તેઓની લોકમાં કશી કિંમત-ગણના નથી. પરંતુ જેઓ પોતાના આત્માને હિતશિક્ષા આપવામાં નિપુણ હોય છે તેઓની જ ઉત્તમ મનુષ્યોમાં ગણના થાય છે. ।।૧૨-૧૩।।

હે પાપાત્મા ! ગુણવાનના ગુણ ગ્રહણ કરવા માત્રથી પણ તું ગુણવાન થઇ શકે તેમ છે. છતાં ગુણવાનના ગુણગ્રહણ કરવાની મતિ કેમ નથી જાગતી ? (પરના દોષો તરફ જ તારી મતિ કેમ ભટકે છે ?) ।।૧૪।।

શ્રી જિનેશ્વરદેવના વચનરુપી અંજનથી તારા નેત્ર ઉપર જામેલા ઇર્ષ્યાના પડલને કેમ દૂર કરતો નથી ? તેથી જ ઇર્ષ્યાથી અંધ બની ચારગતિમાં જ્યાં ત્યાં ભટકી રહ્યો છે. ।।૧૫।।

રે મૂઢ ! ગુણોના અભિમાનથી અક્કડ બનેલો તું બીજાઓ ઉપર જે દોષનું આરોપણ કરે છે તે દોષોનો ત્યાગ તું કેમ કરતો નથી ? અરે પાપી ! આ તારી કેવી ધિટ્ઠાઇ ? ।।૧૬।।

उवसमसुहारसेणं, सुसीअलो किं न चिट्ठसि सयावि ? ।
किं जीव ! कसायग्गी-पतीतदेहो सुहं लहसि ? ।।१७।।

झाणे झीणकसाए, आरद्धे किं न जीव ! सिज्झिज्जा ? ।
आकेवलनाणं इह, ता झाणं कुणसु सन्नाणं ।।१८।।

जह जह कसायविगमो, तह तह सज्झाणपगरिसं जाण ।
जह जह झाणविसोही, तह तह कम्मक्खओ होइ ।।१९।।

सज्झाणपसायाओ, सारीरं माणसं सुहं विउलं ।
अणुहविअ कहं छड्डुसि, जं सुहगिद्धो सि रे जीव ! ।।२०।।

किं केवलो न चिट्ठसि, विहुणिअ चिरकालबंधसंबंधं ।
कम्मपरमाणुरेणूं, सज्झायपयंडपवणेणं ? ।।२१।।

बुज्झसु रे जीव ! तुमं, मा मुज्झसु जिणमयं पि नाऊणं ।
जम्हा पुणरवि एसा, सामग्गी दुल्लहा जीव ! ।।२२।।

---

અરે જીવ ! ઉપશમરસના અમૃતથી તું હંમેશ શાંત-શીતલ કેમ રહેતો નથી ? કષાયોના ધોમ ધખતા દાવાનળમાં તું શું સુખ પામીશ ? ।।૧૭।।

હે જીવ ! ક્ષીણકષાયવાળા (ક્ષપકશ્રેણિના) ધ્યાનથી શું તું સિદ્ધ નહિ થાય ? થઇશ. માટે કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી શ્રુતજ્ઞાનના સહારે ધ્યાનયોગમાં પ્રગતિ કર. જેમ જેમ કષાયો મંદ પડે છે તેમ તેમ ધ્યાનની શુદ્ધિ અને વૃદ્ધિ થાય છે. અને જેમ જેમ ધ્યાન વધે છે તેમ તેમ કર્મનો ક્ષય થાય છે. ।।૧૮-૧૯।।

હે જીવ ! શુભ ધ્યાનનાં પ્રભાવે વિપુલ શારીરિક અને માનસિક સુખ અનુભવ્યા પછી પણ તે ધ્યાનયોગને સુખનો રસિયો તું કેમ છોડી દે છે ? ।।૨૦।।

ઓ ચેતન ! દીર્ઘકાળથી આત્મા ઉપર ચોંટેલી કર્મરજને સ્વાધ્યાયરુપ પવનથી દૂર કરી તું સ્વતંત્ર કેમ થતો નથી ? ।।૨૧।।

હે આતમ ! સમજ. શ્રી જિનધર્મને પામીને પણ તું મોહમાં કેમ મુંઝાય છે ! કારણ કે અનંત પુણ્યે મળેલી આ ધર્મસામગ્રી ફરી ફરી મળવી દુર્લભ છે ? ।।૨૨।।

**जइ कहमवि जीव ! तुमं, जिणधम्मं हारिऊण पडिवडिओ ।**
**पच्छाणंतेणावि हु, कालेण वि जीव ! जिणधम्मं ।।२३।।**

**पाविहिसि वा न वा ? तं, को जाणइ ? जेण सो अइदुल्लभो ।**
**इअ नाउं सिवपयसा-हणेण रे ! होसु कयकिच्चो ।।२४।। (युग्मम्)**

**जइ अज्जवि जीव ! तुमं, न होसि निअकज्जसाहगो मूढ ! ।**
**किं जिणधम्मओ वि हु, अब्भहिआ कावि सामग्गी ? ।।२५।।**

**जा लद्धी इह बोही, तं हारिसि हा ! पमायमयमत्तो ।**
**पाविहिसि पाव ! पुरओ, पुणो वि तं केण मूल्लेण ? ।।२६।।**

**अन्नं च किं पडिक्खसि ? का ऊणा तुज्झ इत्थ सामग्गी ?**
**जं इह भवाउ पुरओ, भाविभवेसुं समुज्जमिसि ? ।।२७।।**

**इह पत्तो वि सुधम्मो, तं कूडालंबणेण हारिहिसि ।**
**भाविभवेसुं धम्मे, संदेहो तं समीहेसि ।।२८।।**

---

હે જીવ ! (અનંતપુણ્યથી મળેલા) શ્રી જિનધર્મને જો તું કોઇ પણ રીતે હારી જઇશ તો પછી કોણ જાણે અનંતકાળે ય તું આ ધર્મને પામીશ કે નહિ ? કેમકે ધર્મ અત્યંત દુર્લભ છે, એમ જાણીને હે જીવ ! મોક્ષપદની સાધના કરવા દ્વારા કૃતકૃત્ય થા ! ।।૨૩-૨૪।।

હે મૂઢ જીવ ! હજી સુધી પણ તું આત્મકલ્યાણની સાધનાનો સાધક બન્યો નથી. શું જિનધર્મથી ચડિયાતી કોઇ સામગ્રી છે ખરી ? ।।૨૫।।

રે જીવ ! અહિં મળેલી બોધિ-સમજને પ્રમાદને પરવશ બનીને હારી જઇશ તો જન્માંતરમાં આવી સુંદર સમજ કયા મૂલ્યથી મેળવીશ ? ।।૨૬।।

અરે પામર ! સંસારના તુચ્છ સુખમાં આસક્ત બનેલો તું આત્મકલ્યાણનો વાયદો આગામી ભવનો આપે છે. પણ આવતા ભવે આ સામગ્રી મળશે જ તેની તને ખાત્રી છે ? આ ભવમાં કઇ સામગ્રી ઓછી છે ? ।।૨૭।।

અહિં ઉત્તમધર્મ પ્રાપ્ત થવા છતાં ખોટા બહાના કાઢી આરાધતો નથી તો પછી આવતા ભવમાં ધર્મ ક્યાંથી મળવાનો હતો ? ।।૨૮।।

ता धिद्धी मइनाणे, ता वज्जं पडउ पोरिसे तुज्झ ।
डज्झउ विवेगसारो, गुणभंडारो महासारो ।।२९।।

जं निअकज्जे वि तुमं, गयलीलं कुणसि आलविसारेसि ।
अन्नं न कज्जसज्जो-सि, पाव ! सुकुमारदेहो सि ।।३०।।

अन्नं च सुणसु रे जिअ ! कलिकालालंबणं न घित्तव्वं ।
जं कलिकाला नट्ठं, कट्ठं न हु चेव जिणधम्मो ।।३१।।

समसत्तुमित्तचित्तो, निच्चं अवगणियमाणअवमाणो ।
मज्झत्थभावजुत्तो, सिद्धंतपवित्तचित्तंतो ।।३२।।

सज्झाणझाणनिरओ, निच्चं सुसमाहिसंठिओ जीव !
जइ चिट्ठसि ता इहयं, पि निव्वुई किं च परलोए ।।३३।। (युग्मम्)

इअ सुहिओ वि हु तं कुणसु जीव ! सुहकारणं वरचरित्तं ।
मा कलिकालालंबण-विमोहिओ चयसि सच्चरणं ।।३४।।

---

ધિક્કાર છે તારી મતિને ! વજ્ર પડો તારા આ પુરુષાર્થ પર ! સળગી જાઓ તારો વિવેકસાર અને સારભૂત ગણાતો તારો ગુણનો ભંડાર પણ બળી જાઓ ! ।।૨૯।।

અરે પાપી જીવ ! તું તારા આત્મકલ્યાણના કાર્યમાં પણ હાથીની લીલાની જેમ 'હોતી હૈ ચાલતી હૈ' કરે છે. આંખ આડા કાન કરે છે અને સુખશીલીયો થાય છે. વળી જીવ ! તારે કલિકાલનું આલંબન હરગીજ ન લેવું. કલિકાલમાં તીવ્ર તપશ્ચર્યાદિ ભલે નાશ પામ્યું હોય પણ જિનધર્મ નાશ પામ્યો નથી. ।।૩૦-૩૧।।

હંમેશા શત્રુ કે મિત્રમાં સમાન ચિત્તવાળો, માન અપમાનને નહિ ગણનારો, મધ્યસ્થ ભાવવાળો શાસ્ત્રોનાં પરિશીલન દ્વારા પવિત્રચિત્ત અને પવિત્ર અંતઃકરણવાળો તું શુભધ્યાનમાં લીન અને સદા સમાધિમગ્ન રહીશ તો તારે અહીં જ પરમસુખ છે. તો પરલોકના સુખની શી વાત ? ।।૩૨-૩૩।।

જીવ ! તારા પૂર્વના પુણ્યે તું ભલે સુખી હો પણ પરમસુખના કારણ રૂપ શ્રેષ્ઠ ચારિત્રનું પાલન કર. કલિકાલમાં ડગલે ને પગલે જોવા મળતાં નબળા આલંબનોથી મુંઝાઇને કલ્યાણકારી ચારિત્રમાર્ગની ઉપેક્ષા ન કરીશ. મળેલા તુચ્છ સુખમાં લીન ન બનીશ. ।।૩૪।।

केवलकट्ठे धुवं, न सिज्झई वरचरित्तपब्भट्ठा ।
कट्ठरहिओ वि सज्झाण-दुक्खसहिओ वि जाइ सिवं ।।३५।।

अज्ज वि जिणधम्माओ, भवम्मि बीयम्मि सिज्झई जीवो ।
अविराहिअसामन्नो, जहन्नओ अट्ठमभवम्मि ।।३६।।

ता जीव ! कट्ठसज्झं, जइधम्मं तरसि नेव मा कुणसु ।
किं न कुणसि सुहसज्झं, उवसमरससीअलं चरणं ? ।।३७।।

न हि कट्ठाओ सिद्धा, विसिट्ठकाले वि किं तु सच्चरणा ।
ता तं करेसु सम्मं, कमेण पाविहिसि सिवसम्मं ।।३८।।

तं पुव्विं पि हु जीवा, कमेण पत्ता सिवं चरित्ताओ ।
आइजिणेसरपमुहा, ता तं पि कमेण सिज्झिहिसि ।।३९।।

जो महरिसिअणुचिन्नो, संपइ सो दुक्करो जइपहो तो ।
अणुमोअसु गुणनिवहं, तेसिं चिअ भत्तिगयचित्तो ।।४०।।

---

ચારિત્રના પાલનથી ભ્રષ્ટ થયેલા હે વેષધારી મુનિ ! કેવળ કષ્ટથી મુક્તિ નહિ થાય પણ શુભધ્યાનના કષ્ટથી જરુર મુક્તિ થશે. ।।૩૫।।

આ કાળે પણ જિનધર્મની આરાધનાથી જીવ બીજે ભવે સિદ્ધ થઇ શકે અને જો ચારિત્રની વિરાધના ન કરે તો જઘન્યથી પણ આઠમે ભવે સિદ્ધ થાય છે. ।।૩૬।।

જીવ ! કષ્ટથી પાળી શકાય એવા ધર્મનું આરાધન કરવાની શક્તિ ભલે તારામાં ન હોય પણ સુખપૂર્વક સાધી શકાય એવા ઉપશમ-રસથી શીતળ ચારિત્રને તું કેમ સાધતો નથી ? ।।૩૭।।

વિશિષ્ટ કાળમાં પણ અજ્ઞાન કષ્ટથી આત્માઓ મોક્ષ પામ્યા નથી પણ સુંદરકોટીનું ચારિત્ર પાળીને જ સિદ્ધ થયા છે. માટે તું તેવા ચારિત્રનું પાલન કર, અને ક્રમે કરીને મોક્ષસુખનો ભોક્તા બન. ।।૩૮।।

ભગવાન ઋષભદેવથી માંડીને જીવો મોક્ષે ગયા, તે સુંદર ચારિત્રનાં પાલનથી જ ગયા, તું પણ ચારિત્રના બળે જ ક્રમે કરીને મોક્ષે જઇશ. ।।૩૯।।

પૂર્વમહર્ષિઓએ જે કઠોર સાધુધર્મનું સેવન કર્યું તેવું કઠોર અને શ્રેષ્ઠ ચારિત્ર તને દુષ્કર લાગતું હોય તો તે મહર્ષિઓ ઉપર પૂર્ણ ભક્તિ ધારણ કરી તેમના ગુણસમૂહની ખૂબ ખૂબ અનુમોદના કર. ।।૪૦।।

वसइ गिरिनिकुंजे भीसणे वा मसाणे, वणविडवितले वा सुन्नगारे व रन्ने ।
हरिकरिपभिईणं भेरवाणं अभीओ, सुरगिरिथिरचित्तो झाणसंताणलीणो ।।४१।।

जत्थेव सूरो समुवेइ अत्थं, तत्थेव झाणं धरई पसत्थं ।
वोसट्ठकाओ भयसंगमुक्को, रउद्दखुद्देहि अखोहणिज्जो ।।४२।।

एसइ उज्झिअधम्मं, अंतं पंतं च सीअलं लुक्खं ।
अक्कोसिओ हओ वा, अदीणविद्दवणमुहकमलो ।।४३।।

इअ सोसंतो देहं, कम्मसमूहं च धिइबलसहाओ ।
जो मुणिपवरो एसो, तस्स अहं निच्चदासु म्हि ।।४४।।

धन्ना ते सप्पुरिसा, जे नवरमणुत्तरं गया मुक्खं ।
जम्हा ते जीवाणं, न कारणं कम्मबंधस्स ।।४५।।

---

**તે અનુમોદના આ રીતે-**

અહો ! ઉત્તમ મુનિવરો ગિરિગુફામાં, ભયંકર સ્મશાનમાં, વનવૃક્ષોની નીચે, શૂન્યઘરમાં અને જંગલોમાં વસે છે. હાથી, સિંહ, વગેરેનાં ભય અને ભૈરવોથી-ગર્જનાથી નિર્ભિક રહે છે. મેરુની જેમ સ્થિરચિત્ત બની શુભધ્યાનમાં લીન બને છે. ।।૪૧।।

માર્ગે ચાલતાં જ્યાં સૂર્યાસ્ત થાય ત્યાં જ કાયોત્સર્ગ ધ્યાને રહે છે. ભય પામ્યા વિના, રૌદ્ર અને ક્ષુદ્ર શબ્દોથી ક્ષોભ ધારણ કર્યા વિના પ્રશાસ્તધ્યાનને અખંડ રાખે છે. ।।૪૨।।

ગૃહસ્થો જેને કાઢી નાંખે, ફેંકી દે એવી અંત-પ્રાંત, ઠંડી અને લૂખી ભિક્ષા-આહાર શોધે છે, કોઇ ગાળ દે, મારે તો પણ તેમનું મુખકમળ પ્રસન્ન અને શાંત હોય છે. ।।૪૩।।

આ રીતે દેહ અને કર્મોનું શોષણ કરનાર ધૈર્યબળની સહાયવાળા મુનિવરોનો હું હંમેશા દાસ છું. ।।૪૪।।

અનુપમ સુખ સ્વરુપ મોક્ષને પામેલા સિદ્ધભગવંતોને ધન્ય છે, જે કોઇને કર્મબંધનું નિમિત્ત આપતા નથી. ।।૪૫।।

अम्हे न तहा धन्ना, धन्ना पुण इत्तिएण जं तेसिं ।
बहु मन्नामो चरिअं, सुहासुहं धीरपुरिसाणं ।।४६।।

धन्ना हु बालमुणिणो, कुमारभावंमि जे उ पव्वइआ ।
निज्जिणिऊण अणंगं, दुहावहं सव्वलोआणं ।।४७।।

जं उज्जमेण सिज्झइ, कज्जं न मणोरहेहिं कइआवि ।
न हि सुत्तनरमुहे तरु-सिहराओ सयं फलं पडइ ।।४८।।

एवं जिणागमेणं, सम्मं संबोहिओ सि रे जीव !
संबुज्झसु मा मुज्झसु, उज्जमसु सया हिअट्ठम्मि ।।४९।।

ता परिभाविअ एअं सव्वबलेणं च उज्जमं काउं ।
सामन्ने हो सुथिरो, जह पुहईचंदगुणचंदे ।।५०।।

અમે તેમના જેવા ધન્ય નથી પણ એટલે અંશે ધન્ય છીએ કે એ વીરપુરુષોના સુખદુ:ખથી ભરેલા ભવ્યચારિત્રને, સુખદુ:ખના પ્રસંગે ધીરતાપૂર્વકના જીવનને બહુમા-નથી જોઇએ છીએ. ।।૪૬।।

ધન્ય છે તે બાલમુનિઓને કે જેઓ પ્રાણીમાત્રને કારમી પીડા આપનાર કામદેવને જીતીને કુમારાવસ્થામાં જ દીક્ષિત થયા. કેટલાક કાર્યો માત્ર મનોરથથી સિદ્ધ થતા નથી પણ ઉદ્યમ-પુરુષાર્થથી સિદ્ધ થાય છે. સૂતેલા મનુષ્યના મોઢામાં ઝાડ ઉપરથી ફળ આપોઆપ આવી પડતું નથી પણ એને માટે ઉદ્યમ કરવો પડે છે. ।।૪૭-૪૮।।

હે જીવ ! આ હકીકત જિનાગમથી તને સારી રીતે સમજાવી. હવે તું સમજ. વિષયોમાં કે પ્રમાદમાં મુંઝાયા વિના આત્મહિતની પ્રવૃત્તિમાં સતત ઉદ્યમ કર ! ।।૪૯।।

આ વાત પર ખૂબ વિચાર કરી સઘળી શક્તિ ખર્ચી ઉદ્યમ કરી પૃથ્વીચંદ્ર ગુણસાગરની જેમ શ્રમણભાવમાં સુસ્થિર થા ! ।।૫૦।।

## २८ चारित्रमनोरथमाला

केसिं (चि) सउन्नाणं, संवेगरसायणं पवन्नाणं ।
उत्तम गुणाणुराया, सत्ताणं, फुरइ इय चित्ते ।।१।।

कइआ संविग्गाणं, गीयत्थाणं गुरुण पयमूले ।
सयणाइसंगरहिओ, पव्वज्जं संपवज्जिस्सं ? ।।२।।

सावज्जजोगवज्जण-पउणो अणवज्जसंजमुज्जतो ।
गामागराइएसुं, अप्पडिबद्धो य विहरिस्सं ? ।।३।।

अणवरयमविस्सामं, कइया नियभावणासुपरिसुद्धं ।
दुद्धरपंचमहव्वय-पव्वयभारं धरिस्सामि ? ।।४।।

कइआ आमरणंतं, धनमुणिनिसेवियं च सेविस्सं ।
निस्सेसदोसनासं, गुरुकुलवासं गुणावासं ? ।।५।।

कइया सारणवारण-चोयणपडिचोयणाइसम्ममहं ।
कंमि वि पमायखलिए, साहूहिं कयं सहिस्सामि ? ।।६।।

---

સંવેગરસાયણ-મોક્ષાભિલાષને પામેલા કેટલાક પુણ્યવાન આત્માઓના ચિત્તમાં ઉત્તમગુણોના અનુરાગને લીધે આવા વિચારો સ્ફૂરે છે. ।।૧।।

ક્યારે હું સ્વજનાદિના સંગથી મુક્ત બની, સંવિગ્ન અને ગીતાર્થ ગરુમહારાજના ચરણકમલમાં સંયમ સ્વીકારીશ. તેમજ સાવદ્યયોગનો ત્યાગ કરવામાં અને અનવદ્યયોગમાં પ્રયત્નશીલ બની ક્યારે ગામ-નગરાદિ સ્થાનોમાં પ્રતિબદ્ધપણે વિહાર કરીશ ? ।।૨-૩।।

ક્યારે હું આરામનો ત્યાગ કરી અધ્યાત્મભાવથી ભાવિત થઇ દુર્ધર મહાવ્રતોના મેરુ જેવા ભારને ઉપાડીશ ? ।।૪।।

ક્યારે હું સમગ્ર દોષોનો નાશ કરનારા, ઉત્તમ મુનિવરોએ સેવેલા અને ગુણના ધામરુપ ગુરુકુલવાસને જીવનપર્યંત સેવીશ ? ।।૫।।

નાના મોટા પ્રમાદની સ્ખલનામાં બીજા સાધુભગવંતોએ કરેલી સારણા, વારણા, ચોયણા, પડિચોયણાને મનમાં સહેજ પણ ખેદ પામ્યા વિના ખૂબ સારી રીતે હર્ષપૂર્વક ક્યારે હું સહન કરીશ ? ।।૬।।

**अतुरियमचवलमसंभम-वक्खेवविवज्जिओ कया मग्गे ।**
**जुगमित्तनिहियदिट्ठी, पुरओ इरियं विसोहिस्सं ? ।।७।।**

**मियमहुरं अणवज्जं, कइया कज्जे वयं वइस्सामि ? ।**
**सोहिस्सामि य कइया, बायालीसेसणादोसे ? ।।८।।**

**पडिलेहिय सुपमज्जिय, उवगरणायाणमोयणे कइया ।**
**सुनिरिक्खिय सुपमज्जिय, थंडिलखेलाइपरिट्ठवणं ? ।।९।।**

**मणवयकायाण कया, कुसलाण पवत्तणेण इयराण ।**
**संमं नियत्तणेणं, तिगुत्तिगुत्तो भविस्सामि ? ।।१०।।**

**विच्छिन्नविसयवंछो, देहविभूसाइवज्जिओ कइया ।**
**परिजुन्नमयलवत्थो, सामन्नगुणे धरिस्सामि ? ।।११।।**

**कइया कालविहाणं, काउं आयंबिलाइतवोकम्मं ।**
**कयजोगो जुग्गसुयं, अंगोवंगं पढिस्सामि ? ।।१२।।**

ક્યારે હું વ્યાકુળતા, ચપળતા અને સંભ્રમ રહિત તેમજ વ્યાક્ષેપ રહિત બનીને રસ્તામાં યુગપ્રમાણ દષ્ટિ રાખીને ઇર્યાને શોધીશ ? ઇર્યાસમિતિનું પાલન કરીશ ? ।।૭।।

ક્યારે હું પ્રયોજન હોય ત્યારે જ અને તે પણ મિત મધુર અને નિરવદ્ય વચન બોલીશ ? તેમજ એષણાના (ગોચરીના) ૪૨ દોષનો ત્યાગ કરીશ ? ।।૮।।

ક્યારે હું બરાબર દૃષ્ટિપડિલેહણ કરી, સરસરીતે પ્રમાર્જન કરી દરેક ઉપકરણ લઇશ અને મૂકીશ તેમજ મળ, મૂત્ર, શ્લેષ્મ વગેરેને જંતુરહિત ભૂમિપર ઉપયોગ પૂર્વક પરઠવીશ ? ।।૯।।

ક્યારે હું મન, વચન, કાયાની અકુશળપ્રવૃત્તિને રોકી એને કુશળ પ્રવૃત્તિમાં જોડી ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઇશ ? ।।૧૦।।

ક્યારે હું વિષયપિપાસા રહિત બની, દેહવિભૂષા છોડી, જુના અને મલિન વસ્ત્રવાળો થઇ સાધુતાના ગુણો ધારણ કરીશ ? ।।૧૧।।

ક્યારે હું કાલગ્રહણ લઇ, આયંબિલાદિ તપવડે યોગવહન કરી અંગ અને ઉપાંગ શાસ્ત્રોનું અધ્યયન કરીશ ? ।।૧૨।।

कइया पकप्पपणकप्प-कप्पववहारजीयकप्पाई ।
छेयसुयं सुयसारं, विसुद्धसद्धो पढिस्सामि ।।१३।।

सीलंगसंगसुभगो, अणंगभंगम्मि विहियसंसग्गो ।
चंगसंवेगरंगो, कया रमिस्सामि निस्संगो ।।१४।।

परदूसणपरिमुक्को, अत्तुक्करिसम्मि विमुहपरिणामो ।
दसविहसामायारी-पालणनिरओ कया होहं ? ।।१५।।

सहमाणो य परीसह-सिन्नं नीउच्चमज्झिमकुलेसुं ।
लद्धावलद्धवित्ती, अन्नायउंछं गवेसिस्सं ? ।।१६।।

रागद्दोसविउत्तो, संजोयणविरहिओ कया कज्जे ।
पन्नगबिलोवमाए, भुंजिस्सं सम्ममुवउत्तो ? ।।१७।।

---

ક્યારે હું વિશુદ્ધ શ્રદ્ધાવાળો થઇ પ્રકલ્પ (નિશીથ), પંચકલ્પ, કલ્પ (બૃહત્કલ્પ), વ્યવહારસૂત્ર અને જિતકલ્પાદિક, શ્રુતના સારભૂત છેદસૂત્રોને ભણીશ ? ।।૧૩।।

કયારે અઢાર હજાર શીલાંગના સંગથી સુભગ, કર્મના નાશ માટે પ્રયત્ન-શીલ અને સંવેગના સુંદરરંગથી રંગાયેલો હું નિસંગદશાએ વિહરીશ ? ।।૧૪।।

ક્યારે હું પરદોષદર્શનથી પર બની, સ્વગુણોત્કર્ષથી (પોતાના ગુણોની બડા-ઇથી) વિમુખ રહી દશપ્રકારની સામાચારીના પાલનમાં લીન બનીશ ? ।।૧૫।।

પરીષહને સહન કરતો હું ક્યારે ઉંચ, નીચ અને મધ્યમકુળમાં ભિક્ષા મળે યા ન મળે તો પણ પ્રસન્ન રહી ગૃહસ્થને પોતાનો કોઇ પણ પરિચય આપ્યા વિના અને કોઇ પ્રકારે આકર્ષ્યા વિના (અજ્ઞાત ઊંછ) આહારની ગવેષણા-શોધ કરીશ ? ।।૧૬।।

છ કારણોથી આહાર કરવાની જરુર પડે ત્યારે રાગદ્વેષરહિતપણે સ્વાદ માટે દ્રવ્યોની સંયોજના કર્યા વિના સર્પ જેમ દરમાં પ્રવેશ કરે એ રીતે ઉપયોગપૂર્વક ભોજન કરીશ ? ।।૧૭।।

ક્યારે હું સૂત્રપોરિસી અને અર્થપોરિસીમાં તત્પર બની સમગ્ર જીતકલ્પ (ગુરુપરંપરાગત આચારો) થી યુક્ત થઇ ઉગ્ર વિહાર અને માસકલ્પની મર્યાદાથી વિહાર કરીશ ? ।।૧૮।।

**सुत्तत्थपोरिसिपरो, जुत्तो य समत्तजीयकप्पेहिं ।**
**मासकप्पेण कया, विहरिस्सं उज्जुयविहारो ? ।।१८।।**

**परपरिवायविरत्तो, समचित्तो सत्तुमित्तसत्तेसु ।**
**कइया विगहारहिओ, सज्झायपरो भविस्सामि ? ।।१९।।**

**विलसंतअज्जणगुणे, सुकुसुमबाणासणे फुरियकरुणे ।**
**विहरिस्सं धम्मवणे, बहुमयदमणे अहं कइया ? ।।२०।।**

**कइआ विमलासोए, परागसुमणसवसेण कयमोए ।**
**धम्मारामे रम्मे, पयडियसम्मे रमिस्सामि ।।२१।।**

**भयभेरवनिक्कंपो, सुसाणमाईसु विहियउस्सग्गो ।**
**तवतणुअंगो कइया, उत्तमचरियं चरिस्सामि ? ।।२२।।**

**तवसुत्तसत्तपभिई-भावणजुत्तो कया पढियपुव्वो ।**
**पडिमापडिवत्तिधरो, परमत्थपयं पसाहिस्सं ? ।।२३।।**

---

ક્યારે હું બીજાઓના અવર્ણવાદ બોલવાની કુટેવ ટાળી, શત્રુ-મિત્રપ્રત્યે સમભાવ રાખી, વિકથાઓનો રસ છોડી સતત સ્વાધ્યાયરત બનીશ ? ।।૧૯।।

જે સુવર્ણ જેવા ઉજ્જવલ ગુણોથી વિલસે છે. કામના જ્યાં રામ રમી ગયા છે, કરુણાના જ્યાં ફૂવારા ઉછળે છે તે મદનનું દમન કરનાર ધર્મવનમાં હું ક્યારે વિહરીશ ? ।।૨૦।।

જે ધર્મારામ નિર્મળ, રોગ-શોક રહિત છે, જે ગુણ પુષ્પોના પરાગની સુવાસથી આનંદ કરાવનાર છે, જ્યાં સમ્યક્ત્વ પ્રગટી ચૂક્યું છે, તે સુરમ્ય ધર્મબાગમાં હું ક્યારે ક્રીડા કરીશ ? ।।૨૧।।

ક્યારે ભય અને ભૈરવમાં નિષ્પ્રકંપ રહી, સ્મશાનાદિ ભૂમિમાં કાયોત્સર્ગ ધ્યાને રહી, તપથી કૃશદેહવાળો બની ઉત્તમ ચારિત્રનું આરાધન કરીશ ? ।।૨૨।।

ક્યારે હું તપભાવના, શ્રુતભાવના, સત્ત્વભાવના વગેરે ભાવનાઓથી ભાવિત થઇ, પૂર્વશાસ્ત્રોનો અભ્યાસ કરી, બાર ભિક્ષુપ્રતિમાઓનું પાલન કરી પરમપદ સાધીશ ? ।।૨૩।।

**चउहा दिव्वाइकयं, हासपओसाइभेयपडिभिन्नं ।**
**उग्गउवसग्गवग्गं, अभग्गचित्तो सहिस्सामि ? ।।२४।।**

**पाणपहाणपरम्मि वि, परम्मि परिभाविऊण परमत्थं ।**
**वावारिस्सं कइया, करुणाभरमंथरं दिट्ठिं ? ।।२५।।**

**परिचियकप्पाकप्पो, कइया हं थेरकप्पनिम्माओ ।**
**जिणकप्पपडिमकप्पे, अवियप्पमणो पव्वज्जिस्सं ? ।।२६।।**

**वाउ व्व अपडिबद्धो, कुम्मो इव गुत्तइंदिओ कइया ।**
**चंदु व्व सोमलेसो, सूरो इव दित्ततवतेओ ? ।।२७।।**

**गयणं व निरुवलेवो, होहं उयहि व्व कइय गंभीरो ।**
**वासीचंदणकप्पो, भारंडो इव गयपमाओ ।।२८।। (युग्मम्)**

**फुरियसंवेगरंगो, अणुवममुणिगणगुणाणुराएण ।**
**चरणमणोरहमालं, भविया भावेह सयकालं । ।।२९।।**

**इय भावणा समेया, भव्वा संपाविऊण अचिरेण ।**
**चरणधणेसरमुणिवइ-भावं पावंति परमपयं ।।३०।।**

---

ક્યારે હું હાસ્ય અને દ્વેષાદિક ભેદવડે જુદા જુદા દેવતાદિક ચારના કરેલા ઉગ્ર ઉપસર્ગોના સમૂહને સ્થિર ચિત્તવાળો થઇને સહન કરીશ ? ।।૨૪।।

મારા પ્રાણનો નાશ કરવા તત્પર થયેલા જીવોને પણ ક્યારે હું અપાર કરુણા-ભરી દૃષ્ટિથી નિહાળીશ ? ।।૨૫।.

કલ્પ્ય શું અને અકલ્પ્ય શું એથી સુપરિચિત હું સ્થવિરકલ્પ અંગીકાર કરી નિશ્ચલ મનવાળો બની ક્યારે જિનકલ્પ, પ્રતિમાકલ્પ વગેરે સ્વીકારીશ ? ।।૨૬।।

ક્યારે હું વાયુની જેમ અસ્ખલિત વિહારવાળો, કાચબાની જેમ ગુપ્ત-સુરક્ષિત ઇન્દ્રિયવાળો, ચંદ્રની જેમ સૌમ્ય, સૂર્યની જેમ તપતેજથી તેજસ્વી, આકાશની જેમ નિર્લેપ, સાગરની જેમ ગંભીર અને ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત થઇશ ? ।।૨૭-૨૮।।

દેદીપ્યમાન સંવેગના રંગવાળા હે ભવ્ય ! તું અનુપમ મુનિજનોના ગુણના અનુરાગવડે નિરંતર આ ચારિત્રના મનોરથની માળાને ભાવ-વિચાર. ।।૨૯।.

આવી ભાવનાવાળા ભવ્ય પ્રાણીઓ ચારિત્રરુપીધનના સ્વામી-મુનીશ્વરપણાને પામી શીઘ્ર મોક્ષપદને પામે છે ! ।।૩૦।।




RAJUL
© 2514 9863, 2511 0056